

સદ્ગુરૂ - શિષ્ય સંવાદ


realpatidar.com
સદ્‌ગુરૂ - શિષ્ય સંવાદ
ॐ
realpatidar.com

સદ્ગુરુ - શિષ્ય સંવાદ

સદ્ગુરુ શિષ્ય સંવાદ

SADGURU - SHISHYA SANVAD

સંપાદક :

મુખી શીવદાસભાઈ કાનજીભાઈ પટેલ
મુ. દહેગામ, જિ. ગાંધીનગર, (ગુજરાત)
મો. ૯૪૨૭૦ ૫૨૪૧૩

સાથ સહકાર :

કરશનભાઈ મેઘજીભાઈ ઘોઘારી
પુના (મહારાષ્ટ્ર)

પ્રથમ આવૃત્તિ :
૨૩ સપ્ટેમ્બર, ૨૦૦૭

કિંમત : રૂા. ૧૨-૦૦

Designed By
Atul S. Rana
MAHEK - NANDNI

● સંપાદકના બે બોલ ●

વ્હાલા ધર્મપ્રેમી સજ્જનો,

આપણી ધર્મ પરાયણ સંસ્કૃતિનું બહુજન હિતાર્થે ઉપદેશનું પાલન કરવાનું જ્ઞાન સદ્‌ગુરુશ્રીએ આપેલું છે.

માનવે ભૌતિક ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી હોવા છતાં તે પોતાની ચેતનામાં હજુ અપૂર્ણ છે. પોતાના અસ્તિત્વ જપ તથા કર્મ વિશે તેનામાં હજુ અજ્ઞાન રહેલું છે. પ્રકૃતિની જડ ટેવોથી તે મુક્ત થઈ શકતો નથી તે ખૂબ મુઝવણ ભરેલો યાતનાઓથી ઘેરાયેલો તમસથી ભરેલો અને પોતાના અહંકારથી કહેવાતી પ્રગતિ કરવા મથી રહેલો માનવ પોતાના સાચા જીવનને સમજી શક્યો નથી.

આ જગતનો માલિક અલૌકિક છે પણ જગત રચનાને માટે આદી નારાયણ ચતુર મૂર્તિથી ઉત્પત્તિ કરે છે તે બ્રહ્મના ચાર પાદ છે. (ૐ) અ, ઉ, મ, ઁ અર્ધમાત્રા ઉપર બિંદુ તે નિરાકાર તેમાંથી સરજી મુર્ત ચાર. બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, શક્તિ મળી આ સંસારની રચના કરી તો સર્વોપરી સાત્વિક દેવતા વિષ્ણુ ભગવાન છે. જેમાં ચતુર્થ દેવોનો સમાવેશ થાય છે. માટે નિખાલસ હૃદયથી ભગવાન વિષ્ણુએ વેદ માર્ગ બ્રહ્માને સમજાવ્યા છે. તે માર્ગે ધર્મને અનુસરવું જેમાં ચારે દેવનું પૂજન છે. તે છોડી બીજા દેવોને પૂજવા અનેક દેવોની ભક્તિ કરવી તે અફળ નથી પણ જેની ભક્તિ કરીએ તેવું પામીએ. ગીતાજીમાં પણ કહ્યું છે : હે અર્જુન ! મારો જન્મ અને મારા કર્મ દિવ્ય છે આ વાત જે યથાર્થ જાણે છે તે દેહ ત્યાગ પછી પુનર્જન્મ પામતો નથી પરંતુ તે મને જ પ્રાપ્ત થાય છે. જેમના કામ, ભય અને ક્રોધ નષ્ટ થયા છે અને જે મારા સ્વરૂપમાં ભળી જઈ મારા જ આશ્રયે રહેલા છે એવા જ્ઞાનરૂપી તપથી પવિત્ર થયે જ્ઞાનીઓ મારા સ્વરૂપને પ્રાપ્ત થાય છે. જેઓ જે ભાવથી મારું ભજન કરે છે તેમની ઈચ્છા તે ભાવ પ્રમાણે જ હું પૂર્ણ કરું છું. હે અર્જુન ! સર્વ લોકો સર્વ પ્રકારે મારા માર્ગથી જ ચાલનારા છે. તો એક પ્રભુથી બધી રચના થયેલ છે. તો અહીં આ **"સદ્‌ગુરુ - શિષ્ય સંવાદ"** ગ્રંથમાં ભગવાન કૃષ્ણ અને અર્જુનના વધારે દૃષ્ટાંતો અને દાખલાઓ લીધા છે. જે ભગવાનને અર્જુને વારંવાર પ્રશ્નો પૂછ્યા છે તેમાં ભગવાને અર્જુનને જ્ઞાનયોગ માર્ગ, ભક્તિયોગ માર્ગ, કર્મયોગ માર્ગ આવી રીતે અનેક માર્ગ બતાવ્યા તે આપની સમક્ષ અહીં

સમજાવ્યા છે કે સદ્‌ગુરુ સાથે શિષ્યનો કેવો સંવાદ હોવો જોઈએ તે અહીં આ ગ્રંથમાં દર્શાવ્યું છે.

તો છ દર્શન વિગેરે જુદા જુદા માર્ગોએ ઈશ્વર શોધીએ તો પણ પરમાત્માને પામવા સિવાય સંસારની માયાજાળ છુટવાની નથી.

માટે એક ઈશ્વરમાં જ ચિત્ત રાખી પ્રભુને પ્રાપ્ત કરી લેવા એ જ મોટો સાર છે.

તે જ પ્રમાણે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે અનેક પંથપંથડીઓના ભેદનું નિવારણ કરી વિષ્ણુ પરમાત્માની એક લીલાઓનો મહિમા સમજાવી છેલ્લે કલિયુગમાં અધર્મ નિવારવા શ્રી નિષ્કલંકી નારાયણ નિરાકારથી સાકાર રૂપ પ્રગટ થશે તેનું ચિત્તવન ભક્તિ સ્મરણનો આદેશ બતાવેલ છે. માટે હે સજ્જનો શ્રી નિષ્કલંકી નારાયણ શરણમ્ મમઃ જાપ જપી ઈશ્વર શરણે રહેવું સત્કર્મ કરી પ્રભુના નામ સ્મરણથી સંસારના મોહને કાપી જન્મ મરણથી મુક્તિ મેળવો.

ૐ ૐ ૐ

● પ્રસ્તાવના ●

ખરેખર ગુરુમહિમાનું વર્ણન કરીએ તેટલું ઓછું જ છે. ગુરુ એ જ્યોતિ સ્વરૂપ હોય છે. એટલે જે પ્રમાણે દીપ પ્રજવલીત થવાથી અંધારું દૂર થાય છે તે પ્રમાણે ગુરુ પોતાના શિષ્યના અંતરમાં રહેલું અજ્ઞાનરૂપી અંધારું દૂર કરે છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે કે -

"ગુરુ દીવો ગુરુ દેવતા ગુરુબીના ઘોર અંધારા,
ગુરુબીના જુગતી નહી, ગુરુબીના મુક્તિ નહિ।"

ગુરુ શિષ્ય પાસેથી તીર્થવ્રત યાગ વિગેરે કરાવી તેમને વિવેક જ્ઞાન શિખવાડે છે અને જ્ઞાનયુક્ત ભક્તિ તથા ભક્તિયુક્ત વૈરાગ્ય સ્વીકારવા કહી પરમેશ્વર સ્વરૂપમાં લીન કરાવે છે. તેથી ગુરુ ઈશ્વર સમાન છે. ગુરુ આપણા માર્ગદર્શક છે, તેમના વિના આપણી જીવન નૌકા કિનારે પહોંચતી નથી. ગુરુ એ આપણી જીવનનૌકા ભવસાગર પાર કરાવનાર નાવિક છે. ગુરુની સેવા કરનારને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમની સેવાથી કાયા, વાચા અને મનની શુદ્ધિ થાય છે.

સદ્‌ગુરુકૃપા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેથી સદ્‌ગુરુ આપણો ખજાનો છે. સદ્‌ગુરુ સિવાય જેણે જ્ઞાન મેળવ્યું તે જ્ઞાન નહિ પણ માત્ર શ્રમ છે જન્મ-મરણના ફેરા ટાળવા હોય તો હંમેશા સદ્‌ગુરુનું શરણ લેવું જોઈએ. કેમકે તેમની કૃપાદષ્ટિથી જ બધી ઉપાધીમાંથી મુક્ત થઈ શકાય છે. તેથી જ કહ્યું છે કે -

"ध्यानमूलं गुरोमूर्ति, पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपाः ॥"

માણસે ગુરુનું ધ્યાન ધરવું, ગુરુચરણની પૂજા કરવી, ગુરુમંત્ર જ બોલવો કારણ ગુરુકૃપાથી જ મુક્તિ મળે છે.

ગુરુકૃપા ન હોય તો અધોગતિ થઈ જન્મ નિષ્ફળ જાય છે. તેથી ગુરુકૃપા માટે તાલાવેલી હોવી જોઈએ. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે -

મનમાં સદ્‌ગુરુ વિષે દઢ શ્રધ્ધા અને અતુલ નિષ્ઠા જાગે તેનેજ ગુરુકૃપાનો લાભ થઈ જ્ઞાનપ્રાપ્તિ થાય અને ભવબંધ તૂટી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી સદ્‌ગુરુનો ઉપદેશ આપણે કૃતિમાં ઉતારવો એમાંજ મહત્તા છે. સદ્‌ગુરુ કહે છે - જે સદ્‌ગુરુવચનનું પાલન કરતો નથી તે અવિદ્યાર્થી નરકવાસ પામે છે. વેદશાસ્ત્રમાં કહ્યું છે કે, સદ્‌ગુરુ કૃપાસિંધુ હોય છે. આખી સૃષ્ટિના હોય છે. તે મેઘ સમાન હોય છે. જેમ મેઘમાંથી સતત વરસાદ વરસે છે, પણ ઊંચી જગાએ તેનું ટીપું સરખું રહેતું નથી. નીચાણવાળા ભાગમાં પાણી ભેગું થાય છે તેવીજ રીતે સદ્‌ગુરુએ આપેલ જ્ઞાન યોગ્યતા (લાયકાત) મુજબ ગ્રહણ થાય છે. ઘમંડી દાંભિક અને અભિમાની

લોકો પાસે જ્ઞાનનું ટીપું પણ નથી હોતું, પણ નીચે એટલે નમ્ર અને દઢ શ્રદ્ધાવાળાને જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી જ સદ્‌ગુરુની સરખામણી કોની સાથે કરવી તે કહેવું કઠણ છે !

ગુરુગીતામાં પાર્વતિજીને શંકર કહે છે કે ' શિષ્યનું ધન હરણ કરનારા ઘણા ગુરુ હોય છે પણ શિષ્યના હૃદયનો તાપ હરણ કરનારા ગુરુ દુર્લભ હોય છે. ' તેથી જે મહાપુરુષની કૃપાથી અજ્ઞાન દૂર થઈ જન્મમરણના ફેરામાંથી મુક્તિ મળે તેજ ગુરુ કહેવાય. જીવને ભવબંધનમાંથી મુક્ત થવાની ઈચ્છા હોવા છતાં માયા અને મોહની ભ્રમણાના અંતરાયો દૂર કરવાની તેનામાં શક્તિ હોતી નથી. આવા પ્રસંગે ત્રિવિધ તાપથી ગ્રસ્ત થયેલા સંસારી જીવને મનની શાંતિ અને આનંદ આપનાર સદ્‌ગુરુ ની જરૂરહોય છે. ગુરુએકાદ શિષ્યની નજીકમાં શરીરથી નહિ હોય છતાં ગુરુવચન ઉપર શિષ્યની અડગ શ્રદ્ધા હોય તો પણ ગુરુપ્રેણાથી તેવા શિષ્યને પરમાત્માનું જ્ઞાન થાય છે. એકલવ્યનું ઉદાહરણ આના માટે પૂરતું છે. અર્જુનને ઉપદેશ આપતી વખતે ભગવાન શ્રી કૃષ્ણ કહે છે -

જ્ઞાન પ્રાપ્તિ માટે આતુર થયેલા જીતેંન્દ્રિય એવા શ્રદ્ધાવાન માણસને આ જ્ઞાન મળે છે. આ જ્ઞાન થવાથી તરત જ શાંતિ મળે છે. સદ્‌ગુરુ-મહિમા આમ અગમ અગોચર છે તેથી સ્તુતિ પરમાત્મ -સ્વરૂપમાં કરવામાં આવી છે.

જેનો આનંદ બ્રહ્મમાં હોઈ જે પરમસુખદાયક છે જે કેવળ જ્ઞાનમૂર્તિ અને સુખદુઃખાદિ દ્વન્દ્વોથી પર છે, જે આકાશ જેવો નિર્લેપ નિરૂપાધિક અને અવિદ્યાદિ મળદોષરહિત સ્થિર, સર્વની બુદ્ધિને સાક્ષીભૂત, ભાવાતીત, ત્રિગુણાતીત છે એવા સદ્‌ગુરુને હું પ્રણામ કરું છું.

જેમણે ઉપરના ગુણયુક્ત સદ્‌ગુરુ મળે તે ધન્ય છે. જન્મથી જ તેજસ્વી એવા જ્ઞાનીલોકો સર્વવિદ્યામાં પારંગત હોય છે. આવા મહાપુરુષોના માત્રચરણસ્પર્શથી અવલોકનથી તેમના સ્થાનજન સ્મરણ માત્રથી સાધકને જ્ઞાનપ્રાપ્તિ થાય છે. તેમના દર્શનથી કેટલાયની બિમારી દૂર થાય છે. ચંડાલ જેવા હલકી યોનીના લોકોને પણ મુક્તિ મળે છે. આવા મહાન સદ્‌ગુરુના ચરણતીર્થના પ્રભાવથી અજ્ઞાન દૂરથઈ મુક્તિ સુલભ થાય છે. ઈમામશાહ મહારાજે કહ્યું છે.

એક બુંદ ચરણામૃતતણો, સપ્ત સમુદ્ર નહિ તોલ
જગ સારા પ્યાસા ફિરે, પીવે સિંચન હાર રે

સદ્‌ગુરુ ચરણામૃત શ્રદ્ધાવાન માણસને અમૃત સમાન છે પણ ગફલત કરનાર અને ઢોંગી લોકોને તે પાણી જેવું લાગે છે, જેથી માણસે પૂર્ણ શ્રદ્ધાથી ગુરુચરણામૃત પાન કરવું કે જેથી તેને ઉંચી ગતિ પામવાનું જ્ઞાન મળે છે. સદ્‌ગુરુ ત્રિકાલજ્ઞ એટલે ભુત ભવિષ્ય વર્તમાન જાણનારા હોય છે.

ગુરુ આપણા માતાપિતા છે. ગુરુ એજ સાક્ષાત પરબ્રહ્મ છે. જો ઈશ્વરનો કોઈના ઉપર કોપ થાય તો પણ શ્રદ્ધાથી તે ગુરુને શરણે જાય તો ગુરુ જ તેનું રક્ષણ કરે છે. પણ ગુરુનો કોપ થાય તો તેનું રક્ષણ દેવ પણ કરી શકતા નથી. વળી જો કોઈના ઉપર ઈશ્વર પ્રસન્ન થાય તો તે કહેશે કે તું પહેલો ગુરુને ઓળખ જો ગુરુ જ પ્રસન્ન થાય તો પ્રત્યક્ષ ઈશ્વર જ તેના આધીન છે .

ગુરુ એજ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ છે પણ ગુરુ એક પરબ્રહ્મરૂપ છે તેથી માણસે ગુરુનો જ આશ્રય લેવો.

'ગુ' એટલે અંધારું 'રુ' એટલે તેનો નાશ કરનાર છે. મનુષ્ય અજ્ઞાની હોવાથી જ્ઞાનપ્રાપ્તિ માટે ગુરુની જરૂર હોય છે. કારણ જ્ઞાન વગર મુક્તિ નથી અને ગુરુ વગર જ્ઞાન મળતું નથી. ગુરુ કરતા શ્રેષ્ઠ એવું બીજું કોઈપણ તત્વ નથી. સદ્‌ગુરુ સમાગમ દુર્લભ હોય છે.

ભવભંજન કરનારા સદ્‌ગુરુ મળવા દુર્લભ હોય છે. ઈમામશાહ મહારાજે કહ્યું છે : ગુરુ અને સદ્‌ગુરુમાં ફેર છે.ગુરુ વૈકુંઠનો માર્ગ બતાવે છે તો સદ્‌ગુરુ બ્રહ્મમાં લીન થવાનો માર્ગ બતાવે છે. મુક્તિ માર્ગ બતાવે છે ગુરુ તો અનેક હોય છે પણ સદ્‌ગુરુ યુગાંતરમાં ભાગ્યે જ મળે છે. એને જ યુગગુરુ અથવા સૃષ્ટિગુરુ કહે છે. બારે કળાથી યુક્ત હોય તે જ ખરા સદ્‌ગુરુ કહેવાય. વેદશાસ્ત્રમાં સદ્‌ગુરુની બાર કળા નીચે મુજબ કહી છે -

(૧) જે પૂર્ણચન્દ્ર પ્રમાણે નિર્મળ હોય છે. (૨)જે સૂર્ય પ્રમાણે તેજસ્વી . (૩) અગમ્યરૂપ બતાવનાર. (૪)અગમનિગમ જાણનાર. (૫)જેમના પગ ઉપર પદ્મ હોય. (૬) જેમના જમણા પગંનાં અંગુઠામાંથી દુધ એટલે તીર્થ નીકળે છે. (૭) જેમની આંખમાં ઊંઘ હોતી નથી અને જે આખુંય જગત એકરૂપ જુએ છે. (૮) જેમના પગ જમીનને અડતા નથી એટલે જેમની ગતિ મનની ગતિ પ્રમાણે છે. (૯) જે સત્વ, રજ તમાદિ ગુરણોથી પર હોય અને જેમની આંખો અત્યંત તેજસ્વી હોય છે. જે પોતાના મુખમાં ચૌદ ભુવન બતાવે છે એટલે ચૌદ ભુવનની અને અખિલ બ્રહ્માંડની માહિતી આપે છે અને જન્મતા જ બધા વેદ બોલી બતાવે છે. (૧૧) જેમની શક્તિ દેવ અને દાનવો કરતા વધારે હોય છે. (૧૨) જે જીતેન્દ્રિય હોઈ બધાની મનોકામના પૂરી કરે છે. આ પ્રમાણે બારે કળાથી યુક્ત હોય તેજ સદ્‌ગુરુ-યુગગુરુ કહેવાય.

●●●

કચ્છની ભૂમિ એટલે સંતોની ભૂમિ

આ વિશ્વમાં મનુષ્યરૂપે જન્મ મળે એ પરમાત્માની સૌથી મોટી ભેટ છે. આ સૃષ્ટિમાં લાખો-કરોડો જીવજંતુ, પશુ-પક્ષી અને પ્રાણીઓ વસે છે. પરંતુ કોઈને મનુષ્ય જેટલું સામર્થ્ય અને શક્તિ મળ્યાં નથી. ચોર્યાસી લાખ યોનીઓમાં ભટક્યા પછી મનુષ્યનો અવતાર મળે છે. એટલે જ માનવ જન્મ દુર્લભ મનાયો છે. ભારત જેવા પવીત્ર દેશની પાવન ધરતીમાં દેવો પણ જન્મ લેવા તરસતા હોય છે. એવી ભૂમિમાં માનવદેહ મળે એ તો મહાભાગ્ય જ કહેવાય. મનુષ્ય એ જીવ માટે પરીક્ષાનો, કસોટીનો સમય છે. જીવ પ્રગતી કરે, આગળ વધે એવી યોગ્યતા એનામાં છે કે કેમ એની પરીક્ષા મનુષ્ય જન્મમાં થાય છે. જો એ આ પરીક્ષામાં પાસ થાય તો જ એને આગળ ઊંચી પદવી મળે અને નાપાસ થાય તો વળી એજ લખ ચોર્યાસીના ફેરા !

ભગવાનને તો બધા જીવ સરખા છે તો પછી માનવને જ શા માટે બોલવાની, વિચારવાની, લખવાની, સમજવાની એવી અસંખ્ય સગવડો આપી હશે ? મનુષ્યને ઊંચા પ્રકારનો બનાવવા એણે શા માટે આટલો શ્રમ લીધો હશે ? જવાબ એક જ છે; ભગવાનને પોતાની આ દુનિયા, આ સંસારને સુંદર બનાવવા અને વ્યવસ્થિત રાખવા; મદદ કરનાર કોઈક જોઈતું હતું. એટલે એણે પોતાની વિભૂતિઓ આપીને મનુષ્ય બનાવ્યો. માનવને મળેલી શક્તિઓ, સંપદાઓ, વરદાન એ ભગવાનની થાપણ છે, બીજાને સુખી કરવા માટે એ આપવામાં આવી છે. પરંતુ અજ્ઞાનને કારણે મનુષ્ય પોતાની મહામૂલિ શક્તીઓને વેડફી નાંખે છે. બીજાને મદદ કરવાને બદલે એ શક્તિઓનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે જ કરે છે. આવા સ્વર્થીઓનો જન્મારો નીષ્ફળ જાય છે. પરંતુ કેટલાક વિરલા એવા પાકે છે કે જે આ સૃષ્ટિનું રહસ્ય સમજી જાય છે, પોતાના જન્મનો હેતુ જાણી જાય છે અને પરમાત્માના સાચા સેવક બની એના આ સંસારરૂપી બગીચાને સુંદર બનાવવા પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દે છે. પોતે તો પાર ઉતરે છે અને પોતાની સાથે હજારો લાખો લોકોને અંધકારમાંથી બહાર કાઢીને પાર ઉતારે છે અને પરમાત્માની પ્રાપ્તિ કરાવી આપે છે. આવા મનુષ્યો વિરલા હોય છે. જેમ દરીયામાં છીપલાં તો હજારો હોય છે પણ રત્ન તો બહુ ઓછી છીપમાં હોય છે. એમ લાખો મનુષ્યોમાં એકાદ સંત પાકે છે. આવું જ એક રત્ન આવા જ એક સંત આવા જ એક ગુરૂવર્ય હજારોના જીવનમાં અજવાળું કરવા આ ધરતી પર દેહ ધરીને પધાર્યા હતા. અને એ સંત એટલે **બ્રહ્મનિષ્ઠ પૂજ્યપાદ ગુરૂવર્ય રામદાસબાપુ.**

"કચ્છની ધરતી ખૂબ પાવન છે. સંત અને શૂરાઓની ભૂમિ છે."

પીડાદાયક તુચ્છ વિકારોથી, દુઃખ દાયક ઈન્દ્રિય વિષયોથી અને અશાંતિ પેદા કરનાર વાસનાના ડંખોથી લઘુ બનેલા આપણા જીવનને આત્મવિચારના ઉત્તમ

શિખર પર બેસાડી "સ્વ"માં સ્થિત કરવાનું ગુરૂકાર્ય કરવાની જેમનામાં ક્ષમતા હોય એ ગુરૂ. નિત્ય અને અનંત સુખ તરફ લઈ જતી વિભૂતી એટલે ગુરૂ. મરણધર્મા શરીરમાં પણ બ્રહ્માનંદનો અનુભવ કરાવે છે એ ગુરૂ. ગૂઢ, અવ્યક્ત, અજન્મા આત્માની ખબર આપે એ ગુરૂ. ભગવાન જેને જીવરૂપે મોકલે છે એને ગુરુ જીવન-મરણની બેડીમાંથી મુક્ત કરે છે. ભગવાન કર્મનું ફળ આપે છે તો ગુરૂ કર્મનાં બંધન જ કાપી નાંખે છે ! **"ગુરૂ સભૂ હસી, અગમ હિ જાનૈ"** અગમનાં બધાં રહસ્યો ગુરૂ જાણતા હોય છે. પેલુ કહ્યું છે ને :

"હરિ કૃપા તબ જાનીયે દે માનવ અવતાર,
ગુરુ કૃપા તબ જાનીયે છોડાવે સંસાર"

ગુરૂ મિલાપ

દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહ હેતુકમ્
મનુષ્યત્વં મુમુક્ષત્વં મહાપુરુષ સંશ્રય ॥

અર્થ : (ભગવત્ કૃપા જ જેનું કારણ છે એ મનુષ્યત્વ, મુમુક્ષત્વ અને મહાન પુરુષોનો સંગ-એ ત્રણેય દુર્લભ છે.)

ગુરૂ એટલે અનંત લોકો માટે પરમાત્માનું પ્રવેશ દ્વાર. અનંતકાળ પછી કોઈ ગુરુ મળે છે. એટલે જ કહેવાયું છે કે :

"ગુરૂ-પરતાપ સાધ કી સંગતિ"

આ થોડાક શબ્દોમાં સદીઓની સાધનાનો નીચોડ છે, અનંત અનંત સાધકની સાધનાની સુવાસ છે. બહુ ઓછા લોકો આ મહિમાને સમજ્યા છે. પરંતુ જે સમજ્યા તે આ ભવસાગર તરી ગયા છે. "ગુરૂ" શબ્દ બહુજ મહત્ત્વનો છે. એનો અર્થ "શિક્ષક" નથી થતો. દુનિયાની કોઈપણ ભાષામાં આ શબ્દનું રૂપાંતર થઈ શકે તેમ નથી કારણ કે ભારત સિવાય દુનીયાની બીજી કોઈ ભાષામાં આનો સમાનાર્થી શબ્દ નથી ! ગુરૂ શિષ્યનો સંબંધ એક જન્મમાં બંધાતો નથી. આ કોઈ મોસમી ફૂલ નથી. આ સંબંધ તો કોઈ વટવૃક્ષ છે જેને ઊગતાં સદીઓ વીતી જાય છે.

બ્રહ્મનિષ્ઠ પ.પૂ. સંતશ્રી રામદાસ બાપુનું સંપૂર્ણ જીવન એવું સાદું અને સરળ હતું કે એમને જોઈને કોઈને ખ્યાલ પણ ન આવે કે આ સાદા શુભ્રવેશમાં એક મહાન બ્રહ્મનિષ્ઠ સંત લોકકલ્યાણમાં રાત-દીન રત રહેતા એમનાજ પાવન સાનિધ્યમાં રહીને જેમણે પોતાની આત્મજ્યોતિ જગાવી એ જ કાર્ય એક બીજરૂપે મટીને વિશાળ વટવૃક્ષરૂપે ફૂલીફાલી રહ્યું છે. અને હૃદયમાં પ્રેમ અને આત્મશાંતિની લહેરો લહેરાય છે.

એમની જ પ્રેરણાથી આજે આ ગ્રંથનું પ્રકાશન કરતાં આનંદ અનુભવું છું.

ભોજન કરતાં, જળ પીતાં, સૂતા-બેસતાં ઈત્યાદિ સર્વ સમયે અંતરમાંથી શ્રી હરીનું નામ વીસરવુ નહિ; પણ સર્વ કામના ત્યજી, ભય, લજ્જા, શંકા ત્યજી

નિર્ભયપણે ભગવન્નામની રટણ રાખવી નિરંતર જપ જપ્યા જ કરવો એ જ પરમ કર્તવ્ય છે એજ મોક્ષનું દ્વાર છે. અને એજ સાધનનું સાધન, તત્ત્વનું તત્ત્વ ને સારનો સાર છે. હરિનું નામ સર્વ મંગળોનું મગળ પાવનોનું પાવન, કલ્યાણોનું નિધાન અને પાપોનું હરણ કરનાર છે. તેના ઉચ્ચારણ માત્રથી જ સર્વ દુઃખો દૂર થાય છે. નામ સ્મરણ એ ખરેખરી અમૃતૌષધિ છે. નિરંતર પ્રભુના મંગળ નામોનો ઉચ્ચાર કરવાથી સઘળાં કર્તવ્ય સધાશે, ભવસાગર તરાશે, જન્મ મરણથી છૂટાશે, જ્ઞાનાનંદ લૂટાશેને પરમાત્માને ભેટાશે એજ સત્ય છે એજ નિત્ય છે, એજ પરમ છે અને એજ સર્વોત્તમ છે.

જીવન જોબન રાજમદ્દ, અવિચલ રહા ન કોઈ,
જો દિન જાય સતસંગમે, જીવન કા ફલ સોય

આ પુસ્તકનું કામ પાર પાડવા પાછળ મારો જે વખત ગયોછે તે મારે મનસે મારી જીંદગીની શુભ પળો છે, પરંતુ ક્યાં મારી અદનાં શક્તિ અને ક્યાં આ મહાજ્ઞાની ગુરૂવર્ય રામદાસ બાપુનું જ્ઞાન.

આમાં ઘણીએ ખામીઓ જોવામાં આવે એ બનવા જોગ છે. જે માટે વાંચનાર સર્વે માટે ક્ષમા માગું છું.

જીસમે જીતની બુદ્ધી, તિતના વોહ કર બતાય,
વાંકો બુરા ન માનીએ, બહોત કહાંસે લાય.

એટલે જેટલી જેની યથાશક્તી હોય તેટલું તે કરી બતાવે તેને માટે હલકો વિચાર ન કરવો પણ દરગુજરની નજરથી જોવું કારણકે વધુ તે ક્યાંથી લાવે, માટે પ્રિય વાંચનાર ભક્તો એમાં જે કાંઈ ગંભીર ભૂલો નજરે પડે તેઓની ઉપર રહેમ નજર કરી તે ભૂલો માટે ક્ષમા આપશો.

મેરા મુજમે કછુ નહિ, જો કછુ હય શો તેરા,
તેરા તુજકો સોપતેં, ક્યાં લગેગા મેરા.

જે કાંઈ છે તે ગુરૂદેવનું છે. મારૂં એમાં કાંઈએ નથી માટે જે કાંઈ થયું છે તે ગુરૂદેવના ચરણોમાં સોપું છું.

આ જે કંઈ લખી રહ્યો છું તે બ્રહ્મલીન બ્રહ્મનિષ્ઠ પ.પૂ. વ્હાલા ગુરૂદેવ રામદાસબાપુનો મહાપ્રસાદ છે, તો ગુરૂદેવના અંતરના આશીર્વાદ તેમજ વ્હાલા સદ્ગુરૂદેવ ઈમામશાહ મહારાજની કૃપા તેમજ આદિ જગદ્ગુરૂ કરશનદાસ મહારાજની પ્રેરણા તેમજ જગદ્ગુરૂ નાનકદાસ મહારાજના આશીર્વાદથી **"સદ્ગુરુ - શિષ્ય સંવાદ"** નામનો ગ્રંથ આપના કરકમળમાં મૂકતાં મને આનંદ થાય છે, જે આ ભંડારમાં હજારો સોના મહોર રાખેલી છે તે તમો વાપરશો છતાં ખૂટે તેમ નથી અને આ ભંડારમાંથી લૂંટવાનો પ્રયત્ન કરી લૂંટશે તો તેમનું જીવન ધન્ય બની જશે.

આમ તો આ ગ્રંથ આપના કરકમળમાં મૂકવા જેટલો મારી પાસે ટાઈમ

પણ નથી કારણ કે પ્રેરણા પીઠ ધામમાં કામમાં વ્યસ્ત હોવાથી અને વિશેષ ધ્યાન યોગ શિબિરોમાં પરમ પૂજ્ય સંત શ્રી યોગનિષ્ઠ પ્રેમદાસ બાપુના સાથે રહેવાથી ટાઈમ પણ મળતો નથી. પરંતુ વ્હાલા ગુરૂદેવ રામદાસબાપુ વારંવાર સ્વપ્નામાં આવી જગાડે છે. કે હવે સમય પાક્યો છે મારો જે ભંડાર છે તેને મહાપ્રસાદરૂપી વ્હાલા પ્રેમી ભક્તોને કરકમળમાં મૂકી તેમનું જીવન ધન્ય બનાવ તો આ ભંડારમાં જે કાંઈ મહાપ્રસાદ છે તે વ્હાલા ગુરૂદેવ રામદાસબાપુનો છે, હું તો નિમિત્ત છું, વ્હાલા ગુરૂદેવની ચરણરજ માત્ર છું.

તો વ્હાલા પ્રેમીજનો આ ભંડારમાંથી જેટલું લૂંટાય એટલું લૂંટી આપનું જીવન ધન્ય બનાવજો.

ૐ

પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસ મહારાજ કહે છે...

ॐ

। શ્રી યુગાત્મને નમઃ ।

नमोऽस्तवनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशीरोरुबाहवे ।

सहस्रनाम्ने पुरषाय शाश्वते सहस्रकोटी युगधारिणे नमः ।

હે ધર્મપ્રેમી સજ્જનો જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે સંસારની નિવૃત્તિ થાય છે. પ્રકૃતિની સર્વ રચનાઓનો નાશ થાય છે. ત્યારે સૃષ્ટિ પરના ઉત્તમ વિચારશીલ, સત્વગુણી, બુદ્ધિવાળા મનુષ્યો, નિષ્કામ ભક્તિ દ્વારા ઈશ્વરના સ્વરૂપને પામે છે. અને રજોગુણી પ્રકૃત્તિવાળા મનુષ્યો, બ્રહ્માજીની એક રાત્રીની સમયાવધી સુધી વાસના શરીરમાં રહે છે. જ્યારે તમોગુણી પ્રકૃત્તિ ધરાવતાં મનુષ્યો નર્કની સજા ભોગવે છે. જ્યારે બ્રહ્માજીનાં દિવસનો ઉદય થાય છે. ત્યારે સૃષ્ટીની ફરીથી રચના કરવામાં આવે છે. ત્યારે દરેક જીવોને, તેમનાં કર્મો પ્રમાણેની યોનિ ચારે ખાણમાં પ્રાપ્ત થાય છે.

સર્વ જીવયોનિમાં મનુષ્યયોનિ સર્વોત્તમ અને દુર્લભ છે. જીવાત્માને મોક્ષગામી બનાવવા માટે, મોક્ષના અધિકારી બનાવવા માટે, સદ્‌ગુરૂ બ્રહ્માજીએ મનુષ્યયોનિનું નિર્માણ કર્યું છે. આ મહાન કાર્યની સાધનાને માટે સદ્‌ગુરૂ બ્રહ્માજીએ વેદ ધર્મનો ઉપદેશ મનુષ્ય માટે સુલભ બનાવ્યો છે. વેદનો મૂળ ઉપદેશ પુરૂષાર્થનો છે, વેદોક્ત પુરૂષાર્થ ચાર છે : ધર્મ, અર્થ, કામ, મોક્ષ.

(૧) ધર્મમય જીવન જીવવું.
(૨) ધર્મજ્ઞાઓને અનુસરીને અર્થોપાર્જન કરવું.
(૩) ધર્મજ્ઞાઓ અને તેના ઉદ્દેશ અનુસાર કામ એટલે કે ઈચ્છાઓની નિવૃત્તિ કરવી.
(૪) ધર્મને માર્ગે જીવન જીવવા માટેના અધિકારી બનવું.

આમ વેદોક્ત ચારે પુરૂષાર્થને ધ્યાનમાં રાખીને, ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે પ્રબોધેલા સ્વધર્મ અનુસાર કર્મો કરવા રૂપ જે અખંડ યજ્ઞ કરે છે, તેને તે કર્મ બંધનરૂપ થતું નથી, આવા જીવાત્માઓ દેહોત્સર્ગના સમયે સાહજિક રીતે મોક્ષને પામે છે. આ પ્રમાણે વેદોક્ત ધર્મનો મર્મ સમજીને, જે કોઈ તેનું આચરણ કરશે તો તેના મનોરથો સહજમાં પૂર્ણ થશે. વેદોક્ત ધર્મમાં દેવગણની પૂજા અગ્રિમ કર્મકાંડ છે. પૂજા-યજ્ઞથી દેવો પ્રસન્ન થાય છે. તેથી ચતુર્થ વેદ એવા અથર્વવેદમાં પ્રબોધેલી પૂજા-વિધિ, જે વાસ્તવમાં મહાયજ્ઞ છે, અને વારિયજ્ઞને નામે ઓળખાય છે, તે પૂજા વિધિ અનુસાર યજ્ઞ કરવાથી દેવો પ્રસન્ન થાય છે. અને તેમની કૃપાની વર્ષા ભક્તો

પૂર કરે છે પરિણામે વરસાદ વરસે છે અને જગતમાં ધન-ધાન્ય વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોમાં અરસ-પરસ પ્રેમભાવ અને ભક્તિ તથા ત્યાગ ભાવના વધે છે. મનુષ્યોની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. હે પ્રેમી સજ્જનો, આ સતપંથ ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે.

अन्य कृतयुगे धर्मास्त्रेतायां द्वापरे युगे ।
अन्ये कलियुगेनणां युगरुपानुसारंत ः ।।

पा.स्मृ. अ १ म २२

ભાવાર્થ -સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં ધર્મ નોખા નોખા હતા અને કળિયુગમાં પણ પુરુષોના ધર્મ અન્ય જ છે. યુગના સ્વરૂપાનુસાર પુરૂષોના ધર્મ થાય છે.

પ્રથમ સતયુગમાં શ્રીબાઈ પ્રજાપતિ મહાન નિજારી સંત હતાં તેઓશ્રી આ સતપંથ મહાધર્મનું પાલન કરતાં હતાં. સળગતા નીભાડામાં ફસાયેલાં બિલાડીના બચ્ચાંને બચાવવાને માટે, તેઓશ્રીએ, પોતાના ધર્મને અનુરૂપ દેવોને પ્રાર્થના કરી, સ્વયં નારાયણે પ્રસન્ન થઈ નીભાડામાંથી બચ્ચાંને ઉગાર્યા અને મહાધર્મ પાલનની શક્તિ તેમ જ તે દ્વારા થતી ઈશ્વર-કૃપાનું પ્રહલાદજીને સાક્ષાત દર્શન કરાવ્યું. આમ હિરણ્યાકશિપુ-સુત પ્રહલાદજીને મહાધર્મી બનાવ્યા. ભક્ત પ્રહલાદજીએ મહાધર્મનું પાલન કરતાં કરતાં પોતાના પિતા તરફથી અનેક દુઃખો સહન કર્યા પણ મહાધર્મ ન છોડ્યો અંતે તેમને ધગધગતા લોહ સ્તંભ સાથે ભેટવાની સજા થઈ. તેઓ ભેટ્યા અને ભેટતાંની સાથે જ સ્તંભ ફાટ્યો. તેમાંથી સ્વયં નારાયણ દેવ નરસિંહરૂપે પ્રગટ થયા. હિરણ્યાકશિપુનો સંહાર કર્યો અને પોતાના મહાન ભક્ત પ્રહલાદજી દ્વારા પાંચ કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો. જગતમાં ધર્મની ધજા ફરકતી રાખી.

સતયુગમાં શ્રીજીના ચાર સ્વરૂપ થયાં (૧) શ્રી મત્સ્ય (૨) શ્રી કૂર્મ (૩) શ્રી વરાહ (૪) શ્રી નૃસિંહ. ચાર ભક્તો (૧) રૂષમાગત (૨) અમરિષ (૩) ધ્રુવ (૪) પ્રહલાદનો ઉદ્ધાર કરી પાંચ કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો.

नारसिंह वपु कृत्वा, यस्त्रैलोक्य भयंकरम् ।
हिरण्याकशिपु जध्ने सिंहात्मने नमः ।। (४)

પંચરત્ન ગીતા

ભાવાર્થ- જે પરમાત્માએ ત્રણે લોકને ભય આપનારું એવું નરસિંહરૂપ ધારણ કરીને હિરણ્યાકશિપુનો નાશ કર્યો હતો તે નૃસિંહાવતારને હું નમસ્કાર કરું છું.

આ ભક્તોએ ઋગ્વેદનો મહાવાયક સ્વીકારી, જપ, તપ, સ્મરણ, ઉપાસના દ્વારા અલખની આરાધના કરી, શ્રી અવિનાશી પરમાત્માના અખંડ આનંદની પ્રાપ્તિ

કરી. બીજા ત્રેતાયુગમાં શ્રીજીએ ત્રણ સ્વરૂપ ધારણ કર્યા. (૧) શ્રી વામન (૨) શ્રી પરશુરામ, અને (૩) શ્રી રામ. આ ત્રણ યુગમાં શ્રીજીએ વિવિધ રૂપ ધારણ કરી ત્રણે ભક્તોનો ઉદ્ધાર કર્યો. (૧) ભક્ત કમળાપતિ (૨) ભક્ત કમળધ્વજ અને (૩) ભક્ત હરિશ્ચન્દ્ર વગેરે ભક્તોનો ઉદ્ધાર કરી સાત કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો. ત્રેતાયુગના અંતિમ ચરણમાં શ્રી રામજીએ મહાદાનવ એવા રાવણનો સંહાર કર્યો. યજુર્વેદી મંત્રોનું પ્રવર્તન કર્યું. દેવોને મુક્ત કર્યા અને પૃથ્વી પરથી પાપનો ભાર ઉતાર્યો.

ત્રીજા દ્વાપર યુગમાં શ્રીજીએ બે સ્વરૂપ ધારણ કર્યા. (૧) શ્રી કૃષ્ણ (૨) શ્રી બુદ્ધ. જેણે કૃષ્ણ સ્વરૂપે ભક્ત વિદુરજી અને ભક્ત યુધિષ્ઠિર રાજાનો ઉદ્ધાર કર્યો, અને નવ કરોડી જીવોને માયાના બંધનમાંથી મુક્તિ અપાવી હતી. શ્રી કૃષ્ણ પરમાત્માની અનેક પ્રકારની સાકાર ભક્તિથી અનેક ભક્તોનો ઉદ્ધાર થયો છે.

અંતે આ અંતિમ યુગ એવા કળિયુગમાં, અતિશય પાપ વધવાથી ને ધર્મની હાનિ થવાથી, પાપનો નાશ કરવાને માટે તેમજ ધર્મની સ્થાપના કરવાને માટે તથા સતયુગનું નિર્માણ કરવાને માટે પરમાત્મા સાકાર સ્વરૂપ એવા શ્રી નિષ્કલંકી સ્વરૂપે પૃથ્વી પર આગમન કરશે. શ્વેત અશ્વ ઉપર આરૂઢ એવા શ્રી નિષ્કલંકી નારાયણના હાથમાં સાડાત્રણ હાથ લાંબુ એવું તલવારનું શસ્તંર હશે - એવો શાસ્ત્રોનો મત છે.

हनिष्यंति कलेरंते म्लच्छोतुरगवाहन :।
धर्मसंस्थापनार्थाय तस्मै कलक्यात्मने नमः ॥

પંચરત્ન ગીતા - ૧૦

ભાવાર્થ -ધર્મની થયેલી હાનિ પછી, તેના પુનઃ સ્થાપનને માટે કળિયુગને અંતે, અશ્વારૂઢ થઈને, જે અધર્મીઓના નાશ કરશે તે કલ્કિ અવતારને હું નમસ્કાર કરું છું.

તેથી હે ધર્મ પ્રેમી સજ્જનો, ! ભક્તોને માટે શ્રીજીએ યુગે યુગે અવતારો ધારણ કરી, પોતાની અમર લીલા બતાવી છે અને પ્રત્યેક યુગમાં અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરી છે. માટે જીવનાન્તે પણ ધર્મનો ત્યાગ કરવો નહિ.

न श्रातु कामात् भयान् लोभात्,
धर्मत्यजते जीवीत श्यापि हेतोः ।
धर्म नित्यः सुखे-दुःखे त्वनितय
जिवो नित्य हेतुरस्य त्वनित्यः ॥

ભાવાર્થ -કોઈપણ સંજોગોમાં, કામનાથી, ભયથી, લોભથી કે જીવ બચાવવાના હેતુથી પણ ધર્મનો ત્યાગ કરવો નહિ. કારણ કે ધર્મ નિત્ય-સનાતન છે, સુખ-દુઃખ અનિત્ય છે, થોડા વખતનાં છે. વળી આત્મા અમર છે. અને આ સંસારનું કારણ માયારૂપ અનિત્ય છે.

જેમ રામાયણમાં કાક ભૂસંડી ઋષિએ ગરૂડજીને કળિયુગનો મહિમા બતાવ્યો છે, જેમ મહાભારતમાં મહર્ષિ વ્યાસજીએ કળિયુગની કથા વર્ણવી છે, તેજ રીતે આજ વર્તમાન યુગમાં ભગવાન રામદેવજી, સંત તુલસીદાસજી અને આપણા ઈષ્ટદેવ સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે પણ પોતાના કથેલાં શાસ્ત્રોમાં કળિયુગની કથાનું અને તેના ભાવિનું સચોટ વર્ણન કર્યું છે. આપણે વર્તમાન સમયમાં, સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજની ભાંખેલી ભવિષ્યવાણીને પ્રત્યક્ષ નિહાળીએ છીએ.

વર્તમાન સમયમાં કળીની સત્તા સર્વત્ર વ્યાપેલી છે. આયુષ્ય અલ્પ છે, મનુષ્યને લાખો બંધન છે. મનુષ્ય ચારે દિશાએથી જકડાયેલો-મૂંઝાયેલો છે. તેને આત્મ શાંતિનો માર્ગ સૂઝતો નથી, આમાંથી છૂટવાનો એક ઉપાય છે-યજ્ઞ કરવા અને તે દ્વારા દેવોને પ્રસન્ન કરવા, તેમની કૃપા મેળવી, ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરવી.

યજ્ઞ કરવાથી દેવો પ્રસન્ન થાય છે, સામૂહિક અને વૈયક્તિક પાપનો નાશ થાય છે, કર્મ બંધન છૂટે છે, ચિત્તની શુદ્ધિ થાય છે, અને અંતે જીવ આત્મ ભાવને પામે છે પોતાના સત્સ્વરૂપનાં દર્શન થાય છે. પરિણામ સ્વરૂપ માયાનાં બંધન છૂટે છે અને જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મળે છે. જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને પામી શિવમાં વિલિન થઈ જાય છે.માયાતીત, ગુણાતીત, કેવળ બ્રહ્મને ઓળખવાનો જે પુરુષાર્થ કરે તે મન, વચન, કર્મથી કોઈનું પણ અનિષ્ટ કરતો નથી. જેમ નદી સમુદ્રમાં મળ્યા પછી તેના નામનો લોપ થાય છે. તેમ જીવ, પોતાના સર્વ કર્મોની નિવૃત્તિ પછી, આત્મ-સ્વરૂપને પામી શિવમાં મળી જાય છે. શિવઅભાવનાને પામે છે. તેમ હે સજ્જનો ! ઈશ-તત્ત્વ ઓળખાવનાર, મહાપુરુષને ઓળખાવવા માટે સંતો બ્રહ્મ-સ્વરૂપે અવતરે છે. આથી જ સંત કવિ પ્રિતમદાસે કહ્યું છે કે,....

સંત બ્રહ્મકો રૂપ હૈ, વામે નહીં સંદેહ,
કહે પ્રીતમ ઉપદેશકો, ધરે મનુષ્યકો દેહ.

યજુર્વેદમાં અવતારનું પ્રમાણ બતાવ્યું છે કે.....

प्रजापतिश्चरति गर्भे अन्तर जायमानो बहुधाविजयते ।
तस्य योनिम्परि पश्यन्ति धरिस्तस्मिन् हतस्थुर्भुवनानिविश्वा ॥

यजुर्वेद अं-३१ मं-१९

ભાવાર્થ -(પ્રજાપતિ) પરમેશ્વર તે ગર્ભ મધ્યમાં પ્રાપ્ત થાય છે. અજન્મા પરમાત્મા નહિ જન્મ ધારણ કર્તા થકા (બહુધા) દેવતા, મનુષ્ય રામ, કૃષ્ણ, કલ્કિ આદી રૂપથી ઉત્પન્ન થાય છે. જ્ઞાની મહાત્મા સત્ત્વગુણ પ્રધાન પુરુષ તે પરમાત્માના જન્મ કારણને જ્ઞાન ભાવથી જુએ છે. (અજ્ઞાની) જનને તે પરમાત્માના જન્મ વિદીત્ થતા નથી.) જે પરમાત્મામાં જ સર્વ (અનંત) બ્રહ્માંડ વ્યાપ્ત (સ્થિત) છે.

યુગપુરુષ સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ તેમજ કબીરસાહેબ, ગુરૂનાનક, રામદેવજી, વગેરે અનેકાનેક મહાન સંતમહાપુરુષોએ વેદ-વેદાંતનો ઉપદેશ કરી, અજ્ઞાની અને માર્ગ ભૂલેલાને ધર્મને માર્ગે પ્રેર્યા છે. આવા અધર્મનો માર્ગ છોડાવી, ધર્મને માર્ગે લઈ જનાર સંત પુરુષ સદ્‌ગુરૂ કહેવાય છે.

सद्‌गुरु-गुरु बहु अंतरो, जो दिवस अरुजात ।
गुरु बतावे वैकुंठ तो, सद्‌गुरु दे निजधाम्‌ ॥

સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે પ્રબોધેલું જ્ઞાન તેમજ અન્ય ગેય શાસ્ત્રો તથા ચાર વેદ એ સ્વયં શ્રી બ્રહ્મદેવની મુખારવિંદની વાણી છે કે જે વાણીને પ્રાચીન-પાવન ભારતની રમણીય અમર ભૂમિમાં થઈ ગયેલા મહાન ઋષિઓએ, તેમની સમાધિ અવસ્થામાં ઝીલી છે, અને આ સૃષ્ટીના કલ્યાણને માટે અવનિ પર પ્રસિદ્ધ કરી છે. વેદ સ્વયં પરમાત્માની વાણી છે. તેથી અપૌરૂષેય છે. આ અપૌરૂષેય વાણીનો આધાર છે. તેમાં લેશ-માત્ર પણ શંકાને સ્થાન નથી.

આથી જ શ્રી કૃષ્ણ પરમાત્માએ પોતાના શ્રીમુખની અમરવાણી ગીતા દ્વારા જગતને ખાત્રી આપી છે કે.....

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यम्‌ ॥

હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्‌ ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

સત્પુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપનાને માટે હું યુગે યુગે પ્રગટું છું.

તો આજે આ ઘોર કળિયુગને અંતે શ્રીજી, આપણા ધ્યેય પુરુષ એવા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું રૂપ લઈને અવશ્ય તેમના ભક્તોની વહારે આવશે. જેમ દરેક ધર્મ-સંપ્રદાયના અનુયાયીઓએ તેમના ધર્મના આદેશો અને નિતિ-નિયમોના પાલનમાં યથાશક્તિ બતાવેલું છે તે જ રીતે સજ્જનો, સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજના (શાસ્ત્રમાં પ્રબોધેલાં) આદેશો અને વચનોમાં પૂરા હશે તેને તેઓશ્રી કાળના પંજામાંથી છોડાવી, જન્મ મરણથી મુક્તી અપાવશે.

હે પવિત્ર વિચારશીલ સજ્જનો, આ ગ્રંથમાં દર્શાવેલા અધિકારી બનવામાટે, ધર્મના આદેશો અને નિતિ-નિયમોનું પાલન કરવું પડશે કારણ કે ધર્મ જ મનુષ્ય-જીવનને આધાર, રક્ષણ અને સાર્થકતા આપે છે.

સંપૂર્ણ

ૐ

પ્રેમદાસ બાપુના સૂત્રો

*

સમય છે ત્યારે સમજણ નથી,
સમજણ આવશે ત્યારે સમય નહીં હોય.

*

કલિયુગ કેવલમ્ નામ આધારા
સુમિરન સુમિરન ભવસાગર પારા

*

સંસાર સાગર ખારો ઝેર છે, પરંતુ જીવનમાં કોઈ દિવસ કંટાળવું નહી.

*

જીવન જીવવું તો છે તો હસતાં હસતાં કેમ ન જીવીએ

*

અભ્યાસ અને વૈરાગ્યથી તારૂં મન તારા તાબામાં આવશે.

*

હાથ પે ઘડી હૈ લેકીન ઘડી અપને હાથ નહી હૈ

*

ધન કમાવા જતાં પ્રભુને ભૂલી જવું એ પાપ છે,
પરંતુ સ્વને ભૂલી જવું તે મહાપાપ છે.

*

પરમાત્માને જમાડ્યા વગર જે જમે છે તે પાપ ખાય છે

*

જીવનનો ધ્યેય જ્યાંથી આવ્યા ત્યાં પાછા પહોંચવાનો છે

ॐ

પ્રેમદાસ બાપુના સૂત્રો

*

મારૂં મારૂં કરતાં મહાભારત રચાયું
તારૂં તારૂં કરતાં રામાયણ રચાયું

*

મનુષ્યને પોતાને પોતાના વિચારો જ પરેશાન કરે છે.

*

સત્યુગ, ત્રેતાયુગમાં હજારો વર્ષો તપ કરવાથી જે ન મળતું તે
આજ કળિયુગમાં માત્ર છ જ મહિના સત્કર્મ કરવાથી મળે છે.

*

કબીરા તેરા પૂણ્યકા, જબ લગ ભર્યા હે ભંડાર,
તબ લગ ગુના માફ હૈ, કરો ગુના અપાર.

*

સૂતો છે તેનું કર્મ સૂતુ છે
બેઠો છે તેનું કર્મ બેઠું છે
ચાલે છે તેનું કર્મ ચાલે છે
દોડે છે તેનું કર્મ દોડે છે.

*

હરિ ૐ હરિ ૐ હરિ ૐ

સદ્ગુરુ - શિષ્ય સંવાદ

આ મનુષ્ય જન્મ મળ્યો છતાં, મનુષ્યો આ અવસરનો લાભ લેતા નથી અને મોક્ષરૂપ પરમ ફળથી વંચિત રહે છે ?

સદ્ગુરૂ ઈમામશાહ મહારાજે કહયું છે,

મનુષ્ય દેહ પામ્યો તો કયા પાયા, અને ન જાણ્યા મુકિતના ભેદ રે,
માણેક મોટા તો કયા હુવા, જેને અંતર ન પડીયા છેદ રે.

જે લોકોનાં માન અને મોહ નષ્ટ થઈ ગયેલાં છે , આસકિતરૂપ દોષને જીતી લીધો છે, પરમાત્માના સ્વરૂપમાં નિરંતર સ્થિતિ થઈ ગયેલી છે, જેમની કામનાઓ નષ્ટ થઈ ગયેલી છે, એવા, સુખદુઃખનામ દ્વન્દ્વોથી વિમુકત જ્ઞાની લોક તે અવિનાશી પદને પ્રાપ્ત કરે છે.

તે પરમ પિતા પરમાત્મા પાસે જવાને કયાં સાધન જોઈએ તે શું તમે નથી જોતા કે એક સાધારણ ઓફિસર અગર કોઈ રાજા મહારાજાની પાસે જયારે જવાનું થાય છે, ત્યારે લોકો કેવાં સારાં સારાં વસ્ત્રો કેવા સારા સારા પોશાકો પહેરે છે ? એટલે સુધી કે ઘરમાં જો પૈસા ન હોય તો ,સારા લોકો માગી લાવીને પણ કપડાં પહેરે છે,અગર ઉધાર ખરીદ કરીને કામ ચલાવી લે છે પરંતુ યોગ્ય પોશાક વગર કદાપિ મુલાકાતને સારૂ જતા નથી. તો પછીએ મહાપ્રભુના દરબારમાં જવાને સારૂં શું કોઈ પણ તરેહની સજાવટ કર્યા વગર ચાલી શકશે ? કદિ નહીં. અને જે પ્રમાણે, આ સંસારમાં જેટલા ના મોટા સામર્થ્યવાળાને ત્યાં જવાનું થતાં તેટલાં વધારે ઓછાં કિમંતી કપડાંનો પોશાક પહેરવો પડે છે. તે જ પ્રમાણે પ્રભુનો દરબાર જે ઉંચામાં ઉંચો છે ત્યાં જવાને સારૂ તેટલા કિંમતી વસ્ત્રાભૂષાની જરૂરીયાત હોય છે તેવું જ વર્ણન બતાવ્યું છેકે, 'નિર્માન મોહ'આદિ અમુક અમુક સાધન હોવાથી જ મહાપ્રભુના દરબારમાં જઈ શકાય છે. તે દરબારમાં જવાને સારુ મોટર, રેલ્વે, સ્ટીમર, એરોપ્લેન કાંઈ કામ આવતાં નથી. તેમજ સાઈકલ, ઘોડા ,બગી, ટાંગાથી પણ કામ ચાલી શકતું નથી. ત્યાં તો તે જ સાધક, સિદ્ધ અને સુજાણ લોકો જઈ શકશે માટે મિત્રો, એમાં કાંઈ પણ સંદેહ નથી. કેઃ તે જ મહામૂર્ખ છેકે, જેણે આ સાધન સંપન્ન મનુષ્યદેહનો લાભ લીધો નથી. અને અખંડ શાન્તિ પ્રાપ્ત કરી નથી. સદ્ગુરૂએ આ જ ભાવને કેવી, સુંદર રીતે થોડામાં જ કહી દીધો છે-

ચારે ખાણે જીવ તું આવીયો, અને ભમ્યો તે બહુ અપાર રે,
પૂર્વે પુણ્ય તે પોતા તણા, જે પામ્યો મનુષ્ય અવતાર રે,

સદ્ગ્રંથ અર્થાત્ સારા સારા ગ્રંથો- વેદ, ઉપનિષ્દ અને પુરાણ આદિ ધર્મ શાસ્ત્રો-માં એ બતાવેલું છેકે, જયારે મહાન પુણ્યનો ઉદય થાય છે ત્યારે જ મનુષ્યનું શરીર મળે છે. પોતાની કરણીના બળથી નારાયણ થઈ શકે છે. શાસ્ત્રોમાં અનેક

ઉદાહરણો આપીને એ વાત સારી રીતે સમજાવેલી છે કે કર્મ કરવાની શકિત કેવળ આ મનુષ્ય શરીરને જ પ્રાપ્ત છે, બીજા કોઈને પણ નથી. એવી પરિસ્થિતિમાં જો આ શરીરથી સારાં સારાં કર્મ કરીને પ્રભુને મળવાનો રસ્તો સાફ ન કરી લીધો, તો વ્યર્થ જ આ જન્મને ગુમાવ્યો આ શરીર દેવતાઓને પણ દુર્લભ છે.

અહીં કોઈ એવી શંકા કરે કે - મનુષ્ય શરીરથી જન્મભર એજ બધાં સાધન એકઠાં કરવા જોઈએ, તો પછી સંસારી સુખ ક્યારે ભોગવવાં ? તો તેનું સમાધાન એ છે કે મનુષ્યની સરખામણીમાં કેટલીક વખતે જાનવર પણ વધારે સુખ ભોગવે છે, પરંતુ જનાવર પરમાત્માના સ્વરૂપને ઓળખી શકતું નથી. તેને ઓળખવાની શક્તિ તો કેવળ આ શરીરને પ્રાપ્ત છે, અને તેને ઓળખી લીધા પછી તો સંસાર સુખની આવશ્યકતા પણ શી ? સંસાર સુખ તો એક કુતરૂ પણ ભોગવી શકે છે. કોઈ સાહેબનો કુતરો જુઓ. ૫૦ રૂપિયે ગજબની બનાવટની ઝુલ તેના વસ્ત્ર ઉપર હોય છે તથા તેના ઉપર ગુલાબનાં ફૂલ ભરેલાં હોય છે; દિવસમાં કેટલીએ વાર સારા સારા સાબુથી તેને ન્હવડાવવામાં આવે છે. તેની તહેનાતમાં બબ્બે ચાર ચાર નોકરો પણ હોય છે અને સવાર સાંજ હવા ખવરાવવાને ફરવાને તેને લઈ જાય છે. તે પછી સાહેબની સાથે - બગલમાં, સાહેબ અને તેમની વચ્ચે એ કુતરો - મોટરમાં બેસીને આનંદથી શહેર અને બાગ બગીચામાં ફરે છે. ખાવાપીવામાં કોઈ વાતની કમી હોતી નથી. આ સુખ ભારતવાસીઓના નસીબમાં કયાં છે ? અને જુઓ, મુંબઈની ઘોડાદોડની રેસના એક એક ઘોડાની કિંમત લાખ લાખ દોઢ દોઢ લાખ સુધી પહોંચી જાય છે. એટલા રૂપિયામાં તો તમે સેંકડો આદમીને ખરીદ કરી શકો. દોઢ લાખ જેટલામાં એક ઘોડો વેચાય છે તેનું વ્યાજ મહીને સાડા સાતસો રૂપિયા થાય, એટલા પગારમાં તો એક ભારતીય મોટામાં મોટો વિદ્વાન પણ બધી જીંદગી ગુલામીમાં ગાળે છે. હવે બતાવો કે આદમીની કિંમત વધારે છે કે જાનવરની ?

તાત્પર્ય એ છે કે - શારીરિક સુખમાં તો તમારાથી કેટલાએ વધારે સુખ ભોગ કુતરા અને ઘોડા આદિ જાનવર પણ ભોગવી લે છે, પરંતુ તેમનાં શરીર અગર યોનિમાં પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. એ જ્ઞાન તો કેવળ મનુષ્ય યોનિમાં જ મેળવી શકાય છે. તેથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે -

હે વત્સ પ્રભુના પ્રેમિઓ, આ શરીર મળવીને જેણે પોતાના અનુભવમાં માનસિક સુખ નથી પ્રાપ્ત કર્યું તેનું જીવન વ્યર્થ છે, નિઃસાર છે, તેથી જો યશસ્વી અને નિત્ય સુખી થવાની ઈચ્છા હોય તો આત્માના અમરત્વનું જ્ઞાન પ્રાપ્ત કરો, શરીરનાં અનિત્ય સુખોનું નહીં. આ શરીર કોઈ પ્રતિષ્ઠિત ટકતું નથી. તેને ચલાવવાવાળો ડ્રાઈવર તો કોઈ બીજો જ છે. જેવી રીતે મોટર સ્વયં - આપોઆપ નથી ચાલી શકતી, તેને ચલાવવાને અવશ્ય એક ડ્રાઈવર જોઈએ જ તેવી જ રીતે આ શરીરને ચલાવવાને

સારૂ એક બીજો ડ્રાઈવર છે. અને જેવી રીતે તે કોઈ મોટરનો નાશ થવાની સાથે તે ડ્રાઈવરનો નાશ થતો નથી, તેવી રીતે શરીરનો નાશ થવાથી પણ તેના ચલાવનારનો નાશ થતો નથી. તે જ પ્રમાણે એ પણ સમજી શકાય એવું છે કે જે જેટલો સારો અને બુધ્ધિવાન ડ્રાઈવર હોય છે, તેને તેટલી જ સારી અને કિંમતી ગાડી હાંકવાને સારૂ અપાય છે - જેમ કે કોઈ ગવર્નરની ગાડી ચલાવે છે, તો કોઈ મ્યુન્સિપાલિટીના કચરાની ગાડી પણ હાંકે છે, તેવી જ રીતે કોઈ મનુષ્ય શરીર ચલાવનારો ડ્રાઈવર હોય છે, તો કોઈ કીટ પતંગ આદિ ક્ષુદ્ર યોનિયોનો, કિંતુ વાસ્તવમાં બન્ને છે કામ કરનારા એકજ. અને ઉપર લખેલી બન્ને તરેહની મોટરોને ચલાવનારોને જેમ ડ્રાઈવર એ એકજ નામથી ઓળખવામાં આવે છે. તેવી જ રીતે મનુષ્યથી લઈને કીટ પતંગ સુધીના ચલાવનારને 'આત્મા' એ એક જ નામથી સંબોધિત કરવામાં આવે છે. ભાવ એ છે કે ચાહે મનુષ્યનું શરીર હોય કે ચાહે પશુનું બન્નેમાં પ્રધાન રૂપે રહેનારી સારી વસ્તુ - આત્મા - એક જ છે. તેથી જે પુરૂષ આત્માના તત્ત્વને જાણે છે તે આ શરીરની પરવા કરતો નથી. આધુનિક સંસારમાં ઘણાને એવો ખ્યાલ હોય છે કે આ શરીર જ આત્મા છે અને જ્યારે શરીર મરી જાય છે ત્યારે આત્મા પણ મરી જાય છે. આ મતને 'દેહાત્મવાદ' કહે છે. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ એ વાતનું ખંડન કરતાં અહીં અર્જુનને વાસ્તવિક તત્ત્વજ્ઞાનની વાત બતાવે છે કે આત્મા શરીરથી જુદો છે ભિન્ન છે. એ સાંભળીને અર્જુને કહ્યું કે - મહારાજ, જે વખતે યુધ્ધમાં આપને જ કોઈ અસ્ત્ર શસ્ત્ર વાગી ગયું અને આપનું મૃત્યુ થાય તો ?

ભગવાન કહે છે કે હે અર્જુન ! શું તારી એવી સમજ છે કે હું પહેલાં ન હતો અગર આગળ ભવિષ્યમાં પણ નહીં હોઉં, શું કેવળ આ સમય - વર્તમાન - માંજ છું ? એમ નથી. હું, તું અને આ સર્વ રાજાલોક - બધાએ પહેલાં પણ હતા અને આગળ પણ રહેવાના જ , મારો કદિ નાશ થતો નથી, હું કદિ મર્યો નથી તેમ મરવાનો પણ નથી. તું પણ કદી મર્યો નથી અને મરવાનો પણ નથી. અને રાજાલોક પણ કદિ મર્યા નથી અને મરવાના પણ નથી. આપણે સર્વ પહેલાં પણ હતા અને આગળ પણ રહીશું.

ભગવાનની વાત સાંભળીને અર્જુને કહ્યું - ભગવન્, આપ નહીં મરો એ તો જાણે ઠીક છે, અને મારા ઉપર આપની વિશેષ કૃપા રહે છે, તથા હું આપનો ભક્ત છું તેથી હું નથી મરવાનો એ પણ ઠીક છે, પરંતુ આ રાજાલોક કે જે ન તો આપના ભક્ત છે અને ન તો આપનામાં કોઈ પણ પ્રકારની શ્રધ્ધા રાખે છે, તે કેમ નથી મરવાના ? તેઓ તો અવશ્ય મરવા જોઈએ. તે ઉપરથી ભગવાને કહ્યું કે - તેઓ પણ નથી મરવાના. જો તું એમનામાં પણ ભગવાનનો અંશ માને છે, તો તેઓ પણ કેમ મરે ? સદ્‌ગુરુએ કહ્યું છે કે -

'ઈશ્વર અસ જીવ અવિનાસી'

અને પંદરમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે એ જ વાત સ્પષ્ટ શબ્દોમાં કહી છે. -

'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।'

અર્થાત્ દેહમાં રહેનારો જીવાત્મા મારો જ સનાતન અંશ છે. તો જ્યારે બધી સૃષ્ટિ જ તે પરમાત્માનો અંશ છે, પરમાત્મા કદિ મરતા નથી, તો તેમનો અંશ કેવી રીતે મરી શકે ? તેના ઉપર જો કોઈ એવો સંદેહ કરે કે - ત્યારે તો પછી પ્રતિદિન જે આ હજારો જીવો મરે છે, તે બધા ક્યાં ચાલ્યા જાય છે ? જોવામાં તો આવતા નથી. તેનો ઉત્તર એ છે કે - તેઓ કંઈએ જતા નથી, બધા અહીં જ રહે છે. તેમના અસ્તિત્વમાં કોઈ પણ પ્રકારનો સંદેહ કરવાની કોઈની મગદૂર નથી. હા એ વાત ખરી છે કે, તેમના આ ચર્મચક્ષુઓથી - સ્થુળ દૃષ્ટિથી દેખી શકાતું નથી. કારણ કે તેનો અસલ રંગ બદલાઈ ગયો છે તેથી તેની ઓળખાણ પડતી નથી. ઉદાહરણ તરીકે જુઓ કે એક કાળા રંગની મોટર છે, તે બહુ જુની થઈ તેનું રૂપ રંગ આદિ બગડીને ખરાબ થઈ ગઈ છે. તેથી તેની મરામત સારૂ તમે તેને કંપનીમાં મોકલી દીધી, ત્યાંથી એજ મોટર બધી તરહેથી ફીટ થઈ -કાળા રંગની જગ્યાએ લાલ અગર લીલો રંગ થઈને જુના ભાગોને ઠીકઠાક કરીને નવા જેવી થઈને - પછી તમારી પાસે આવી ગઈ. એવી હાલતમાં તમારા વગર બીજો એવો કોણ છે કે, તે મોટર જુની હતી તે જ છે એમ ઓળખી શકે ? બધા એમ કહેશે કે આ તો બીજી મોટર છે. બસ, તેવી જ રીતે એ વાત પણ સમજી શકાય એવી છે કે જો કે આત્મા તે જ છે, પરંતુ રૂપરંગ બદલાઈ જવાથી ઓળખાણ પડતી નથી, અને લોકો એમ સમજે છે કે, આ જીવ નવો આવ્યો છે. પરંતુ જે પ્રમાણે તે મોટરના માલિકને અથવા જેણે તેની મરામત કરી છે તેને ખબર હોય છે કે આ તે જ મોટર છે, તે જ પ્રમાણે આ જીવાત્માના માલિક પરમાત્માને અગર જેણે એ પરમાત્માની કૃપા પ્રાપ્ત કરી છે તેને માલુમ હોય છે કે આ તે જ જીવાત્મા છે, માત્ર રંગમાં (ઉપરના વ્હાઈટ વૉશમાં) પરિવર્તન થઈ ગયેલું છે, કેવળ 'બોડીનો કલર ચેન્જ' કરવામાં આવ્યો છે, અંદરનું મશીન તો તે જ છે. તાત્પર્ય એ છે કે, કેવળ શરીર બદલાય છે, શરીરની અંદર રહેવાવાળુ ચેતન બદલાતું નથી, એ એકરસ છે, એમાં કોઈ ફેરફાર જ થઈ શકતો નથી.

હે વત્સ ! આ જ વાત ભગવાન અર્જુનને કહે છે કે - હું, તું અગર આ રાજાઓ કદિ મરવાના નથી. અર્જુને કહ્યું - ઠીક, આ તો મરવાની વાત થઈ મેં માની લીધું કે એ કદિ મરવાના નથી, પરંતુ જન્મ થયા પહેલાં હું, તમે તથા આ રાજાઓ ક્યાં હતા ? અર્થાત્ હું કુન્તીના ગર્ભમાં, આપ દેવકીના ગર્ભમાં અને આ રાજાઓ પોતપોતાની માતાના ગર્ભમાં આવ્યા નહોતા તે પહેલાં ક્યાં હતા ? તેના જવાબમાં ભગવાને કહ્યું - એજ તારી ભૂલ છે, આ શરીરને જ તું આત્મા માની રહ્યો છે.

આટલી આટલી વાત કહેવા છતાં પણ હજી સુધી ખરી વાત તારી સમજણમાં આવી નથી. અર્જુન, જો આ શરીર જ આત્મા હોત તો, આત્મા ગયા પછી આ શરીર કેમ હરીફરી, કે ખાઈ પી શકતું નથી ? તારે એ વાતને સારી રીતે સમજી લેવી અને ધ્યાનમાં રાખવી જોઈએ કે આ શરીર બીજી વસ્તુ છે અને તેને ચલાવનારી જુદી વસ્તુ છે. જેના વડે તું ખાઈ પી, હરીફરી તથા જોઈ સાંભળી શકે છે તે જ આ શરીરની અંદર રહેનારું ચેતન તત્ત્વ છે, તેને આત્મા કહે છે અને તેનો કદિ નાશ થતો નથી. જન્મ લેવાવાળું આ શરીર છે અને તેના વડે જેટલાં કાર્ય થાય છે તે કરનારૂં ચેતન છે, તેના પ્રભાવથી જ આ શરીર સર્વ કામો કરવાને સમર્થ થાય છે. બસ એ ચેતનના રહેવાને જન્મ કહે છે અને તેના નિકળી જવાને મરણ કહે છે. આ શરીર તે ચેતન અગર આત્માનો ઉપરનો પોશાક છે. જ્યાં સુધી એ અંદરના ચેતનનું અસ્તિત્વ રહે છે. ત્યાં સુધી જ એ સર્વ ક્રિયા કરી શકે છે.

હે વત્સ ! આ જ વાતને એક બીજા ઉદાહરણથી પણ સમજી શકાય તેવી છે. દાખલા તરીકે એક ચિત્રને ભીંત ઉપર અંકિત કર્યું. જેનું એ ચિત્ર હશે તેનું ત્યાં સુધી ધ્યાન રહ્યા કરશે કે જ્યાં સુધી તે ચિત્ર કાયમ રહેશે. અને તે ચિત્રને ભૂસી નાખ્યા પછી તેનું ધ્યાન પણ ભૂસાઈ જશે. પણ ધ્યાન રાખો કે એ ચિત્રના ભૂસાઈ ગયા પછી પણ દિવાલનું અસ્તિત્વ તો કાયમ જ રહેશે. તે દીવાલ તો તમે ચિત્ર દોર્યું તે પહેલાં પણ હતી, હાલ પણ છે અને આગળ પણ રહેશે. આવ્યું અને ગયું કેવળ ચિત્ર, દીવાલ નહીં. બસ, એજ પ્રમાણે આ શરીર બને છે અને બગડે છે, તેનો આધાર તો આત્માં અગર ચેતન છે, તે કદિ નષ્ટ થતો નથી, તે તો ત્રણે કાળમાં એકરસ રહે છે. અને દીવાલ ઉપરના ચિત્રની પેઠે જે યોનિનો શરીરરૂપી પોશાક તે આત્માને પહેરાવવામાં આવશે તેનું જ રૂપ (ચિત્ર તૈયાર થઈ જશે અને તે જ નામથી તેને બોલાવવામાં આવશે.) જો મનુષ્યનું શરીર હશે તો મનુષ્ય કહેવાશે અને જો પશુનું શરીર હશે તો પશુ કહેવાશે. જેવી રીતે તે દીવાલ ઉપર તે જ પીછી અને ચિત્રકારદ્વારા જો રામનું ચિત્ર બનાવવામાં આવે તો તેને રામ કહે છે તથા રાવણનું ચિત્ર દોરવામાં આવે તો તેને રાવણ કહેછે, પરંતુ દીવાલ, પીછી અને ચિત્રકાર એકજ રહે છે, તેવી જ રીતે આ શરીરનો પણ આત્મા અને ઉપકરણ (પંચતત્ત્વ) સર્વ એકજ છે, કેવળ સ્વરૂપ અને આકૃતિમાં અંતર છે. ઘોડામાં પણ તે જ આત્મા છે અને મનુષ્યમાં પણ તે જ છે, પરંતુ પૂર્વ યોનિના અંતિમ સમયે જેનો જેવો સંસ્કાર હોય છે તે જ શરીર આગળના જન્મમાં ધારણ કરવાનું થાય છે, આ જ વાતને ભગવાને સ્વયં આ ગીતાના આઠમા અધ્યાયમાં ઘણી સુંદર રીતે બતાવેલી છે -

હે વત્સ ! જે જે જીવાત્મા અંત સમયમાં જે ને ભાવનું સ્મરણ કરતો શરીરનો ત્યાગ કરે, છે, તે આગલા જન્મમાં તે જ ભાવને પ્રાપ્ત કરે છે. કારણ કે તે પોતાના

પૂર્વ ભાવથી પ્રભાવિત રહે છે. ચિત્રના દાખલામાં આ જ વાતને આ રીતે ઘટાવી શકાય તેમ છે કે – જેવી રીતે સીતાજીનો જન્મ તિરહુત (મિથિલા) પ્રાંતમાં થયો છે, તેથી તેમના ચિત્રનો પહેરવેશ પણ તે જ પ્રાંતના પહેરવેશ જેવો હોવો જોઈએ પણ જો દક્ષિણ પ્રાંતનો ચિત્રકાર તેમનું ચિત્ર દોરશે, તો તેમને દક્ષિણી રીતનો પોશાક પહેરાવશે અને જો મિથિલાનો રહેનાર કોઈ ચિત્રકાર અંકિત કરશે તો મૈથિલી રીતનું ચિત્ર બનાવશે. જો ગુજરાતી દોરશે તો ગુજરાતી ઢબનું અને બંગાળી હશે તો બંગાળી રીતનું ચિત્ર બનાવશે. વિચાર કરવાની વાત છે કે, ચિત્ર તો સીતાજીનું જ રહેશે, પરંતુ ભાવ અને પહેરવેશમાં અલગ અલગ ભાવ આવી જશે. તે જ પ્રમાણે આ જીવાત્મા પોતાના અહંભાવથી જેવો વ્યવહાર કરે છે, તેને અનુસરીને તેના અંતઃકરણની વાસનાઓ પણ બંધાઈ જાય છે, અને તે વાસનાઓ સાથે અંતઃકરણનો સંબંધ હોવાથી તેવા જ સંસ્કાર તેમાં એકત્રિત થતા રહે છે. તેને લીધે અંતમાં મરણ સમયે તે જ ભાવોનું ધ્યાન કરતો કરતો આ કલેવરને છોડે છે. અને બીજા જન્મમાં પછી તે ભાવો અનુસાર શરીર ધારણ કરે છે. ઉત્તમ પ્રકારની ભાવના હોય છે તો ઉત્તમ અને નીચા દરજ્જાની ભાવના હોય છે તો અધમ શરીર મળે છે.

આ જ વાત ભગવાન અર્જુનને સમજાવે છે અને કહે છે – કે અર્જુન, તું પોશાક અર્થાત્ શરીરનો ખ્યાલ છોડી દે અને વાસ્તવિક તત્ત્વ એ આત્માને જાણ. એ રીતે તને જણાશે કે સંસારમાં મરવાવાળી કોઈ ચીજ નથી. જો, એક ઘઉંના દાણાનું જ ઉદાહરણ લઈએ. ઘઉંનો દાણો જ્યારે જમીનમાં ઓરવામાં આવે છે ત્યારે થોડા દિવસો પછી તેમાંથી અંકુર ફુટે છે અને ધીમેધીમે એક છોડ તૈયાર થઈ જાય છે. પહેલાંનો ઘઉંનો દાણો સડીને જ આ નવો છોડ તૈયાર થાય છે. એવી સ્થિતિમાં શું એમ કહી શકાય કે તે ઘઉંનો દાણો નષ્ટ થઈ ગયો ? ના, તે નષ્ટ થયો નથી બલ્કે વધારે વિક્સિત રૂપમાં તે આપણી સામે મોજૂદ છે. અગર તે નષ્ટ થઈ ગયો હોત તો આટલો મોટો ઘઉંનો છોડ આપણને ક્યાંથી દેખાત ? હવે તો તે જ છોડમાં થોડા દિવસોમાં સેંકડો દાણા તૈયાર થઈ જાય છે. પછી તે દાણા કહાડીને સંસાર પોતાની જીવનયાત્રાનો નિર્વાહ કહે છે અને તેનું ભૂસુ બળદને ખવરાવે છે. તેનું ખાતર તૈયાર થાય છે. પછી તે ખાતર થોડા દિવસો પછી માટીના રૂપમાં બદલાઈ જાય છે અને તે ખેતરોમાં નાખવામાં આવે છે, તેના જોરથી ફરી ઘઉંના છોડ તૈયાર થવાના અને ખેતરોમાં હરિયાળી લેહરાવાની. બસ, એ જ સૃષ્ટિનો ક્રમ છે. સંસારની કોઈ વસ્તુ કદિ નષ્ટ થતી નથી, કેવળ રૂપાંતર થતું રહે છે. પરંતુ અજ્ઞાની એ ભેદને જાણી શકતો નથી અને તેથી કહ્યા કરે છે કે, અમુક વસ્તુ નષ્ટ થઈ ગઈ અગર અમુક વ્યક્તિ મરી ગઈ. પરંતુ એમ કહેવું ઉચિત નથી. મરતું મારતું કોઈ નથી, બલ્કે એક શરીર નષ્ટ થઈ બીજા નવા શરીરને ઉત્પન્ન થવાનું કારણ બને છે. આ શરીરને નષ્ટ થવાની ગતિ

પણ ઘણી વિચિત્ર છે. જે પ્રમાણે હાથની મુઠીમાં રેતી ભરી રાખવાથી તે કાયમ રહેતી નથી, પરંતુ ધીરેધીરે તેમાંથી સરી પડી કેટલીક વખત પછી ખતમ થઈ જાય છે, મુઠી ખાલી થઈ જાય છે. તે જ પ્રમાણે શરીર પણ પ્રત્યેક ક્ષણેઅગર સેકંડે ક્ષીણ થતું જાય છે, પણ તે જોવામાં આવતું નથી. તેથી મનુષ્યને ખબર પડતી નથી કે હવે પોતાનું જીવન સમાપ્ત થવા આવ્યું છે, અને હજી સેંકડો વર્ષ જીવવાની આશા સેવ્યાજ કરે છે. એટલું જ નહીં પણ ઉલટો એવો વિચાર કરે છે કે, જો હજાર વર્ષ જીવાય તો કેવું સારું થાય. આને જ મોહ કહે છે. આ મોહનું સ્થુળ ઉદાહરણ વાંદરામાં જોવામાં આવે છે. જ્યારે કોઈ વાંદરીનું બચ્ચું મરી જાય છે, ત્યારે તે એક એક મહિના સુધી તેને છોડતી નથી અને છાતીએ ચાંપેલું જ રાખે છે. અંતે જ્યારે બચ્ચું ભૂલથી કંઈ પડી જાય અગર સુકાતું સુકાતું એકદમ લાકડા જેવું આકૃતિ હીન થઈ જાય ત્યારે જ તે તેનાંથી વિમુખ થાય છે. શરીર ઉપર મોહ રાખનારા મનુષ્યોની પણ તેવી જ હાલત સમજવી. કારણ કે પ્રતિદિન તેઓ જુએ છે કે, આ શરીર નિરંતર ક્ષીણ થતું જાય છે, દિન પર દિન જીર્ણ થાય છે, તો પણ તેની મમતા છોડતા નથી, તો પછી એ મોહ નહીં તો બીજું શું ? આ જ મોહને અજ્ઞાન પણ કહે છે.

હે વત્સ ! તું, હું અને આ રાજાઓ કદિ નથી મરવાના, પરંતુ તારૂં, મારૂં અને આ રાજાઓનાં આ પંચતત્ત્વનાં શરીર કદિ પણ રહી શકવાનાં નથી. તે પાછાં તે જ પંચ તત્ત્વમાં મળી જશે. તેથી તું આત્માને દેહથી અલગ માન, કારણ કે -

જેવી રીતે આ દેહમાં બાળપણ, યુવાની તથા ઘડપણ (એ ત્રણ અવસ્થાઓ આ જીવાત્માની થાય છે, તેવી રીતે બીજા દેહની પ્રાપ્તિ થાય છે. ધીર પુરુષો તે વિષયમાં મોહ કરતા નથી.

હે વત્સ ! શરીરનું મરવું એ શું છે ? માત્ર રૂપાંતર થવું. પહેલાં આ શરીર જ્યારે ન્હાનું હતું ત્યારે બાળક કહેવાતું. કેટલાક દિવસો પછી જોરદાર થતું જાય છે ત્યારે તે યુવાન કહેવાય છે, અને અંતમાં વધતાં જ્યારે ઘટવા માંડે છે, ત્યારે વૃદ્ધ કહેવાય છે. તો જેવી તરેહથી એકજ શરીરની આ ત્રણે અવસ્થાઓ થાય છે, તેવી જ રીતે આ દેહને છોડીને બીજા દેહને પ્રાપ્ત કરવો, એ પણ એક અવસ્થા વિશેષ જ છે. તેથી જ જે ધીર છે, જ્ઞાની છે, તે આ બનાવથી મોહિત થતા નથી, કોઈપણ જાતની ચિંતા કરતા નથી.

હે વત્સ ! અંત સમય જ્યારે આવે છે, ત્યારે યમરાજા આવીને આ શરીર ઉપર પોતાનો કબજો કરી લે છે અને આંખો ખેંચાય છે ત્યારે આ શરીરનું ભાન ક્યાં રહે છે, જરા વિચાર તો કરો ? તેથી જ લોકો કહે છે કે, મનુષ્યનું મૂલ્ય જ્યારે દુઃખ પડે છે ત્યારે જ થાય છે. જો દુઃખ ન પડે તો, મનુષ્ય કદિ પણ એનો વિચાર ન કરે કે પોતાની શક્તિ સિવાય બીજી પણ કોઈ શક્તિ છે જે તેની મરજી પ્રમાણે આપણને

નચાવે છે તથા બાળપણ, જવાની તથા વૃદ્ધાવસ્થાનો તમાશો દેખાડી અંતે બીજા શરીરમાં આ શરીરને બદલે છે. જો બચપણ આદિ ત્રણ અવાસ્થાઓનો કાળચક્રનો ચલાવેલો અકાટ્ય સાંસારિક નિયમ ન હોત, તો શું કોઈ ખુશીથી એક અવસ્થાથી બીજી અવસ્થા અગર એક શરીરથી બીજું શરીર બદલવાને રાજી હોત ? કદિ નહીં. પરંતુ એ તો પ્રકૃતિનો અનિવાર્ય નિયમ છે કે, બચપણ પછી યુવાની તે પછી બુઢાપો અને અંતે બુઢાપા પછી શરીરનું પરિવર્તન, સર્વ પ્રાણી માત્રને કરવું પડે છે. એ પ્રકૃતિની અનિવાર્ય દશા છે. એને કોઈ ટાળી શકતું નથી. એજ પ્રમાણે મરણ પણ એવી જ અનિવાર્ય દશા છે જે ટાળી શકાતી નથી. તેથીજ વૃદ્ધને એવું કહેવાના દિવસ આવે છે કે -

ચાંદની આને લગી, કહતી હૈ દિલ કો સાફ કર ।
વરના લગને કો ગ્રહણ હૈ, ચાંદ છિપ જાને કો હૈ ॥

હું એમ કહું છું કે કોઈ વૃદ્ધને કોઈ કહે કે, કેમ ભાઈ તમારું બચપણ અને યુવાની ક્યાં ચાલ્યાં ગયાં ? તો તે સ્વયં કબૂલ કરશે કે - વાહ ક્યાં ચાલી ગયું ? હમે પહેલાં બાળક હતા અને જુવાન થયા અને હવે ઘરડા થયા હમે તો તેના તેજ છીએ, અરે આત્મા તો તેનો તે જ છે. માત્ર બદલાય છે બહારનો દેખાવ. અવસ્થામાં ત્રણે તરેહનાં પરિવર્તન ભરેલાં છે. અર્થાત્ પહેરનારો તો એક જ છે માત્ર કોટ, નાનો મોટો થતો રહે છે.

એજ હાલત આ શરીરની પણ છે, અર્થાત્ તેમાં રહેનારૂં ચેતન અગર આત્મા હમેશાં એકરસ છે. તે કદિ બદલાતો નથી. જે પ્રમાણે ગાડી અને ગાડીવાન એક બીજાથી જુદા છે, અને તો પણ એકના વગર બીજાથી કામ ચાલી શકતું નથી તે પ્રમાણે આ શરીર અને આત્મા સર્વથા પ્રથક્ પ્રથક્ હોવા છતાં પણ એકના વગર બીજાનું અસ્તિત્વ રહી શકતું નથી. જેમ ગાડી જડ છે અને તેનો ચલાવનાર ચેતન છે, તેમ આ શરીર પણ જડ છે અને તેનો સંચાલક આત્મા ચેતન છે. તે જ ચેતન જીવાત્મા આ શરીરમાં રહીને ત્રણે અવસ્થાઓ દેખાડે છે - (૧) કૌમાર=બાળપણ, (૨) યૌવન=જવાની તથા (૩) જરા=ઘડપણ આ ત્રણે અવસ્થાઓમાં માનસિક ભાવ અને શરીરના રૂપરંગ બદલાતાં રહે છે, જેમકે બાળપણમાં બુદ્ધિ ઓછી હતી, દોડવા કુદવાની શક્તિ પણ થોડી હતી, પણ જવાન થતાં બુદ્ધિ પણ વધી અને દોડવા કુદવાની તો વાત જ શી ? એવી ઈચ્છા થાય કે આપણે પણ હનુમાનજીની પેઠે સમુદ્ર કુદી જઈએ, તે જ પ્રમાણે શારીરિક રૂપ રંગ પણ તેજદાર થઈ જાય છે. પછી વૃદ્ધાવસ્થા આવતાં શરીર જીર્ણ થવા માંડે છે, એક પછી એક ધીમે ધીમે બધી ઈંદ્રિયો પણ શિથિલ થઈ જાય છે.

ધ્યાન આપવાની વાત છે કે, આ એકજ શરીરમાં વારાફરથી આ ત્રણે

અવસ્થાઓ આવે છે. અને એકથી બીજીમાં પરિવર્તન થયા કરે છે, તથા તે અવસ્થાઓની સાથે સાથે શરીરના રૂપરંગમાં પણ ફેરફાર થતો રહે છે, પરંતુ આત્મા કદિ બદલાતો નથી તે તો એકનો એક જ બન્યો રહે છે, કારણ કે તે સર્વદા એકરસ અને નિર્વિકાર છે; અને તેથી જ પ્રત્યેક મનુષ્ય કહે છે કે – હું જ પહેલાં બાળક હતો. પછી જવાન થયો અને છેવટે વૃદ્ધ થયો છું.

આ વાતને એક સાધારણ ઉદાહરણ દ્વારા એમ સમજાવી શકાય છે કે – જેમ એક આદમી પહેલાં ક્લાર્ક હતો પછી કોઈ જગા ખાલી પડતાં તેને નાયબ તહસીલદાર બનાવવામાં આવ્યો, પછી થોડા સમય પછી તહસીલદાર અને પછી ક્રમશઃ વધતાં કલેક્ટર સુધી બનાવી દેવામાં આવ્યો. તે પછી જયારે તેને પેન્શન મળવાનો સમય આવ્યો ત્યારે તેને કલેક્ટરીના પગાર ઉપર પેન્શન મળ્યું. નહીં કે ક્લાર્કના પગાર ઉપર. તેમજ તે આદમી પણ કબૂલ કરે છે કે, હું પહેલાં ક્લાર્ક હતો, પછી તહસીલદાર થયો અને અંતમાં કલેક્ટર થયો. હે વત્સ ! તે જ પ્રમાણે આ આત્મા પણ એક અવસ્થાને છોડી બીજી અવસ્થા ધારણ કર્યા કરે છે, અર્થાત્ તે જ પ્રમાણે એક શરીરને છોડી બીજા શરીરને ધારણ કરે છે. પરંતુ વિશેષતા એ છે કે, જે પ્રમાણે અવસ્થા પરિવર્તનની વાત આત્માને યાદ રહે છે અને પોતાનાં બચપણ જુવાની અને બુઢાપાનો તે સ્વીકાર કરે છે તે પ્રમાણે શરીર પરિવર્તનની વાત યાદ રહેતી નથી. તેનું કારણ એ છે કે – મરણ સમયે સંસારી વાસનાઓ તેને એવી રીતે ઘેરી લે છે કે, તે એકદમ વિમૂઢ થઈ જાય છે અને તેથી આ સર્વને ભૂલી જાય છે કે – હું અત્યાર સુધી કયા શરીરમાં હતો. એજ કારણથી જન્મ લેવાને સમયે પણ આત્માને એ ખબર રહેતી નથી કે પહેલા હું કયા રૂપમાં હતો અને હવે કયા રૂપમાં પ્રગટ થાઉં છું. જોવા જઈએ તો વાત પણ એજ ખરી છે, કારણ કે મરતી વખતે જો અંતઃકરણ શુદ્ધ રહે તો તો પૂર્વાપરનું જ્ઞાન રહી શકે, અન્યથા રહી શકે નહી. અને એવો તો કોઈ વીરલ જ મનુષ્ય હોય કે જેનું મરતી વખતે પણ અંતઃકરણ શુદ્ધ, સંસારી વાસનાઓથી નિર્લિપ્ત રહી શકે.

જુઓ, હૉસ્પિટલમાં જયારે કોઈને ઑપેરશેન કરવામાં આવે છે, ત્યારે ક્લોરોફોર્મ સુંઘાડીને તેને બેભાન કરવામાં આવે છે. અને પછી જોઈએ તેટલું તેનું શીર કાપે કુટે તો પણ તેની તેને કાંઈ ખબર પડતી નથી. હા, જયારે ક્લોરોફોર્મનો નશો ઉતરી જાય છે ત્યારે માલમ પડી જાય છે કે, શરીરના અમુક ભાગમાં દરદ થાય છે પરંતુ તે એમ કહી શકતો નથી કે ઑપરેશન કરતી વખતે તેને કેટલું દરદ થતું હતું, કારણ કે તે સમયે તેના જ્ઞાન ઉપર ક્લોરોફોર્મનો પડદો નાખેલો હતો, જીન્દગીમાં પણ કેટલીક વખત પક્ષાઘાત વગેરેના રોગોથી માણસની પ્રથમની જીન્દગીનું બધું ભાન જતું રહે છે.

તો યાદ રાખ વત્સ, કે જીવાત્મા જયારે એક શરીર છોડી બીજું શરીર બદલે

છે, તે સમયે તે બેહોશ અને બેફામ થઈ જાય છે. તે વખતે તેને ભાન રહેતું નથી કે પોતે ક્યાં જઈ રહ્યો છે. પરંતુ તેની સાથે એ પણ યાદ રાખવાનું છે કે - સર્વ જીવાત્માની એજ હાલત થતી નથી. જેને આત્મતત્ત્વનું જ્ઞાન હોય છે. એવા જીવાત્માને તો તેવે સમયે પણ જ્ઞાન રહે છે અને જાણે છે કે તે સમયે શું થાય છે, અથવા પછી શું થશે. તાત્પર્ય એ છે કે, જે લોકો મરતી વખતે હતજ્ઞાન અને નિશ્ચેષ્ટ થઈ જાય છે, તેમને સંચિત કર્મોનાં ફળને કારણે એ જ્ઞાન જ રહેતું નથી કે આ સમયે શું થાય છે. અથવા હવે કયું શરીર મળશે. તેમના દિલ ઉપર કુસંસ્કારોએ એવો તો કબજો મેળવેલો હોય છે કે, તેથી તેઓ ગાફિલ - બેશુદ્ધ, હત્જ્ઞાન અને નિશ્ચેષ્ટ થઈ જાય છે. પણ જેમના સંસ્કાર સારા હોય છે, જેમણે બરાબર પ્રયત્ન કરીને જ્ઞાન પ્રાપ્તિ કરી લીધી છે તેઓ મરણ સંકટ જેવા મહાન્ સંકટના સમયે પણ પોતાની સ્થિતિને ઠીક રાખે છે અને આ શરીરથી ચઢીયાતા વધારે સારા શરીર તથા સંજોગોમાં જવાને સારૂં સહર્ષ ઉત્સુક રહે છે.

જે પ્રમાણે કોઈ તહસીલદારને જ્યારે માલમ પડી જાય છે કે, મારા ઉપરી સાહેબ રીટાયર થાય છે અને તેમની જગા ઉપર મારી ગોઠવણ થવાની છે, તે જાણીને મનમાંને મનમા નવો ચડીયાતો હોદ્દો મળવાની ખુશીમાં મગ્ન રહે છે, ઠીક તે જ પ્રમાણેયોગીજન જ્યારે જાણી લે છે, કે હવે આ શરીર છોડવાનું છે અને આથી પણ સારું બીજું શરીર અગર આથી પણ બીજી સારી યોનિમાં જવાનું છે, ત્યારે મરણ સમયે તેને દુઃખ કે ગભરાટ ન થતાં સુખ અને આનંદનો જ અનુભવ થાય છે.

હે વત્સ ! સાધારણ મનુષ્ય જેમણે જીવનભરમાં હરિમિલન અગર આત્મજ્ઞાનને સારૂ કાંઈ પ્રયત્ન કર્યો નથી, કેવળ ખાવાપીવામાં તથા વિષયવિલાસમાં જ પોતાની જીંદગી વિતાવી છે, એવામનુષ્યને જ્યારે મરવાનો વખત આવે છે ત્યારે તેના પંદર દિવસ પહેલાથી તેને ભયંકર દુઃખ થવા માંડે છે, તરફડે છે, પછાડા મારે છે; અને તેનાં સ્વજન સંબંધી તથા છોકરાં વગેરે પણ કહે છે કે - હવે તો એ જેમ વહેલા મરે તેમ સારું. પણ આવી હાલત તો તેમનીજ થાય છે કે, જેમણે સારા કર્મ કર્યા નથી. જીન્દગીના કરેલા ખોટા કર્મ, મરણ સમયે મનુષ્યની સામે ખડા થઈ જાય છે, અને જીવાત્માને પોતાનાં ભયંકર રૂપ દેખાડી દેખાડીને તેને ગભરામણમાં નાખી દે છે, તેના ભયથી જીવાત્મા તરફડે છે અને પછાડા મારે છે, તથા જીવવાની કોશિષ કરે છે. તેથી જ જીવનભર સારાંસારાં કર્મો કરવાનો સંતો ઉપદેશ આપે છે.

આ વિષય ઉપર લોકોમાં એક ઘણી જ સરસ વાત પ્રસિદ્ધ છે - જૂના જમાનામાં એક મુસલમાન બાદશાહ હતો તેણે ઘણાં વર્ષ સુધી રાજ્ય કર્યું. અને રાજ્યભરમાં જેટલા પૈસા હતા તે સર્વે તેણે જુદી જુદી જાતના કરવેરા નાખીને પોતાના ખજાનામાં ભરી દીધા, અમીરથી ગરીબ સુધી પ્રજાના કોઈપણ માણસ પાસે એક

પાઈ સરખી પણ રહી નહીં. તો પણ બાદશાહને એ વાતની પૂર્ણ રીતે ખાતરી થઈ નહીં. તેથી તેણે એક ફરમાન કહાડ્યું કે મારા રાજ્યનો રહેનાર કોઈ માણસ એક રૂપિયો લાવીને દેખાડશે તો તેની સાથે હું મારી દિકરીને પરણાવીશ. આ જાહેરાત સાંભળીને બીજા લોકો તો કાંઈ ન બોલ્યા, અને આ બાદશાહની દુષ્ટતા ઉપર અફસોસ કરીને જ રહ્યા, પણ એક છોકરાને જ્યારે આ જાહેરાતની ખબર પડી ત્યારે તે પોતાની મા પાસે જઈને રોવા લાગ્યો અને કહ્યું કે - ગમે તેમ કરીને પણ આજ એક રૂપિયો આપ. જો નહીં આપે તો હું જરૂર આપઘાત કરીશ. મા બિચારી ઘણી વિમાસણમાં પડી. તેણે કહ્યું - બેટા, શા માટે નાહક આવી જીદ કરે છે ? અરે ! રાજ્યના મોટા મોટા લોકો પાસે પણ જ્યારે આજદિને એક પૈસો પણ નથી. તો ભલા મુજ ગરીબની પાસે એક રૂપિયો ક્યાંથી રહી શકે ? પરંતુ જ્યારે છોકરાએ કોઈપણ રીતે માન્યું નહીં, અને ખરેખર જ તેણે મરવાની તૈયારી કરવા માંડી, ત્યારે તેની માએ કહ્યું કે ! ઠીક, જરા થોભ આપઘાત કરીશ નહીં. જા તારા બાપની કબરમાં એક રૂપિયો દાટેલો છે. તે ખોદી કહાડ અને તારૂં લગન કરી લે. તે પ્રમાણે છોકરો કબર ખોદીને એક રૂપિયો કહાડી લાવ્યો અને બાદશાહની પાસે જઈને કહ્યું કે - લ્યો, એકરૂપિયો આ રહ્યો; તે લઈને આપની દીકરી હાલ જ મારી સાથે લગ્ન કરી આપો. એક દરિદ્ર છોકરાની પાસે રૂપિયો દેખીને બાદશાહને ઘણી નવાઈ લાગી. તેમણે પૂછ્યું કે - આ રૂપિયો તું ક્યાંથી લાવ્યો ? છોકરાએ કહ્યું કે - હું મારા બાપની કબર ખોદીને આ રૂપિયો લાવ્યો છું, એ સાંભળીને બાદશાહને ઘણી ખુશી અને શાન્તિ થઈ કે - મેં કબર ખોદાવડાવીને મારા ખજાનામાં પૈસા એકઠા કર્યા છે. પછી તે છોકરાની સાથે પોતાની દિકરીને પરણાવી. પણ, પછી જ્યારે બાદશાહનો અંત સમય પાસે આવ્યો ત્યારે તેને ભયંકર વેદના થવા માંડી. કોઈ પણ તરહેથી તેના પ્રાણ ઝટ નિકળે નહીં. તેમ તેને ઘડીભરનો પણ આરામ લેવા દે નહીં. બાદશાહ દિનરાત પડ્યો પડ્યો રીબાતો હતો અને આમથી તેમ આળોટતો હતો. તેની આવી દશા દેખીને, જોનારા પણ ગભરાતા હતા. ઘણા ઘણા ઉપાય કરવા છતાં પણ બાદશાહને શાન્તિ થઈ નહીં. દિવાને પૂછ્યું - 'હજુર આપને ઘણું દુ:ખ થાય છે ?' બાદશાહે કહ્યું - હા ભાઈ, મેં લોકોને જે દુ:ખ આપ્યું છે તે જ હું ભોગવી રહ્યો છું. ખેર, બધો ખજાનો મારી સામે લાવો. ખજાનામાં રૂપિયા, પૈસા, મોહર, અશરફી, ચાંદી-સોનું, હીરા, મોતી વિગેરે જે કાંઈ હતું તે સર્વ લાવી બાદશાહ સામે તેનો ઢગલો કરી દીધો. તે જોઈ બાદશાહને ઘણી ગ્લાનિ થઈ. તે એટલે સૂધી કે તેણે રોવા માંડ્યું. અને રોતાં રોતાં કહેવા લાગ્યો કે - જેને સારૂ મેં મારી પ્રજાને દુ:ખી કરી તેના ઉપર તરેહ તરેહના અન્યાય અત્યાચાર અને જુલમ કર્યા તે બધું અહીંનું અહીં જ પડી રહેશે, કાંઈ પણ મારી સાથે આવશે નહીં. હાય, આ ચાંદી-સોનાના ઢગલા આ સમયે કાંઈ પણ શાંતિ આપી શકતા નથી. પણ તેમને

એકઠા કરવામાં જે અન્યાય અને પાપ કર્યા છે, તેસર્વ યાદ આવતાં મારા કષ્ટમાં ઉલટો વધારો કરે છે. અરે ! એ સર્વ દૃષ્યો આ સમયે મારી સામે સાક્ષાત રૂપમાં ઉભા છે. તે ઘણાંજ ભયાનક છે. દૂર કરો અરે ! આ સર્વ મારી સામેથી દૂર કરો. એને જોઈને મારો ગભરાટ સમાતો નથી, અને મારા અભાગી પ્રાણ નિકળતા નથી, ઘણો લાચાર છું. શું કરૂં ?

હે વત્સ ! સંસારભરમાં સમસ્ત પ્રાણિયોની સર્વ ઈન્દ્રિયો મરણ સમયે નકામી થઈ જાય છે. કેવળ તરહે તરહેની યાતનાઓ ભોગવવાને માટે ચૈતન્યતા કાયમ રહે છે, તે જ વખતે આસ્તિક અને નાસ્તિકની ખરેખરીકસોટી થઈ શકે છે. સિનેમાની ફિલ્મની જેમ જયારે એક પછી એક પૂર્વકર્મ સામે આવવા માંડે છે ત્યારે જીવાત્મા તેમને દેખીને પશ્ચાત્તાપ કરે છે, બેચેન થાય છે, તરફડે છે અને પછાડા મારે છે. પરંતુ હવે પશ્ચાત્તાપ કરવાથી ભલા શું થઈ શકે ? આ મૃત્યુની ઘડીને સુધારવાને સારુ અંતિમ સમયે પ્રાણ શાન્તિથી નિકળે તેને સારૂ તો, પ્રથમ થી જ સારાં કર્મ કરવાં જોઈતાં હતાં. જે ધીર પુરુષ હોય છે, વિવેકી હોય છે તે પહેલેથી જ આ વાતને વિચારીને મરણ સમયે યાતના ન ભોગવવી પડે તેને સારૂશુભ કર્મો કરતા રહે છે; જેના પરિણામરૂપ અંત સમયે તેઓ ન તો કોઈ મોહમાં પડે છે અને ન તો તેમની ઈન્દ્રિયો નકામી થાય છે.

તેથી ભગવાન કહે છે કે - અર્જુન, તું ધીર, જ્ઞાની અને વિવેકી થા કારણ કે વિવેક દ્વારા સત્યાસત્ય જાણી, જયારે કર્તવ્ય કર્મ કરીને તારા અંતઃકરણને શુદ્ધ કરીશ તથા ધૈર્ય પ્રાપ્ત કરીશ, તોપછી મોહમાં પડીશ નહીં. પછીથી તો તું ગમે તેટલી વાર અનેક શરીર ધારણ કરે તો પણ મોહિત થવાનો નથી. અર્જુને કહ્યું કે - પ્રભો, હું માનું છું કે આત્મા અમર છે અને તે શરીરથી ભિન્ન છે, પણ મરણ સમયે તો કષ્ટ થવાનું જ ભગવાને કહ્યું - હા, કષ્ટ તો જરૂર થાય, પરંતુ વિવેકીને તે કષ્ટ માલુમ પડતું નથી. જેમ ક્લોરોફોર્મ સુંઘાડવાથી વાઢકાપનું કષ્ટ જણાતું નથી તેમ વિવેકી ધૈર્યશાળીને પણ મરતી વખતે થનારૂં દુઃખ માલુમ પડતું નથી.

હે વત્સ ! જેમ ઈન્જેક્શનથી ત્યાં આગળની ચામડી બ્હેર મારી જાય છે અને બગડેલો જરૂરી ભાગ કાપતાં પણ કાંઈ દુઃખ માલમ પડતું નથી તે જ પ્રમાણે આત્મજ્ઞાનના ઈન્જેક્શન દ્વારા જેમણે પોતાના અંતઃકરણને સંસારી વિષય વાસનાઓથી શુન્ય કરી લીધું છે, તેમને મૃત્યુ યાતના કાંઈ પણ કષ્ટ આપી શકતી નથી. આ જ ઈન્જેક્શનનું પુરું વર્ણન આગળના (ચૌદમા) શ્લોકમાં કરવામાં આવેલું છે. કોકેનના ઈન્જેક્શનમાં એ વિશેષતા છે કે, તેનાથી શરીરના જે ભાગમાં તે આપવામાં આવે ત્યાં પ્રથમ ગમે તેટલું દુઃખ થતું હોય તો પણ પછીથી તે દુઃખ જણાતું નથી.

જેવી રીતે વાડકીમાં મૂકેલી કોઈ વસ્તુ બન્ને એકત્ર હોવા છતાં પણ જૂદા જૂદા છે. તેવી રીતે શરીર અને તેમાં રહેનારો આત્મા, એ બન્ને પણ અલગ અલગ છે. જે અજ્ઞાની છે, તે જરા જેટલી અડચણમાં જ, દુઃખના આભાસ માત્રથી જે મહાન્ કષ્ટનો અનુભવ કરવા માંડે છે. પરંતુ જે જ્ઞાનીજન છે તેને મોટામાં મોટી અડચણ અગર મોટામાં મોટું દુઃખ પડતાં પણ તેનું ભાન સુદ્ધાં થવા દેતા નથી. એવા જ્ઞાનીને જ ધીર કહે છે. ધીર પુરુષની બુદ્ધિ, ધારણા શક્તિને કારણે પાકી, સ્થિર અને મજબૂત થઈ જાય છે. તેમનો નિશ્ચય દઢ થઈ જાય છે અને તે આત્માને શરીરથી જુદો રાખે છે, અજ્ઞાનીનું હૃદય કાચું હોય છે તેથી તે સહેજસાજમાં મોહમાં પડી જાય છે, અને જ્ઞાનીજન કદિ મોહમાં પડતા નથી. સાધારણ માણસના જોવામાં તો જ્ઞાની અને અજ્ઞાની સરખા જેવાજ દેખાશે, કારણ કે તેઓ પણ આપણા સર્વ લોકોના જેવાજ હોય છે. પરંતુ બન્નેમાં અંતર એ હોય છે કે, જ્ઞાનીઆંખે દેખતો હોવા છતાં પણ પોતે દેખે છે એમ સમજતો નથી. ખાતો પીતો હોવા છતાં પણ તે એમ સમજતો નથી કે પોતે ખાય છે; એ તો પોતાના સર્વ કર્મને ભગવાનનાં જ કર્મ સમજે છે, અને અજ્ઞાની કાંઈ જોયા સાંભળ્યા વિના સર્વ કાંઈ જાણવાનો દાવો કરે છે, કોઈ નજીવું કામ કરવાનું સામર્થ્ય ન હોવા છતાં પણ ડીંગ એવી હાંકે છે કે, જાણે ઈશ્વર પણ તેની બરાબરી કરવાને શક્તિવાન ન હોય. બસ, એજ જ્ઞાની અને અજ્ઞાનીને ઓળખવાની નિશાની છે.

હે વત્સ ! આ વાત કહી દેવામાં જેટલી સહેલી છે; તેનાથી કરવામાં ઘણી વધારે કઠણ છે, કારણ કે તે આત્મવિદ્યાનો વિષય છે અને જ્ઞાનની સાથે તેનો સંબંધ છે, તેથી જે આત્મા સાથે સંબંધ રાખતો હશે જેની ધારણા પાકી હશે જેના મનોવિકાર દૂર થઈ ગયા હશે, અર્થાત્ બહારના દુષિત વાતાવરણથી જેનું મન અલગ થઈ ગયું હશે તે જ આ વિષયનો અધિકારી થશે, અને તે જ આ વિષયને સહેલાઈથી સમજી શકશે, બીજા નહીં. મનની અંદર જ્યાં સુધી તર્કવિતર્કના તરંગો લહેરાય છે, ત્યાં સુધી કોઈ, ઉપર્યુક્ત આત્મ વિદ્યાનો વિષય સમજી જ શકતા નથી અને જ્ઞાનની પ્રાપ્તિ પણ કરી શકતા નથી. જ્યારે ચિત્તની વૃત્તિઓને એકત્ર કરવા માટે, મનને બહારના વાતાવરણમાંથી પાછું હઠાવી અંતર્મુખ કરે, ત્યારે જ આત્મા જોવામાં આવે, અન્યથા નહીં. દાખલા તરીકે એક ભણેલો ગણેલો માણસ છે. તેના મનમાં જીજ્ઞાસા થઈ કે આત્મવિદ્યા શીખવી જોઈએ. ઘણા પરિશ્રમ અને શોધખોળપછી કોઈ મહાત્માનો પત્તો મેળવી તે તેમની પાસે ગયો અને પ્રાર્થના કરી કે મને આત્મવિદ્યા શિખવો, પરીક્ષા લેવાના વિચારથી, પ્રથમ તો મહાત્માજીએ તેને કાંઈ દાદ દીધી નહીં અને પાછો જાય છે કે, નહીં તે જોવાને સારૂ તેને કહ્યું કે - ભાઈ, હું જાતે કાંઈ પણ ભણ્યોગણ્યો નથી, તો પછી તમારા જેવા વિદ્વાનને હું શું આત્મજ્ઞાન કરાવી શકું ?

પરંતુ તે આદમીએ, કોઈ પણ તરેહથી તેમનો પીછો છોડ્યો નહીં. તેણે ઘણી ઘણી રીતે શ્રદ્ધા અને જીજ્ઞાસા પ્રગટ કરી અને કહ્યું કે - નહીં ગુરુદેવ, મારે માટે તો આપ જ સર્વ સમર્થ છો. આપ અવશ્ય મને મારો અભિલાષિત વિષય શિખવી શકો તેમ છો. મારા ઉપર કૃપા કરો અને શિખવો. મારા મનમાં બહુ તર્કવિતર્ક ઉઠ્યાં કરે છે. માટે દયા કરો અને મારા મનને શાંતિ આપો. આ પ્રમાણે નમ્રતાપૂર્વક અતિ વિનયયુક્ત વિનંતી પછી મહાત્માજીએ તેને અધિકારી જાણીને કહ્યું કે - ઠીક, થોડા દિવસ સેવા કરો.

તેણે કહ્યું - જેવી આજ્ઞા.

મહાત્માજીએ કહ્યું - તમે પ્રતિદિન છુપી રીતે શહેરમાં જતા રહો, અને ત્યાંની જે હકીકત હોય, જે સમાચાર હોય તે બધા આવીને મને જણાવ્યા કરો.

તે આદમીએ ઘણા દિવસ એ પ્રમાણે કર્યું તે પછી એક દિવસ મહાત્માજીએ એક થાળીમાં પાણી ભરી તેને આપી અને કહ્યું કે - લ્યો, આ થાળી લઈને શહેરમાં ફરી આવો, પણ ખબરદાર, પાણીનું એક ટીપુ પણ નીચે પડવું ન જોઈએ. પછી એક બીજા ચેલાને તેમણે બોલાવ્યો અને તેને કહ્યું કે - એક તલવાર લઈને એની પાછળ પાછળ જા. જો થાળીમાંથી એક ટીપુ પાણી પણ નીચે પડે તો, તરત ત્યાંને ત્યાંજ એનો હાથ કાપી નાખજે. મને પૂછવાને પણ આવીશ નહીં. 'સારૂ' કહી તલવાર લઈ તે બીજો ચેલો પણ તેની પાછળ ચાલ્યો. જીજ્ઞાસુ શિષ્યને મનમાં પ્રથમ તો ગુરુની આવી નવી આજ્ઞાથી આનંદ થયો, કારણ કે ઘણા દિવસ સુધી એક જ - શહેરમાંથી પ્રતિદિન સમાચારનો સંગ્રહ કરવાનું કામ કરતાં કરતાં તે કંઈક કંટાળ્યો હતો. પરંતુ પાછળ પાછળ તલવાર સહિત એક દૂત હોવાની વાત જાણીને, ભયથી તે ઘણો ગભરાયો. ખેર, કોઈ પણ પ્રકારે તે શહેરમાં ફરીને પાછો આવી ગયો અને પાણી એક ટીપુ પણ નીચે પડવા પામ્યું નહીં. ઘેર આવ્યા પછી મહાત્માજીએ પૂછ્યું કે - શહેરની શી હાલત છે ?

તેણે જવાબ દીધો - આજ તો શહેર મેં જોયું જ નથી, પછી ત્યાંનો હાલ કેવી રીતે કહું ?

મહાત્માજીએ કહ્યું - કેમ ? શહેરમાંથી તો તું હમણાં જ ચાલ્યો આવે છે, પછી કેમ કહે છે કે, શહેર નથી જોયું ?

તેણે કહ્યું - હા, એ તો બરાબર છે કે, હું હાલજ શહેરમાંથી આવ્યો છું. પરંતુ આપે જે ભયંકર આદેશ કર્યો હતો કે એક ટીપું પાણી પણ નીચે ન પડવું જોઈએ, અને પડશે તો હાથ કાપી નાખવામાં આવશે, તેના ડરથી આ થાળી ઉપરથી મારૂં ધ્યાન જરાએ ખસી શક્યું નહિં. પછી શહેરમાં ભલા હું કેવી રીતે દેખી શકું ?

આ સાંભળીને મહાત્માજી ઘણા પ્રસન્ન થયા અને કહ્યું કે આનું જ નામ

આત્મવિદ્યા છે. જેવી રીતે તું આખા શહેરમાં ફર્યો, પણ વખતે પાણી ઢોળાઈ જાય તેના ભયથી તે તારા ચિત્તની વૃત્તિઓને આમતેમ શહેરના બાગબગીચા, વાજાંગાજાં, પકવાન મિઠાઈ, બજાર, દુકાન, રોશની, તમાશા અગર નાચરંગની બાજુએ - જવા દીધી નહીં, કેવળ પાણીમાં જ તેં તારૂં મન અને ધારણાને ટકાવી રાખ્યાં, તે જ પ્રમાણે સંસારી મોહ માયા છોડીને, લૌકિક સર્વ વસ્તુઓમાંથી મન હઠાવીને, દીવાની જ્યોત પેઠે એકાગ્ર થઈને કેવળ પ્રભુના ધ્યાનમાં તેનો લય કરી દે -

બસ, એજ આત્મવિદ્યા છે. તે તેમ કરવાથી જ આવડે છે, કહેવાથી અગર ભણવાથી આવડતી નથી. અર્થાત્ જ્યાં સુધી મનંના વિકારોની પાછળ દોડતા રહીશું ત્યાં સુધી એ વિદ્યા નહીં આવડે, એ તો મનને એકાગ્ર કરવાથી જ પ્રાપ્ત થઈ શકે છે. પ્રભુના પ્રેમિયો, મનને એકાગ્ર કરવાની વાત કહે છે તો બધાય, પણ મનને એકાગ્ર કરવું એજ સર્વથી મોટો કોયડો છે. વિચાર કેમ એકાગ્ર થતા નથી, જાણો છો ? વાત એમ છે કે, મનુષ્ય જયારે પોતાના વિચારોને ચારે બાજુએથી ખેંચી કોઈ રીતે એકાગ્ર કરવા પ્રયત્ન કરે છે, તે જ વખતે વિચારોને ફોડનારી તેને અસ્તવ્યસ્ત કરનારી એક એવી વૃત્તિ ઉત્પન્ન થઈ જાય છે કે, જેથી મન અને તેના વિચાર એકાગ્ર થઈ શકતા નથી. આ વૃત્તિ સંસારમાં 'વિષય' ના નામથી પ્રસિદ્ધ છે. આ વિષય જ મનને એકાગ્ર થવા દેતા નથી. સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે -

મનની મમતા મારીએ, અને માયા માંહે ફરે ઉદાસ રે,

પણ હા, એક વાત અવશ્ય છે. તે એ કે જો કોઈ પણ રીતે એકવાર પણ મન ઉપર સાચી અસર થઈ જાય, તો પછી તે કોઈ તરેહથી હઠશે નહીં, ક્યાંએ ભટકશે નહીં. પરંતુ તેનો ઉપાય પણ તે એક જ છે - આત્માને શરીરથી પૃથક્ સમજવો' અર્થાત્ શારીરિક વિષયમાં આત્માને મોહિત થવા દેવો નહીં, એ તરેહની નિશ્ચિત ધારણા જ્યાં સુધી નથી થઈ ત્યાં સુધી મન કાચું રહેવાનું અને એવું મન કોઈ પણ ઉપાયે કોઈ એક નિશ્ચય ઉપર પહોંચી શકવાનું નહીં, તેથી એ વાતને સમજવાને યથાસાધ્ય બરાબર પ્રયત્ન કરતા રહેવું જોઈએ - કે આ આત્મા શરીરથી ભિન્ન છે પણ શરીરમાં રહીને કાર્ય કરે છે.

હે વત્સ ! આ તરેહનો અભ્યાસ થઈ ગયા પછી નિશ્ચય સમજી લેજો કે શરીરના સુખ-દુઃખ તમને કોઈ પ્રકારનો ઉપદ્રવ કરી શકશે નહીં. કારણ કે શરીરનાં સુખદુઃખ જે ભોગવવા પડે છે તે ત્યાં સુધી જ કે જ્યાં સુધી આત્મા અને શરીરનો સંબંધ છે. અર્થાત્ એ બેમાં ઐક્યનું ભાન કાયમ રહે છે, પરંતુ જ્યાં બન્નેને જુદા કર્યા, અલગ અલગ જાણી લીધાં કે સુખદુઃખ ભોગવવામાંથી પિંડ છૂટ્યો જ જાણવો. એનું પ્રત્યક્ષ ઉદાહરણ એજ જોઈ લ્યો કે જ્યારે શરીરમાંથી આત્મા નિકળી જાય છે ત્યારે એ શરીરને ગમે તેટલું મારો પીટો, આગમાં બાળી દો, જમીનમાં દાટી દો

અગર જેમ મનમાં આવે તેમ તેની દુર્દશા કરો, પણ તેનાથી તેને કાંઈ પણ દુઃખ થતું નથી. અને તેવી જ રીતે એ પણ સમજી લ્યો કે શરીરથી જુદો, આત્માને માની લીધા પછી આત્માને પણ કોઈ તરેહના દુઃખનું ભાન થતું નથી. પછી તો બંદુક, તલવાર અગર કોઈ પણ શસ્ત્રઅસ્ત્રથી તેને મારવાનો પ્રયત્ન કરો, તો પણ તેના ઉપર કાંઈ અસર થવાની નહીં. આ જ અધ્યાયના તેવીસમાં શ્લોકમાં ભગવાને કહ્યું છે કે -

જ્યાં સુધી શરીર તથા ઈન્દ્રિયોની સાથે આત્માનો અહંભાવ બન્યો રહે છે, ત્યાં સુધી સુખ દુઃખ, ભય, કલેશ આદિ બધાએ જીવાત્માને ઘેરી લે છે, પરંતુ અહંભાવ દૂર થતાં જ આ સર્વનો ભય ટળી જાય છે. ભગવાને પંદરમાં અધ્યાયમાં પણ કહ્યું છે કે -

ममैवांशो जीवलोके जीवभूत सनातनः ।

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે -

'ઈશ્વર અંસ જીવ અવિનાશી'

વાસ્તવમાં જોવા જઈએ તો, જીવાત્માએ કોઈ પણ વાતે સુખી યા દુઃખી થવું જોઈએ નહીં. પણ તેણે ચાર પાંચ એવા મિત્રોને એકઠા કર્યા છે કે, જ્યાં સુધી તેઓ તેમની સાથે છે ત્યાં સુધી સુખદુઃખના ભોગથી તેનો પિંડ કદિ છૂટી શકવાનો નથી, સર્વ પ્રકારનાં સુખદુઃખ ભોગવવાંજ પડવાનાં, જીવાત્માના એ પાંચ મિત્રો બીજા કોઈ નહીં પણ પાંચ ઈન્દ્રિયો છે, અને એ ઈન્દ્રિયોની મિત્રતા મનની સાથે છે. તેથી જ્યાં સુધી એ ઈન્દ્રિયોથી મનનો સંબંધ નહીં રહે ત્યારે શરીરમાં રહેવા છતાં પણ તે કામ કરવાને અસમર્થ થઈ જશે અને ત્યારે જ જીવાત્મા પણ સુખદુઃખનાં બંધનથી મુક્ત થઈ જશે. ઘણાં પુસ્તકોમાં લખેલું મળી આવે છે કે, અમુક મહાત્મા અગર અમુક મહર્ષિનું મન સમાધિમાં લાગી ગયું અને લય થઈ ગયું. લોકો તેમને ઘણાએ બોલાવે અગર તેમની પાસે શોરબકોર મચાવે છે પણ તે કાંઈ સાંભળતાજ નથી. અંતે જ્યારે હાથ પકડીને ખુબ હલાવ્યા - ઢંઢોળ્યા - ત્યારે તેમની સમાધિ છૂટી અને કહ્યું કે અત્યાર સુધી હું સમાધિમાં હતો. આપ જાણો છો, કે જ્યારે તેઓ સમાધિમાં હતા, ત્યારે કોઈ પણ અવાજ તેમને કેમ ન સાંભળ્યો ? વાત એમ છે કે, તે અવસ્થામાં તેમનું મન ઈન્દ્રિયોનો સાથ મૂકી તેમણે પરમાત્માની સાથે સંબંધ જોડી દીધેલો હતો. તેથી તેમના કાન (સાંભળવાની ઈંદ્રી) બોલાવવા છતાં પણ શબ્દ ગ્રહણ કરી શકતા નહોતા, જુઓ કેવી વિચિત્ર વાત છે કે, એમ તો જરાએ કાંઈ ખડબડાટ થતાં કાન શરવા થઈ જાય છે અને તેને સાંભળી લેવાની શક્તિ માનો કે હજાર ગણી ધારણ કરી લે છે, પણ મન સમાધિસ્થ થતાં જ, પ્રાણ આત્મામાં તલ્લીન થતાં જ બધી ઉત્સુકતા અલોપ થઈ જાય છે, અને સાંભળવાની શક્તિ નષ્ટ થઈ જાય છે. સમાધિસ્થ થયા પછી માત્ર કાન જ પોતાનું કર્મ છોડી દે છે એમ નથી, પણ બહારની બધી ઈંદ્રિયો પોતપોતાનાં કામ

બંધ કરી દે છે. આપ લોકોએ ઘણીએ પૌરાણિક કથાઓમાં સાંભળ્યું હશે કે, અમુક ઋષિના સમાધિસ્થ થયા પછી રંભા, ઉર્વશી, મેનકા આદિ અપ્સરાઓને મોકલી ઈંદ્રિ સમાધિ ભંગ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમની સમાધિ તૂટી નહીં અને તેઓ મોહિત પણ થયા નહીં તો તેનું કારણ બીજું કાંઈ નથી કેવળ 'મનનો ઈન્દ્રિયો સાથે સંબંધ ન રહેવો' એ જ છે. તે વખતે તે યોગીનું મન તો એવી વસ્તુમાં રમતું હતું. મુગ્ધ હતું. તલ્લીન હતું કે જ્યાં ઈન્દ્રિયો ની ગતી જ નથી, જે ઈન્દ્રિયોથી પર છે. પછી ભલા રંભા, ઉર્વશી અગર સાક્ષાત્ કામદેવ અને રતિ પણ તેમની સામે નૃત્ય કરીને અગર સુંદર ગાન કરીને શું કરી શકે ? કાંઈ પણ નહીં. સમાધિની અવસ્થામાં નાચવું ગાવું તો બાજુએ રહ્યું, પણ તે અવસ્થામાં તે શરીરને તમે કાપી પણ નાખો તો એ ખબર પડે નહીં સમાધિની થોડી થોડી સરખામણી સુષુપ્તિ દશાની સાથે થઈ શકે છે. તે એ રીતે કે - જેમ જાગ્રત અવસ્થામાં દૂરથી પણ કોઈ પુરુષ અગર સ્ત્રીને દેખીને તમે મુગ્ધ થઈ જાઓ છો. પણ જો સુષુપ્તિ અવસ્થામાં (ગાઢ નિદ્રામાં) હો તો, તમારા માથા ઉપર જ તે કેમ ન હોય, તો પણ તમે મોહિત થતા નથી. તેનું કારણ એજ છે કે; સુષુપ્તિ અવસ્થામાં મનનો ઈન્દ્રિયો સાથેનો સંબંધછૂટેલો હોય છે.

નિષ્કર્ષ એજ નિકળ્યો કે શરીર અને આત્મામાં એક બુદ્ધિ રાખવાથી જ સુખદુઃખનું અસ્તિત્વ છે, અન્યથા (અલગ અલગ સમજવાથી) નહીં. તેનાથી આત્માને પૃથક્ માનવાથી - પુરાણ આદિમાં વર્ણવેલી એ વાત પણ સિદ્ધ થાય છે કે અમુક આદમીએ સારાં કર્મ કર્યાં હતાં, તેથી મરણ બાદ તેને સ્વર્ગ મળ્યું, અને અમુકે ખોટાં કર્મ કર્યાં હતાં તેથી તેને નરક મળ્યું એ તે સ્પષ્ટ જ છે કે, મર્યા પછી શરીર અહીં જ રહે છે, તેથી નરક અગર સ્વર્ગ ભોગવનારું કોઈ બીજું જ શરીર છે, એ પણ નિશ્ચિત છે. એ શરીર કયું છે ? એનો ઉત્તર પણ સ્પષ્ટ જ છે - એ શરીર આ શરીરથી ભિન્ન સૂક્ષ્મ શરીર છે, જે આ શરીરના મર્યાબાદ પણ જ્યાં સુધી કર્મોની ગાંઠ છૂટતી નથી ત્યાં સુધી બંધનમાં પડી સ્વર્ગ નરક ભોગવ્યા કરે છે. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે -

માયા અનંત ઘટાટોપ છે, ગાફલ દુનિયા વેધી જાય રે,
બાણ લાગે જ્યારે જમનું, ત્યારે લક્ષ ચોર્યાસી ફેરા ખાય રે.

કહેવાનો ભાવ એ છે કે - જે અજ્ઞાની છે, જેને આત્મા અને શરીરની પૃથકતાનું જ્ઞાન નથી તે હમેશાં માયાના બંધનમાં પડ્યા રહે છે, પરંતુ જે લોક આત્માને અમર તથા શરીરને મરનારું જ માને છે અર્થાત્ આત્મજ્ઞાની છે, તેમણે એજ સમજવું જોઈએ અને સમજે પણ છે કે, બધા સંસારમાં જે કાંઈ પણ થઈ રહ્યું છે, તે સર્વ મારે માટે જ છે,

હે વત્સ ! સંસારમાં જેટલાં દુઃખ અગર સુખ છે તેનો અનુભવ ત્યારે જ થાય

છે કે, જ્યારે તેની સાથે અહંપણાનો વ્યવહાર કાયમ હોય છે. જેમકે રસ્તે જતાં તમે કોઈ અપરિચિત ઘાયલ વ્યક્તિને જુવો, પણ તમને તેના દુઃખનો કાંઈ પણ અનુભવ થશે નહીં. પણ તેને ઠેકાણે જો તમે તમારા દિકરાને અગર કોઈ મિત્ર આદિને ઘાયલ જુવો તો, જોતાં જ તમને પણ અપાર ચિંતા થવા માંડશે. તમને કહ્યા વિના પણ તેના દુઃખનો અનુભવ થવા માંડશે. જો અહંભાવ, આપણાપણાનો ખ્યાલ, એ મારો દિકરો છે અથવામારો મિત્ર છે, એવો વ્યવહાર ન રહેલો હોય, તો કદાપિ દુઃખ થશે નહીં. પરંતુ તેથી, એમ તો કદિ ન સમજવું કે તે પરાયા ઘાયલને કાંઈ દુઃખ જ નહીં થતું હોય, દુઃખ તો તેને પણ થાય છે જ, અને તે પણ એટલું જ કે જેટલું તમારી પોતાની વ્યક્તિને થાય છે, પણ તમે તેને સમજવાની ચેષ્ટા કરતા નથી, તેથી જ તમને તેનો અનુભવ થતો નથી. અને જે આત્મજ્ઞાની છે, જેમણે સ્વામી રામતીર્થની પેઠે સકળ ચરાચરનેપોતાનું જ માની લીધું છે, તેમને તો એક કીડીથી હાથી સુધીનું દુઃખ પોતાના જ દુઃખના જેવું કષ્ટ આપે છે, કારણ કે શરીર તો બધાંએ પૃથ્વિ, પાણી, તેજ, આકાશ અને વાયુ - તત્ત્વોથી બનેલાં છે. આ પાંચે તત્ત્વોને જ્યારે આપણા શરીરમાં માનીએ છીએ, અને સુખદુઃખનો અનુભવ કરીએ છીએ તો તે જ તત્ત્વોનાં બનેલાં બીજાનાં શરીરમાં પણ કેમ દુઃખસુખ નહીં થતું હોય ? અવશ્ય થતું હશે, પણ તેનો અનુભવ કરવાની આવશ્યકતા છે, અને તે પ્રાણી માત્રમાં પોતાનો અહંભાવ વિક્સાવવાથી થઈ શકે. અભિપ્રાય એ છે કે, જેવી રીતે આપણે આપણા પોતાનામાં તથા આપણા સ્વજનોમાં અહંભાવ રાખીને તેમના સુખદુઃખનો અનુભવ કરીએ છીએ તેવી રીતે જો અન્યમાં પણ અહંભાવ રાખીએ તો તેમના સુખદુઃખનો અનુભવ કરી શકીએ, અને જેવી રીતે અન્યમાં અહંભાવ ન રાખવાને કારણે તેમના સુખદુઃખનો અનુભવ આપણે કરી શકતા નથી તેવી જ રીતે જો આપણે આપણામાંથી પણ અહંભાવ કાઢી નાખીએ તો, આપણા સુખદુઃખનું ભાન પણ આપણને થાય નહીં.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે - હે વત્સ ! શરદી અને સુખદુઃખ તો માત્ર સ્પર્શ છે અર્થાત્ જ્યારે ઈન્દ્રિયોનો તેમની સાથે સંબંધ જોડાય છે, ત્યારે જ એ માલમ પડે છે, નહીં તો નહીં; તેથી તે ક્ષણભંગુર છે - પેદા થાય છે અને નષ્ટ થઈ જાય છે - એટલે કે અનિત્ય છે. જ્યાં સુધી વિષયોની સાથે ઈન્દ્રિયોના સંબંધનું જ્ઞાન રહેલું હોય છે. ત્યાં સુધી તો તેની પ્રતીતિ રહે છે, પરંતુ જો વિષ્યો અને ઈન્દ્રિયોનો સંબંધ ન હોય, તો કદાપિ તેની પ્રતીતિ થતી નથી. તો એવા અનિત્ય પદાર્થને સારૂ, કે જેનો એક ક્ષણમાં જ નાશ થઈ જવાનું સંભવિત છે, શું તેની તું ચિંતા કરે છે ? તેની ચિંતા અનાવશ્યક છે. માટે તું તેને સહન કર.

હે વત્સ ! સંસારનાં સર્વ પ્રાણિઓને માટે, એ નિશ્ચિત સિદ્ધાંતને વાત સમજી લ્યો કે જ્યારે વિષયોનો ઈન્દ્રિયો સાથે સંબંધ, સંપર્ક, સંયોગ હોય છે,.ત્યારે જ શરદી

ગરમી, ટાઢ તડકો, સુખદુઃખ તથા આનંદ પીડા આદિનો અનુભવ થાય છે. જો એ સંપર્ક ન થવા પામે – સંબંધ ન જોડાય, તો અનુભવ થવાનું તો બાજુએ રહ્યું પણ તેના અસ્તિત્વ સુધ્ધાંની પણ ખબર પડતી નથી. જેમ કે તમે જે જગાએ રહો છો તેનાથી દૂર કોઈ બીજા ઠેકાણે તમારો દિકરો ભણવાને અગર નોકરી કરવાને ગએલો છે, ત્યાં તે માંદો પડે અગર બીજી કોઈ વાતે દુઃખી થાય, પણ તમે તેના દુઃખની વાત જાણતા નથી તેથી માનો છો કે ત્યાં ખૂબ આનંદમાં છે, મોજથી નોકરી કરે છે તથા પૈસા કમાય છે. તેથી તમે આનંદમાં રહો છો. પરંતુ જ્યારે તમને તેનો કાગળ મળે છે અને તેમાં તેના દુઃખની વાત વાંચો છો, કે તરત જ તમને પણ દુઃખ થવા માંડે છે, અને તે પણ એટલું વધારે દુઃખ થાય છે કે, તે વખતે પરદેશમાં રહેતા દિકરાને પણ ન થતું હોય. તો તમારે માટે દુઃખનું કારણ ઉપસ્થિત થયું ક્યારે ? જ્યારે તમારે કાને એના દુઃખની વાત આવી ત્યારે, વિચાર કરો કે તમારો વ્હાલો દિકરો તો પહેલાં કેટલાએ દિવસથી માંદો હતો, દુઃખી હતો, અને તમે તો અહીં બેઠે બેઠે આનંદની સાથે ખાતાપીતા, મોજ ઉડાવતાં, રમતા, સર્વ કાંઈ કરતા હતા. કોઈ તરેહની ચિંતા કે કષ્ટ લેશમાત્ર પણ ન હતાં. પણ એક નાનાશા કાગળના કકડાએ તમને એ ખબર આપી કે ત્યાં દિકરો દુઃખી છે ત્યારે તમારી હાલત એકદમ બદલાઈ ગઈ અને સ્વાદિષ્ટ પદાર્થો ભરીને પાસે મુકેલી થાળી હવે જોવાની પણ તમને ઈચ્છા થતી નથી. ઘણું જ સંભવિત છે કે, તમને કાગળ મળ્યો તે વખતે દિકરો સારો પણ થઈ ગયો હોય. પરંતુ જ્યાં સુધી તે નિરોગ થઈ ગયાનો પત્ર તમને મળે નહીં ત્યાં સુધી દુઃખથી તમારો સંબંધ છૂટી શકતો નથી. કહેવાનો ભાવ એ છે કે, ઈન્દ્રિયો અને વિષયોનો સંબંધ થાય છે ત્યારેજ સુખ દુઃખ, શરદી, ગરમી માલમ પડે છે, અન્યથા નહીં. એ સંબંધ ન હોયતો, કાંઈ પણ માલમ પડતું નથી. જુઓ, તાપના દિવસોમાં બરફ અગર બરફના જેવું ઠંડુ પાણી કેવું સારું લાગે છે, કેટલી શાન્તિ આપે છે ? પરંતુ તે જ પાણી અગર બરફ શિયાળાના દિવસોમાં જરાએ સારૂં લાગતું નથી, તે દિવસોમાં તો ઠંડા પાણીને અડકવાનું પણ ગમતું નથી અગર દેવતા ઉનાળાના દિવસોમાં કદિ પ્રીતિ કરતાં નથી, પરંતુ શિયાળામાં તે ઘણાં ગમે છે, વસ્તુ તે જ છે, તેને વ્યવહારમાં લાવનાર શરીર પણ તે જ છે, તો પછી આવી તરેહનો અંતર શા માટે, વિભિન્નતા કેમ ? તો વાત એવી છે કે, શિયાળાના દિવસોમાં, ઈન્દ્રિયોનો સંબંધ ગરમી સાથે થઈ જાય છે, તેથી તે દિવસોમાં ગરમ પદાર્થો, શગડીનો તાપ, તડકામાં બેસવું એ સારું લાગે છે અને ગરમીના દિવસોમાં ઈન્દ્રિયોનો સંબંધ શીત, ઠંડક સાથે થઈ જાય જેથી તે દિવસોમાં ઠંડા પદાર્થો બરફ અગર કુવાનું પાણી સારું લાગે છે. તે જ પ્રમાણે સુખદુઃખનું પણ એમજ સમજવું જોઈએ કે જ્યારે ઈન્દ્રિયોની સાથે વિષયોનો સંબંધ થાય છે ત્યારે જ તેનો અનુભવ થાય છે અર્થાત્ અનુકૂળ સંબંધ થતાં સુખ માલમ પડે છે અને પ્રતિકૂળ સંબંધ

થતા દુઃખ માલમ પડે છે. પદાર્થો સુખ અગર દુઃખ નથી આપતા, પણ મનની અનુકૂળતા અગર પ્રતિકૂળતા જ સુખદુઃખનું કારણ છે.

જુઓ, રાવણે સીતાજીને અશોક વાટિકામાં રાખી પ્રથમ તેમની પાસે સુખનાં સર્વ સાધન રજુ કરી દીધાં. પરંતુ સીતાજીને તે સાધનો જોવા માત્રથી જ દુઃખ થતું હતું. એમ શા માટે ? તે પદાર્થોથી તેમને સુખ કેમ ન થયું ? કારણ કે અશોક વાટિકામાં રહેવું જ તેમને મન પ્રતિકૂળ હતું. તો પછી ત્યાંની કોઈ પણ વસ્તુ તેમને કેવી રીતે સુખી કરી શકે ? સર્વ સુખના સાધનો દુઃખદાયી હતાં. કોઈપણ પદાર્થ સુખ ત્યારે જ આપે છે કે ઈન્દ્રિયો તેને જોઈ લે, શરીર ગ્રહણ કરી લે તથા મન માની જાય. મન થાય તો દુઃખ જ દુઃખ.

ભાઈઓ, કર્મનું બંધન ઘણું કઠણ હોય છે, તે એટલું પ્રબળ હોય છે કે તેનાથી કોઈપણ છૂટી શકતું નથી. તેથી આપણા કર્મોને આપણે જ્યારે ભૂલી જઈશું અને મનને એકાગ્ર કરીશું ત્યારે જ આત્મતત્ત્વને જોઈ અગર ઓળખી શકીશું

એ મનની એકાગ્રતા છે. આ પ્રકારના સાધન સંપન્ન થયા પછી જ આત્મ -જ્યોતિનાં સાક્ષાત્ દર્શન થાય. આ સાધના ઘણી કઠણ છે. રાત્રીના સમયે એકાંતમાં બેસીને, નિસ્તબ્ધ અને નિરવ થઈને કલાકો સુધી જ્યારે મન સંયમિત તથા એકાગ્ર થાય ત્યારે કંઈક એ જ્યોતિનું ભાન થઈ શકે. નહીં તો કર્મોએ તો અડંગો નાખેલો છે જ; જુઓ, તમારી ઈચ્છા તો ઘણીએ છે, પણ તે પુરી થાય ત્યારેને ? અરે ! આપણે તો આપણા પ્રારબ્ધ કર્મોને લઈને આ સંસારમાં આવ્યા છીએ. તે કર્મોથી શરીર બંધાયું છે, તેને અનુસરીને સુખદુઃખ ભોગવવું પડે. તેનાથી છૂટકારો થઈ શકતો જ નથી. જેવી રીતે કોઈ માણસ વિચાર કર્યા વિના સ્વેચ્છાપૂર્વક ઉંડા પાણીમાં ઉતરતો ચાલ્યો જાય છે અને તરતાં આવડતું નથી તો તે ડૂબે નહીં તો બીજું શું થાય ? તે પ્રમાણે જીવ પણ પોતાનાં કર્મોને લઈને આ સંસાર સમુદ્રમાં કૂદી પડ્યો છે. જો પ્રારબ્ધ કર્મ સારું હશે તો તરીને પાર જશે અગર કોઈ નાવ આદિની સહાયતા મળી જશે અને નહીં તો જો પ્રારબ્ધ કર્મ ખોટાં હશે તો વચમાંજ ડૂબી જશે. તો મિત્રો આપણું કર્તવ્ય છે કે આ જન્મમાં તે કર્મોને જરૂર સુધારી લ્યો, આ મનુષ્યયોનિ કમાણી કરવાની યોનિ છે. પ્રારબ્ધ અનુસાર જે દુઃખ પડે તેને જાણીને સહન કરી લ્યો.

હે વત્સ ! ભગવાનની કૃપાથી જો સુખના દિવસો પ્રાપ્ત થાય તો શાંતિથી સુખ ભોગવો. પોતાને સુખી અને બીજાને દુઃખી દેખીને તમારા સુભાગ્યનું ઘમંડ કરશો નહીં. ફૂલી જશો જહીં. તે જ પ્રમાણે જો ભગવાનની દયાથી દુઃખના દિવસો આવે તો દુઃખથી ગભરાઈ જશો નહીં, ધીરજથી તેને પણ ભોગવી લ્યો. આ સંસારમાં જેટલા મોટા મોટા યોગી, મહાત્મા અને અવતારી પુરુષ આવ્યા છે અને ગયા છે તેમને પણ સુખ અને દુઃખ બન્ને ભોગવવાં પડ્યાં છે, પરંતુ તે જ્ઞાનીજન અગર

મહાત્મા લોકો મોટામાં મોટું દુઃખ પડતાં પણ ન તો ગભરાયા છે કે ન તો તેની દરકાર કરી છે. જુઓ, જે અજ્ઞાની હોય છે, તેને અજાણમાં કોઈની તલવાર અગર છરી વાગી જરા આંગળી કપાય તો તેથી ઘણો ગડબડાટ અને હોહા મચાવે અને જેનાથી અજાણમાં વાગી ગયું હોય તેનો જીવ લેવા સુધીની પણ તૈયારી કરી દે છે, પરંતુ જે જ્ઞાની છે તે એક આંગળી તો શું પણ આખો હાથ કપાયો હોય તો પણ તેની ચિંતા કરતો નથી અને એમ સમજે છે કે આજ એવું થવાનું જ હતું. આજ એને કપાવાનો જ સંજોગ હશે. એ ન તો કપાયાનું દુઃખ માને છે અને ન તો એ તલવાર અગર છરીવાળા સાથે કાંઈ શત્રુતા રાખે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આવેલા દુઃખને સહન કર્યા સિવાય તેનાથી છૂટવાનો બીજો માર્ગ નથી. તમે ચાહે તો ગભરાઈને, વલોપાત કરીને, માથું પટકી નાખો, કે ચાહે તો ધીરજથી તેને સહન કરી લ્યો, પરંતુ કોઈ પણ પ્રકારે સહન તો કરવું જ પડશે. તમે ગમે તેટલા ગભરાઓ તો પણ પૂરેપૂરો ભોગ કર્યા વિના તે દુઃખ દૂર થવાનુંજ નથી, તો પછી નાહક ગભરાવાથી શો ફાયદો ? તેથી વિચારપૂર્વક ધીરજથી તેને સહન કરવું એ જ પ્રાણિમાત્રનું કર્તવ્ય છે. દુઃખમાં હાયતોબા કરવી અને સુખમાં ઘમંડ કરવું એ બંને અજ્ઞાનતાનાં લક્ષણ છે અને બન્ને હાલતમાં સમ રહેવું એ ધીરતા અગર ધીરાત્માનું લક્ષણ છે. જો કોઈ એમ કહે – જીન્દગીભર, જન્મથી લઈને મરણ સૂધી દુઃખ અને દુઃખજ છે તો પછી તે ક્યાં સુધી ભોગવવું અગર સહન કરવું ? તો એમ કહેવું અગર માનવું એ કાયરતાનું અને અજ્ઞાનનું લક્ષણ છે. દુઃખ હોય કે સુખ, એ બન્નેમાંથી કોઈ પણ હમેશાં કાયમ રહેતું નથી, સ્થિર રહેતું નથી એ તો (અનિત્ય) છે, આવતું જતું રહે છે. કોઈ પણ આદમી ઉપર જીવનભર સુખ કે દુઃખ કાયમ રહેતું નથી, સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ ક્રમ પ્રમાણે આવે છે અને જાય છે, એજ સંસારનો નિયમ છે, સૃષ્ટિની ગતિ છે અને એજ સુખદુઃખની પરિભાષા પણ છે. જુઓ, જ્યારે કોઈ આદમીના શરીરે ફોલ્લા થાય છે ત્યારે તેને પીડા થાય છે અને આખી રાત ઉંઘ આવતી નથી. એને 'દુઃખ થવું' એમ કહે છે. પછી જ્યારે ફોલ્લા મટી જાય છે, અને કોઈ તરેહની પીડા શરીરમાં રહેતી નથી, ત્યારે તે આદમી આખી રાત નિરાંતે ઉંઘે છે. એને 'સુખ થયું' એમ કહે છે. તે જ પ્રમાણે દિવસ પછી રાત અને રાત પછી દિવસ વારાફરતી આવે છે અને જાય છે, તે જ પ્રમાણે દિવસ પછી રાત અને રાત પછી દિવસ વારા ફરતી આવે છે. શાન્તિ અને ધીરજથી ભોગવવું અને સહન કરવું, એજ એ બન્નેના વિકારથી બચવાનો ઉપાય છે. દુઃખને સારૂ તો ખાસ કરીને તેને સહન કરવું, એજ તેને હઠાવવાનો ઉપાય છે.

સુખદુઃખથી મૂર્ખજ પ્રફુલ્લિત અને વિચલિત થયા કરે છે, જ્ઞાની નહીં.

હે વત્સ ! આ સુખદુઃખની જાળથી બચવાને સારું આત્મતત્ત્વ ને જાણવું,

એ પરમ આવશ્યક છે. જેવી રીતે પત્થર ઉપર ઘી કે તેલ ચોપડ્યા પછી તેના ઉપર પાણીની અસર થતી નથી, ઉપરને ઉપરથી અડક્યા વગર વહી જાય છે, તે જ પ્રમાણે આત્માનું જ્ઞાન થયા પછી, સુખદુઃખનું ભાન રહેતું નથી, ઉપરને ઉપરથી જ અડક્યા વગર વહી જાય છે. પરન્તુ એ દરજ્જો કહેવાનો નથી પણ અનુભવ કરવાનો છે. જેવી રીતે કોઈ ગુંગો આદમી કોઈ સ્વાદિષ્ટ વસ્તુ ખાઈને તેનો અનુભવ તો કરી શકે છે, પરંતુ તેનો સ્વાદને, બોલીને વ્યકત કરી શકતો નથી, તે જ પ્રમાણે આત્મજ્ઞાનથી થાય છે તે સુખ કેવળ અનુભવગમ્ય છે, બોલીને બતાવી શકાતું નથી. એ સુખ અકથનીય અને પરમ કલ્યાણકારી છે.

સદ્‌ગુરુનો આ પ્રમાણે સુખદુઃખને સહન કરવાનો ઉપદેશ સાંભળીને શિષ્યે પૂછ્યું કે – પ્રભો, આ સુખદુઃખને સહન કરી લેવાથી ફાયદો શો થાય છે ? તેના ઉપર સદ્‌ગુરુ કહે છે કે – હે વત્સ ! દુઃખસુખને સમાન માનનારા ધીર પુરુષને આ (ઉપર્યુક્ત) વિકાર વ્યાકુળ કરતા નથી, તે (પુરુષ) અમરત્વ (મોક્ષ)ને પ્રાપ્ત થાય છે.

સદ્‌ગુરુ કહે છે કે હે પુરુષોમાં શ્રેષ્ઠ વત્સ દુઃખ અને સુખ બન્નેને બરાબર સમજનારા તે ધીર પુરૂષને દુઃખ દુઃખી કરી શકતું નથી, ઈન્દ્રિયોનું દુઃખ જેને અસર નથી કરી શકતું, જે સુખમાં ચલાયમાન નથી થતા, ઈન્દ્રિયોનાં સુખ જેને મુગ્ધ નથી કરી શકતાં, તે જ પુરુષ અમૃતરૂપી મોક્ષધામને પ્રાપ્ત કરે છે, તે જ પુરૂષને ઈશ્વર મિલનનું સૌભાગ્ય મળી શકે છે.

જે વીર પુરૂષ, મોટામાં મોટું દુઃખ આવી પડતાં રોવા માંડતો નથી, ગભરાતો નથી, વિકળ થતો નથી, મોટામાં મોટું સુખ ઉપસ્થિત થતાં ફુલીને છકી જતો નથી, અભિમાન અને ઘમંડમાં ચકચૂર થઈ જતો નથી, તે જ ધીર કહેવાય છે. સદ્‌ગુરુ કહે છે – હે વત્સ ! એમંજ અર્થાત્ બન્નેને બરાબર સમજનારા જ ધીર પુરૂષ મોક્ષ મેળવવાને અધિકારી થાય છે, અમૃતત્ત્વને પ્રાપ્ત કરે છે. એવાજ પુરૂષને ઈશ્વર સાથે મેળાપ અને સાક્ષાત્કારની પ્રાપ્તિ થાય છે.

હે વત્સ ! એવું ભાન કરવું એ સાધારણ વાત નથી, ઘણું જ કઠણ છે. પરંતુ પ્રયત્ન કરવાથી સાધ્ય થઈ શકે તેમ પણ છે. આ પ્રસંગ ઉપર એક સુંદર ઉદાહરણ યાદ આવે છે.

એક ખેડૂત હતો. તે ખેતી કરતો હતો અને તેના ઉપરજ પોતાનાં બાળ બચ્ચાંનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તેણે પોતાના ખળામાં ઘઉંના બાંધેલા કણસલાં મસળવાને છોડી પાથરી દીધાં અને તેના ઉપર આખો દિવસ બળદ લાવીને ફેરવ્યા. જ્યારે કણસલામાંથી દાણા છૂટા પડી ગયા અને ભૂસું અલગ થયું ત્યારે તેને ઉપણીને દાણા અને ભૂસાના ખળવાડમાં જુદાજુદા ઢગલા કર્યા અને રાતે ત્યાં જ સૂતો. ઉંઘમાં તેને સ્વપ્નું આવ્યું અને પોતે જાણે કે રાજા થઈ ગયો છે, અને પોતાને

સાત રાજકુમાર પણ થઈ ગયા છે એમ જણાયું એ રાજકુમાર ભણીગણીને બધી તરેહથી ચતુર અને ચાલાક થઈ ગયા છે, ધન વૈભવ અને સાજસામાનથી મહેલ ભર્યોપૂર્યો છે. આ બધો ઠાઠમાઠ જોઈને તે મનમાંને મનમાંજ મલકાઈ રહ્યો હતો. એટલામાં ખળવાડની અંદર કાંઈ પડ્યું તેના અવાજ થી તે જાગી ઉઠયો, અને આંખો ચોળતો ઉઠીને બેઠો થયો. ચારે પાસ ધારીધારીને જોવા માંડયું, ન મળે રાજય કે ન મળે રાજકુમાર, બિચારો હાંફળો-ફાફળો થઈને ચોકીને જોઈ રહ્યો હતો. અહીં, ખળામાં તેની એ પ્રમાણે હાલત હતી અને બીજી પાસ તેને ઘેર એક બીજોજ કાન્ડ મચી રહ્યો હતો, તેના છોકરાને સાપ કરડ્યો હતો અને તેથી તે તરત જ મરી ગયો. તેની મા છાતી ફૂટી ફૂટીને વિલાપ કરતી હતી. પાડોશના તમામ લોક ભેગા થઈ ગયા હતા અને કરૂણાજનક વિલાપ સાંભળીને રડતા હતા. કોઈએ ખળવાડમાં જઈને પેલા ખેડુતને આ વાત કહી એટલે તે ત્યાંથી ઘેર આવ્યો. તેણે જોયું કે બધા લોકો છોકરાની લાશને બાંધીને સ્મશાનમાં લઈ જવાની તૈયારી કરી રહ્યા છે, અને સાથે સાથે રોક્કળ પણ ચાલે છે. રોનારાઓમાંથી સર્વથી વધારે કરૂણાજનક રોવું છોકરાની માનું હતું. ભેગા થએલા લોકોની દૃષ્ટિ જ્યારે પેલા ખેડૂત ઉપર પડી ત્યારે તેને જોઈને તેઓ ઘણું આશ્ચર્ય પામ્યા કે અમે બધા મરનાર છોકરાના સગાં ન હોવા છતાં પણ રડીએ છીએ, અને આ એનો બાપ સૂંઢમૂંઢ થઈને જોયા કરે છે લોકોથી એ વાત સહન થઈ શકી નહી, અને પૂછયું કે - ભાઈ, અહીં ભેગા થએલા સર્વ લોકો રુવે છે, અફસોસ કરે છે અને તમે તેના બાપ થઈને પણ કેમ રોતા નથી ? શું તેના મરણનું તમને દુઃખ થતું નથી ? તેણે જવાબ દીધો કે હું તે સાત રાજકુમારો માટે રોઉં કે આ એકને માટે ? લોકોએ પૂછયું - સાત રાજકુમાર કોણ ? તેના ઉત્તરમાં તે પોતાના સ્વપ્નની બધી વાત કહી ગયો અને બોલ્યોકે હમણાં જ એક કલાક ઉપર મારે સાત દીકરા હતા અને હાલ તેમાનો એક પણ નથી, તે જ પ્રમાણે આ એક પણ ન રહ્યો.

હે વત્સ ! આ જ આત્મજ્ઞાન છે. આત્માના પ્રકાશિત થતાં જ સંસારનાં છોકરાં પણ તે જ સ્વપ્નમાં છોકરાંની પેઠે ક્ષણિક જોવામાં આવે છે, અથવા કહો કે જોવામાં આવતાંજ નથી. સદ્ગુરુએ એક દોહરામાં આ જ ભાવને ઘણી સુંદર રીતે પ્રદર્શિત કરેલો છે.

સપને હોય ભિખારિ નૃપ, રંક નાકપતિ હોય ।
જાગે હાનિ ન લાભ કછુ, તિમિ પ્રપંચ જીવ જોય ॥

તાત્પર્ય એ છે કે, આત્મા નિત્ય છે. સુખદુઃખ આદિ પદાર્થો સાથે એને કાંઈ સંબંધ નથી. એ બધું તો મનનું કામ છે. મનજ આત્મા સાથે સંબંધ કરીને એને સુખદુઃખમાં ફસાવી રાખે છે. નહીં તો એ તો નિર્લેપ છે, નિર્વિકાર છે. તેના ઉપર આ સંસારી - અને તેથી ક્ષણિક - બાબતોની જરાએ અસર થતી નથી, ભગવાને આ જ

બધો ઉપદેશ અર્જુન્‌ને આપ્યો છે અને કહે છે કે - તે જ ધીર મોક્ષનો અધિકારી છે કે, જેને સુખદુઃખ વિચલિત કરી શકતાં નથી. જે સુખદુઃખમાં ચળવિચળ થઈ જાય છે તેમનું ધ્યાન પ્રભુમાં લાગી શકતું નથી. પછી તે આત્માને ક્યાંથી જાણી શકે અને કેવી રીતે મોક્ષને પ્રાપ્ત કરી શકે ? એ અનન્ય પંદ તો તે જ મેળવી શકે છે કે, જે મૂઢ નથી, જે સુખદુઃખની પરવા કરતા નથી. અને એ વાત ત્યારેજ બની શકે કે જ્યારે પેલા દાખલામાં સ્વપ્નની પેઠે વિચાર કરે કે જાગૃતિમાં હાનિ જણાય પરંતુ સ્વપ્નમાં તો કાંઈ પણ થયું નહોતું. અંદરના વિચાર આ તરહેના થયા પછી બહારની સર્વ વાતો સ્વપ્નવત્ જણાવા માંડશે. પણ, એવો વિચાર કરનારા બધા હોતા નથી - નથી થઈ શકતા. એવા મનુષ્યો તો કોઈ હજાર લાખમાં એકાદ બે નિકળી આવે છે-

સંસાર ઘણો દુર્ગમ છે. તેમાં દેખાનારા જેટલા પદાર્થો છે તે સર્વ એકથી એક વધારે રસીક છે. તેમનાથી બચવું ઘણું દુષ્કર છે. તેથી કહ્યું છે કે -

રૂપ રંગમેં ભૂલ ન મન મેં અરે અક્કલ કે બૈરી ।
ઉપર મીઠી ભીતર ખટ્ટી અંબિયા જૈસી કૈરી ॥

ભાઈઓ, આ સંસારમાં સત્ય બોલનારા અગર સત્ય ઉપદેશ કરનારા દુર્લભ છે, આજકાલ તો દુનિયા ઢોંગ કરનારાઓ ઉપર જ મોહિત થઈ રહી છે.

પરંતુ આ ઢોંગી લોકોથી બચવાનો ઉપાય શું છે ? એનો ઉત્તર એ છે કે - આત્માને ઓળખવાનો પ્રયત્ન કર્યા વગર કદાપિ પણ તેમને ઓળખી શકાતા નથી. આત્માનો પૂર્ણ વિકાસ થયા પછી મનુષ્યના હૃદયાકાશમાં, પૂર્ણિમાનો ચન્દ્રોદય થતાં પૃથ્વિ અને આકાશમાં સર્વત્ર પ્રકાશ થઈ જાય છે, તેવો પ્રકાશ થાય છે. પછી તો સત્ય અસત્ય જાણી લેવામાં અગર કોઈ પણ ગુપ્ત રહસ્યને જણાઈ જવામાં જરાએ કઠીનાઈ પડતી નથી.

વત્સ આવો,આપણે એને સારૂ પરમાત્માની પ્રાર્થના કરીએ અને કહીએ કે -હે પ્રભુ, જેવી રીતે ચન્દ્રમા પોતાની સોળે કળાથી પ્રકાશિત થાય છે, અને જેવી રીતે આપે અર્જુનના હૃદયમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી દીધો તેવીજ, રીતે હે ભગવાન, આ આત્માની અંદર પણ આપ પૂર્ણ રૂપથી આપનો પ્રકાશ નાખો જેથી તેને શાન્તિ થાય,

જ્યારે ભગવાને અર્જુનને એ વાત કહી કે જે ધીર પુરૂષ સુખ દુઃખને જાણીને તેનાથી ક્ષુબ્ધ થતા નથી તે જ મોક્ષના અધિકારી થાય છે ત્યારે અર્જુને પૂછયું કે - ઠીક મહારાજ, કૃપા કરીને હવે એ બતાવો કે શું, આત્માનું કોઈ સ્વરૂપ પણ છે અથવા કોઈએ તેને જોયો છે ? એના ઉત્તરમાં ભગવાન કહે છે -

હે અર્જુન, જે વસ્તુ નથી, તે હોઈ શકતી નથી અર્થાત્ જે ચીજ અસત્ છે, જુઠી છે તે સાચી થઈ શકતી નથી, અને જે વસ્તુ છે તે નષ્ટ થઈ શકતી નથી અર્થાત

જે વસ્તુ છે, નિત્ય છે તે જુઠી થઈ શકતી નથી, અને નાશ થઈ શકતો નથી. પણ હા, તેને તું જાણી શકીશ નહીં. એ બન્ને વાતોના અંત તો તત્વવેત્તાઓને જ મળેલા હોય છે. અર્થાત્ જ્ઞાની પુરૂષો જ એ બન્ને (સત્ અને અસત્) ને જાણે છે, તેને જ એ બન્નેના સારની ખબર છે, અને તેઓએ જ એ બન્નેનો નિર્ણય કરેલો છે. તારે માટે તો બસ, એ જ એક ઉપાય કે આ વાત ઉપર વિશ્વાસ રાખ.

ભગવાન કહે છે કે, તત્વદર્શીજ સત્ અસત્ ને ઓળખી શકે છે. બધા લોકો નહી. તેથી સર્વ સાધારણને સારૂ કેવળ એ જ કર્તવ્ય છે કે, એ જ્ઞાનીઓની વાત ઉપર વિશ્વાસ રાખીને ચાલવું . તેમની વાતોમાં સંશય ન કરવો, સંશય કરનાર કદિ પણ ઉત્કર્ષને પહોંચી શકતા નથી. સંશયાત્માનો વિનાશ જ થાય છે. ભગવાને સ્વયં આ ગીતાના ચોથા અધ્યાય માં કહ્યું છે કે – જેને આત્માનું જ્ઞાન નથી, તેમ જેને શ્રધ્ધા પણ નથી, અને સર્વ વાતોમાં સંશય જ કર્યા કરે છે, એવા સંશયાત્માને સારૂ ન તો આલોક છે, ન તો પરલોક છે તેમ ન તો સુખ પણ છે. અર્થાત્ સંશયાત્મા બન્ને લોકમાંથી ભ્રષ્ટ થઈ જાય છે.

આ સંબંધમાં કોઈ એમ કહેશેકે આજકાલની ન્યાયની કોર્ટોમાં ઘણીએ વખત જૂઠાનું સાચું ને સાચાનું જૂઠું થઈ જાય છે, સાચો માર ખાય છે અને દંડ ભોગવે છે તો જૂઠો મોજ ઉડાવે છે એ કેમ? એમ શા માટે થાય છે ?

તો તેનો જવાબ એ છે કે, કળીયુગી કોર્ટો અને અદાલતોની વાત કહી નથી. એમનું કહેવું તો તત્વવેત્તાઓના સંબંધમાં છે -જ્ઞાનીઓના સંબંધમાં છે. જાણો છો, સત્ શું છે ? સત્ તો કેવળ એ જ પરબ્રહ્મ પરમાત્મા છે કે, જેનો અભાવ કદી પણ થઈ શકતો જ નથી. અને હમારા તમારામાં જે અંતરાત્માનો તેજસ અંશ છે, તેથી તે પણ સત્ જ છે, અને અસત્ શું છે ? અસત્ છે આ શરીર. આ અસત્ શરીર કદી ટકી શકનારૂં નથી. તેનો નાશ અવશ્યંભાવી છે, આત્મા સદા , સર્વ કાળમાં એક રંગ, એકજ તરેહનો બન્નેલો રહે છે. જયારે આ શરીરના હજારો અને લાખો પ્રકારના રંગ રૂપ બદલાતા રહેછે. જુઓ, જેવી રીતે કોઈ નદીમાંથી રેતી લાવી તેમાંથી તેલ કહાડવાનો પ્રયત્ન કરે અને વારે વારે ઘાણીમાં પીલે, તો પણ તેમાંથી તેલ નિકળવાનું નથી, તેલ નિકળશે તો તે તલમાંથીજ નિકળવાનું, કારણકે તલમાં તેલ રહેલું છે, રેતી-બાલુ- માં તેલ નથી, તેવી જ રીતે શરીરને ગમે તેટલો પ્રયત્ન કરીને પણ રાખવાની ઈચ્છા રાખો. તો પણ તે કદી રહી શકવાનું નથી. રહેનારો તો બસ, એ આત્માજ છે. શરીર અસત છે. એમાં સુખ દુઃખ ભરેલાં છે. શરીર-ધારીને સુખદુઃખ સહેવાં પડવાનાંજ. આત્મા સત્ છે. એનો નાશ થઈ શકતો જ નથી, એ અવિનાશી છે, સત્ તે સત્ જ છે અને અસત્ તે અસત્ જ છે.

જો કે આજકાલની અદાલતોમાં ન્યાયની કોર્ટોમાં કદી એવું જોવામાં આવે

છે કે, બે પક્ષકારોમાં એક સાચો હોય અને બીજો જૂઠો, હોય, પરંતુ સાચાને સજા થાય છે. એવી સ્થિતિમાં કોઈ એમ કહી શકે કે – ' સત્ કયાં ગયું ? અસત્ જૂઠાની તો જીત થઈ, તો મિત્રો, એ વાત સાચી છે કે, દુનિયાની નજરમાં તો જૂઠોજ સાચો ઠરેલો છે, પણ જો એ બન્નેના અંતરાત્મા પ્રત્યક્ષ જણાઈ આવશે કે જેલનું કષ્ટ ભોગવતા છતાં પણ સત્ નો પક્ષપાતી હોવાને કારણે તેનો આત્મા સંતુષ્ટ છે, પ્રસન્ન છે. અને મુકદમામાં ડીક્રી મેળવવા છતાં પણ પોતાના વિપક્ષીને હરાવવા છતાં પણ જૂઠા પક્ષકારનો આત્મા ચિંતિત રહે છે, ઉદાસ રહે છે, અપ્રસન્ન રહે છે. સાચો આદમી' જેલમાં રહેતો હોવા છતાં પણ એવોજ વિચાર કરે છે કે – હું પૂર્ણતઃ નિર્દોષ છું. પરંતુ પૂર્વ જન્મના કોઈ સંસ્કારને લીધે મારે આ સજા ભોગવવી પડી છે, અને જુઠો આદમી બહારના ખુલ્લા વાતાવરણમાં રહીને આનંદ કરતો હોવા છતાં પણ એવોજ વિચાર કે છે કે – રૂપિયાના બળથી મેં સાચાને જૂઠો ઠરાવી જેલમાં મોકલાવી તો દીધો, પરંતુ ભગવાનને ખબર કે આ બદલ મારે કેવું ફળ ભોગવવું પડશે; પણઆ વતાને બધા લોકો દેખી કે જાણી શકતા નથી. આ વાતને તો કેવળ જ્ઞાની – તત્ત્વદર્શી – લોકજ દેખી શકે છે. તેથી નિશ્ચય માનજો – કે તત્ત્વવેત્તાઓની વાતો ઉપર વિશ્વાસ રાખ્યા વિના કદી કામ ચાલી શકવાનું નથી. શ્રેષ્ઠ પુરુષોના શબ્દજ પ્રમાણ મનાય છે. જુઓ, કોઈ નાદાન છોકરો પોતાના વડિલનું કહેવું ન માને, તો શું તે કદી સુખી થઈ શકે છે ? બીજી વાતો જવા દઈ કેવળ એકજ જુઓ કે કોઈ પણ છોકરો પોતાની માની વાત ઉપર વિશ્વાસ મૂકે છે ત્યારેજ જાણે છે કે, અમુક વ્યક્તિ પોતાના પિતા છે. અને પછીજ આગળનો વ્યવહાર ચાલે છે. જો કોઈ છોકરો તર્કવિતર્ક કરે, પોતાની માને જૂઠી સમજે, તેના કહેવા ઉપર વિશ્વાસ ન રાખે, તો શું તેનો નિર્વાહ થઈ શકશે, અગર તે સંસારમાં સુખી થઈ શકશે ? કદી નહીં તેથી તો સાધારણ કહેવત છે કે, 'પિતાનો પત્તો લાગશે ક્યારે કે જયારે માતાની વાત ઉપર વિશ્વાસ કરશો ત્યારે'

એજ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ પણ અર્જુનને સમજાવે છે કે – પરમાત્માની વાતો જાણવાને સારૂ, આત્માનું જ્ઞાન થવાને સારૂ મહાત્માઓ – તત્ત્વજ્ઞાનીઓની વાત ઉપર વિશ્વાસ રાખ, જો તેમની વાતો ઉપર વિશ્વાસ નહીં રાખે તો કદાપિ શાન્તિ મળી શકશે નહીં તેમજ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન મેળવવાને અધિકારી થઈ શકાશે નહીં. આ સાંભળી અર્જુને કહ્યું – પ્રભો, આ વાતો સાંભળવામાં તો ઘણી સારી લાગે છે, તેથી આત્માના સંબંધમાં હજી પણ કહો કે તે કોણ છે અને શું કરે છે ? ભગવાન ઉત્તર આપે છે કે –

જેના (આત્મા) થી આ સર્વ (જગત્) ફેલાએલું છે તે વિનાશ રહિત છે. આ અવ્યય (આત્મા) નો કોઈ નાશ કરી શકતું નથી.

અર્જુન, તે આત્મા કદી મરતો નથી, તે અવિનાશી છે અને તેનાથી જ આ

સંપૂર્ણ ચર અચર જગત્‌ની રચના થએલી છે, આ સર્વ જગત્ તેનાથી વ્યાપ્ત છે. તે મૂળ બ્રહ્મ પરમાત્માની ચેતન સત્તા જે બધા સંસારમાં વ્યાપક છે, તેને જ તું સર્વ કાંઈ જાણ. તે અવ્યય છે અર્થાત્ તે ન તો કદી કમી થતી કે ન તો અધિક થતી, તે વધતી ઘટતી નથી. તેથી તેનો કોઈ નાશ કરી શકતું નથી.

વત્સ, ભગવાન કહે છે કે - આ સર્વ સંસાર જેનાથી વ્યાપ્ત છે, તે પરમાત્મા અવ્યય છે, તેનો નાશ કરવાને કોઈ સમર્થ નથી. એ વાતને બીજા ખુલાસાથી એવી રીતે સમજી શકાય છે કે - જેવી રીતે પાણી કદી પણ પાણીને સુકવી શકે નહીં, પાણી પાણીનો નાશ કરી શકતું નથી, બલ્કે તેમાં મળીને અભિન્ન , ભેદ રહિત થઈ જાય છે, તેવી રીતે આત્મા; (પરમાત્મા, કારણ કે સૃષ્ટિ અને લય બન્ને તેને જ આધીન છે) આત્માનો કદી નાશ કરી શકતો નથી; પરંતુ તે તેમાં મળી જાય છે.

તેના ઉપર અર્જુને શંકા કરી કે - જો તે એકજ પરમાત્મા સર્વમાં વ્યાપક છે તો તેની સૃષ્ટિમાં પણ એક તુલ્યાતાજ રહેવી જોઈએ, અર્થાત્ સર્વની તરેહ એક જ હોવી જોઈએ. પરંતુ તેમ ન હોતાં, આજે જોવામાં આવે છે કે - કોઈ આંધળો છે, તો કોઈ દેખતો છે વળી કોઈ એકજ આંખવાળો છે, કોઈ મૂર્ખ છે, તો કોઈ વિદ્વાન છે; કોઈ ચોર છે, તો કોઈ ચોરીને ધિક્કારનાર છે, ચોરીને પાપ સમજે છે, કોઈ ધનવાન છે, તો કોઈ ગરીબ છે, આ ભિન્ન પરિસ્થિતિનું કારણ શું ? એકજ પરમાત્માએ બનાવેલી સૃષ્ટિમાં આવા પ્રકારનો ભેદ કેમ ? તેના જવાબમાં ભગવાને કહ્યું કે - અર્જુન, આ બાહ્ય ભેદો હોવા છતાં પણ તે પરમાત્મામાં કાંઈ ભેદ નથી. એ તો સર્વમાં એકજ છે. જે ભેદ છે તે તેનો પ્રકાશ લેવામાં છે. આપણા આ શરીરમાં એક સૂક્ષ્મ શરીર છે, જે અંતઃકરણ તૈયાર કરે છે અને અંતઃકરણની મન, બુદ્ધિ ચિત અને અહંકાર - એ ચાર શક્તિઓ છે. આ મન જ તેની સહાયક ઈન્દ્રિયોની સાથે સમસ્ત શરીરમાં ફેલાઈ રહીને બુદ્ધિ દ્વારા કોઈ વિષયનો નિશ્ચય કરે છે અને અહંભાવને પ્રાપ્ત થાય છે. આ જ જીવાત્માનું સ્વરૂપ છે અને તે કારણે જ જીવાત્માના ઉચી અને નીચે બે શ્રેણીઓ બને છે. જે જીવાત્મા જેટલા ઉંચા દરજ્જાનો હશે તે તેટલો અધિક - તે પરમાત્માનો - પ્રકાશ પોતાનામાં ગ્રહણ કરી શકશે. તેવી રીતે જે જીવાત્મા જેટલા નીચા દરજ્જાનો હશે તે તેટલો કમી પ્રકાશ લઈ શકશે અગર બીલકુલ નહીં લઈ શકે. બસ, એજ ભેદ છે.

એવી સ્થિતિમાં પત્થરનો ટુકડો, કાચનો ટુકડો, લાકડાનો ટુકડો અને પાણીથી ભરેલું પવાલું, એ વાત સાચી પ્રકાશ પાડે છે તો બરાબર અંશમં જ, પણ તે પ્રકાશને પણ જો એ બન્નેના અંતરાત્મા ભરેલું પવાલું જેટલો સાફ સાફ ગ્રહણ કરે છે, અર્થાત્ એ કષ્ટ ભોગવતા છતાં પણ સત્‌ના જેવા જ દેખાય છે તેટલો તે પત્થર અગર લાકડાના ટુકડા પર છે. અને મુકદમામાં ડીક્રી મેળવવા અને પત્થરના ટુકડામાં એવી શક્તિ

નથી કે તેને ગ્રહણ કરી શકે જુઠા પક્ષકારનો આત્મા ચિંતિત રહે છે સાચામાં જેટલી શક્તિ હશે તેના પ્રમાણમાં જ સામાં પ્રકાશથી પોતાને પ્રકાશિત કરી શકશે. આ જ ભેદ આત્માના પ્રકાશના સંબંધમાં પણ સમજવો જોઈએ. ધ્યાનમાં રાખવા જેવી વાતછે કે સૂર્યનારાયણે પોતાનો પ્રકાશ આપ્યો તો એ બન્ને - પત્થર અને લાકડાના ટુકડા - ને, પણ તે બન્નેએ પ્રકાશને એવી રીતે બહાર પ્રગટ ન કરી શક્યા કે જેવી રીતે કાચનો ટુકડો અગર પાણી ભરેલું પવાલું કરી શક્યાં, તેવીજ રીતે એ પરમાત્માનો પ્રકાશ તો પડે છે સર્વ પ્રાણિઓ (આત્મા) ના ઉપર બરાબર જ, પરંતુ જેમનાં હૃદય કાચના ટુકડા અગર પાણી ભેરલા સ્વચ્છ કટોરા જેવાં શુદ્ધ છે, નિર્મળ છે, તે જ તેના પ્રકાશને બહાર ફેલાવી શકે છે અને જેમનાં હૃદય મલિન છે તે પેલા પત્થર અને લાકડાના ટુકડાની પેઠે પ્રકાશના પ્રભાવ રહિત જ રહી જાય છે.

આ ઉપરથી જો કોઈ એમ પ્રશ્ન કરે કે બીજા (જેમનો પ્રકાશ બહાર પ્રગટ નથીથઈ શક્યો) હૃદય શુદ્ધ કેમ ન થયાં ? મલિન કેમ રહી ગયાં ? તો તેનો ઉત્ર એ છે કે - જેનાં જેવાં કર્મ હોય છે, તે કર્મના પ્રભાવથી, તેમનાં હૃદય પણ તેવાં જ રહે છે, તેથી હૃદયને શૃદ્ધ કરવાવાળા - શમ, દમ, નિયમ, આસન, ધ્યાન, ધારણા, બ્રહ્મચર્ય, સમાધિ આદિ કર્મ જેમણે કર્યાં નથી તેમનાં હૃદય શુદ્ધ કેવી રીતે હોઈ શકે ? અને વિના શુદ્ધ થયેલ આત્મા પણ કેવી રીતે પ્રકાશિત થઈ શકે ? હૃદય તો ત્યારે જ શુદ્ધ થાય છે કે, જ્યારે પાપોનો અંત અને પુણ્ય કર્મોનો ઉદય થાય છે, પછી તેવાં કર્મ કરતે કરતે જ્યારે હૃદય શુદ્ધ થઈ જાય છે ત્યારે બીજાને પૂછવાની પણ જરૂરત રહેતી નથી, સ્વયં સર્વ વાતો સૂઝવા માંડે છે. પરમાત્માની તે જ્યોતિ સ્વયં પ્રકાશિત થઈ જાય છે અને તેના પ્રકાશથી સર્વ કાંઈ સારૂં સારૂં દેખાવા માંડે છે. આત્માનો વિકાસ થઈ જાય છે. પછી તેને સમજાવતાં જરાએ વિલંબ લાગતો નથી કે જેવી રીતે ઘડાને ફોડતાં પણ તેની અંદરના આકાશનો નાશ થતો નથી, કેવળ ઘડો જ નષ્ટ થઈ જાય છે, તેવી જ રીતે આ શરીરના નષ્ટ થવા છતાં પણ ન તો આત્માનો નાશ થાય છે કે, ન તો તેને મરવા જીવવાનું કષ્ટ થાય છે, નાશ તો કેવળ શરીરનો જ થાય છે. પરંતુ જેમનો અહંભાવ નષ્ટ થઈ ચુકેલો છે, ઈન્દ્રિયોના વિષયથી વિમુખ થઈચુકેલો છે, તેમને મારવાવાળો તો આ જગતમાં આજ સૂધી કોઈ પેદા થયો પણ નથી અને થવાનો પણ નથી. બસ, એજ આત્માની અવિનાશિ છે.

હે અર્જુન ! કદી નષ્ટ ન થનારા, નિત્યસ્વરૂપ અને અપ્રમેય આ જીવાત્માને દેખાડનારાં જે તરેહ તરેહનાં શરીર છે તે સર્વ 'અંતવંત' અર્થાત્ વિનાશને પહોંચવાવાળાં છે. તેથી તું તેની ચિંતા છોડ અને સંશય રહિત થઈને યુદ્ધ કર. એ આત્મા તો અપ્રમેય અર્થાત્ માપ તોલથી પર છે. એનો કોઈ માપનાર નથી અને તેથી તે નિત્ય તથા નાશરહિત છે.

વત્સ, દુનિયામાં જેટલાએ દેહધારી જીવો છે તે સર્વનો નાશ કોઈના કોઈ દિવસે પણ જરૂર થવાનો, સંસારમાં જે કોઈ પણ દેખાનારા પદાર્થો છે તે સર્વ જરૂર નષ્ટ થવાના, નાશ કેવળ એજ નિત્ય, અવિનાશી અને અપ્રમેય આત્માનો થતો નથી, તે જ એક માત્ર સદા સર્વદા રહેવાવાળો છે. જેવી રીતે પહેરણ ફાટી જાય છે, નષ્ટ થઈ જાય છે, પરંતુ તેની સાથે તેનો પહેરનાર ફાટી જતો નથી, નષ્ટ થઈ જતો નથી, તેવી રીતે આ શરીરનો તો નાશ થઈ જાય છે, પણ તેની સાથે શરીરને ધારણ કરનાર આત્માનો નાશ થતો નથી. એ વાતને સમજાવતાં ભગવાન્ કહે છે - હે અર્જુન ! તું આત્માને મરવા જીવવાની ચિંતા છોડ અને યુદ્ધ કર, કારણ કે આત્માઅવિનાશી, નિત્ય અને અપ્રમેય છે. એનો કદી નાશ થતો નથી, તે હમેશાં રહેનારો છે અને તે કોઈથી માપી શકાતો નથી. શરીર સર્વનાં નાશવાન છે. કોઈનું શરીર હમેશાં રહી શકતું નથી. રાજા હોય કે રંક, મૃત્યુ તો સર્વનાં શરીરને લાગેલું જ છે. મૃત્યુથી,કાળથી કોઈનો પિંડ છૂટી શકતો નથી, એ વિષય ઉપર એક સુંદર વાત છે,

એક બ્રાહ્મણ હતો. તે ઘણી જ સાત્વિક પ્રકૃતિનો, ધર્માચરણી અને દીન મનુષ્ય હતો. તેને એકજ દિકરો હતો. એક દિવસ તે પોતાના દિકરાને સુવાડીને પાણી ભરવા ગયો. પાણીનો ઘડો ભરીને પાછો આવ્યો તો જુએ છે કે ઉંઘતા દિકરાને સાપ કરડવાથી તે મરી ગએલો છે અને સાપ સપાટાબંધ ચાલ્યો જાય છે. સાપને દેખતાંજ બ્રાહ્મણને ક્રોધ ચઢ્યો અને લાકડી લઈને તેને મારવાને દોડ્યો. તો જુએ છે કે સાપનો વાઘ થઈ ગયો છે અને એક ગાયને ગળામાંથી પકડી તેને મારી નાંખે છે. બિચારા બ્રાહ્મણથી આ દૃશ્ય જોવાયું નહીં. એક તરફ મરતી ગાય બીજી તરફ ભયાનક આકૃતિનો વાઘ, એ જોઈને તેનાં ગાત્ર ગળી ગયાં. એટલામાં જુએ છે તો તે સાપ કે વાઘ ન રહેતાં મનુષ્યનું રૂપ ધારણ કરીને ધીરે ધીરે બ્રાહ્મણની પાસે ચાલ્યો આવે છે. હવે તો તે બ્રાહ્મણની બીકને લીધે ઘણી દયાજનક હાલત થઈ ગઈ હતી. પેલા મનુષ્યને આવીને પૂછ્યું કે - તું આટલો બધો ભયભીત કેમ દેખાય છે ? તને કોનો ડર લાગે છે ? બ્રાહ્મણે કહ્યું - મહારાજ, આપ કોણ છો ? મને આપનાં કૃત્યોએ જ આટલો ભયભીત કર્યો છે. પેલા મનુષ્યે કહ્યું - હું કાળ છું. મેં જ થોડીવાર ઉપર સાપનું રૂપ લઈને તારા દિકરાને કરડીને તેને માર્યો, કારણ કે તેનું મૃત્યુ સર્પદંશથી જ નિર્માણ થએલું હતું. પછી વાઘનું રૂપ ધારણ કરી આ ગાયને મારી કારણ કે ગાયનું મૃત્યુ વાઘથી થવાનું નિર્માણ હતું અને હવે હું માણસના રૂપમાં તારી સામે ઉભો છું. મારૂં છું તો હું બધાને જ. પરંતુ જેનું મૃત્યુ જે પ્રકારે થવાનું હોય છે, તે સ્વરૂપમાં જ મારે તેની પાસે જવું પડે છે.

બ્રાહ્મણે પૂછ્યું - ઠીક, તો મહારાજ, કૃપા કરીને શું , એ બતાવી શકશો કે

મારૂં મૃત્યુ ક્યારે અને કેવા પ્રકારે થશે ?

તેણે કહ્યું - એમાં તે શી મોટી વાત છે ? એ તો મારૂં કામ જ છે. તારૂં મૃત્યુ આજથી .....અમુક દિવસ પછી, અમુક સમયે, મગરને હાથે થશે.

બ્રાહ્મણે વિચાર કર્યો કે હવે જે થવાનું હતું તે થઈ ગયું. હવે દિકરાનો શોક કરવાથી શું થવાનું છે ? પરંતુ એટલું ઠીક થયું કે આપણા મોતની ખબર પડી ગઈ. તેથી હવે તો મારે સારૂં એજ ઉચિત છે કે, અત્યારથી જ કોઈ એવો ઉપાય કરૂં કે જેથી મગરનો ને મારો ભેટો જ ન થાય. ઘણો વખત વિચાર કરીને બ્રાહ્મણદેવતાએ એજ નિશ્ચય કર્યો કે હવે મારવાડમાં જઈને રહેવું જોઈએ. ત્યાં નદીઓ નથી એટલે મગર પણ નથી. ગાંસડાં પોટલાં બાંધી બાપદાદાનું ઘર છોડી મહારાજ તો મારવાડમાં જઈને રહ્યા.

ત્યાં પહોંચ્યા પછી ધીરે ધીરે કેટલાક દિવસો પછી બ્રાહ્મણદેવની ખૂબ નામના થઈ ગઈ કારણ કે તે વિદ્વાન પંડિત હતા. તેટલામાં મારવાડના રાજાને ત્યાં એક કુંવરનો જન્મ થયો. તેના નામકરણ આદિ સર્વ સંસ્કાર પંડિતજીને હાથે થયા. સમય જતાં તે કુંવર વિદ્યા ભણવા લાયક થયો ત્યારે તેના શિક્ષકની જગ્યાએ પણ પંડિતજી જ નિમાયા હવે તેમના ઠાઠમાઠ અને ધન વૈભવનું શું કહેવું ? હવે તો પોતે રાજગુરૂ જ થઈ ગયા છે. રાજપરિવારથી માંડીને સામાન્ય જનતા સુધીમાં તેમનું સન્માન દિવસે દિવસે વધતું જ જાય છે. મજા એ હતી કે એટલામાં જ કાંઈ બધાની સમાપ્તિ થઈ ગઈ નહોતી. હજી તો આગળ આનાથી પણ વધારે ખુશીના દિવસોની આગાહી થઈ રહી હતી, તેની કલ્પનાથી પંડિતજીનો હર્ષ સમાતો નહોતો. પોતે વિચાર કરતા હતા કે - હવે આટલા દિવસ પછી કુંવરને યજ્ઞોપવીત થશે. પછી તેનાથી થોડા દિવસ પછી વિવાહ થશે. એ સર્વ ઉત્સવોમાં જે આમદાની થશે, જે પ્રતિષ્ઠા મળશે....બસ, તેનાથી આગળ આનંદના ઉભરામાં પંડીતની આંખો બંધ થઈ જતી અને વિચાર કરવાની ક્રિયાઓ આપોઆપ બંધ થઈ જતી.

દિવસ જતાં કાંઈ વાર લાગે છે ? પંડિતજીની કલ્પનાઓ ઘણા થોડા દિવસોમાં તેમની સામે ખડી થઈ ગઈ. રાજકુમારનું યજ્ઞોપવીત સમાપ્ત થયું, દ્રવ્યલાભ પણ તેમની કલ્પના કરતાં વધારે થયો, અને સર્વથી વધારે આનંદના સમાચાર એ હતા કે હવે ઘણા થોડા દિવસો પછી રાજકુમારનાં લગ્ન થશે. આ દિવસોમાં પંડિતજીની પાંચ તો શું પણ વીસે આંગળીઓ ઘીમાં તરબોળ રહેતી. ઘણા ઉત્સાહથી જાનની તૈયારીઓ થઈ રહી હતી. આખરે ગણતાં ગણતાં દિવસ આવી પહોંચ્યો અને ખૂબ વાજાંગાજાં સાથે જાન નિકળી.

જાન મારવાડમાંથી નિકળી ઘણે ઘણે દૂર નદિયોવાળા પ્રદેશમાં જવાની હતી. રસ્તામાં પડાવ નાખતા નાખતા આનંદમાં મહાલતા મહાલતા સર્વલોક આગળ

વધે જતા હતા. બ્રાહ્મણ દેવતા પણ જાનની સાથમાં જ હતા. તેમના વગર ચાલે પણ કેમ ? એ તો રાજકુમારના ગાયત્રી ગુરુ, વિદ્યા ગુરુ, સર્વ કાંઈ હતા. એક દિવસ મુકામ ઉપર પ્રાતઃકાળમાં પંડિતજી ઉઠ્યા ત્યારે અકસ્માત તેમને મનુષ્ય દેહધારી કાળદેવની તેમના મૃત્યુ સંબંધમાં કરી હતી તે વાત યાદ આવી. યાદ આવતાં જ પંડીતજીનું મન ચંચળ થઈ ગયું. તે ગભરાઈ ગયાઅને વારંવાર ચિંતા કરવા લાગ્યા કે 'અરે ! તે દિવસ તો આજનો જ છે.' પણ એવો વિચાર કરીનેધીરજ રાખતા હતા, મનને સમજાવતા હતા કે - 'વાહ ! જ્યારે હું આટલા બધા લોકોની સાથમાં છું અને સાથે શસ્ત્રધારી સેના પણ છે, તો પછી ડર કેવો ?

સર્વલોક પોતપોતાના તંબુએથી નીકળી, સ્નાન ઈત્યાદિ નિત્ય કર્મ કરવાને નદી કિનારે ગયા અને ત્યાંથી નાહીધોઈને પાછા ફર્યા, પરંતુ પંડિતજી તો હજી સુધી ચુપચાપ મૌન ધારણ કરી પોતાના તંબુમાં પડી રહ્યા હતા. ચિંતાથી તેમનું મન અસ્વસ્થ હતું. એટલામાં એક બનાવ બન્યો. એક બીજો કોઈ રાજા તે રસ્તેથી જતો હતો, તે તેજ નદીને કિનારે સ્નાન કરવાને ત્યાં રોકાયો હતો અને કોઈ દાન આપવાને બ્રાહ્મણની શોધ કરતો હતો. દૈવયોગે ત્યાં બીજો કોઈ બ્રાહ્મણ નહોતો, કેવળ એક પંડિતજી જ શોધ કરતાં બ્રાહ્મણ મળી આવ્યા. લોકોએ તેમને સમજાવી નદી કિનારે પહોચાડ્યા. એક તો નદી દેખતાં જ તેમનો પ્રાણ નિકળવાની તૈયારી કરતો હતો. તેમાં વળી રાજા તો કમરપૂર પાણીમાં ઉભો રહી દાન આપવાનો હતો ત્યાં જવાનું હતું. બ્રાહ્મણ દેવતાના તો રહેલા હોંશકોશ ઉડી ગયા. તેમણે કહ્યું - હું દાન તો લઈશ પણ નદીમાં પ્રવેશ નહીં કરૂં, લોકોને એ સાંભળી નવાઈ લાગી કે બ્રાહ્મણ થઈને પાણીમાં જવાને એ આટલો બધો ડરે છે કેમ ? સર્વ લોકોએ મળીને તેને કારણ પૂછ્યું, તો તેમણે કહ્યું કે - આજે મગરનો ભક્ષ થઈ મારું મૃત્યુ નિર્માણ થએલું છે, તેથી આજનો દિવસ હું પાણીમાં જવાનો નથી. રાજાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે પંડિતજીને તેણે બહુ સમજાવ્યા અને કહ્યું કે તમે પંડિત થઈને પણ આવી મૂર્ખતા કેમ કરો છો ?આવો, હું તમને ઘુટણપુર પાણીમાં દાન આપીશ, કમરપુર પાણીમાં તમારે નહીં આવવું પડે. જ્યારે આટલાથી પણ પંડિતજીની હિંમત ચાલી નહીં ત્યારે રાજાએ કહ્યું - ઠીક, હું આપની ચારે બાજુએ ગોળ ફરતા સૈનિકો ગોઠવી દઉં છું, પછી તો આપને કાંઈ ડર નથી ને ? પંડિતજી પલળી ગયા અને તે વાતનો સ્વીકાર કર્યો અને કહ્યું કે - હવે મને ડર નથી. પછી બ્રાહ્મણ તો ધીરે ધીરે રાજા પાસે પહોંચ્યો. તરત જ રાજા અલોપ થઈ ગયો. તેની જગાએ એક મોટો મગર તૈયાર થઈ ગયો. પછી તે મગર બ્રાહ્મણ દેવતાના પગ પકડી પાણીમાં ખેંચી ગયો ત્યાં તેમનું મૃત્યુ થયું. આ પ્રમાણે કાળની વાત સાચી પડી.

વત્સ, પ્રભુના પ્રેમિયોં કાળની શક્તિ આપે જોઈ ? દુનિયામાં એવો કોણ છે

કે જે તેનાથી બચી શકે ? ચાહે લાખ જતન અને ખબરદારીની સાથે પણ આ શરીરને કોઈ કેમ ન રાખે, પરંતુ અંતમાં તો તે કાળબળીથી કોઈ પણ રીતે બચી શકવાનું નથી. જ્યારે તેનો સમય પૂરો થાય છે ત્યારે કોઈ પણ ઉપાય કામ લાગતો નથી.

આ જે વાત ભગવાન કહી રહ્યા છે કે - હે અર્જુન, આ અવિનાશી, નિત્ય અને અપ્રમેય આત્માનાં શરીર તો નષ્ટ થવાનાં જ છે, શરીર તો કદી રહી શકવાનું જ નથી, માટે તું યુદ્ધ કર. શરીરની ચિંતા છોડી દે, કારણ કે -

જે આ (આત્મા) ને મારવાવાળો જાણે છે તથા જે તેને મરેલો માને છે, તે બન્ને (કાંઈજ) જાણતા નથી, (કારણકે) તે મારતોએ નથી અને (કોઈથી) મરાતોએ નથી.

અર્જુન, આ જીવાત્મા ન તો કોઈને મારે છે અને ન તો કોઈથી મરે છે. જે તેને મારવાવાળો અગર મરવાવાળો સમજે છે તે કાંઈજ જાણતા નથી, તેઓ ભૂલે છે, મરે છે તો કેવળ શરીર જ અને તે પણ પ્રકૃતિ, સ્વભાવ અને પ્રારબ્ધ કર્મ દ્વારા મરે છે, આ આત્મા દ્વારા નહીં. જીવાત્મા જ મારે છે અને મરે છે, એ સિદ્ધાંત તો ચાર્વાકનો છે, તે સર્વથા ભ્રમપૂર્ણ છે. વાસ્તવિક વાત તો એ જ છે કે પ્રકૃતિ અને પ્રારબ્ધ કર્મજ આ શરીર પાસે સર્વ કાંઈ કરાવે છે અને તે જ મારે પણ છે.

વત્સ, ભગવાન અર્જુનને કહે છે કે - જે આ આત્માને મારનારો અથવા તો જે એને મરેલો સમજે છે તે સમજણ બરાબર નથી. કારણ કે તે નિત્ય અને મરવાવાળું જે સ્થૂળ શરીર છે તે, તે જ સૂક્ષ્મ શરીર (આત્મા) સાથે સંબંધમાં આવવાને કારણે મંદ બુદ્ધિવાળાના મનમાં એવો ભ્રમ પેદા કરે છે કે આત્માજ મરે છે. તેથી તું હમેશાં એવો વિચાર કર્યા કર કે - આ સૂક્ષ્મ શરીર સાથે સંબંધ રાખનારૂં સ્થૂળ શરીર જ મરે મારે છે, હું (સૂક્ષ્મ શરીર, આત્મા) નથી તો મારતો કે નથી તો મરતો.

સજ્જનો, જો કે આ વાત ભગવાને અર્જુનને માટે કહેલી છે, પરંતુ આપ સર્વ લોકોએ સદૈવ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે 'હું કદી મરવાનો નથી, મરનારૂં તો આ અનિત્ય અને સ્થૂળ શરીર છે ? પણ હા, વળી એ પણ ખ્યાલ રાખજો કે, 'હું મરવાનો નથી' એ નિશ્ચય ત્યારે જ થઈ શકે છે કે જ્યારે દેહાભિમાન છૂટી જશે અને આત્માના સ્વરૂપને બરાબર ઓળખી જશો ત્યારે. જો દેહનો મોહ અને અભિમાન નહીં છૂટે અને એ નિશ્ચય નહીં થાય કે 'હું મરતો નથી', તો જરૂર મરશો અને હમેશાં જન્મ મરણના ચક્કરમાં પડેલા રહેશો. તેથી સદૈવ શુભ કર્મ કરો, પવિત્ર વિચારો તથા ઉંચા ભાવોનેજ મનમાં સ્થાન આપો. તેનાથી જ આત્માના સ્વરૂપની ઓળખ થશે, અને જ્યારે આત્મ સ્વરૂપનું જ્ઞાન થઈ જશે, ત્યારે જન્મ મરણના બંધનમાંથી પણ છૂટકારો થઈ જશે, એ સર્વ સંમત સિદ્ધાંત છે કે મનુષ્ય જેમ જેમ પોતાના ગંદા વિચારોને દૂર કરે છે - તેમને હઠાવે છે - તેમ તેમ તે આગળ વધતો જાય છે અને ધીમે

ધીમે પરમાત્માની સાનિધ્યમાં પહોંચી જાય છે. પરંતુ જો તેમ નહીં કરતાં, અંતઃકરણને ગંદા વિચારોથી લિપ્ત રાખે છે, તો અવશ્ય નીચે પડે છે અને પરમાત્માથી દૂર જતો જાય છે.

જો કોઈ એમ સંદેહ કરે કે - જેને આત્માના સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું છે તેને તો મરવા જીવવાનો હિસાબ નથી. એ તો જાણે ઠીક છે, પરંતુ જેને એવું જ્ઞાન થયું નથી તેનું સૂક્ષ્મ શરીર (આત્મા) ક્યાં જાય છે ? તેના આત્માની કેવી દશા થાય છે ? તો તેનો ઉત્તર ભગવાન એવો આપે છે કે -

આ સૂક્ષ્મ શરીર (આત્મા ન કદી જન્મ લે છે અને ન કદી મરે છે, અથવા (એમ પણ નથી કે) તે કોઈને ફરી થવાવાળો નથી. (કારણકે) તે અજન્મા નિત્ય, શાશ્વત અને પુરાણ છે, (તેથી) શરીર મરવા છતાં પણ તે મરતો નથી.

આ આત્મા કદી જન્મ લેતો નથી અને કદી મરતો પણ નથી અને એમ પણ નથી કહી શકાતું કે તે એકવાર પેદા થએલો હતો અને ફરી બીજી વાર કદી પેદા થવાનો નથી. કારણ કે તે એજ અર્થાત્ જન્મ લેવાવાળો નથી, નિત્ય અર્થાત્ હમેશાં રહેવાવાળો છે, શાશ્વત અર્થાત્ સદાએ ચાલ્યો આવનારો છે, અને પુરાણ અર્થાત્ પુરાતન છે. અને તે જ કારણથી આ સ્થૂળ શરીરના મરવા છતાં પણ તે મરતો નથી.

સદ્ગુરુ કહે છે કે - હે વત્સ, આ આત્માનો કદી જન્મ પણ થતો નથી તેમ કદી મરતો પણ નથી. આ વાત પણ ઠીક જ છે, કારણ કે જેનો જન્મ જ નથી તે મરે પણ કેવી રીતે ? મરણની ક્રિયા તો ત્યારે જ થાય કે જ્યારે જન્મની ક્રિયા પહેલાં થઈ ગએલી હોય. આ એક નાના દૃષ્ટાંતથી જ જોઈ લ્યોને કે માટી જ્યાં સૂધી પોતાના પ્રાકૃતિક રૂપમાં છે, ઘડાના રૂપમાં આવી નથી ત્યાં સૂધી તમે તેને ગમે તેટલું મારો, પીટો, ગુંદો તો પણ કાંઈ થતું કે બગડતું નથી, પરંતુ તે માટીનો ઘડો બની તૈયાર થતાં જ સાજે એવી બીક પણ પેદા થાય છે કે, રખેને તે ફૂટે માટે સંભાળીને મૂકો. પણ શું તે ડરથી ઘડાનું ફુટવું રોકાઈ જવાનું છે ? હવે તો જ્યારે માટીમાંથી ઘડો તૈયાર થઈ ગયો છે, તો એ નિશ્ચિત વાત છે કે, કોઈને કોઈ દિવસે પણ તે અવશ્ય ફુટવાનો જ. તો જે પ્રમાણે ઘડો બનતા પહેલાં પણ માટી હતી, ઘડો બન્યા પછી પણ તે જ છે, અને ઘડો ફૂટયા પછી પણ તે જ રહેશે. તે જ પ્રમાણે આ આત્મા પણ ત્રણે કાળમાં - શરીરનો જન્મ થતા પહેલાં, શરીરનો જન્મ થયા પછી અને શરીરનો નાશ થયા પછી પણ - એક જ તરહેનો બની રહેલો છે. આત્માનો ત્રણે કાળમાં નથી તો જન્મ થતો કે નથી તો મરણ થતું છતાં પણ તે ભૂત, વર્તમાન તથા ભવિષ્ય ત્રણે કાળમાં હમેશાં મોજૂદ રહે છે, તાત્પર્ય એ છે કે , જ્યારે શરીર નહોતું ત્યારે પણ આત્મા હતો, શરીરના વર્તમાન કાળમાં પણ તેમાં આત્મા છે, અને શરીર મરી જતાં પણ તે તેવો જ રહેશે.

જે પુરુષ આ આત્માને અવિનાશી, નિત્ય અજ અને અવ્યય જાણે છે; હે વત્સ તે પુરુષ કેવી રીતે કોને મરાવે છે અને કેવી રીતે કોને મારે છે ?

હે પાર્થ, જે આત્મજ્ઞાની પુરૂષ આ આત્માને અવિનાશી અર્થાત્ નાશરહિત, નિત્ય અર્થાત્ સર્વદા વર્તમાન રહેવાવાળો, અજ અર્થાત કદી જન્મ ન લેનારો અને અવ્યવ અર્થાત્ કદી ન મરનારો જાણે છે તે પુરૂષ ભલા કેવી રીતે કોને મરાવી શકે અને કેવી રીતે કોઈને મારી પણ શકે ? ભાવ એ છે કે, એવો આત્મજ્ઞાની પુરૂષ કોઈ રીતે પણ એમ કરી શકતો નથી.

સદ્‌ગુરુ કહે છે કે, એ આત્મા નિરાકાર છે, તે કોઈને પકડતોએ નથી તેમ કોઈને મારતો અગર મરાવતો એ નથી. હા, એ વાત ખાસ જરૂરની છે કે, પ્રથમ આત્માના રૂપને ઓળખવું જોઈએ. પરંતુ આત્મા તો નાશરહિત અને આકાર રહિત છે, તે જોવાઈ શકતો નથી. કારણ કે જંગલ, ઝાડ, પહાડ આદિ જેટલા જોઈ શકાય એવા પદાર્થો છે તે સર્વમાં નાશ થવાની ક્રિયા મોજૂદ છે અને તેથી જે તે જોઈ પણ શકાય છે. પરંતુ આત્મા તે પ્રમાણે જોવામાં આવતો નથી અને તેથી જ તે નાશ રહિત છે. ભગવાને અર્જુનને જે 'વેદ' કહ્યો તેનો ભાવ એ છે કે, 'આ આત્માને જાણ.' કેવો જાણ ? તો તેના જવાબમાં - અવિનાશી, નિત્ય અને અવ્યય જાણ અર્થાત્ આત્માનો સ્વભાવ કદી બદલાતો નથી, તે કદી વધતો ઘટતો નથી. તે સર્વમાં એક રૂપે વ્યાપક છે, કીડીથી હાથી સુધી સર્વમાં એકજ આત્મા છે. તેના સંબંધમાં કોઈ એવો સંદેહ કરે કે - જે આત્મા હાથીના શરીરમાં છે તે કીડીના શરીરમાં કેવી રીતે પ્રવેશ કરી શકે ? તેનો કેવળ એક જ ઉત્તર છે કે, તે આત્મા બારીકમાં પણ બારીક છે અને મોટામાં પણ મોટો છે, અર્થાત્ તે સરસવના દાણાના લાખમાં ભાગ કરતાં પણ સૂક્ષ્મતમ છે અને પહાડથી પણ વધારે મોટો છે. અંગ્રેજીમાં એક વસ્તુને 'ઈલેક્ટ્રોન' કહે છે, જે ઘણી જ સૂક્ષ્મ છે પરંતુ આત્મા તો તેનાથી પણ સૂક્ષ્મ છે. વધારે ન કહેતાં જો એટલું જ કહેવામાં આવે કે તે વર્ણનાતીત છે, તો તે સર્વથી વધારે ઉચિત્ છે.

આત્મા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને મોટામાં પણ મોટો છે અર્થાત્ વર્ણનાતીત છે. જે પ્રમાણે સંસારની સર્વ મોટી વસ્તુઓ, સ્થૂળ પદાર્થોને તમે એમજ સાધારણ દૃષ્ટિથી પણ જોઈ લ્યો છો, પરંતુ ઝીણી વસ્તુઓને પાણી અગર હવાના જંતુ તથા કોઈ રોગના જંતુઓને સૂક્ષ્મદર્શક કાચની સહાયતા વિના જોઈ શકતા નથી તે પ્રમાણે આ આત્માના સંબંધમાં પણ સમજવાનું છે. પણ હા, એ ધ્યાનમાં રાખવાનું છે કે, તેને જોવાને સારૂ આ વિલાયતી સૂક્ષ્મદર્શક કાચ કામમાં આવતા નથી, તેને જોવાને તો બસ, 'જ્ઞાન દૃષ્ટિ' જ કામ લાગી શકે છે.

એ તો સર્વ લોક જાણે છે કે, દાંતમાં કીડા પડે છે ત્યારે જ દરદ થાય છે. પરંતુ ગમે તેટલું દરદ થાય તો પણ અભણ માણસના માન્યામાં તે વાત આવતી નથી,

તેના દાંતમાં કીડા પડ્યા છે એ વાત ઉપર તેને વિશ્વાસ આવતો નથી. તેને તો જો એકવાર તમે સૂક્ષ્મદર્શક કાચથી પ્રત્યક્ષ દેખાડી પણ દો, તો પણ તેના મનમાં તો એમજ લાગશે કે – કોણ જાણે આ યંત્રમાં જ એ કીડા હોય અને ડૉક્ટર સાહેબ ભૂલથી તેમને મારા દાંતમાં સમજતા તો ન હોય? પરંતુ એક સુશિક્ષિત આદમી અગર ડૉક્ટરને એ વાતનો નિશ્ચય છે કે, દાંતમાં કીડા થાય છે અને તે સૂક્ષ્મદર્શક કાચ દ્વારા જોયા સિવાય પણ એ વાતનો નિશંકપણે સ્વીકાર કરી લે છે. બસ, એજ હાલત આ આત્માની પણ છે. એક કમબુદ્ધિવાળા માણસને તમે ગમે તેવી રીતે સમજાવો કે આત્માનું અમુક સ્વરૂપ છે, અમુક સ્થાન છે અને અમુક સ્વભાવ છે, અરે એથી પણ વધારે જો કદાપિ કોઈ ઉપાયથી તમે આત્માને સાક્ષાત બતાવી દો (જો કે અસંભવિત છે), તો પણ એ તો એમ જ સમજશે કે આ મને ઠગે છે, કાંઈ જાદુ – હાથ ચાલાકી બતાવે છે. પરંતુ કોઈ શ્રદ્ધાળુ માણસને તમે કહો તો તે કાંઈ પણ સંદેહ વગર તમારી વાત સમજી જશે અને માની જશે.

સારાંશ એ નિકળ્યો કે જે પ્રમાણે સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ જંતુ દેખાય છે તે જ પ્રમાણે જ્ઞાનચક્ષુ દ્વારા આત્મા પણ જોઈ શકાય છે અને તેનો અનુભવ પણ કરી શકાય છે. જે માણસ સંયમ કરશે અને તે સાધનથી પોતાનામાં જ્ઞાનનો પ્રકાશ એકત્રિત કરશે તે અવશ્ય આત્માના સ્વરૂપને જાણી શકશે. આત્માના સ્વરૂપને ઓળખવું એ કાંઈ એવું અસંભવિત કામ નથી કે કોઈથી પણ તે ન થઈ શકે, પરંતુ જો કોઈ એમ કહે કે સંયમ આદિ ન કરવું પડે અને મને આત્માનાં દર્શન થાય તો તે અસંભવિત છે. આત્મા એ કાંઈ એવી પ્રદર્શન કે ખેલની ચીજ નથી કે જે કુતૂહલથી – સર્વ સાધારણથી જોઈ શકાય. તેને સારૂ તો જ્ઞાનચક્ષુની ખાસ આવશ્યકતા છે. જ્યારે સૂક્ષ્મ દૃષ્ટિ થશે ત્યારેજ એ દેખી શકાશે., અન્યથા નહીં અને જો કોઈ એમ પૂછે કે આજકાલ એવો કોઈ જ્ઞાનચક્ષુવાળો જોવામાં આવતો નથી, તો પછી જ્ઞાનચક્ષુના સંબંધમાં એમ શી રીતે મનાય કે એવી દૃષ્ટિ કોઈની હોતી હશે ? એનું પ્રમાણ શું ? એનો ઉત્તર એ છે કે આજકાલના લોકોમાં એટલા તો ગંદા વિચાર ભરાયા છે અને તરેહ તરેહના તરંગો ઉઠી રહ્યા છે કે જેથી તેમનાં હૃદયપટલ એકદમ મલિન થઈ ગયાં છે. પછી ભલા આજકાલના લોકોને આત્મા અગર આત્મજ્ઞાનીનું ભાન કેવી રીતે થઈ શકે ? એવી અવસ્થામાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ આકાશના ફૂલને તોડવા જેવું નહીં તો બીજું શું છે ?

આ સર્વ સંદેહો ઉઠવાથી અર્જુને ભગવાનને પૂછ્યું કે જો હું બાણ છોડું અને લડાઈ શરૂ કરૂં, તો આ જેટલા કૌરવો છે તે બધા મરી જશે, તો તેમનું મરવું એ 'મરવું' કહેવાશે કે નહીં ? પછી તેમના કેવા હાલ થશે ? આત્મા ચાહે ભલે ન મરે, પરંતુ શરીરથી તો બધું જીવન છે ? આપણે જે ખાઈએ પીએ છીએ અગર કામકાજ

કરીએ છીએ, એ સર્વ શરીરથી તો કરીએ છીએ ? પછી જ્યારે આ શરીર નહીં રહે તો આત્માના રહેવાથી કે ન રહેવાથી શું થવાનું છે ?

ભગવાને કહ્યું - અર્જુન, તું વારેવારે શરીરની ફીકર શા માટે કરે છે ? શરીરની ચિંતા છોડી દે.

અર્જુને પૂછયું - કેમ ? કેવી રીતે છોડી દઉં ?

ભગવાને કહ્યું - આ શરીર તો મર્યા પછી પાછું પેદા થશે અને આ જન્મમાં જે કામ જેટલે સુધી કરીને તું મરીશ, તેનાથી આગળ આગલા જન્મમાં ફરી પાછું શરૂ કરીશ અર્થાત્ એક પછી એકનો સંબંધ લાગેલો જ રહેવાનો.

સજ્જનો ! જે પ્રમાણે યાત્રાળુને રેલગાડીમાં એક પછી બીજી અને બીજી પછી ત્રીજી ગાડીમાં બેસવું પડે છે અને એ પ્રમાણે પોતાની બધી યાત્રા પૂરી કરવી પડે છે તે પ્રમાણે આ સંસારની યાત્રા પુરી કરવાને સારૂ આ શરીર બદલવાં પડે છે. તાત્પર્ય એ છે કે જે પ્રમાણે કાનપુરથી કલકત્તાની યાત્રા કરનારને અલ્હાબાદમાં એક ટ્રેન છોડી બીજી અને મુગલસરાયમાં તે છોડીને ત્રીજી ટ્રેન તૈયાર મળે છે તેવી રીતે સંસારની યાત્રામાં પણ એક શીર પછી બીજું અને બીજા પછી ત્રીજું શરીર તૈયાર મળે છે. અને જેવી રીતે ચાહે જેટલીએ ટ્રેનો બદલવી પડે, પરંતુ પહોંચવાનું તો કલકત્તા જ છે, તેવી રીતે ચાહે જેટલાએ શરીર બદલવાં પડે, પરંતુ સર્વનું અંતિમ લક્ષ્ય તે પરમાત્માનું ધામ જ છે. તેથી સાથે એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે જેવી રીતે રેલના યાત્રાળુઓને વધારે કે ઓછા પૈસા અનુસાર ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ આદિ હવાશીર, ગાદી તકિયાવાળી, સ્વચ્છ જુદા જુદા દરજ્જાની જગા મળે છે. તેવી રીતે સંસારના યાત્રાળુઓને પણ પોત પોતાના કર્મ અનુસાર ઉંચા નીચા દરજ્જા (શરીર - યોનિઓ) મળે છે. જે સત્કર્મ કરનારા અને સદ્માર્ગે ચાલનારા છે તેમને નિરોગી શરીર, સારૂ કુળ અને ધનવાન ઘર મળે છે અને જે અસત્ કર્મ કરનારા અને કુમાર્ગે ચાલનારા છે તેમને રોગી શરીર નીચકુળ અને દરિદ્ર ઘર મળે છે. જ્યાં પેલા થર્ડ ક્લાસ અગર કોયલાની ગાડીમાં બેસનારાની પેઠે, એક જ નાનાશા ડબા અગર ઘરમાં ઠાસીઠાંસીને ઉપર નીચે ધકેલી દેવામાં આવે છે, જ્યાં તેમને તરેહ તરેહનાં કષ્ટ ભોગવવા પડે છે. નથી સાફ હવા મળતી, કે નથી તો સુંદર ભોજન મળતું કે નથી તો પગ લાંબા કરી સુવાની જગા મળતી. મતલબ એ છે કે યાત્રા કરવાને સારૂ ગાડી કે શરીર તો બન્નેને મળે છે, પણ પોતાના દમ અગર કામ અનુસાર ફર્સ્ટ ક્લાસ અગર થર્ડ ક્લાસની ગાડી અને ઉંચ અગર નીચ કુળનું શરીર પ્રાપ્ત થાય છે સત્કર્મીને પવિત્ર અને ઉત્તમ કુળનું ઘર મળવાનું, જ્યાં તે આનંદથી રહેવાનો તથા માતા, પિતા, ભાઈ, બહેન, હિતમિત્ર સર્વથી આદર પામવાનો, તથા અસત્કર્મીને નાગા, લુચ્ચાનું ઘર મળવાનું. જ્યાં તે નાના પ્રકારના ઘરના ઝઘડામાં રાત દિવસ મરતો રહેવાનો

અને માતા, પિતા, ભાઈ, બહેન, હિતમિત્ર આદિ સર્વ તરફથી તરેહ તરેહનાં કષ્ટ ભોગવતો રહેવાનો. ઘરની સ્ત્રી ગાળો દેવાની, પુત્ર દંડો લઈને મારવાને તૈયાર થવાનો અને રાત દિવસ કલહ પ્રપંચમાં બળી બળીને મરવાનું. એટલું જ નહીં પણ જેવી રીતે વિના ટીકીટે ગાડીમાં બેસનારને ટીકીટ ચેકર હાથ પકડીને ગાડીમાંથી નીચે ઉતારી મૂકે છે અને અપમાન સહેવું પડે છે, તેવી રીતે નીચ કર્મ કરનારને આ સંસારમાં સદાએ અપમાન સહેવું પડે છે. તથા લોકોના ધક્કા, માર ખાવા પડે છે.

હે વત્સ, આ શરીર તથા રેલગાડીની લગભગ એક જ હાલત છે. જ્યાં સુધી યાત્રા પુરી ન થાય ત્યાં સુધી એક પછી બીજી ગાડી મળતી રહે છે, તે પ્રમાણે એક પછી બીજું શરીર મળતું રહે છે. હા, જે કાંઈ ફેર છે તે એટલો જ છે કે રેલગાડીમાં આપણે જાણી શકીએ છીએ કે અમુક સ્ટેશન ઉપર અમુક વખતે આપણે ગાડી બદલવી પડશે અને અમુક સ્થાને આપણી યાત્રા પૂરી થશે, જ્યારે શરીરના સંબંધમાં આપણને એ બાબતોની કાંઈ પણ ખબર પડતી નથી કે શરીર ક્યારે બદલવું પડશે અગર યાત્રા ક્યારે પૂરી થશે. તેથી આ સંસારમાં સદાએ એવાં કર્મ કરતાં રહો કે જેથી ફરી પાછું આવવું ન પડે અને ચોરાસી લાખ યોનિનું ચક્કર વળી પાછું ફરવું ન પડે. નિરંતર એવો વિચાર કર્યા કરો કે આ જ અંતિમ યોનિ છે, અને એવો પ્રયત્ન કરતા રહો કે આ જ યાત્રામાં કૈવલ્ય પદની પ્રાપ્તિ થઈ જાય. એમ કરતા રહેવાથી એ ફળ થશે કે જો કદી આ જ શરીરમાં કૈવલ્ય પદની પ્રાપ્તિથઈ જાય. ભૂલમાં પણ એવી ચિંતા કરશો નહીં કે આના પછી કોઈ શરીર મળશે જ નહીં. કારણ કે જે આ જગત્‌માં આવે છે તેને નવું શરીર મળે છે જ અને જૂના શરીરનો ત્યાગ કરવો પડે છે જ. એજ વાત આગળના શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે. સાંભળો -

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गहाति नराऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा -
न्यन्यानि संयाति नवानि देही ।।२२।।

જેવી રીતે મનુષ્ય જૂનાં વસ્ત્રોને છોડીને બીજા નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેવીજ રીતે જીવાત્મા જૂનાં શરીરોને છોડીને બીજાં નવાં શરીરોને પ્રાપ્ત થાય છે.

ભગવાન કહે છે કે - હે અર્જુન, જે પ્રમાણે આદમી પોતાનાં જુના કપડાંને દૂર કરીને તેની જગાએ બીજા નવાં કપડાં પહેરી લે છે, અને કાંઈ દુઃખ માનતો નથી, તેવી રીતે આ જીવાત્મા પણ પોતાનાં જુનાં શરીરોને દૂર કરે છે અને તેની જગાએ બીજા નવાં નવાં શરીરોને ધારણ કરતો રહે છે, તેથી તેમાં સુખજ માનવું જોઈએ, દુઃખ નહીં.

હે વત્સ ! સંસારમાં એવું કોણ છે કે જે પોતાનાં વસ્ત્રોને જૂનાં અને ફાટાં

તૂટ્યાં જોઈને પણ તેને બદલવાની ઈચ્છા ન રાખે ? અથવા જો કોઈ તેના અજાણ પણામાં પણ બદલી આપે તો તેથી દુઃખ માને ? લગભગ કોઈજ નહીં. અમીરથી લઈને ગરીબ સુધી સર્વે એમ જ ઈચ્છે કે કપડાં જૂના થતાં જ બદલવામાં આવે, અને તેમ કરે પણ છે જ; તથા તેમ કરીને પોતાનામાં ગૌરવનો અનુભવ કરે છે, પોતાને ગૌરવાન્વિત સમજે છે, અરે એટલું જ નહિ પણ કદી કદી તો એમ પણ જોવામાં આવે છે કે કોઈ ઉત્સવ અગર તેહવારનો દિવસ હોય તો, પહેરેલાં કપડાં જૂનાં ન થયાં હોય તો પણ ઘણા લોકો તેને કોઈ બીજાને આપી દે છે અને પોતે બીજાં નવાં પહેરે છે. શું કોઈ એમ કહી શકશે કે મનુષ્ય કાંઈ નાસીપાસ થઈને તેમ કરે છે, અગર તેમ કરવાથી તેને દુઃખ થાય છે ? કદાપિ નહીં, સ્વ ઈચ્છાથી જ તેમ કરે છે અને તેમ કરીને સુખ માને છે, ખુશી થાય છે. બસ, એજ હાલત આ દેહી અર્થાત્ જીવાત્માની પણ છે. જેવી રીતે મનુષ્યનો પોશાક તેના ઉપરનાં કપડાં વિગેરે છે તેવી રીતે જીવાત્માનો પોશાક પણ આ શરીર જ છે અને જેવી રીતે મનુષ્ય જૂનાં કપડાં બદલીને સુખ માને છે તેવી રીતે જીવાત્મા પણ પોતાનાં જૂનાં શરીરોને બદલીને સુખ માને છે. એજ વાતને વધારે સ્પષ્ટતાથી કહેવી હોય તો, એમ કહી શકાય કે - જેમ મનુષ્યનું શરીર, પોતાનાં કોટ પાટલુન આદિને જૂનાં અને નકામાં જાણીને તેનાથી દૂર થઈ જાય છે અને પોતાને બીજા નવાં કોટ પાટલુનથી ઢાંકી દે છે, તેમ મનુષ્યની અંદર રહેનારો જીવાત્મા પણ પોતાનાં શરીરને જુનાં અને નકામા જાણીને પોતાને બીજાં નવાં શરીરમાં ઢાંકે છે - કોટ પાંચ દશ વર્ષ જુનો થયા પછી તેને બદલતાં કોઈને દુઃખ થાય ? ના, પછી શરીર પણ જૂનું થયા પછી તેને બદલતાં જીવાત્માને શા માટે દુઃખ થાય ? અર્થાત્ ન જ થાય. હા, જો કોઈ એમ સમજતો હોય કે કોટ પણ હાથ પગ આદિની પેઠે શરીરનું જે એક અંગ છે, તો તે જૂનામાં જૂનો થવા છતાં પણ તેને બદલવામાં અવશ્ય દુઃખ થાય. પરંતુ જે શરીર અને આત્માનું પૃથક્ પૃથક્ જ્ઞાન ધરાવતા હોય તેમને શરીરના બદલાવાનું તેના મરવા જીવવાનું કદાપિ દુઃખ થતું નથી.

ભાઈઓ, જો કોઈ એમ સંદેહ કરે કે - કપડાં ફાટવા માંડે, વારેવારે સીવતા પણ કામ ન આપે, પોતાની મેળેજ જ્યાં ત્યાંથી ફસકી જાય, તેથી તે જૂનાં થયાં છે એની ખબર પડે, પરંતુ શરીર જૂનું થયું છે એવી ખબર કેવી રીતે પડી ? તો સાંભળો - જ્યારે શરીર માતાના ઉદરમાંથી બહાર આવે છે ત્યારે કેટલું નિર્મળ, નિર્દોષ અને કોમળ હોય છે તે જાણો છો ? પછી તે ધીરે ધીરે વધવા માંડે છે અને પોતાનામાં સંસારભરનો મેલ, કઠોરતા, અને દોષ ધારણ કરીને વીસ પચીસ વર્ષનો યુવાન થઈ જાય છે. યુવાન થતાં જ યુવાવસ્થાનું અભિમાન ચઢી જાય છે, મૂછ પર હાથ ફેરવે છે અત્તર ફૂલેલ લગાવે છે અને મદમાં મસ્ત બની જાય છે. પછી રાત દિવસ કંચન અને કામિનીના શિકારમાં લાગેલો રહે છે, પોતાની બરાબરીનો કોઈને સમજતો નથી. એ

પ્રમાણે પાપકર્મ અને મિથ્યાચારમાં પ્રવૃત્ત રહેતાં જ્યારે તે પચાસ અગર સાઠ વર્ષનો થાય છે ત્યારે તેનામાં પચીસ તીસ વર્ષની ઉંમરનો ઉમંગ રહેતો નથી તેમજ તેવો રંગ પણ રહેતો નથી. પછી તો પેલાં જૂનાં કપડાંની હાલત થઈ જાય છે અને જેવી રીતે કપડું ફાડવાનો પ્રયત્ન કર્યા વગર પણ આપોઆપ ફસકાવા માંડે છે, આંખનું તેજ ઓછું થાય છે, શરીરમાં કરચલીઓ પડી જાય છે, યુવાવસ્થાની બધી રોનક ધીમેધીમે કમી થવા માંડે છે, બે વખતને બદલે એકજ વખત ભોજન લેવાય છે. અને સર્વ ઈન્દ્રિયો શિથિલ પડી જાય છે તથા લાખ પ્રયત્ન કરતા છતાં પણ તે કામ આપતી નથી. બસ, એજ શરીર જુનું થયાની ઓળખાણ છે.

આ પ્રમાણે કપડાંની માફક જેમજેમ શરીર જૂનું થતું જાય છે તેમતેમ તેનો મોહ છૂટતો જાય છે. પછી તો જેમ કપડાં વિના શરીર રહી શકતું નથી અને એક કપડું જૂનું થતાં બીજું નવું ધારણ કરી લે છે, તેમ વિના શરીરે આ જીવાત્મા પણ રહી શકતો નથી. તેથી એક શરીર જૂનું થતાં જ પોતાનાં કર્મ અનુસાર બીજું નવું શરીર ધારણ કરી લે છે અને આનંદ માને છે.

મિત્રો, પ્રભુના પ્રેમિયો, હવે એમાં તો કોઈ સંદેહ રહ્યો નથી જ કે જૂનાં કપડાંની પેઠે શરીર પણ પરિવર્તનશીલ છે. હવે તે જ પ્રમાણે એ પણ ઘટાવીને જોઈ લો કે જે પ્રમાણે પોતાની શક્તિ અનુસાર મનુષ્ય મોંઘું અને સસ્તું કપડું ખરીદ કરી શકે છે, અર્થાત્ જો તમારી પાસે પુરતા પૈસા હોય તો, તમે સો રૂપીએ વારનું કપડું પણ ખરીદ કરી એનાં કોટ પાટલુન શીવડાવી શકો છો અને જો પાસે પૈસા ન હોય તો ૧૫ રૂપિયે વારની ખાદી પણ ખરીદ કરી શકાતી નથી, તે જ પ્રમાણે જો તમે સારાં કર્મ કરશો તો આગળના જન્મમાં ફરી ઉત્તમ મનુષ્યનું શરીર મળશે અને જો સારાં કર્મ નહીં કરો, મિથ્યાચાર કરતા રહેશો તો ગધેડા, ઘોડા અગર સુવર આદિનું શરીર મળશે, અને જો કોઈ રીતે મનુષ્યનું શરીર મળી ગયું તો ઉતમ મનુષ્યનું ન મળતાં, અધમઘ, કોઢી અગર લુલું લંગડું શરીર મળશે અને તરેહ તરેહનાં દુઃખ ભોગવશો.

અહીંયા સ્વભાવિક રીતે એક શંકા ઉત્પન્ન થાય છે; તે એ છે કે, કપડાંની પેઠે શરીર જૂનું થતાં અર્થાત્ વૃદ્ધાવસ્થા આવ્યા પછી શરીર છૂટી જાય છે, એ તો જાણે ઠીક છે, પરંતુ સંસારમાં એમ પણ જોવામાં આવે છે કે, ઘણા લોકો વૃદ્ધાવસ્થા પહેલાં, યુવાનીમાં જ મરી જાય છે; એમ કેમ થાય છે ? તો તેનું સમાધાન એવું છે કે, જો કે લોકોના દેખાવમાં એ શરીર જુનું થએલું હોતું નથી, યુવાન અને નવું જ દેખાય છે. પરંતુ વાસ્તવમાં પોતાના આયુષ્યને અનુસરીને તે જૂનું થઈ ગએલું હોય છે, કપડાનાંજ ઉદાહરણથી એ વાત સમજી શકાશે કે જેમ એકજ મીલમાં બે ધોતી જોટા એકી વખતે તૈયાર થયા એટલે બન્નેની ઉંમર સરખી જ છે અને તે જ દિવસથી તે શરૂ થાય છે. તેમાંથી એકને તો કોઈએ તરત જ ખરીદી લીધો અને તેને વાપરવાનું શરૂ કરી દીધું,

પરંતુ બીજો જે બચી ગયો તે ચાર મહીના સુધી મીલના ગોડાઉનમાંજ પડી રહ્યો. ત્યાંથી ચાલી બાર મહીના સુધી કોઈ દુકાનદારની દુકાનમાં પડી રહ્યો. એ પ્રમાણે પોતાની ઉંમરથી સોલ મહીના તો તેણે એમજ ગુમાવ્યા. હવે માનો કે કોઈ ગ્રાહક તેને ખરીદ કરી લઈ ગયો અને તેને ત્યાં એકજ મહીનો કામ આપી તે ફાટી ગયો, અને તેની સાથેનો જે ધોતી જોટો તરતજ ખરીદાએલો હતો તે પૂરા સત્તર મહીના કામ આપી ફાટયો. હવે વિચાર કરો કે એ બન્ને ધોતીયોના ખરીદારોએ તો તેમને નવાં સમજીને ખરીદેલાં, પરંતુ વાસ્તવમાં એક ધોતી જોટાએ પોતાની કુલ સત્તર મહિનાની ઉંમરમાંથી સોલ મહિના તો એમ બેઠે બેઠે જ ગુમાવ્યા હતા અને તેના ખરીદનાર બિચારાને તેની ખબર ન હોતી અને એજ ઝંખનામાં રહ્યો કે મ્હારી નવી ધોતી ફાટી ગઈ, એક મહીનો પણ બરાબર ચાલી નહીં. એવી સ્થિતિમાં ઉપર ઉપરથી જોનાર તો એમજ જણાય કે એક ખરીદનારને સત્તર મહીના ચાલી અને બીજાને મહિનો ચાલી, પરંતુ વાસ્તવમાં બન્નેને બરાબર ચાલી અને પોતાના જન્મકાળથી લઈને સત્તર મહિને ફાટી, બસ, એજે હાલ આ શરીરના પણ છે. જો કે યુવાન અગર છોકરૂં મરતાં લોકોને એમજ જણાય છે કે નવુંજ શરીર મરી ગયું, પરંતુ પોતાના આયુષ્યને અનુસરીને તે જૂનું થઈને જ મરે છે. એજ વાતને બીજી રીતે એમ સમજી શકાય છે કે -એક કપડું, ઘણા જાડા સૂતરનું (જીન ખાદી વિગેરે) બનેલું છે. ઝીણું કપડું બે કે ચાર વાર ધોબીને ત્યાં જઈ આવ્યા પછી અથવા થોડા દિવસોમાંજ વ્યવહારમાં આવી જલ્દી ફાટી જાય છે, અને જાડું કપડું વધારે દિવસ ટકે છે તથા પાંચ પચીસ વાર ધોબીને તયાં જઈ આવ્યા છતાં પણ ફાટતું નથી, એજ પ્રમાણે શરીરની પણ દશા થાય છે. કોઈ શરીર થોડા દિવસોજ કામ આપી ખલાસ થાય છે અને કોઈ શરીર સેંકડો વર્ષ ટકી શકે છે અને કામ આપે છે. એનું કારણ એ છે કે જે શરીરનો જેવો સંસ્કાર અને જેટલું આયુષ્ય નિર્માણ થએલું હોય છે તેને અનુસરીને તે શરીર આ સંસારમાં ઉપયોગમાં આવે છે અને ચાલે છે. પોતાના સંસ્કાર અને આયુષ્યની મર્યાદા મૂકીને અર્થાત્ તેનાથી કમી અગર વધારે તે કોઈ પણ ઉપાયે ચાલી શકતું નથી.

હવે ભગવાનના આ કથનમાં કોઈપણ સંદેહનો અવકાશ રહેતો નથી કે જેવી રીતે જૂનાં કપડાંને છોડીને મનુષ્ય બીજા નવાં કપડાં ધારણ કરે છે તેવીજ રીતે આ આત્મા જૂનાં શરીરને છોડીને બીજા નવા શરીરો ધારણ કરે છે. ભગવાનના આ કહેવા ઉપરથી અર્જુને પ્રશ્ન કર્યોકે -શું જેવી રીતે કપડાં અગર શરીર હથિયારથી કાપી શકાય છે, પાણીથી પલળી જાય છે અને પવનથી સુકાઈ જાય છે તે પ્રમાણે આત્મા પણ કપાય, બળાય, ભીંજાય કે સુકાય છે? તેના જવાબમાં ભગવાન કહે છે કે -

આ (આત્મા) ને હથિયાર આદિ કાપતાં નથી, તેને આગ બાળી શકતી નથી, પાણી પલાળી કશતું નથી તથા હવા સુકવી શકતી નથી.

હે અર્જુન, એ આત્મા, નથી તો શસ્ત્રો દ્વારા કાપી શકતો નથી તો અગ્નિથી બાળી શકાતો, નથી તો પાણીથી પલાળી શકાતો નથી તો હવાથી સુકવી શકાતો, એ આત્મા એટલી તો સૂક્ષ્મ વસ્તુ છે કે તેના ઉપર કોઈ પણ તત્ત્વની અસર થઈ શકતી જ નથી. વળી એમ પણ છે કે આ તત્ત્વોની અસર તો સાકાર વસ્તુ ઉપર જ થઈ શકે છે, નિરાકાર વસ્તુ ઉપર કદી થતી નથી, અને એ આત્મા નિરાકાર છે તેથી તેના ઉપર તેમનો કાંઈ પણ પ્રભાવ પડી શકતો નથી.

હે વત્સ અહીં ભગવાને અર્જુનને ચાર તત્ત્વો - પૃથ્વિ, તેજ, જળ અને વાયુ - નો બોધ કરાવી કહ્યું કે આત્મા ઉપર તેમનો પ્રભાવ પડતો નથી અર્થાત્ આત્મા ઉપર તત્ત્વોના ગુણો અસર કરી શકતા નથી. અહીં ભગવાને ચાર જ તત્ત્વોનો ઉલ્લેખ કરેલો છે, પાંચમાં તત્ત્વ-આકાશનો કરેલો નથી, કારણ કે તે શૂન્ય છે. આ પ્રમાણે ભગવાને એમ બતાવ્યું છે કે આત્મા નિર્ગુણ અને નિરાકાર વસ્તુ છે અને તત્વોની અસર માત્ર સગુણ અને સાકાર વસ્તુઓ ઉપરજ થઈ શકે છે. ટૂંકામાંજ સમજી લેવું જોઈએ કે કેવી રીતે આ તત્ત્વોનો આત્મા ઉપર પ્રભાવ પડી શકતો નથી.

પૃથ્વિતત્વ-શસ્ત્ર કાપી શકતા નથી. સર્વ હથિયાર માટીમાંથી જ પેદા થાય છે. (લોખંડ વગેરે પૃથ્વિમાંથી નીકળે છે) તેથી શસ્ત્ર સગુણ અને સાકાર પદાર્થ થયો. અને આત્મા નિર્ગુણ અને નિરાકાર વસ્તુ છે. એવી હાલતમાં કોઈ શસ્ત્ર તેનો ઉપર કેવી રીતે કામ કરી શકે ? શસ્ત્ર તો કોઈ દેખાતી વસ્તુ ઉપર જ ચલાવી શકાય અને તેના ઉપર જ પોતાની અસર કરી શકે; કાપી શકે. અને આત્મા તો એટલે સૂક્ષ્મ વસ્તુ છે કે તે દેખી શકાતો જ નથી. પછી કોઈ પણ શસ્ત્ર તેને કેવી રીતે કાપી શકે ? કદી પણ ન કાપી શકે.

અગ્નિતત્વ-અગ્નિ બાળી શકતો નથી, અગ્નિ પણ સગુણ અને સાકાર પદાર્થ છે. તેથી તે પણ આંખથી જોઈ શકાય તેવી વસ્તુને બાળી શકે છે. જે વસ્તુ દેખી શકાતી નથી તેના ઉપર આગની કાંઈ પણ અસર થતી નથી. તેથી આત્માને અગ્નિ બાળી શકતો નથી.

જળતત્ત્વ- પાણી પલાળી શકતું નથી. પાણી પણ સગુણ અને સાકાર વસ્તુ છે. તે પણ દેખી શકાય એવી વસ્તુ ઉપર જ અસર કરી શકે છે. આત્મા પાણીના પરમાણુઓ કરતાં સૂક્ષ્મ છે, તેથી તેને પાણી પલાળી શકતું નથી.

વાયુતત્ત્વ - હવા સુકવી શકતી નથી. જો કે હવાને સાકાર કહી શકાતી નથી, કારણ કે તે દેખી શકાતી નથી તોપણ તે સગુણ તો છે જ. તેથી વાયુ પણ તે જ વસ્તુને સુકવી શકે કે જે વસ્તુ આંખથી દેખી શકાતી હોય. અને આત્મા નિરાકાર હોવા ઉપરાંત નિર્ગુણ પણ છે. તે વાયુ કરતાં પણ અતિ સૂક્ષ્મ છે. તેથી વાયુ આત્માને સુકવી શકતો નથી.

તાત્પર્ય એ છે કે આત્મા આ ચારે તત્ત્વોથી પર છે. જે પ્રમાણે કોઈ વાસણ ઉપર ઘી, તેલ અગર કોઈ ચીકણો પદાર્થ લગાડવાથી તેના ઉપર પાણી અસર કરી શકતું નથી, તે પ્રમાણે આત્મા ઉપર કોઈ પણ તત્ત્વની કાંઈ પણ અસર થતી નથી. આત્મા નિર્લેપ છે. જો કે આત્મા, જીવાત્મા તથા પરમાત્મા, એ પ્રમાણે આત્માના ત્રણ ભેદ છે, તો પણ એ ત્રણે એકજ છે. આત્મા ન તો કદી મરે છે કે, ન તો કદી ઉત્પન્ન થાય છે, જીવાત્મા અહંભાવથી આચ્છાદિત છે. તેથી તે નવાં નવાં શરીર ધારણ કરતો રહે છે. જીવાત્મા મન, બુદ્ધિ ચિત તથા અહંકારને આધીન થઈ જાય છે તેથી તે ચતુષ્ટકયુક્ત કહેવાય છે, જીવાત્મા જયાં સુધી શરીરની સાથે રહે છે ત્યાં સુધી તેનામાં "હું અહમ્" નો ભાવ બનેલો રહે છે અને સંસારના સર્વ વ્યવહાર કરે છે, એક શરીરને છોડીને બીજા શરીરમાં જાય છે, સદૈવ પોતાનાં કામોમાં ધ્યાન આપે છે અને દુઃખ દ્વંદ્વમાં ફસેલો રહે છે. તેથી આપ લોક પોતાને "આત્મા" જાણો અને એના રૂપને ઓળખો, એવો વિશ્વાસ રાખો કે તે અવશ્ય છે જ, પણ દેખાતો નથી, દેખાતું તો કેવળ શરીર છે. તેથી નાશ પણ તેનો જ થાય છે, જીવાત્માનો નહીં કારણ કે નાશ તો જે દેખી શકાય તેનો જ થાય છે, સાકાર પદાર્થનો જ થાય છે, નિરાકાર, નિર્ગુણ, નિરવ્યવ આત્માનો નાશ થઈ શકતો નથી. તેની સાથે એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે, સંસારમાં જેટલી વ્યાધિઓ અગર દુઃખ થાય છે તે સર્વ એ જ તત્ત્વોના પ્રભાવથી થાય છે, તેથી તેની અસર પણ તે તત્ત્વોના બનેલા શરીર ઉપર જ થાય છે, આત્મા ઉપર નહીં, કારણ કે આત્મા એ તત્ત્વોથી પર છે. તેના ઉપર કોઈ સંદેહ કરે કે - જો આત્મા એ તત્ત્વોથી પર છે અને તેના ઉપર કાંઈ અસર થતી નથી, તો વાસ્તવમાં આત્મા શું છે ? એનો ઉત્તર ભગવાન એમ આપે છે કે -

તે ન કાપી શકાય તેવો, ન બળે એવો, પલળે નહીં એવો અને સુકાય નહીં એવો છે. એ સદાએ રહેનારો, સર્વ વ્યાપક, સ્થિર, કદી ન ચળનારો અને સનાતન છે.

એ આત્મા અચ્છેદ્ય છે અર્થાત્ તેમાં છેદ પડી શકતો નથી, કાપી શકાતો નથી, એ આત્મા અદાહ્ય છે અર્થાત્ બાળી શકાતો નથી, એ આત્મા અશોષ્ય છે અર્થાત્ સૂકવી શકાતો નથી. ત્યારે તે છે શું ? તે નિત્ય, સર્વગત, સ્થાણું, અચળ અને સનાતન છે. એજ આત્માનું સ્વરૂપ છે.

હે વત્સ ભગવાન કહે કે, આ આત્મા સર્વગત અર્થાત્ દુનિયામાં જે કાંઈ પણ છે તે સર્વમાં રહેવાવાળો છે. તો જયારે તે, પૃથ્વિ, અગ્નિ, પાણી અને હવા આદિ સર્વમાં એક રંગ અને એકરસથી વ્યાપ્ત થઈને રહેવાવાળો છે તો પછી એ તત્ત્વોની તેના ઉપર અસર કેવી રીતે થાય ? કારણ કે આત્માથી ભિન્ન જો બીજી કોઈ વસ્તુ હોય, તો તે તેને મારે અગર કાપે, પરંતુ આત્મા જ આત્માને કેવી રીતે નષ્ટ કરી

શકે ? તેથી ભગવાન કહે છે કે, તે સ્થાણુ, અચળ અને સનાતન અર્થાત્ તે સદા સર્વદા સ્થિર રહેનારો, કદી ટાળી ન શકાય એવો તે હમેશાં ચાલુ રહેનારો છે. તેથી જ આત્માના સંબંધમાં એમ કોઈથી કહી શકાતું નથી કે તે અમુક વખતે પેદા થયો અને અમુક વખત સુધી રહેશે અગર તે ક્યારે પેદા થયો અને ક્યાં સુધી રહેશે, એ અનાદિ અને અનંત છે. 'આત્મા સર્વગત છે' એનો એક અર્થ એ પણ થાય છે કે - આ ચેતન આત્માનો પ્રકાશ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર સર્વ ઉપર એકસહઃ પડે છે, આત્માના પ્રકાશમાં કાંઈ ભેદ નથી. જેવી રીતે વીજળી અગર સૂર્યના પ્રકાશના સંબંધમાં એમ કહી શકાતું નથી કે તે બ્રાહ્મણના ઘરમાં અધિક અને શુદ્રના ઘરમાં કમી પડે છે, તેવી રીતે આત્માના સંબંધમાં પણ એમ નથી કહી શકાતું કે તેનાથી બ્રાહ્મણ, ક્ષત્રિય અગર વૈશ્ય જે વધારે પ્રકાશિત થાય છે અને શુદ્ર ઓછા પ્રકાશિત થાય છે. આત્મા સર્વ જાતિ, સર્વ દેશ અને સર્વ કાળમાં એકજ રૂપે સરખો રહે છે, પ્રાણિ માત્રમાં તે એકરસ છે. ભેદ શરીરનો છે, આત્માનો નથી.

ઠીક મહારાજ, જો આત્મા સર્વમાં, સર્વત્ર એક જ રૂપે વ્યાપક છે, તો તે દેખાતો કેમ નથી ? એના ઉતરમાં ભગવાન કહે છે કે -

એ (આત્મા) અવ્યક્ત, એ (આત્મા) અચિંત્ય અને એ (આત્મા) અવિકારી કહેવાય છે. તેથી તેને તેવો જાણીને તારે શોક કરવો યોગ્ય નથી.

એ આત્મા ઈન્દ્રિયોથી ન જાણી શકાય તેવો, એ આત્મા મનથી ન ચિંતવી શકાય તેવો તેથી એ આત્માને વિકાર રહિત કહેવામાં આવે છે. તેથી તે આત્માને તું એવો જાણીને શોક કરવા લાયક નથી અર્થાત્ આત્માનો શોક કરવો તારે સારૂં ઉચિત નથી, માટે તું આત્માનો શોક કરીશ નહીં.

હે વત્સ ! આત્મા ઈન્દ્રિયોથી જાણી શકાતો નથી, તેથી આંખોથી તેને કોઈ દેખી શકતું નથી. તેમજ તે અચિંત્ય પણ છે અર્થાત્ તેના સંબંધી મનમાં વિચાર કરતાં પણ કાંઈ જાણી શકાતું નથી. તથા તે વિકાર રહિત છે તેથી તેને કોઈ પ્રકારની આધિ વયાધિ કે ઉપાધિમાં પડવું નથી. હા, જો કોઈ તેને જોવાની અગર મન દ્વારા વિચાર કરી તેનો અનુભવ કરવાની ઈચ્છા કરે તો તેને સારૂ એક જ ઉપાય છે અને તે એ કે - બરાબર મનન તથા નિદિધ્યાસન દ્વારા જયારે રિતંભરા બુદ્ધિ પ્રાપ્ત થાય અને જ્ઞાનચક્ષુ ખુલે ત્યારે જ તે દેખી તથા વિચારી શકાય છે, અન્યથા નહીં રિતંભરા બુદ્ધિ થયા વિના કોઈ ઘણીએ ઈચ્છા રાખે કે મનન દ્વારા તેને જાણી લઈએ તો તે અસંભવિત છે. તેથી તો ભગવાન પણ કહે છે કે અચિંત્ય છે. તેનું ચિંતન તો ત્યારેજ થઈ શકે છે કે જયારે અંતઃકરણનાં જ્ઞાનચક્ષુ ઉઘડી જાય. કોઈપણ વિષયને મનન દ્વારા જાણી લેવાનો, જો કે એ મનનો ધર્મ છે, તો પણ તે મનની સાથે સંકલ્પ અને વિકલ્પ બંને લાગેલાં રહે છે, તેમાં નિશ્ચય અને દઢતા રહેતાં નથી. અને આત્મા સંકલ્પ વિકલ્પથી રહિત,

એટલે કે નિત્ય છે. પછી મનન દ્વારા ચંચળ મન તેનો કેવી રીતે અનુભવ કરી શકે ? કોઈ રીતે નહીં. આત્મા એવા મનથી તો ઘણે દૂર રહેનારી વસ્તુ છે. તેવીજ રીતે આ આત્મા વિકાર રહિત પણ છે અર્થાત્ નાના મોટા થવું, વધવું ઘટવું અગર રોગી તથા નિરોગી થવું વિગેરે બાબતો આ આત્મામાં નથી. એ બધા તો શરીરના ધર્મ છે. શરીર જ વધે ઘટે છે, મોટું તાજું અગર દુબળું પાતળું તથા રોગી નિરોગી થાય છે, આત્મા નહીં. તેના પર કોઈ એમ સંદેહ કરે કે – જ્યારે શરીરની અંદર રહેવાને કારણે જ 'આત્મા' ની 'જીવાત્મા' સંજ્ઞા પડી છે, ત્યારે તો શરીરની સાથે તેણે પણ વધવું ઘટવું આદિ સર્વ વિકારોમાં અવશ્ય ફસાવું જોઈએ ? કારણ કે એક વાતમાં તો એ શરીરને સાથ દે અને જીવાત્મા કહેવાય અને બીજી વાત (વિકાર)માં સાથ છોડી દે અને અવિકારી થઈ જાય, એ કેવી વાત ?

તો એનો ઉત્તર એ છે કે – જો કે શરીર ધારણ કરવાથી જ આત્મા, જીવાત્મા કહેવાય છે, પરંતુ પ્રકાશ આત્માનો જ શરીર ઉપર પડે છે, નહીં કે શરીરનો આત્મા ઉપર. જૂઓ, વીજળીની બત્તી ઉપર જે રંગનો ગોળો ચઢાવ્યો હોય તે રંગનો પ્રકાશ બહાર ફેલાય છે; પણ અંદર જો જુઓ તો સર્વ બત્તીઓનો રંગ - પ્રકાશ એકજ - સફેદ જ હોય છે. બસ, એજ પ્રમાણે આત્મા ઉપર પણ શરીર ચાહે ગમે તે પ્રકારનું (મોટું તાજું અગર દુબળું, પાતળું, રોગી અગર નિરોગી) હોય, પરંતુ આત્મા સર્વદા એકરસ અને એક રંગનો રહેવાનો, એમાં વિકાર આવી શકતો જ નથી.

જો તું તેને સદાએ જન્મનારો અને સદાએ મરનારો માનતો હોય, તો પણ હે મહાબાહો, તારે આ પ્રમાણે શોક કરવો યોગ્ય નથી, કારણકે જે પેદા થાય તેનું મૃત્યુ નિશ્ચિત છે અને જે મરી જાય તેનો જન્મ નિશ્ચિત છે. તેથી પણ તારે ન ટાળી શકાય એવી વાતોનો શોક કરવો યોગ્ય નથી.

હે અર્જુન, અગર જો તું આ આત્માને સર્વદા પેદા થનારો અને સર્વદા મરનારો માનતો હોય તો પણ તારે તેનો શોક કરવો જોઈએ નહીં, એમ કરવું તારે સારૂ ઉચિત નથી, કારણકે જો તું એને પેદા થનારો માને છે, તો એ નિશ્ચિત છે કે પેદા થનારી વસ્તુને અવશ્ય મરવું પડે છે, અને તે જ પ્રમાણે જો તું એને મરનારો માને છે તો એ પણ નિશ્ચિત જ છે કે મરનારી વસ્તુ પણ અવશ્ય પેદા થાય છે જ તો જ્યારે તેમાં તારા વશમાં કાંઈ નથી, તારા હાથમાં તેનો ઉપાય નથી તો તે કદી ન ટળનારી વાતનો શોક કેવો ? ચિંતા શી વાતની ? તેથી પણ એજ સિદ્ધ થાય છે કે તારે શોક કરવો ઉચિત નથી.

જે બુદ્ધિમાન હો ય છે તે કદી પણ એવી વાત નું દુઃખ કે શોક નથી કરતા કે જેનાથી કાંઈ ફાયદો ન હોય. તેથી ભગવાન અર્જુનને કહે છે કે -જો તું આત્માને નિત્ય જન્મ લેનારો અથવા નિત્ય મૃત્યુને પ્રાપ્ત થનારોજ માનતો હોય તો પણ તારે

તેને સારૂ શોક કરવો જોઈએ નહી. પરંતુ અર્જુનની સમજમાં તે વાત આવી નહી. તેથી તેણે પૂછયુંકે -હે પ્રભુ, જો મારે જ મત ઠીક હોય અને આત્માનું મરવું, જીવવું નિશ્ચિત હોય, તો પછી તેને સારૂ શોક કેમ ન કરાય ?દુનિયામાં શોક અને હર્ષ તો હાનિ અને લાભને લીધે જ થાય છે ?તેના જવાબમાં ભગવાને કહ્યું -એજ ભ્રમ છે : કારણકે જયારે એ નિશ્ચિત જ છે કે જન્મ લેશે તે મરશે જ અને જે મરશે તે જરૂર જન્મ લેશે, એમાં કોઈનું કાંઈ ચાલવાનું નથી. કોઈથી એ નિયમને ટાળી શકાય તેમ નથી, તો વ્યર્થજ ન ટળી શકનારી (અપરિહાર્ય) વાતને સારૂ શોક કરવાથી શો લાભ ? શોક તો એ વાત ને સારૂ થાય કે જેમાં આપણું કાંઈ ચાલતું હોય, તેનાથી કાંઈ લાભ થવાનો હોય. તેટલા માટે હે અર્જુન તું શોક કરવો છોડી દે, તારે એમ કરવું ઉચિત્ નથી.

હે વત્સ સંસારમાં તો તમે નિત્ય જુઓ છો જે કે અનેક વધારે મજબુતને ટકાઉ ચીજો તૈયાર કરવામાં આવે છે, પરંતુ એ પણ સમય આવતાં ટૂટી જાય છે. નષ્ટ થઈ જાય છે. મજબૂતમાં મજબૂત પોલાદ અગર કોઈ પણ વસ્તુ કેમ ન હોય પણ તે કોઈને કોઈ દિવસ અવશ્ય નષ્ટ થઈ જાય છે. જો તેમ ન હોય. જન્મની પાછળ મરણ ન લાગેલું હોય, તો ભૂમંડળમાં કાંઈ જગાજ ખાલી ન પડી રહે. તેથી તો પરમાત્માએ એ નિયમ કરી રાખ્યો છેકે જે ઉત્પન્ન થાય તેણે નષ્ટ થવું જ જોઈએ. ધનવાન - લખપતિ કે અનાથ -ગરીબ કોઈ પણ કેમ ન હોય, પેદા થયો છે તે મરવાનો પણ ખરોજ. સાંભળવામાં આવ્યું છે કે જર્મની અને અમેરિકાના લોકોએ કોઈ એવી શોધ કરી છે કે જેની સહાયતાથી મનુષ્યના શરીરમાં વાંદરાના શરીરના ભાગ મૂકીને માણસને જીવવા સહાયક બનાવી દે છે. પરંતુ મરવું તો તેમને પણ પડે છે જ. મનુષ્ય પિચકારી અગર ઈંજેંકશનના જોરથી પોતાનું શરીર ગમે તેવું બનાવે પરંતુ મરણ છૂટતું નથી. અગર જો મરણને રોકવાની શક્તિ મનુષ્યના હાથમાં હોત તો દુનિયાના ન્હાના મોટા રાજા મહારાજા સિકંદર, ઝાર, નાદિરશાહ અને કિંગ એડવર્ડ આજ દિન પણ મોજુદ હોત, અને પોતાને કદી પણ મરવા દેત નહી. પરંતુ પરમાત્માનો એવો નિયમ નથી, તેણે જીવન મરણને ખુદ પોતાનાં હાથમાં રાખેલાં છે. દુનિયાની બધી ચીજો, તમામ યુક્તિ પ્રયુક્તિઓ તેણે મનુષ્યને આપેલી છે, પણ મરવું જીવવું મનુષ્યના અધિકારમાં રાખેલું નથી. જો તે અધિકાર મનુષ્યના હાથમાં આવી જાય તો તે ઈશ્વરજ બની જાય અને કોણ જાણે કેવોએ ઉત્પાત મચાવે, તેથી જ પરમાત્માએ તેમ થવા દીધું નથી.

હે વત્સ,જયારે આપણે જાણીએ છીએ કે મરવાનું તો એક દિવસ નક્કીજ છે જ, તો પછી દુનિયામાં થોડા દિવસને સારૂ અન્યાય, પાપ અને અત્યાચાર શા માટે કરવાં ? જુઓ, વ્યાસ ભગવાને પણ એ જ લખ્યું છે કે જયારે રાજા વસુદેવ મથુરાંથી

દેવકી સાથે લગ્ન કરીને જતા હતા ત્યારે આકાશવાણી થઈ, - 'અરે કંસ તારી આ બહેન (દેવકી)ના આઠમા પુત્રને હાથે તારૂં મૃત્યું થશે' તેથી કંસ પોતાની બહેન દેવકીનો ચોટલો પકડી તલવાર લઈને મારવાને તૈયાર થયો, ત્યારે રાજા વસુદેવે તેને કહ્યું કે - અરે કંસ, તું એક બળવાન રાજા છે, તારા હાથમાં આટલી મોટી રાજસત્તા છે, તો પણ શું તું એક અબળા ઉપર હાથ ઉઠાવે છે ? આ વાત તને શોભા આપતી નથી.

કંસે કહ્યું -જો હું એને જીવતી છોડું છું, તો ખુદ મારેજ મરવું પડશે તેથી હું એને કદાપિ છોડવાનો નથી , કારણકે જો તે મરી જશે તો પછી મારે મરવાનો ભય રહેશે નહીં.

વસુદેવજીએ કહ્યું -કોઈના મરવાથી કોઈ અમર થઈ શકતું નથી. સંસારનો એ નિયમ નથી. સંસારી નિયમ તો એ જ છે કે જે જનમ્યું તે મરવાનુંજ. તું એ બતાવ કે આજ સુધીમાં જેટલા તારા સાથી થયા છે તે બધાએ આજ સુધી જીવતા છે ? જો તેમ ન હોય તો એ બધા કયાં ચાલ્યા ગયા ? તમને તેં કેમ ન બચાવી લીધો ?કારણકે તે તારા હાથમાં નહોતું. એજ પ્રમાણે નિશ્ચય સમજી લે કે આ સંસારમાં કોઈ સદાયે રહી શકતું નથી. જે જનમ્યું તે જવાનુંજ. કોઈ રહ્યું છે, કોઈ જવાનું તો કોઈ જવાનું છે તો કોઈ ચાલ્યું ગયું છે, આ સંસાર અને તેમાંનાં સાથી સ્વપ્ન જેવાં છે જે નિંદ્રા ખુલતાજ અલીપ થઈ જાય છે.

કહેવાનો અભિપ્રાય એ છે કે રાજા હોય કે : પ્રજા, અમીર હોય કે ગરીબ, ગૃહસ્થ હોય કે સંન્યાસી, મરવાનું સર્વને છે. રાજાને પોતાની પ્રિય રાણી, મહેલ, ખજાના, બાગબગીચા છોડીને જવું પડે છે. પ્રજાને પોતાની ખેતી, ગૃહસ્થી, દુકાનદારી છોડીને જવું પડે છે, અમીરને પોતાની સમૃદ્ધિ તથા એશઆરામને છોડીને જવું પડે છે, ગરીબને પોતાની ગોદડી, વહાલાં છોકરાં તથા લોટા થાળી જે કાંઈ હોય તે છોડીને જવું પડે છે. ગૃહસ્થને પોતાના પુત્રકલત્ર તથા પોતાના કુટુંબ પરિવારને છોડીને જવું પડે છે, તથા સંન્યાસીને પોતાની મઢુલી છોડીને જવું પડે છે. મતલબ એ છે કે, મરવાનું સર્વ શરીરધારીને છે.કોઈ પણ હમેશાં રહેવાને આવેલું નથી. સંસારમાં જે કાંઈ પણ દ્રષ્ય સંપત્તિ છે તે સર્વ અહીં જ રહી જાય છે, શરીર પણ સાથ આપતું નથી. સાથ આપે છે માત્ર આપણા કર્મ, માટે ચાર દિવસના જીવનમાં ચાહો તેમ કરી લ્યો. ઈચ્છા હોય તો, આલોક સુધારી લ્યો અગર ઈચ્છા હોય તો પરલોક સુધારી લ્યો. કર્મ પીછો છોડવાનાં નથી. તે તો સાથેને સાથે જ રહે છે. હા, અહીં એ કર્મોની વાત અવશ્ય રહી જાય છે. મનુષ્ય જો સારાં કર્મો કરીને મરે છે તો અહીં લોકો આદરની સાથે તેનું નામ લે છે, તેનાં ગુણનું વર્ણન કરે છે અને ત્યાં સ્વર્ગ સુખ પ્રાપ્ત કરે છે; અને જો મનુષ્ય ખોટાં કર્મ કરે છે તો અહીં લોક તેનું નામ સાંભળતાંજ ધૃણા કરે છે

અને ત્યાં પણ નરકમાં તરેહ તરેહની યંત્રણાઓ ભોગવવી પડે છે. તેથી કંસ ! તું તારી બહેનની દુર્દશા કરીશ નહીં. તેના કેશ પકડીને વ્યર્થ શા માટે તેને ઘસડે છે અને તારા પાપમાં વધારો કરે છે ? આ કર્મના બદલામાં એક દિવસ તારા એ હાથ ઉપર અવશ્ય વજ્ર પડશે. અને એ પણ નિશ્ચય સમજી લે કે જો કદી તું દેવકીને મારી નાખીશ, તો પણ તું હમેશાં જીવિત રહેવાનો નથી. આજ નહીં તો દસ દિવસ પછી, દશ દિવસ પછી નહીં તો દશ વર્ષ પછી પણ મરવાનું તો એક દિવસ અવશ્ય છે જ. મરણ કોઈપણ રીતે પીછો છોડતું જ નથી. તેથી મારૂં કહેવું માની જા, તારી હઠ છોડીને સારાં સારાં કર્મો કર જેથી અંતમાં પસ્તાવું ન પડે, આ પ્રમાણે વસુદેવજીએ કંસને ઘણું સમજાવ્યો પણ તે પોતાની હઠ છોડતો નહોતો અંતે જ્યારે વસુદેવજીએ કહ્યું કે - ઠીક, આ સ્ત્રી છે, તેને મારીશ નહીં. તેના બદલામાં તેના આઠમા દિકરાને જ મારી નાખજે; ત્યારેજ ન છૂટકે કંસ દેવકીને છોડી. પરંતુ તે પછી પણ તેને પોતાને ઘેર જવા ન દીધી, પોતાને ત્યાંજ કેદ રાખી અને તેને દિકરો થવાની પ્રતિક્ષા કરવા લાગ્યો. પછી શું થયું તે ઘણે ભાગે સર્વ લોકને ખબર હશેજ. અહીં કહેવાનું તાત્પર્ય એજ છે કે જે પેદા થયું છે તે અવશ્ય મરવાનું અને જે મરી ગયું છે તે અવશ્ય પેદા થવાનું. જન્મ, મરણ અને માતાના ગર્ભમાં રહેવાનું વારંવાર આવતું રહેવાનું, પરંતુ પ્રભુના શરણનું ગ્રહણ કર્યા વગર જીવ લાખો જન્મ લે તો પણ તેને આપોઆપ મુકતિ મળી શકતી નથી. તેથી શુદ્ધ હૃદયથી એ પ્રભુને ભજો અને સંસારમાં રહીને એવાં કર્મ કરો કે જેથી પરલોકનો રસ્તો સાફ થઈ જાય. રસ્તામાં કંઈ અટકવું પડે નહીં. જુઓ, એજ વાતને સદ્ગુરુએ કહી છે :

હે વત્સ, સંસારમાં આ જીવ કેટલી વાર આવી ચુક્યો છે, તેની કાંઈ ગણતરીજ નથી, પરંતુ આશ્ચર્ય એ છે કે એ વાતને માનવાની કોઈને ઈચ્છા થતી નથી. બધા લોકો એમજ સમજે છે કે આ પોતાનો પહેલો જ જન્મ છે અને પોતે કદી મરવાના નથી. જો કે તેઓ રોજ જુએ છે કે કેટલાએ લોકો મરી ફીટે છે, તો પણ તેઓને એમ થતું નથી કે પોતાનેપણ આ જ રીતે મરવાનું છે. અરે ! એટલું જ નહીં પણ ઉલટા લોકો તે મરનારને સારૂ રોવા બેસે છે. પણ તેમના રોવાનું ફળ શું થાય છે? કાંઈજ નહીં, તે જીવ, લોકોને રડતા જોઈ. હસતો હતો કહે છે કે તમે લોકો વ્યર્થજ રોવા ધોવાનું ધાંધળ મચાવો છો, હું તો કોણ જાણે કેટલીએ વાર મરી ચુક્યો છું અને લોકોને હસાવી રડાવી ચુક્યો છું; કોઈ બીજી જગાએ જઈને તે જન્મ લે છે અને ત્યાંના લોકોને હસાવે છે. તેથી બુદ્ધિમાન માણસે ન તો મરણનો શોક કરવો જોઈએ કે ન તો જન્મનો હર્ષ માનવો જોઈએ. આ જીવન એજ પ્રમાણે વારે વારે જન્મે છે તથા મરતો રહે છે. આ જન્મ મરણના ચક્કરમાંથી કોઈ ભૂત, કોઈ પ્રાણી બચતુંનથી. એ નિશ્ચિત છે જો આજ તમે કોઈના જન્મનો ઉત્સવ કરો છો તો કાલ કોઈના મરણથી માથું

પટકશો. આ "હું" અને "મારૂ"નો વ્યવહાર જ્યાં સુધી નહીં છૂટે ત્યાં સુધીઆ ચક્કરમાંથી છૂટવાનું નથી, પરંતુ તે છૂટતાંજ ચક્કરમાંથી આપોઆપ છૂટી જવાય; તેથી યોગી લોકો મર્યા પછી જન્મ લેતા નથી, કારણ કે તેઓ એમજ વિચારે છે કે આ શરીર તો છૂટનારૂં છે અને છૂટશેજ, પરંતુ આત્મા અમર છે. તે કદી મરી શકતા નથી, મરવું જીવવું તેનું કામજ નથી. એવી ધારણાને હૃદયમાં રાખીને યોગી પોતાના પ્રાણનું વિસર્જન કરે છે અને પરમપદને પ્રાપ્ત કરે છે કે જ્યાંથી પાછું આવવું પડતું નથી, જ્યાં પહોંચતા અનંતકાળને સારૂ જન્મ-મરણના ચક્કરમાં છૂટકારો મળી જાય છે.

હે વત્સ, મરણ સમયે જ સંભાળવાનું આવશ્યક છે. જો મનુષ્યના મરણનો સમય સચવાઈ ગયો, તો તેનું સમસ્ત જીવન આપોઆપ સાર્થક થઈ જાય છે. મરણ સમયે એ ધારણા ખૂબ પાકી રહેવી જોઈએ કે આત્મા અમર છે. જુનાં કપડાંની પેઠે આ શરીરને તેના (આત્મા) ઉપરથી ઉતારીને વેગળું કરવામાં આવે છે. જુઓ, વાલીએ પણ તેમજ કર્યું હતું. જીવનભર અહંકારમાં મસ્ત રહ્યો, જે સામે આવ્યા તેમને પછાડ્યા પણ અંતમાં મરણ સમયે તેણે પોતાને સંભાળી લીધો અને 'રામ રામ' કરતો પરમપદને પ્રાપ્ત થયો. વાલીએ, બાણ વાગતાં એકવાર કહ્યું હતું કે - હે રામ, મેં એવો કયોઅપરાધ કર્યો હતો કે જે કારણે મને આપે વેરી ગણ્યો અને સુગ્રીવને મિત્ર ગણ્યો ? તે ઉપરથી રામને દયા આવી ગઈ અને કહ્યું કે - ઠીક, જો તારી જીવવાની ઈચ્છા હોય તો હજી પણ તને જીવાડી દઉં. તો તેના જવાબમાં વાલીએ શું કહ્યું છે ? જરા ધ્યાન આપો તે કહે છે કે -

જન્મ જન્મ મુનિ જતન કંરાહીં, અન્તરામ કહિ આવત નાહીં ॥

અર્થાત્, "જન્મજન્માંતરોના સતત પરિશ્રમથી પણ જે પદ મુનિઓ સૂદ્ધાંતને અગમ્ય છે" તેનો અનાયસેજ લાભ થવાનો અવસંર આજે મને મળી ગયો છે, તેને હું કેમ એળે જવા દઉં ? આપ મને જીવાડવાની તસ્દી લેશો નહીં. રામે તેની વાત ઉપરથી જાણી લીધું કે હવે તેને શરીરનો મોહ રહ્યો નથી. આત્માનું જ્ઞાન થઈ ગયું છે. તેથી તેને પરમપદનો અધિકારી જાણી પોતાના ધામમાં મોકલી દીધો.

ભાઈઓ, એનું જ નામ છે આત્મજ્ઞાન, મરણ સમયે પણ જો એવું આત્મજ્ઞાન થઈ જાય, તો મનુષ્ય જીવનભરનાં પાપોમાંથી મુક્ત થઈ જાય છે અને પરમપદને પ્રાપ્ત કરે છે. અને જો શરીરનું જ ધ્યાન કાયમ રહ્યું તો તે કદાપિ આ ચક્કરમાંથી છૂટાતું નથી. તેથી જ્યારે કોઈ મરવાની તૈયારીમાં હોય ત્યારે લોકોએ તેને શાન્તિથી મરવા દેવો જોઈએ. રડારોળ કરીને તેનું ચિત વ્યગ્ર ન કરવું જોઈએ, પરમાત્મામાં તેનું ધ્યાન લાગેલું રહે અગર લાગી જાય, એવા ઉપાય કરવા જોઈએ, પરંતુ એવું કોણ કરે છે અગર કરવા દે છે ? અહીં તો એ હાલત છે કે જો કોઈ માંદા

માણસને હજી તો મરવાને બે ચાર કલાક કે બે ચાર દિવસથી વાર હોય, તો પણ લોકો ઓ તો શોર અને રોવું કુટવું શરૂ કરે છે કે તે બિચારી તરત જ વ્યાકુળ થઈ ગભરાઈ જાય છે અને પ્રાણ છોડી દે છે, અને ગભરાટથી કદી પ્રાણ ન છૂટે, પોતાને સમયે જ છૂટે તો પણ કમમાં કમ આગળ પાછળનીરડારોળથી એટલું તો થાય છે જ કે મરનારનું ધ્યાન પ્રભુ તરફ ન લાગતાં સંસારની માયામાંજ ફસાએલું રહે છે. અને તેથી તેના આલોક અને પરલોક બંને બગડે છે, માટે તેમ ન થવા દેવું જોઈએ, એ મોટો અન્યાય છે. બુદ્ધિમાન મનુષ્યે તો જો કોઈ મરવાની અણી ઉપર હોય તો, તેને સત્‌શાસ્ત્ર વાંચી સંભળાવવાં જોઈએ. વધારે ટોકટાક તથા સ્વજન સંબંધીઓનો પરિચય આદિ ન કરાવવું જોઈએ. કહેવાનો તાત્પર્ય એ છે કે તે સમયે એવી કોઈ વાત ન કરવી જોઈએ કે જેથી તેનું ધ્યાન સંસાર તરફ ખેંચાય અને સંસાર તરફ લાગવા પામે નહીં તે સમયે તો શાન્ત મનથી તેને પ્રભુની પ્રાર્થના કરવા દો અને કહેવા દો કે - હે પ્રભો, મેં આજ સુધી ઘણાં પાપ કર્યા, ઘણાં સુખદુઃખ ભોગવ્યાં હવે અંત સમયે મારા અપરાધોની ક્ષમા કરો અને શાન્તિ આપો, જેથી વિના કષ્ટે મરી શકું અને આવાગમનથી મુક્ત થઈ જાઉં; તમારી કૃપા વિના મારો નિર્વાહ નથી. અમેં તો યુવાની અને ધનના મદમાં મેં ઘણાઘણા અન્યાય અને અત્યાચાર કર્યા છે, પણ હવે તો તમારો જ આશરો છે.

પ્રભુના પ્રેમિયો, જેવી રીતે એ નિશ્ચિત છે કેઃ જે જન્મ લે તેને મરવું જ પડે છે, અને તેના ઉપર જો કોઈ એવો સવાલ કરે કે ભગવાને કોઈ એવો રસ્તો - એવો ઉપાય કેમ નથી કર્યો કે જેથી જન્મ જ લેવો ન પડે ? અગર એકવાર જન્મ થઈ ગયો તો થઈ ગયો પરંતુ ફરી થવા ન પામે ? કારણ કે આ જન્મમાં ઘણાં કષ્ટ ભોગવી ચૂક્યા અને જન્મકાળથી જીવન પર્યંત તરેહ તરહેના ઝઘડામાં પડી રહ્યા. તેથી હવેઆગળને સારૂ તો કાંઈ શાન્તિ મળે ? તો તેનો એક જ જવાબ છે કે ભગવાનના હાથમાં પણ એવો કોઈ ઉપાય નથી કે જે વડે તે જીવના જન્મ મરણને રોકી શકે. જીવ માત્ર પોતાનાં કર્મનાં બંધનથી એવો તો જકડાએલો છે કે તેના સ્વયં પ્રયત્ન કર્યા વિના તેણે પોતાની જાતેજ રસ્તો સાફ કર્યા વિના તેનાથી કદી જન્મ મરણના ચક્કરથી છૂટી શકાતું નથી, જેવી રીતે દિવસે અને રાત્રે ભોજન કર્યા પછી સાંજે અને સવારે મળ ત્યાગ કરવોજ પડે છે, તે વગર ચાલી શકતું નથી, નહિં તો રોગ થવાનો ભય રહે છે, તેવી રીતે જન્મ થયા પછી મૃત્યુનો તથા મૃત્યુ થયા પછી જન્મનો પણ સ્વીકાર કરવો જ પડે છે, તેના વગર કામ ચાલતુંજ નથી. માનો કે કોઈએ જન્મ તો ગ્રહણ કરી લીધો પણ તે પછી મરણને ગ્રહણ કરવાની ઈચ્છા રાખતો નથી, હજારો વર્ષ જીવવાની ઈચ્છા રાખી રહ્યો છે, પરંતુ શું તેથી તેને કાંઈ ફાયદો થઈ શકે છે ? કદાપિ નહીં, કારણ કે જો જન્મ લીધા પછી મરવું ન પડે અને ઘણા દિવસ સુધી પ્રાણી જીવતો જ રહી જાય, તો ફળ શું થાય ? એ જ કે બે આદમીએ તેને ઉઠાડ્યા બેસાડ્યા વગરે તે

ઉઠી બેસી ન શકે, બોલવામાં અસમર્થ, સાંભળવામાં અસમર્થ, જોવામાં અસમર્થ – ક્યાં સુધી કહીએ- સારું એ કે દુનિયાના દરેક કામને સારૂ નિરૂપયોગી અને શક્તિહીન થઈને જ તેને જીવતા રહેવાનું સુખ પ્રાપ્ત થવાનું પણ શું કેવળ જીવવું જ સુખ છે? કદાપિ નહીં. એવું જીવવું તો હજાર મરણથી પણ વધારે દુઃખકર છે. તેથી તો ભગવાને એ નિયમ કરી દીધો છે કે જન્મ પછી મરણ પણ અવશ્ય થાય, કે જેથી જુનું અને રદ્દી શરીર છોડીને પ્રાણી નવું કર્મ કરવાને લાયક શીર ગ્રહણ કરે. તે જ પ્રમાણે એ પણ સમજી લ્યો કે જો મર્યા પછી ફરી જન્મ ન લેવો પડે તો તેથી પણ કામ ચાલી ન શકે, કારણ કે, માનો કે કોઈએ ખોટાં ખોટાં કામ કરીને પોતાના પ્રાણ છોડ્યા અને તે કર્મોના ફળરૂપે તેને નરકમાં જવું પડ્યું. હવે જો તેના કર્મફળ ભોગ પૂરા થયા પછી તેને પુનર્જન્મ મળે નહીં તો તેને નરકમાંજ પડ્યા રહેવું પડે, તો શું તેથી પણ કામ ચાલી શકે ? ના. એમ થવાથી તો વિચારો કલ્પકલ્પાન્તર સુધી ત્યાંજ પડ્યો પડ્યો રડતો રહી જાય અને કોઈ જગાનો ન રહે. એજ પ્રમાણે માનો કે કોઈએ સારાં સારાં કર્મ કર્યાઅને તેના ફળરૂપ મલ્યા પછી તે સ્વર્ગ લોકને પ્રાપ્ત થયો અને તેનાં કર્મો પુરાં થયા પછી પણ જો અંતકાળ સૂધી તેને ત્યાંજ રહેવાને બંધાઈ જવું પડે તો શું તેથી પણ તે સુખી થઈ શકશે ? મારી સમજ પ્રમાણે તો કદી ન થાય. ત્યાં પણ તેનો જીવ અવશ્ય કંટાળી જાય અને તે એવીજ ઈચ્છા કરે કે કોઈ પણ રીતે જલદી જન્મ થાય, કે જેથી વધારે સારાં સારાં કર્મ કરી શીઘ્રતાથી મુક્ત થઈ જવાય. સારાંશ એ છે કે, આ જન્મ મરણનું ચક્કર કદી છૂટી શકતું નથી. દુનિયાનો એ અકાટ્ય નિયમ છે.

સજ્જનો, આપ લોકોએ કોઈને અને કોઈને પણ એ કહેતા સાંભળ્યો હશે કેઃ 'જન્મ બાદ મરણ તો થાય છે પણ મરણ બાદ જન્મ થતો નથી, તેથી સંસારમાં જેમ ફાવે તેમ કરો અને મોજ ઉડાવો' આ પ્રમાણે જે લોકો કહે છે તે સત્યથી ઘણું વેગળું છેઃ આ પ્રકારની વાતો કેવળ યુવાનીની ભૂલ અને મદ એટલે કે અહંકારના ઉદ્દગાર છે. અંતકાળનો સમય જયારે માથા ઉપર આવી જાય છે, યુવાનીનો જોશ જયારે બંધ પડી જાય છે અને વૃદ્ધાવસ્થા જયારે કબજો કરી લે છે ત્યારે આ પ્રમાણેથી વાતો બકાતી નથી, ત્યારે તો બધો અહંકાર જતો રહે છે અને અક્કલ ઠેકાણે આવી જાય છે, આવી વાતો તો માત્ર ઢોંગ છે – ગલત છે, અને દુનિયાને ઠગવાને સારૂં છે, એમાં તત્ત્વ કાંઈ પણ નથી. હમણાં જ થોડા દિવસ ઉપરની વાત છે કે ગવાલિયરમાં એક ઢોંગી સાધુ રહેતો હતો. તેના સંબંધમાં લોકોમાં એવી વાતો ચાલતી હતી કે તે ભોજન તો કરે છે પણ મળ ત્યાગ કરતો નથી. તેણે કોઈ પણ પ્રકારે આ વાતની ચોતરફ ખબર ફેલાવી દીધી. થોડા દિવસોમાં તો એ વાત એટલી જાણીતી થઈ ગઈ કે ઘણે દૂરદૂરથી લોકો તેની ખબર કહાડવાને આવવા લાગ્યા. એ તો મોટા આશ્ચર્યની વાત છે, એમ થવું એ પ્રાકૃતિક નિયમથી વિરૂદ્ધ છે, એમ થઈ શકે નહી. અંતમાં તે

સાના કુકૃત્યનો પત્તો લાગ્યો કે ત્રણ વાગે રાતમાં ઉઠીને એક તલાવ પર નહાવા જાય છે અને ત્યાં પાણીની અંદરજ ચુપકીથી મળ ત્યાગ કરે છે.

કહેવત અક્ષરસઃ સત્ય થઈ, અને લોકો તો એવા તેની પાછળ પડ્યા કે બિચારાને મ્હોં દેખાડવાનું પણ બાકી ન રહ્યું.

હે વત્સ ! તેથીએ નિશ્ચય અને પૂર્ણ સત્ય સમજી લો કે આ શરીર, બધા ભૂમંડળને સારૂ જે પ્રાકૃતિક નિયમ, કુદરતી કાનૂન ઠરી ચૂક્યા છે તેને કદાપિ તોડી શકતું નથી. મહાત્મા અને યોગી લોક મન તથા ઈન્દ્રિયો પણ અધિકાર મેળવી શકે છે, પણ ઈશ્વરીય નિયમો પર તેમનો કોઈ અધિકાર ચાલી શકતો નથી. અને ઈશ્વરીય નિયમ, કુદરતી કાનૂન એ છે કે જે પેદા થયો તે અવશ્ય મરવાનો અને જે મરવાનો તે અવશ્ય પેદા થવાનો. તેથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે –

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।

તેથી મનુષ્ય માત્રનું એ કર્તવ્ય છે કે સત્ કર્મના ફળરૂપ આ મનુષ્યનું શરીર મળેલું છે, તો જરૂર તેને સાર્થક કરી લેવું. અને જન્મની એજ સાર્થકતા છે કે પોતપોતાના જીવનકાળમાં જાતિ, વંશ, દેશ, સમાજ અને આત્માની ઉન્નતિ કરવી, શરીરને સારૂ વ્યર્થ શોક અને દુઃખ ન કરતાં તેનાથી સારાં સારાં કર્મ કરવાં. સંસારમાં જે એમ કરે છે તેનું જ નામ અમર થાય છે, અને એમ કરનારા જ ધન્ય મનાય છે કે –

જ્યારે ભગવાને અર્જુનને વાતો કહી કે પેદા થનારો મરે છે જ અને મરનારો પેદા થાય છે જ તેથી એવી ન ટાળી શકાય તેવી વાતનો શોક કરીશ નહીં. ત્યારે અર્જુને કહ્યું કે – ઠીક પ્રભો, એ સર્વ વાતો તો હું માનું છું. અને એ પણ સમજું છું કે આપે જે કાંઈ કહ્યું છે તે સત્ય છે, પરંતુ હું મારા સંબંધીઓને કેવી રીતે મારુ ? એમને મારવામાં શા માટે શોક ન કરવો, એ વાત હજી હું બરાબર સમજ્યો નથી. તે ઉપરથી ભગવાને કહ્યું કે તું એનો પણ શોક કરીશ નહીં, કારણ કે

હે અર્જુન, સર્વ પ્રાણી આરંભમાં અવ્યક્ત (જાણી ન શકાય એવાં), મધ્યમાં વ્યક્ત (જાણી શકાય એવાં) અને અંતમાં (પાછાં એવાં) અવ્યક્ત જ હોય છે, એવી દશામાં શોક કઈ વાતનો ?

હે અર્જુન, આ સંસારમાં જેટલા જીવ છે તે સર્વથી પહેલાં અવ્યક્ત અર્થાત્ શરીર શરીર વાળા, દેખી શકાય એવા થઈ ગયા છે; સાથે સાથે આ સંસાર પણ દેખી શકાય એવો થયો છે. પરંતુ અંતમાં આ સર્વ પ્રાણી અને તેની સાથે આ સંસાર પણ પાછો અવ્યક્ત થઈ જશે કાંઈ પણ એવું નહીં રહે કે જે દેખી શકાય. તેથી તું વ્યર્થ જ તેનો શોક શા માટે કરે છે ?

આ દુનિયામાં ન તો પહેલાં કોઈ હતું અને ન તો અંતમાં કોઈ રહેશે આ તો જે કાંઈ પણ દેખાય છે. તે સર્વ વચમાંની વાતો છે, માત્ર ચાર દિવસનું ચાંદરણું છે.

આ વાતને સ્પષ્ટ રીતે એવી રીતે સમજી શકાય છે કે – જેમ આજ એક પચીસ વર્ષનો કોઈ યુવાન છે પણ આજથી પચીસ વર્ષ પહેલાં તે કયાં હતો ? ખબર નથી. તે જ પ્રમાણે પચીસ અગર પચાસ વર્ષ પછી તે ક્યાં ચાલ્યો જશે ? તેની પણ કાંઈ ખબર નથી. તે આદમી તો માત્ર પોતાના કર્મોના ફળ ભોગવવાને માટે થોડા દિવસને માટે અહીં આવ્યો, રહ્યો અને પાછો ચાલ્યો ગયો. તેના આયુષ્ય જેટલો વખત જ તે જોવામાં આવે છે. પછીથી તે ક્યાં જાય છે અગર પહેલાં ક્યાં હતો તેનું કાંઈ ઠેકાણું નથી. એજ હાલત બધી દુનિયામાં જોવામાં આવતા સમસ્ત પદાર્થોની છે, તો પછી તેને સારૂ શોક કરવાથી શો ફાયદો ? કારણ કે એ જ્યારે નિશ્ચિત છે કે આ સર્વ પહેલાં ન હતું, અંતમાં રહેશે નહી, માત્ર વચમાં એટલે કે ભ્રમ છે, તો પછી વ્યર્થ જ ચિંતા અને શોક શા માટે કરવો ? આ દુનિયા તો કેવળ કર્મભૂમિ છે, જ્યાં સર્વ લોક પોતપોતાનાં કર્તવ્ય કર્મ કરવાને આવ્યા છે. તેથી મરવા જીવવાની ચિંતા છોડીને બરાબર રીતે સારાં સારાં કર્મ કરવાનો પ્રયત્ન કરતા રહો.

આ જ વાત ભગવાન અર્જુનને કહે છે – કહે અર્જુન આ આદિમાં અવ્યક્ત, અંતમાં અવ્યક્ત, માત્ર વચમાં થોડા દિવસોને સારૂ વ્યકત દુનિયાનો શોક કરીશ નહીં. કારણ કે આ ભીષ્મ દ્રોણ આદિસર્વ કૌરવ પક્ષપાપી તથા સ્વયં કૌરવ લોક પણ સદાએ રહેવાવાળા નથી. તેમને જો કદી તું ન મારે તો પણ તેઓ જરૂર મરવાના તો ખરાજ. તો પછી તું તારા કર્તવ્યને કેમ ચૂકે છે ? હા. જો એમાં તને સંદેહ હોય કે એ મરશે કે નહીં મરે તો તું તારા મનમાં આવે તેમ કર અને તેમને મારીશ નહીં. પરંતુ જ્યારે એમ થવાનો સંભવ જ નથી. તારા ન મારવાથી પણ તેમનું મરણ નિશ્ચિત છે જ, તો પછી તું કેમ તારા કર્તવ્યથી વિમુખ થઈને અપયશનો ભાગી થવાની ઈચ્છા કરે છે ? અર્જુને કહ્યું – આપ કહો છો તો બધુંએ ખરૂં, તો પણ હજી આત્મા અને શરીરનો અલગ અલગ સંબંધ મારી સમજમાં બરાબર આવ્યો નથી. તેથી મને હજી પણ ફરીથી તે સમજાવો.

ભગવાને કહ્યું –ઠીક છે. જરૂરતું હજી સમજ્યો નથી. તેની સમજણ એવી સહેલી પણ નથી, કારણ કે જે શરીરને આટલા પ્રેમ અને લાડથી પાળવા પોષવામાં આવે છે તેને ઝટપટ નશ્વર અને જે આત્મા કદી જોવામાં પણ આવતો નથી તેને નિત્ય, સત્ય, નિર્વિકાર અને અચ્છેદ્ય, અદાહ્ય આદિ સર્વ કાંઈ કોઈ કેવી રીતે સમજી લે ? જ્યારે આપણે એક દિવસની પણ કોઈની સાથે મૈત્રી કરીને તેને છોડી શકતા નથી, તેના સાધારણ વિયોગથી પણ દુઃખી થઈએ છીએ, તો જે શરીરની જન્મ જન્માંતરથી મૈત્રી કરતા ચાલ્યા આવ્યા છીએ તેને એક દિવસમાં કેમ છોડી શકાય ? તેને છોડવાનું સહેલું થોડું જ છે ? જો કદી તે છૂટી જાય – આત્મા અને શરીરનો પ્રથક્ બોધ થઈ જાય – તો બેડો પાર જ થઈ જાય, પરંતુ એવું કોઈ ક્યાં કરી શકે છે ? તેથી

તો

હે અર્જુન, મોટા મોટા યોગી અને મહાત્મા લોક આ આત્માને જાણવાના પ્રયત્નમાં લાગેલા રહે છે, પરંતુ તેમાંના કોઈ મહાપુરૂષ તો તેને અચંબાની પેઠે - જાણે કોઈ આશ્ચર્ય અર્થાત્ કલ્પનામાં પણ ન આવી શકે તેઓ - જુએ છે, કોઈ અચંબાની પેઠે તેનું વર્ણન કરે છે અને કોઈ અચંબાની પેઠે તેને સાંભળે છે તથા કોઈ સાંભળીને પણ કાંઈ જાણી શકતા નથી. અર્થાત્ આ આત્માના ફેરામાં પડીને તેને શોધનારા સર્વ આશ્ચર્યમય થઈ જાય છે. જે એના રૂપને જોવાની ઈચ્છા રાખે છે, જે એની વ્યાખ્યા કરવાની ઈચ્છા કરે છે, તથા જે એના વર્ણનને સાંભળવાની ઈચ્છા રાખે છે એ ત્રણેમાં એવો કોઈ નથી કે જેને આશ્ચર્યચકિત ન થવું પડે, બધાએ આશ્ચર્યમાં પડ્યા રહે છે. પણ જો કદી એમ જોવા જઈએ કે તેમનામાંથી કોઈએ કાંઈ પણ જાણ્યું? તો એજ ઉત્તર મળે છે કે કોઈએ નથી જાણ્યું.

હે વત્સ, જ્યારે મોટા મોટા મહાત્મા અને યોગી - યતિ પણ આશ્ચર્યમાં પડ્યા રહે છે અને આત્માને ન જાણી તથા સાક્ષાત્ ભગવાને બતાવવા છતાં પણ અર્જુન જેવા પુરુષ પણ ન જાણી શક્યો અને આશ્ચર્યમાં પડી ગયો તો પછી આજ લોકોને એ વાત ઉપર આશ્ચર્ય થાય તો તેમાં શી નવાઈ ? એ આત્મા એવી જ વસ્તુ છે કે તેના ફેરામાં પડનારા સર્વ આશ્ચર્યમાં પડી જાય છે. આત્માનો વિષય વારંવાર સાંભળવા છતાં પણ જલદી તેનું પુરું જ્ઞાન થઈ શકતું નથી. કારણ એ છે કે આત્માને જાણી લીધા પછી, આત્મજ્ઞાન થઈ જતાં તરત જ પરમાત્માનું જ્ઞાન પણ થઈ જાય છે. ઉદાહરણ તરીકે એમ સમજી લેવાનું છે કે જેવી રીતે કેમેરા (છબી પાડવાનું યંત્ર)ની વચમાં રહેનારા શુદ્ધ કાચ ઉપર શરીરનું ચિત્ર (પ્રતિબિંબ) પડતાં જ ઝટ તસ્વીર ખેંચાઈ જાય છે તે જ પ્રમાણે શુદ્ધ આત્માનું જ્ઞાન થતાં જ પરમાત્માનું જ્ઞાન પણથઈ જ જાય છે. તો જ્યારે સંસારની સાધારણમાં સાધારણ વસ્તુ ઉપર પણ લોકોને આશ્ચર્ય કરવું પડે છે તો પછી આ તો આત્મા અને પરમાત્માના સંબંધની વાત છે, તેના ઉપર જો કોઈને આશ્ચર્ય થાય તો તેમાં કાંઈ નવાઈ નથી. જુઓ ઈંદ્રજાલ-જાદુ-નો ખેલ બતાવનારા કેવા કેવા આશ્ચર્યકારક ખેલ બતાવે છે ? સરસવના દાણામાંથી ઝાડ અને માટીમાંથી રૂપિયો બનાવીને લોકોને અચંબામાંનાખી દે છે. સાથે સાથે તે જાદુગરને પણ એક પ્રકારનું આશ્ચર્ય જ થતું રહે છે કે લોકોને જોવા માટે તો મેં આટલા રૂપિયા બનાવી દીધા, તો પણ ભીખ માગવા સિવાય મારે સારૂ બીજો કોઈ ઉપાય નથી; આ સર્વ શું ઓછું આશ્ચર્ય છે ?તે જ પ્રમાણે આત્માને જોનારો, તેનું વર્ણન કરનારો તથા સાંભળનારો, એ સર્વને આશ્ચર્યજ થાય છે. આત્માનો વિષય જ એવો ગહન છે કે તે સર્વને આશ્ચર્યમાં નાખી દે છે.

હે વત્સ, આ સંસારમાં શું છે ? એ લીલામય ભગવાનનું રમકડું જ છે. એ

રમકડાની જાળમાં માયાના ભંડારમાં બધા ખેલ થતા રહે છે. મનુષ્ય એ ખેલને જોઈને અચંબો પામ્યાકરે છે. અને અચંબો ના પામે તો બીજું કરે પણ શું ? અરે જ્યારે એક મદારીના ખેલથી તમે આશ્ચર્ય પામો છો,ત્યારે આ તો પરમાત્માનો ખેલ છે. એમાં તો આશ્ચર્ય હોવું જ જોઈએ; એ જ સ્વાભાવિક છે. ઉલટું આશ્ચર્ય ન થવું એ અસ્વાભાવિક છે અને આશ્ચર્યથી પણ વધારે આશ્ચર્યકારક છે. એજ પ્રભુની માયા છે.અને કોઈ વીરલા જ જાણી શકે છે. તેથી જ ભગવાનને પણ કહેવું પડ્યું કે સર્વ આશ્ચર્યમયમાં જ પડ્યો રહીશ કે કદી કાંઈ સમજવામાં ? તેના ઉત્તરમાં ભગવાન કહે છે કે -

હે અર્જુન, આ આત્મા સર્વના શરીરમાં સર્વદા અવધ્ય છે. તેથી તું સમસ્ત પ્રાણીઓનો શોક કરવાને યોગ્ય નથી.

અર્જુન, આ દેહી અર્થાત્ દેહને ધારણ કરનારો આત્મા નિત્ય અને અવધ્ય છે. એને કદી કોઈ મારી શકતું નથી, કોઈથી એ મરી શકતો નથી. તેથી દુનિયામાં ચર, અચર, જડ, ચેતન આદિ જેટલા પ્રકારના જીવ છે તેના સંબંધમાં તારે શોક કરવો યોગય નથી અર્થાત્ તારે કોઈની ચિંતા કરવી જોઈએ નહી.

સજ્જનો, ભગવાન કહે છે કે આ નિત્ય આત્મા, કોઈ મારી શકે એવી વસ્તુ નથી, તેથી તું સંસારી જીવોનો શોક કરીશ નહી. ભગવાને અહીં આત્માને દેશી શબ્દથી સંબોધ્યો છે તેનો ભાવ એવો છે કે જેનાથી અર્જુનના મનમાં એ વાત તરત જ ઠસી જાય, કારણકે આત્માને દેહી કહ્યો છે તેથી તે દેહવાળો છે એ અર્થ સ્પષ્ટ નિકળે છે, અર્થાત્ આ દેહ -શરીર તેનાથી ભિન્ન છે અને તે આ દેહ-શરીરથી ભિન્ન છે. તો જયારે બંને વાતો સાફ સાફ જુદી થાય છે કે એક દેહ અને બીજો દેહી છે, તો એ પણ તરતજ સર્વની સમજણમાં આવી જાય છે કે.નાશ તો આ દેહનો જ થાય છે, કારણ કે એ તો સર્વ લોકો પ્રતિદિન પ્રત્યક્ષ જુએ છે,પણ આત્માને તો કોઈ પણ મરતો જોતા નથી. તેથી ભગવાન કહે છે કે "દેહી નિત્ય અને અવધ્ય છે." હવે આ કથનમાં જો જોવા જઈએ તો સ્પષ્ટ એવો અર્થ નિકળે છે કે દેહ અનિત્ય અને વધ્ય છે, તેથી તેની ચિંતા અનાવશ્યક છે. તેના સંબંધમાં શોક કરવાનો અર્થ જ નથી. ફીકર તો ત્યારે થાય છે કે જયારે આપણી ચીજ બગડતી હોય, પણ જો બગડતી ન હોય તો પછી ફીકર શાની ?

પોતાના ધર્મને જોતાં પણ તું ભય પામવાને યોગ્ય નથી, કારણ કે ક્ષત્રિયને સારૂ ધર્મયુક્ત યુદ્ધ કરતાં વધારે કલ્યાણકારક બીજું કાંઈ નથી.

હે અર્જુન, તારા ધર્મનો વિચાર કરતાં પણ તારે ચલાયમાન થવું જોઈએ નહીં, કારણ કે ક્ષત્રિયોને સારૂ ધર્મપૂર્ણ સંગ્રામથી અધિક બીજું કોઈ કર્તવ્ય કલ્યાણકારક નથી. તું જે ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયો છે તેનો પહેલો ધર્મ યુદ્ધ જ છે. તેથી યુદ્ધ કરવામાં જ તારૂં કલ્યાણ છે, યુદ્ધથી બીજો તારે સારૂ કોઈ ધર્મ છે જ નહીં.

ભાઈઓ, આમ તો ભગવાને અર્જુનને જ યુદ્ધ કરવાનું કહ્યું છે; પરંતુ સંસારમાં દરેક વ્યક્તિનો ધર્મ છે કે પોતાના સ્વત્વની રક્ષા કરવાને સારૂ, પોતાનો હક્ક કાયમ રાખવાને સારૂ, પોતાને સ્વતંત્ર અને આઝાદ બનાવવાને સારૂ તે યુદ્ધ કરે. બ્રાહ્મણ હો કે ક્ષત્રિય, વૈશ્ય હો કે શુદ્ર આદિમાંથી કોઈ પણ કેમ નં હોય, પોતાનાં માન, મર્યાદા, ઈજ્જત આબરૂને સારું સર્વને યુદ્ધ કરવું જ પડે છે અને તેમ કરવું પણ જોઈએ. કેવળ ઈજ્જત આબરૂને સારુ જ નહીં, પણ પરલોકમાં પણ સુખ પ્રાપ્ત કરવાને સારૂ, વૈકુંઠધામ પામવાને સારૂ, અને સાક્ષાત્ ઈશ્વરનાં દર્શન કરવાને સારૂ પણ મનુષ્ય માત્રનું ધર્મયુદ્ધ એ આવશ્કય કર્તવ્ય છે. તેના વગર મુક્તિ નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, સાધુ ફકીર તથા ચારે આશ્રમ-બ્રહ્મચર્ય, ગૃહસ્થ વાનપ્રસ્થ, સંન્યાસ-આદિ સર્વને સારૂ ધર્મ યુદ્ધ કરવું નિતાંત આવશ્યક છે. યુદ્ધ કર્યા વગર ઈશ્વરનું દર્શન થઈ શકતું નથી. જુઓ, અર્જુનને પણ ભગવાને વિશ્વરૂપ બતાવ્યું ક્યારે ? જ્યારે તેણે કૌરવો સાથે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો ત્યારે. આ સંસારમાં કામ, ક્રોધ, મદ, લોભ મોહ, માત્સર્ય આદિ શત્રુ સર્વના ઉપર હંમેશા ચઢાઈ કરતા જ રહે છે. તેથી વગર યુદ્ધ કર્યે મુક્તિ કેવી રીતે મળી શકે અગર ગતિ કેવી રીતે થઈ શકે, તેથી એ શત્રુઓ સાથે લડીને તેમને પરાસ્ત કરવાજ પડશે, લડાઈમાં જો તમે જીતી ગયા, તેમના ઉપર ફતેહ મેળવી લીધી તો ઈશ્વરનાં દર્શન થશે, પ્રભુની ઝાંખી કરી શકશો અને અંતે મુક્ત થઈ જશો, અને જો તે શત્રુઓની ઉપેક્ષા કરશો યુદ્ધ કરીને તેમને પરાસ્ત નહિ કરો તો , ન તો ઈશ્વરના દર્શન થશે, કે ન તો મુક્તિ મળશે.

●●●

સદ્‌ગુરુ - શિષ્ય સંવાદ ભાગ - ૨

ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પ્રિય શિષ્ય અર્જુનને જ્ઞાન આપ્યું અને તેણે પોતાના શત્રુઓને માર્યા તેવી રીતે આ પણ મને એવા સાચા જ્ઞાનનો ઉપદેશ આપો કે જેથી હું પણ મારા શત્રુઓને મારી શકું તથા ઈન્દ્રિયોને વશમાં રાખી શકું, કે જેથી મારા શરીરરૂપી મહાભારત ઉપર મારો પૂરો કબજો અને અધિકાર જામેલો રહે. હું પણ આપનો સાચો અને પ્રિય શિષ્ય છું.

અહીં એ સંદેહ થઈ શકે છે કે ભગવાને તો કેવળ ક્ષત્રિયને સારૂજ યુદ્ધને શ્રેયસ્કર બતાવ્યું, સર્વને સારૂ નહીં, તો શું જબરદસ્તીથી સર્વ લોક યુદ્ધને સ્વધર્મ સમજી લે ? તો એ સંદેહ ટાળવાના બે ઉપાય છે. એક તો એ કે યુદ્ધ પણ બે તરેહનાં થાય છે- (૧) પ્રાણીનું પ્રાણી સાથે તથા (૨) પ્રાણીનું તેની ઈન્દ્રિયોની સાથે. એટલે ક્ષત્રિય જાતિને સારૂ જે યુદ્ધધર્મ છે તે પ્રાણીનું પ્રાણી સાથેનું યુદ્ધ છે. બાકી સમસ્ત સંસારના પ્રાણીઓનું ઈન્દ્રિયો સાથેનું યુદ્ધ છે. અને બીજો ઉપાય એ છે કે ક્ષત્રિયનો અર્થ 'ક્ષત્રિય' જાતિ ન કરતાં એવો કરીએ કે જે 'રક્ષા કરે ક્ષત્રિય' તો એવો જ ભાવ નીકળે છે કે જે સર્વ સંકટોને પાર કરી પોતાની અને સર્વ પ્રાણીઓની રક્ષા કરી શકે તે 'ક્ષત્રિય' છે.

એ પ્રમાણે સર્વને સારૂ યુદ્ધ કરવાનો સ્વધર્મ સિદ્ધ થાય છે. કાંઈ સંદેહ રહેતો નથી. હા. એ અવશ્ય ધ્યાનમાં રાખવા જેવું છે કે 'ક્ષત્રિય' નો બીજો અર્થ કરવાથી પ્રાણીનું ઈન્દ્રિયો સાથેનું યુદ્ધ કહ્યું છે કે તે જ ધર્મ છે, પ્રાણીનું પ્રાણી સાથેનું નહીં. પરંતુ ભગવાને અર્જુનને બંને પ્રકારના વિજય પ્રાપ્ત કરી લઈશ, તો તારે સારૂ સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં પડ્યાં છે, તથા કોઈ પણ જાતની રૂકાવટ વગર ત્યાં ચાલ્યો જઈશ, પરંતુ જો તું વિજય પ્રાપ્ત નહીં કરે તો તારે સારૂ નરકનાં દ્વાર ખુલ્લાં છે. તેથી હે અર્જુન, તું સ્વધર્મને જો અને યુદ્ધ કર, યુદ્ધના નામથી તારે ડરવાનું કે ડગમગવાનું કોઈ કારણ નથી. તું ક્ષત્રિય છે તેથી તારે માટે ધર્મયુક્ત યુદ્ધ કરતાં વધારે બીજું કાંઈ કલ્યાણકારી કર્તવ્ય નથી.

હે પાર્થ, આપોઆપ પ્રાપ્ત થયેલું અને સ્વર્ગનાં ખુલ્લાં થયેલાં દ્વારનાં જેવું આ પ્રકારનું યુદ્ધ સુખી (ભાગ્યવાન) ક્ષત્રિયો પ્રાપ્ત કરે છે.

હે અર્જુન અનાયાસે જ મળી ગયેલા સ્વર્ગનાં ખુલ્લા દરવાજાની પેઠે આવું યુદ્ધ મોટા ભાગ્યશાળીને જ મળે છે. આવા પ્રકારની તક દરેકને મળતી નથી, આવી તક તો સુખી અને ભાગ્યવાન ક્ષત્રિયને જ મળી શકે છે. તેથી આ સંગ્રામમાં લઢવામાં કોઈ દોષ નથી. એનાથી તો તું એમજ સમજ કે મુક્તિ અને કીર્તિ તારી સ્હામાં ઉભાં છે.

હે વત્સ, યુદ્ધ કરવામાં દોષ કે પાપ તો ત્યારે જ લાગે છે કે, જ્યારે તે જાતે કોઈને ઘેર જઈ તેની સાથે લઢે. પરંતુ જો બીજો કોઈ જાતે તમારી સાથે લઢવાને આવે,

તેમને મારવાને સારૂ ખુદ તમારા ઘર ઉપર ચઢી આવે તો તેને મારવામાં કાંઈ પાપ નથી. એજ વાત ભગવાન પણ કહે છે કે - આ કૌરવો સ્વયં યુદ્ધ કરવાને આવ્યા છે, તું તેમને ઘેર લઢવા તો ગયો નથી. ત્હેં કૌરવોનું રાજ્ય ખુંચાવી લીધું નથી, કૌરવો એજ તારૂં રાજ્ય ખુંચાવી લીધું છે. તેથી લઢવામાં તારે કોઈ પણ વાતનો સંકોચ રાખવો જોઈએ નહીં. તું તો તારૂં રાજ્ય, તારો હક્ક, તારું સ્વત્વ અને તારો જન્મસિદ્ધ અધિકારજ માંગતો હતો, યુદ્ધ માંગતો નહોતો. તો પણ જ્યારે તું તે માંગે છે. એ કારણથી તેઓ તારી સાથે યુદ્ધ કરવાને તૈયાર થયા છે ત્યારે આ યુદ્ધ ત્હારે માટે સૌભાગ્યનું કારણ છે, કારણ કે આ યુદ્ધ દ્વાર ત્હારે માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં થયાં છે, જો તું લઢાઈમાં માર્યો જઈશ તો પણ સ્વર્ગ છે અને જીતીશ તો પણ સ્વર્ગ છે.

સ્વર્ગ મળવું એ સાધારણ વાત નથી. જ્યારે કોઈ સો યજ્ઞ પૂરા કરે છે ત્યારે જ તે સ્વર્ગનો અધિકારી થાય છે. આપ તો જાણતાજ હશો કે એક યજ્ઞ કરવામાં પણ કેટલી મહેનત પડે છે, કેટલી કેટલી હરકતો આવે છે. તો શું સો યજ્ઞ પૂરા થવા એ સહજ વાત છે ? ના, તે ઘણું કઠણ છે. પરંતુ એવું દુઃસાધ્ય સ્વર્ગ યુદ્ધમાં સહજ જ મળી જાય છે. હા, એ વાત જરૂર હોવી જોઈએ કે તે યુદ્ધ ધર્મયુદ્ધ હોય, ન્યાયની લઢાઈ હોય, કે જેવું મહાભારતનું યુદ્ધ હતું, જો તે યુદ્ધ ન્યાયપૂર્ણ અને ધર્મયુક્ત ન હોત તો સ્વર્ગ ન મળતાં અર્જુન આદિને નરકમાંજ જવું પડત. તેથી એ નિશ્ચય માનો કે અંદર અંદરની લઢાઈમાં જો તમે મરશો તો કદાપિ સ્વર્ગ મળી શકવાનું નથી, કારણ કે તે ધર્મ અને ન્યાયની લઢાઈ નથી. સ્વર્ગ તો કેવળ ન્યાય અને ધર્મના યુદ્ધમાંજ મળે છે. હા, જો કોઈ નિર્બળ મનુષ્ય અગર અબળા સ્ત્રી ઉપર અત્યાચાર કરતો હોય અને તેને બચાવવાને સારૂ તમારે યુદ્ધ કરવું પડે અને તેમાં તમે મરો તો અવશ્ય સ્વર્ગ મળશે. તાત્પર્ય એ છે કે, ન્યાય અને નીતિને સારૂ જ પ્રાણ આપવાથી સ્વર્ગ મળે છે. અગર જો કોઈ ખોટા વિચારોથી ઈર્ષ્યા, દ્વેષ, લોભ, મોહ, મદ, અહંકાર તથા કામ આદિને વશ થઈને યુદ્ધ કરે અને તેમાં મરે તો નરક જ મળવાનું: તેથી એ વાતોથી હંમેશા વેગળા રહો અને એવું વર્તન રાખતા રહો કે જેમાં ન્યાય અને નીતિપૂર્ણ લઢાંઈમાંજ લઢવાનો અવસર મળે કે જેથી તેમાં ફતેહ મળતાં યશ અને મરતાં સ્વર્ગ મળે. પરંતુ સંસારમાં દરેકને એવા અવસર મળતા નથી. એવી તક તો જેણે કાંઈ પુણ્ય કર્યું હોય એવા ક્ષત્રિયને જ મળે છે. આજને દિવસે તો દુનિયામાં અન્યાય અને અનીતિ ફેલાય છે અને તેને સારૂ લોકો પોતાના પ્રાણ આપે છે. તે સર્વ અવશ્ય નરકમાંજ જવાના. આજકાલ જ્યાં જુઓ ત્યાં દરેક આદમી બીજાને લુંટવામાં, ચોરી કરવામાં તૈયાર હોય છે અને તેવાં જ કામોમાં પ્રાણર્પણ કરવામાં બહાદુરી સમજે છે. ન્યાયપથ અને નીતિના માર્ગ ઉપર અવલંબિત રહીને પોતાના પ્રાણનો બલિ આપનારા કોઈ વિરલજ હશે. અન્યાયી, અત્યાચારી અને પાપીનું જોર આજકાલ બહુ વધી ગયું

છે. ન્યાય પરાયણ, અત્યાચાર વિરોધી અને પુન્યાત્મા બહુ ઓછા દેખાય છે. એનું કારણ એ છે કે, આજકાલ સર્વ લોકો ઈન્દ્રિયોના સુખને જ સર્વથી મોટું સુખ માની બેઠા છે. ઈન્દ્રિયોને રોકવાની અગર તેમને વશમાં રાખવાની ચેષ્ટા કરનારા વિરલજ હોય છે. ઈન્દ્રિયોને વશમાં રાખવાનો પ્રયત્ન કરતાં મરવાવાળો કોઈ નથી, પણ ઈન્દ્રિયોને વશ થઈ કામનાઓ પાછળ મરવાવાળા ઘણાં છે. બધી દુનિયામાં જયાં જુઓ ત્યાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શને વશ થઈ મરવાને સારૂ લોક તૈયાર થઈને બેઠા છે. એવી રીતે મરનારાઓને સ્વર્ગ મળી શકતું નથી, કારણ કે તે ન્યાયી મૃત્યું નથી. વળી આજકાલ લોકોમાં એવી શક્તિ પણ દેખાતી નથી કે તે પોતાના ઈન્દ્રિયોને વશમાં રાખી શકે. એ ઈન્દ્રિયો જબરદસ્તીથી આજકાલના નબળા મનના લોકોને પોતાને વશ કરી લે છે અને પોતાની મરજી પ્રમાણે તેમને નચાવે છે, નાટક સિનેમા અને નાચરંગમાં ફસાવીને એમને એવા તો બેશુદ્ધ કરી દે છે કે લોકો એવી તુચ્છ વસ્તુઓ માટે મરી ફીટે છે અને નરકગામી થાય છે. જો કોઈ રીતે થોડી વારને સારૂ કોઈ મનુષ્ય પોતાની ઈન્દ્રિયો ઉપર કબજો કરે અને દેવમંદિર આદિમાં દર્શન કરવા ગયો તો ત્યાં જતાં જ વળી પાછો તે કબજો છુટી જાય છે અને મનુષ્ય ઈન્દ્રિયોને વશ થઈ કુદૃષ્ટિ તથા ગંદા વિચારોમાં પડી જાય છે. દેવદર્શનનો આનંદ (જેને સારૂ ઘેરથી તૈયાર થઈ નિકળ્યો હતો) ભૂલી જાય છે અને સ્ત્રીઓ તરફ ધ્યાનમગ્ન થઈ જોવા માંડે છે. સારાંશ એ છે કે, આજકાલના લોકો પાંચ મિનિટ પણ પોતાને સંભાળી શકતા નથી અને ઈન્દ્રિયોના ગુલામ બની જાય છે.

પ્રભુના પ્રેમિયો, તમે તમારા કર્તવ્યનું ધ્યાન રાખો, ઈન્દ્રિયોની ગુલામી કરવી છોડી દો અને તેમના ઉપર હકુમત કરતાં શીખો, ઈન્દ્રિયોના નોકર ન બનો, તેમના સ્વામી થાઓ જો તમે તમારી ઈન્દ્રિયોને વશમાં રાખશો તો દુનિયામાં એવી કોઈપણ શક્તિ નથી કે જે તમારા ઉપર, તમારી જાતિ ઉપર અગર તમારા દેશ ઉપર કબજો કરી શકે. પણ હા, એ બરાબર ધ્યાનમાં રાખજોકે ઈન્દ્રિયો ઘણી બળવાન છે. તેમની સાથે લઢવાની તથા તેમને જીતવાની તક ઘણી મુશ્કેલીથી મળે છે, આવા વિચાર દૃઢ કરવાથી ફળ એ થશે કે તક મળતાંજ તમે ઈન્દ્રિયો ઉપર તમારો કબજો લેવાને શક્તિવાન થશો.

એવી જ તક આજ અર્જુનની સામે ખડી થઈ છે. તેથી ભગવાન તેને કહે છે કે -હે અર્જુન, આ સુખ અવસરને તું હાથમાંથી જવા દઈશ નહી. તારા ધર્મનો ખ્યાલ કરીને યુદ્ધ કર, વિકંપિત ન થા. તારે સારૂ આ ન્યાયપૂર્ણ યુદ્ધ છે. તેમાં જો તું મરી જાય તો પણ ધન્ય છે. દુનિયામાં સર્વ કાંઈ મળી જાય છે, સુલભ છે, પણ ઉત્તમ ગતિ જેનાથી પ્રાપ્ત થાય એવું મરણ ઘણું દર્લભ છે. આજ સંજોગાનુસાર તને એજ અવસર પ્રાપ્ત થયો છે. આ યુદ્ધ તારે સારુ સ્વર્ગનું દ્વાર ઉઘાડીને ઉભું છે. મોટા ભાગ્યવાન

ક્ષત્રિયો જ આવું યુદ્ધ પ્રાપ્ત કરી શકે છે, સર્વના નસીબમાં આવું યુદ્ધ હોતું નથી. તું પણ એક પુણ્યશાળી ક્ષત્રિય છે. તેથી તને વારેવારે સમજાવીને કહું છું કે આવો અવસર તું હાથમાંથી જવા દઈશ નહી. અને -

જો તું આ ધર્મયુક્ત સંગ્રામ નહીં કરે, તો તારો ધર્મ તથા કીર્તિને નષ્ટ કરી પાપને પ્રાપ્ત કરીશ.

હે અર્જુન, અગર જો તું આ ધર્મયુક્ત યુદ્ધથી વિમુખ થઈ લઢાઈ નહીંકરે, તો તારો ધર્મ અને તારી કીર્તિ બંન્ને નષ્ટ થઈ જશે-ખોઈ દઈશ અને ઉલટો પાપનો ભાગી થઈશ, લોકો તારી હાંસી કરશે, અને તને નામર્દ કહેશે. ધર્મનો નાશ થવાથી પાપનો ભાગી થઈને નરકમાં જઈશ, અને કીર્તિનો નાશ થવાથી આલોકમાં નિંદિત જીવન ગાળવું પડશે, તેથી લાભ શો થવાનો ?તેથી મારૂં કહેવું માન, સ્વધર્મનું પાલન કર અને યુદ્ધ કર.

હે વત્સ, એ તો પહેલેથી જે કહી ચુકયા છીએ કે આ ઈન્દ્રિયો કૌરવ રૂપ છે. તેમની સાથે લઢીને તેમને જીતવીએ પ્રત્યેક વ્યકિતનું કર્તવ્ય છે. હવે એજ વાતને અહીં પણ ઘટાવીને જોઈ લ્યોકે -તેમને તમારી ઈન્દ્રિયો હેરાન કરે છે સતાવે છે છતાં પણ તમે તેના દબેલાજ રહો છો, તમારા મિત્ર પણ વારેવારે સમજાવે છે કે આ પ્રકારે કોઈને વશ થઈ અનર્થ કરતા રહેવું અને પાપની વૃદ્ધિ થવા દેવી ઠીક નથી, તેથી તે ઈન્દ્રિયોનું દાસત્વ છોડી દો, તેની સાથે યુદ્ધ કરી તેને પરાસ્ત કરો અને સ્વતંત્ર થઈ જાઓ, ઈન્દ્રિયોના ખેંચાણમાં ન ખેંચનારો ઈત્યાદિ, પણ એટલું છતાં તમે માનતા નથી અને તેને વશ પડ્યા રહો છો તો તેનું ફળ શું થશે ? એજ કે જો તમે તેની સાથે નહી.લઢો તો,તે ઈન્દ્રિયો દિવસે દિવસે તમને પાપ ના પથમાં ડૂબાડતી જશે જેથી તમે પરલોકમાં નરકવાસી થશો અને અહી સર્વ લોક તમારી અપકીર્તિ કરશે અને કહેશેકે હમે વારેવારે સમજાવ્યુ કે એવું કામ ન કરીશ, તારા નામ સાથે તારા બાપદાદાના પણ નામને ડૂબાડીશ, પરંતુ તેણે માન્યું નહીં અને પોતાની ઈજ્જત આબરૂને ધૂળમાં મેળવી દીધી. બસ એજ પ્રમાણે ભગવાન્ પણ અર્જુનને સમજાવે છે કે -ક્ષત્રિય થઈને અગર જો તું નહી લઢે, તો તારો ધર્મ નષ્ટ થઈ જશે, અપકીર્તિ થશે તથા પાપનો ભાગી થઈશ તે ઉપરથી અર્જુને પૂછયુંકે કીર્તિ નહીં થાય તો શું બગડી જવાનું ? તેના ઉત્તરમાં ભગવાન કહે છેકે -

સર્વ લોક તારી અક્ષય અપકીર્તિનું કથન કરતા રહેશે, અને પ્રતિષ્ઠિત પુરૂષને સારૂ અપકીર્તિ મરણથી પણ વધારે ખરાબ છે.

હે અર્જુન, જો કીર્તિ નહીં મેળવે તો એમ ન સમજીશકે બધા લોક તને એમને એમ છોડશે. કીર્તિ ન મળવાથી તેના બદલામાં અપકીર્તિ તો અવશ્ય થવાની અને સર્વ લોકએ તારી કદી પણ ક્ષીણ ન થનારી અપકીર્તિની ચર્ચા કરતા રહેશે. અને જો

તું એમ કહેકે : લોક ભલે કહ્યા કરે, તેમાં મારૂ શું બગડવાનું છે ? તો એમ તારે કદાપિ ન કહેવું જોઈએ. કારણકે જે પ્રતિષ્ઠિત પુરૂષ હોય છે તેમને અપકીર્તિ મૃત્યુના કષ્ટ કરતાં પણ વધારે કષ્ટ આપનારી થાય છે. તેથી તું તારો ધર્મ અને કીર્તિને નષ્ટ થવા દઈશ નહી. તેમની રક્ષા કર.

ભગવાન અર્જુનને કહે છે કે - અત્યાર સુધી તું જયારે તારા નૈતિક માર્ગ ઉપર ચાલતો આવ્યો છે ત્યારે હવે અધવચ આવીને આઘા પાછા જવાની જરૂર નથી. હવે જો આઘો પાછો થઈશ તો ખાડામાં પડીશ. એમ કરવું એ ધીર પુરુષોને શોભા આપનારૂં નથી.

સદ્‌ગુરુએ કહ્યું છે,

નીતિના જાણનારા, ચાહે નિંદા કરે, ચાહે સ્તુતિ અને પ્રશંસા કરે, લક્ષ્મી પણ પાસે રહે અગર ઈચ્છા હોય ત્યાં ચાલી જાય, આજે જ મૃત્યુ થાય અગર તો યુગાન્તર પછી થાય, પરન્તુ ધીર પુરૂષ ન્યાયના રસ્તા ઉપરથી કદી પણ હઠાવતા નથી. કહેવાનો ભાવ એ છે કે - તારે માટે આ યુદ્ધ જ ન્યાયયુક્ત રસ્તો છે. તેથી જો તું યુદ્ધથી વિમુખ થઈશ, તો તારી અપકીર્તિ થશે, જે માનનીય વ્યક્તિને માટે મરણથી પણ વધારે દુઃખદાયી છે. કહ્યું પણ છે કે -

'સંભવિત કહ્રઈ અપયસ લાહૂ મરણ કોટી સમ દારૂણ દાહૂ ॥

અને તું એક પ્રતિષ્ઠિત કુલોત્પન્ન વીર પુરૂષ છે. તેથી તારે તારા ધર્મ અને કીર્તિનું રક્ષણ કરવું જોઈએ. અને સૌથી મોટી વાત તો એ છે કે, તું જેટલો નામાંકિત અને પ્રતિષ્ઠા પ્રાપ્ત પુરૂષ છે તેટલીજ તારી વધારે અપકીર્તિ થશે; અરે ! એ નક્કી જાણજે કે જયાં સુધી આ દુનિયા રહેશે ત્યાં સુધી લોકોમાં તારી અપકીર્તિ ગવાતી રહેશે, તારી અપકીર્તિ ઈતિહાસમાં અમર થશે. તે ઉપરથી અર્જુને પૂછયું કે - દુનિયામાં જીવતા રહીને ખાવું પીવું અને મોજ કરવી એ સારૂં કે મરીને કીર્તિનું રક્ષણ કરવું એ સારૂં ?

ભગવાને કહ્યું - તેનો ઉત્તર તો તને ઈતિહાસમાંથી જ મળી રહેશે. શું તું નથી જાણતો કે આજ સુધી જેટલા સંભવિત પુરૂષો થયા છે, દુનિયામાં આજે જેમનું નામ સ્મરણ કરવાથી હૃદયમાં શ્રદ્ધા અને ભક્તિ પ્રકટ થાય છે તે સર્વ પુરૂષોએ સંસારનાં સુખોને તુચ્છ ગણી કેવળ પોતાના ધર્મ અને કીર્તિને માટે પોતાના પ્રાણનું બળીદાન આપ્યું છે ? તેથી શું એ વાતમાં સંદેહ રહી જાય છે કે, યશનું રક્ષણ કરવું એજ ઉત્તમ છે ? તમને તો મેં આત્મા અને શરીર બંનેના ધર્મ બતાવી દીધા અને તે બન્નેથી એમજ સાબિત થયું કે તારે સારૂ યુદ્ધ કરવું અનિવાર્ય છે. મહા ભાગ્યથી આવો સુઅવસર અનાયાસે પ્રાપ્ત થયો છે. તેથી જો તું આ અવસરને ગુમાવીશ, તો નિશ્ચય જાણજે કે તારો ધર્મ અને તારી કીર્તિ બન્ને નષ્ટ થઈ જશે, અને તેના બદલામાં

તને મળશે કેવળ પાપ જેનાથી તારે નરકગામી થવું પડશે. હે અર્જુન, હાથમાં આવેલી ચીજ ફરીફરી મળતી નથી, આવો સમય હમેશાં રહેવાનો નથી. વધારે સંકલ્પ વિકલ્પ છોડી દે. જલદીથી યુદ્ધને સારૂ તૈયાર થઈ જા, નહીં તો એવી અપકીર્તિ થશે કે જે કદી નષ્ટ નહીં થાય, કદી ઓછી ન થનારી - દિન પર દિન વધતી જનારી - અપકીર્તિ થશે.

હે વત્સ ભગવાનનો કહેવાનો ભાવ એ છે કે - અગર જે યુદ્ધમાં લઢતાં મરે છે તો તેની અપકીર્તિ કદી થાય તો તે એકજ વાર. લોકો એકવાર એવી ચર્ચા કરી લે છે કે, જુઓ, અમુક આદમી આટલો બળવાન હોવા છતાં પણ એક મામુલી સૈનિકના બાણથી મરી ગયો, અને તે પછી તેઓ શાન્ત થઈ જાય છે, વારેવારે તેની ચર્ચા કરતા નથી. પરન્તુ જે રણસંગ્રામમાંથી જતો રહે છે તેને લોકો કદી ભૂલતા નથી. મનુષ્યોની પેઢી પછી પેઢી તેના કલંકની ચર્ચા કરતી રહે છે. અને કહ્યા કરે છે કે - અમુક સૈનિક આટલો બળવાન કહેવાતો હતો, યુદ્ધમાં જીતનો બધો આધાર તેના ઉપર હતો, પરન્તુ એ તો એવો નામર્દ નિકળ્યો કે લઢાઈના મેદામાં આવ્યો જ નહીં, બહારથીજ પીઠ બતાવી નાસી ગયો, ઈત્યાદિ. લોકોના આ તરેહના કહેવાથી ફળ એ થાય છે કે, બદનામીવાળો આદમી સમાજમાં એક મિનિટ પણ ધીરતાથી બેસવા પામતો નથી, કારણ કે તેને દેખાતાં જ લોકો તેના તરફ આંગળી બતાવી તેની નિંદા કરવા માંડે છે. જે તેનાથી સહન થઈ શકતી નથી અને વારેવારે વિચાર કરે છે કે - હવે કોઈ મોકો મળી જાય તો હું મારી વીરતા બતાવી દઉં અને લોકોમાં મારી પ્રતિષ્ઠા પાછી સ્થાપિત કરી દઉં. પરન્તુ ગયો વખત પાછો આવતો નથી. બુંદ (ટીપા) થી બગડે છે તે હોજથી સુધરતું નથી, અને તે બદનામ આદમી આવી રીતે જીંદગીભર મડદાની માફક રહીને પોતાનો આ લોક અને પરલોક બન્ને બગાડે છે, અને જે અવસર મળતાં વીરતા દેખાડીને એકવાર કીર્તિ કમાઈ લે છે, પોતાના ધર્મની રક્ષા કરી લે છે તે યુગયુગાતંર સુધી લોકોના હૃદય ઉપર પોતાનો પ્રભાવ અને પ્રતિષ્ઠા કાયમ રાખી શકે છે. બધી દુનિયા ગર્વ અને માનની સાથે તેનું નામ લે છે, તેના શોર્યને વખાણે છે, તેની સ્તુતિ કરે છે અને કહે છે - અમુક વ્યક્તિએ એવું કામ કર્યું કે જેથી આજ સુધી પણ લોકો તેનો લાભ લઈ રહ્યા છે, અને બદલામાં તેનાં ગુણગાન કરે છે. તે ઉપરથી સદ્ગુરૂએ કહ્યું છે.

'कीर्तियस्य स जीवति'

અર્થાત જેની કીર્તિ રહે છે તે જ જીવિત રહે છે. ચાહે પંચભૌતિક શરીરથી ભલે મરે, પરન્તુ પોતાની કીર્તિ રૂપી શરીરથી તે હમેશાં જીવતો રહે છે. જેમ કે કરશનદાસ મહારાજને આજે ચાર વર્ષ વીતી ગયા છે છતાં પણ તેમનું નામ આજ પણ અમર છે - જીવિત છે. જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ તેમની કીર્તિ

વધતી જાય છે. એ જ પ્રમાણે સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજને છસો પચીસ વર્ષ થઈ ગયાં છે, તો પણ પોતાની કીર્તિના રૂપમાં આજ પણ તેઓ જીવિત છે.

હે અર્જુન, આ રણભૂમિમાં લઢતે લઢતે જો તારૂં મૃત્યુ થશે, તો તારે સારૂ સ્વર્ગનું દ્વાર ખુલ્લું થયેલું છે. તું તરતજ સ્વર્ગમાં પહોંચી જઈશ અને જો તારી બહાદુરી સફલ થઈ ગઈ અને તું જીતી ગયો તો પૂછવું જ શું – આનન્દની સાથે પૃથ્વીના તરેહ તરેહના ભોગ ભોગવીશ, લૌકિક સુખ મળશે. એ રીતે તારા બન્ને હાથમાં લાડુ જ છે. તેથી લઢવાનો નિશ્ચય કરી લે અને ઝટપટ ઉઠ, ખડો થઈ જા; અને જો એ વાત તને નહીં ગમે, આળસુ અને અકર્મણ્ય થઈને બેસી રહીશ તો બંને તરફથી હાથ ઘસવા પડશે. મરતાં નરક અને જીવતાં તરેહ તરેહની નિંદાઓ સાંભળી દુઃખી થઈ જઈશ.

મિત્રો, અહીં ભગવાન આખરી ફેંસલો આપે છે. ભગવાન કહે છે કે – પ્રથમ પુરૂષાર્થ કર્યા પછી જ તેનું ફળ મળે છે. આળસુ થઈ બેસી રહેવાથી કાંઈ થતું નથી. દુનિયામાં લોકો કહે છે કે, હમારા ભાગ્યમાં જે હશે તે મળી રહેશે, એ બરાબર નથી, ભાગ્ય શું ચીજ છે ? કર્મનેજ ભાગ્ય અને પ્રારબ્ધ કહે છે. તેથી નિશ્ચય સમજી લેજો કે કર્મ કર્યાં વગર, પુરૂષાર્થ દેખાડ્યા વગર કદી સારૂં ફળ મળી શકતું નથી. જુઓ, એક મજુર જ્યારે પ્રથમ પોતાનો પુરૂષાર્થ કરે છે, મજુરી કરી રહે છે, તે પછી જ તેના પુરૂષાર્થના ફળરૂપ પૈસા મેળવે છે. એ પૈસા જે મળે તે જ એનું પ્રારબ્ધ છે અગર તેના કર્મનું પ્રારબ્ધ ફળ છે, પણ એ વાતને બધા લોકો સમજી શકતા નથી, જે વિદ્વાન હોય છે તે જ સમજી શકે છે. કારણ, આ જીવાત્મા જ્યારે કર્મભૂમિ ઉપર આવે છે. ત્યારે તેને ભ્રમ થઈ જાય છે, મોહ થઈ જાય છે. અહીં આવીને ઉચિત અનુચિતના વિચાર અને સંકલ્પ વિકલ્પની જાળમાં તે એવો તો ફસાઈ જાય છે કે ઝટ નિશ્ચય ઉપર આવી શકતો નથી. સર્વ સાધારણની તો એજ હાલત થઈ જાય છે, તેમજ કોઈ કોઈ વખતે મોટા મોટા વિદ્વાન પણ એજ ચક્કરમાં પડી જાય છે અને નિશ્ચય કરી શકતા નથી. તેટલા માટે જ કહે છે કે અહીં ભગવાને એકલા અર્જુન માટે વાત નથી કહી, પરન્તુ બધા સંસારને માટે એ નિશ્ચયાત્મક ઉપદેશ કરેલો છે કે – નિશ્ચય કરીને તમે તમારૂં કર્તવ્ય કર્મ કરવાને તૈયાર થઈ જાઓ, પુરૂષાર્થ દેખાડો; ફળ અવશ્ય મળશે. અર્જુનની જેમ, સમસ્ત ભૂમંડળની પણ એજ હાલત છે કે જ્યારે તે જંજાળ અને ઝંઝટોમાં પડી છે ત્યારે કાંઈ નિર્ણય કરી શકતા નથી, પોતાનું કર્તવ્ય શું છે તેની સમજ પડતી નથી અને દુઃખમાં પડી જાય છે. પરન્તુ એ દુઃખથી છૂટકારો ત્યારે જ થાય છે કે જ્યારે ભગવાનની વાત ઉપર શ્રદ્ધા અને ભક્તિની સાથે વિશ્વાસ કરી તેને આચરણમાં મૂકવામાં આવે. કારણ કે જગતમાં રહેનારાઓનોજ કર્મ કરવાનોજ અધિકાર છે, તેનું ફળ આપનારો તો પરમાત્માજ છે. તેથી હરેકને આ

વાત ઉપર શ્રદ્ધા રાખવી જોઈએ.

ફળ બે પ્રકારનાં હોય છે - એક આ લોકમાં મળનારૂં ઐહલોકિક અને બીજુ પરલોકમાં મળનારૂં -પારલૌકિક, ફળ બે પ્રકારનાં હોવા છતાં ફળની ઈચ્છા રાખનારા ત્રણ પ્રકારના હોય છે -(૧) કેટલાક એવા હોય છે કે પોતાનાં કર્મના અહીજ પ્રત્યક્ષ ફળ ઈચ્છે છે, (૨) કેટલાક એવા હોય છે કે જે સંતોષ અને ધૈર્યની સાથે શ્રદ્ધાથી અહીં કર્મ તો કરતા રહે છે પણ તેનું ફળ પરલોકમાં મળે એવી ઈચ્છા રાખે છે અને (૩) કેટલાક એવા હોય છે કે જે અહીં રહીને લૌકિક ફળની ઈચ્છા રાખે છે તેમજ ત્યાં જઈને પરલૌકિક ફળની પણ ઈચ્છા રાખે છે. તેથી અહીં ભગવાને અર્જુન પણ બન્ને ફળની ઈચ્છા રાખતો હોય, એવો વિચાર કરીને સાફ સાફ શબ્દોમાં સ્પષ્ટાથી કહ્યું છે કે જો મરીશ તો સ્વર્ગ મળશે, જો જીતીશ તો પૃથ્વિના ભોગ મળશે. રાજય અને પૃથ્વિના ભોગ અહીંના પ્રત્યક્ષ ફળ છે સ્વર્ગ પરલોકનું ફળ છે. ભગવાને અર્જુનને એ બન્ને ફળનો વાયદો તો કર્યો, પરંતુ સાથે સાથેજ શરત પણએ મૂકી કે આ ફળ ત્યારે જ મળશે કે જયારે તું તારા કર્તવ્યનું પાલન કરશે. પુરુષાર્થ કરીને દેખાડીશ ત્યારે અન્યથા નહીં. સંસારમાંજ જોઈ લ્યોને કે કોઈ પણ ફળખાવાને ત્યારે જ પામીએ છીએ કે જયારે પ્રથમ તે ફળનું વૃક્ષ તૈયાર થઈ જાય છે, જો વૃક્ષ ન હોય તો ફળ કેવી રીતે મળી શકે ? એજ પ્રમાણે મનુષ્ય જયારે પ્રથમ કર્મ કરી લે છે ત્યાર પછી જ તે કર્મને અનુસરીને આ લોક અગર પરલોકમાં ઈચ્છા પ્રમાણે સારૂં અગર ખોટું ફળ પ્રાપ્ત કરી શકે છે. આ દુનિયા પણ એક બગીચો છે અને તેમાં જે કર્મ કરવામાં આવે છે તે આ બગીચાનાં ઝાડ છે. મનુષ્યે વાવેલા બગીચામાં ખાટાં અગર મીઠાં જે પ્રકારનાં બીજ હોય છે તે પ્રમાણે ખાટાં અગર મીઠા ફળ આવે છે. સંસારરૂપી બગીચામાં પણ જે પ્રકારનાં બીજ હોય છે તે પ્રમાણે ખાટાં અગર મીઠા ફળ આવે છે. સંસારરૂપી બગીચામાં પણ જે પ્રકારનાં (સારાં કર્મરૂપી ' મીઠા 'અને ખોટાં કર્મરૂપી 'ખાટાં') બીજ વાવવામાં આવે છે તે પ્રમાણેનાં ફળ થાય છે. સારા કર્મનાં મીઠાં ફળ 'સ્વર્ગ'અને ખોટાં કર્મનું ખાટું ફળ 'નરક' છે. જે જેવું બીજ વાવે છે તેને તેવુંજ ફળ પ્રાપ્ત થાય છે.

ભગવાને પણ અહીં અર્જુનને એજ વાત કહી છે કે - હે અર્જુન, મેં બન્ને વાતો તને સમજાવી. હવે તું સ્વયં વિચાર કરી લે અને જેવા ફળની ઈચ્છા હોય તેવું બીજ વાવ - તેવું કર્મ કર.. તે ઉપરથી અર્જુને કહ્યું કે - પ્રભો, આ તો જરા આડી અવળી વાત જણાય છે, કારણ કે એમ પણ થતું જોવામાં આવે છે કે મીઠા ફળની આશાથી વૃક્ષ રોપવામાં આવે - કર્મ કરવામાં આવે છતાં અંતમાં તેનું ફળ ખાટુ નિકળે છે, સ્વર્ગ પ્રાપ્ત ન થતાં નરકમાં લઈ જનારૂં થયું, તો તેનો શો ઉપાય ? તેથી મને તો એજ સારૂં લાગે છે કે વૃક્ષજ ન વાવવું, કર્મજ ન કરવું, અથવા આપજ કોઈ એવો ઉપાય બતાવો - રસ્તો દેખાડો કે બીજો તો વાવું, કર્મ તો કરૂં, પણ ખાટાં-મીઠાં

ફળ ન ખાવા પડે, સ્વર્ગ-નરકનો બખેડોજ નિકળી જાય.

મિત્રો, અત્યાર સુધી ભગવાન આત્મયોગ અને ધર્માધર્મની વાતો કહેતા હતા, પરંતુ અર્જુનનો આ એક પ્રશ્ન એક નવા વિચારને લઈને શાને ખડો થયો. ભગવાને મનમાં વિચાર કર્યો કે અર્જુનની આવી રીતના નવા પ્રશ્ન કરીને, વખત વિતાડવા માગે છે પણ છેવટે જવાનો છે ક્યાં ? કોઈ પણ પ્રકારે હું એને લડાવ્યા વગર રહેવાનો નથી. ઘણા લોકો અભ્યાસવશ અફીણ ખાય છે. પરંતુ જોઈએ તે કરતાં વધારે નશો ચઢવાથી ગભરાઈને તે કોઈ રસાયણ દ્વારા તે નશાને ઉતારી પણ નાખે છે તેવી જ રીતે અર્જુન પણ રસાયણની જ વાત પૂછે છે કે કર્મ તો કરૂં, પણ ફળ ભોગવવું ન પડે. હવે એને એ ઉપાય પણ બતાવવો પડશે, એવો વિચાર કરીને ભગવાને કહ્યું કે - હા, એનો પણ ઉપાય છે, તે હું તને બતાવું છું તે ધ્યાનથી સાંભળ, તે ઉપાય એ છે કે -

સુખ દુઃખ લાભ હાનિ અને જય પરાજયને સરખી માનીને યુદ્ધ સારૂ તૈયાર થઈ જા. એમ કરવાથી પાપને પ્રાપ્ત થઈને નહીં.

હે અર્જુન ! જો તું તારાં સુખદુઃખ - હરકત અને આરામ, લાભ હાનિ - ફાયદો અને નુકશાન તથા જય પરાજય - જીત અને હાર સર્વને બરાબર - સરખાં સમજી લઈશ અને પછી લડવાને તૈયાર થઈશ તો તને કોઈ પણ પ્રકારનું પાપ અગર દોષ લાગી શકશે નહીં. અર્થાત્ એમ સમજીને તું યુદ્ધ કર. અને જો તેમાં બધાએ લોકો મરી જાય તો તને પાપ લાગશે નહીં.

સજ્જનો ! ભગવાન કહે છે કે જો તમે સુખમાં હો તો પોતાને સુખી સમજીને અહંકાર કરશો નહીં તે જ પ્રમાણે દુઃખી હો તો રડશો નહીં. આ સંસારનું તો એ કામ જ છે કે તમારાથી કાંઈ સારૂં કામ થાય તો તમારા ગળામાં એ ફુલના હાર પહેરાવશે અને તમારી આરતી ઉતારવાને પણ તેયાર થઈ જશે, અગર જો કાંઈ ખોટું કામ થયું તો ઝટ નારાજ થઈને તમારા ગળામાં ખાસડાંની માળા પહેરાવશે, માટે તમે તમારામાં એવા વિચારને દૃઢ કરો કે જેથી કદી પણ સુખદુઃખનો પ્રભાવ તમારા ઉપર પડવા પામે નહીં, કારણ કે જ્યારે દુનિયામાં આવ્યા છો, ત્યારે નિશ્ચિત છે કે, સારાં ખોટાં બધી તરેહનાં કામ કરવાંજ પડશે, તો પછી એમજ સુખ દુઃખમાં માન્યા કરશો તો છેડો ક્યારે આવશે ? માટે બન્નેને સમાન સમજો. જો સુખમાં હો, તો પરમાત્માનું ધ્યાન કરો કે હે પ્રભો, તને ધન્ય છે કે, આ તુચ્છ શરીરને તું આટલું માન આપે છે. એમ કરવાથી સુખી હાલમાં તમારા મનમાં અભિમાન ઉત્પન્ન થવા પામશે નહીં તેમ કાંઈ બંધન પણ થશે નહીં. તે જ પ્રમાણે જો દુઃખના દિવસો હોય, દુનિયામાં બદનામી થતી હોય, તો પણ એ પરમાત્માની પ્રાર્થના કરો કે - હે ભગવન્ ! શું આ તારી કસોટી છે ? મારામાં એટલી શક્તિ નથી કે આ કસોટી ઉપર વધારે વખત રહી શકું.

તેથી મને એવી શક્તિ આપો કે જેથી આ કસોટી (દુઃખ) ને પાર કરી શકું. તમારા સિવાય મારું કંઈ ઠેકાણું નથી. ઈત્યાદી. સુખ હોય કે દુઃખ હોય, પ્રાર્થના બન્ને હાલતમાં કરવી જોઈએ.અહંકાર કદી ન કરવો જોઈએ. એવો ભાવ રાખવો અને રહેવો એ ઉંચા જ્ઞાનની નિશાની છે. સંન્યાસીમાં આવું જ જ્ઞાન હોય છે અને હોવું પણ જોઈએ.જુઓ, જ્યારે સંન્યાસીને કોઈ પ્રણામ કરે છે ત્યારે તે કહે છે કે 'ૐ નમો નારાયણ'. એનો અર્થ એ છે કે, આપ 'નારાયણ છો અને હું આપને નમન અર્થાત્ પ્રણામ કરૂં છું.' સંન્યાસીને કોઈને આશીર્વાદ આપવાનો અધિકારી નથી. તેથી તે ઉત્તરમાં કહે છે કે, 'નારાયણ' અર્થાત્ તમે જે નમન અગર પ્રણામકર્યા તે નારાયણ પ્રતિ છે, મારા આ પંચતત્ત્વના શરીરને સારુ નથી. સંન્યાસીના આ પ્રમાણેના વ્યવહારનું કારણ એ છે કે, દુનિયાનો સંબંધ રાખતા નથી. પણ પ્રભુને સર્વ સમર્પણ કરી દે છે. બસ, આજ દશા ગૃહસ્થીની પણ હોવીં જોઈએ. આ જગતમાં સુખદુઃખના પ્રસંગ તો આવતા જ રહે છે. કદી જન્મ થાય છે, કદી મૃત્યુ થાય છે, કદી વિવાહ તો કદી લાભ તો કદી હાનિ, કદી હાર તો કદી જીત થતાં જ રહે છે. જીવનભર આ બખેડા તો લાગેલા જ રહે છે, તેથી બન્ને હાલતોમાં સમભાવ રાખવો એજ તેમાંથી છૂટવાનો ઉપાય છે. જુઓ જે વૃક્ષમાં અનેક શાખાઓ હશે તેમાં હમેશાં ગરબડ થતી જ રહેવાની - કદી એક ડાળ તૂટશે, તો કદી બીજી તૂટશે એ પ્રમાણે સમયના હેરફેર સાથે બધીજ તૂટવાની, પણ જે ઝાડને એકજ ડાળ હશે તે ભલા કેવી રીતે તૂટવાની ? તે તો જયારે વૃક્ષ તૂટશે ત્યારે તેની સાથે એકજ વાર તૂટશે વારેવારે નહીં. તે પ્રમાણે જે ગૃહસ્થનું જેટલું મોટું કુટુંબ હોય તેના ઉપર તેટલા જ વધારે દુઃખસુખના પ્રસંગ આવતા રહે છે, અને જે પ્રમાણે પવન કે આંધીના તોફાનથી ઝાડનાં એક બે ડાળતૂટી છૂટાં પડી જાય છે અને તેનો બધો આઘાત ધક્કો થડને વેઠવો પડે છે તે પ્રમાણે ગૃહસ્થને પણ સર્વ સુખ દુઃખ સહન કરવાંજ પડે છે. તેથી જેમ ગુલાબ આદિ ફૂલને આજે તે ખીલ્યું છે કાલે કરમાઈને તે ભોંય ઉપર પડી જશે એમ સમજીને તેને ઈશ્વરને અર્પણ કરીએ છીએ, તે પ્રમાણે દિકરાનો જન્મ થયો અને તે મરી ગયો, તો એ બન્ને બનાવને ઈશ્વરની કૃપા સમજો, તેમાં સુખદુઃખ માનવાની જરૂર નથી. વળી એ પણ જુઓ કે એકજ વૃક્ષની બે ડાળોમાંથી એક ડાળના ફળ પાકીને મીઠા થાય છે અને બીજી ડાળનાં કાચાં અને ખાટાં રહી જાય છે, પરંન્તુ તે ઝાડના થડને બન્ને ડાળો પ્રતિ સમાન ભાવ રાખવો પડે છે તથા બરાબર રસ આપવો પડે છે, તે પ્રમાણે એક ગૃહસ્થને પણ પોતાના લાયક અને નાલાયક બન્ને દિકરા ઉપર સમાન ભાવ રાખવો જોઈએ તથા બરાબર પાલનપોષણ કરવું જોઈએ જો ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખશો અને તેનો જ માર્ગ ગ્રહણ કરશો તો એ વાત જરાએ મુશ્કેલ નથી કે લાયક અગર નાલાયક કોઈની પણ અસર તમારા ઉપર પડે નહીં. તમારે તો બસ, તમારી મંજલ પૂરી કરવા

તરફ, યાત્રા તરફ ધ્યાન રાખવું જોઈએ, રસ્તાના ખાડા ટેકરા તથા સુગંધ દુર્ગંધનો ખ્યાલ રાખવાની કાંઈ જરૂર નથી. એ ઝઘડામાં પડ્યા તો ગાડી છૂટી. તેથી એ સદૈવ ધ્યાનમાં રાખો કે આપણે જે પ્રકારે બને તે પ્રકારે સમય ઉપર સ્ટેશને પહોંચવું જ જોઈએ અને પહોંચવાનું જ છે.

હે વત્સ ! આ શરીર તો આપણાં સારાં ખોટાં કર્માનુસાર પેદા થતાં જ રહે છે. તેથી સંસારી બખેડાઓમાં લપટાઈ રહેવાથી જરાએ ફાયદો થવાનો નથી. અહીં તો પોતાની મંજિલ પૂરી કરવાનું જ ધ્યાનમાં રાખવું આવશ્યક છે. આપણાં સારાં ખોટા કર્માનુસાર કોઈ વખત મખમલ ઉપર ચાલવાનું પણ મળશે અને કોઈ વખત કાંટામાં પણ ચાલવું પડશે. પરંતુ કાંટા ઉપર ચાલતાં ન તો ગભરાવવું જોઈએ કે ન તો તે બાબતનો કોઈને દોષ દેવો જોઈએ. સંસારમાં કદી કદી એમ પણ જોવામાં આવે છે કે પ્રત્યક્ષ રૂપમાં કોઈ ખોટું કામ પોતાના પરિવાર પૈકી કોઈ અન્ય વ્યક્તિ કરે છે અને તેનું ફળ કુટુંબના માલિકને ભોગવવું પડે છે. પરંતુ એવી પરિસ્થિતિમાં પણ તે ખોટું કામ કરનારને દોષ દેશો નહીં. તે સમયે પણ એમજ સમજો કે મેં જ કાંઈ ખરાબ કર્મ કર્યું હશે કે જેનું ફળ મને આવી રીતે મળ્યું. જો કે મનુષ્યને માટે એ સ્વાભાવિક છે કે કાંઈ સારૂં કામ થઈ ગયું તો તેના મનમાં અભિમાન થઈ જાય છે, અને જો કાંઈ ખોટું થઈ ગયું તો તેનો દોષ ઈશ્વર અને ભાગ્યને માથે ઢોળી પાડે છે, પણ એ બન્ને વાતો અનુચિત છે, એમ કદી પણ ન થવું જોઈએ. બન્ને દશાઓમાં ઉપર કહ્યું છે તેમ ઈશ્વરનું ધ્યાન કરવું જોઈએ તથા સમભાવથી વર્તાવ કરવો જોઈએ. જો કામ બગડી જાય અને તેનો માથે દોષ આવે તો એમ ધારી લ્યો કે આપણા પૂર્વ કર્માનુસાર આ શરીરમાં તે દોષ લાગવાનો જ હતો, અને જો કામ બની જાય તો પણ એમજ સમજો કે આપણા પૂર્વકર્માનુસાર આ શરીરથી એ કામ સિદ્ધ થઈ ગયું. એ સર્વ ઈશ્વરની કૃપા છે. જો એવી ધારણા રહ્યા કરે તો નિશ્ચય સમજજો કે કદી બંધનમાં પડાશે નહીં.

હાનિ લાભ અને જય પરાજય આદિ સર્વ વાતોમાં આ પ્રમાણે સમાન ભાવ રાખો અને પરમાત્મા જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં સંતોષ માની શાંતિ રાખો અને આનંદ કરો, એવી ધારણા રાખવાવાળામનુષ્ય જંગલ અગર પહાડ ગમે ત્યાં પડ્યા રહે તો પણ તેમને દુઃખ થઈ શકશે નહીં. અને જો એવી ધારણા ન રહી શકી તો સુંદર અને ભવ્ય મહેલની અંદર મખમલી ગાદી અને મુલાયમ તકિયા રહેવા છતાં પણ તેમાં સુખ જણાશે નહીં, પરંતુ દરેક પ્રકારના પરિતાપ અને ધગશ રહ્યા જ કરશે, સુખની સર્વ સામગ્રીઓ જ્યાંની ત્યાંજ પડી રહેશે અને ન તો સુખેથી ભોજન લઈ શકશો કે ન તો કોઈ સુખ ભોગવી શકશો તેથી જેમ બની શકે તેમ હમેશાં સમભાવથી રહેવાનો પ્રયત્ન કરતા રહો. જો ભૂખ લાગી હોય તો કેવળ ખાવાથી જ મતલબ રાખો, જે કાંઈ પણ તે સમયે મળી જાય તે રૂચિ અને પ્રેમથી જમી લ્યો; તેમાં સુખ

મળશે અને જો એવો ખ્યાલ રાખશો કે હમે તો ચાંદી સોનાની થાળી મળશે ત્યારે જ ભોજન કરીશું અન્યથા નહીં, ત્યારે તો ખાવાનું સુખ તો બાજુએ રહ્યું પણ ઉલટું ભૂખ અને ચાંદી સોનાની થાળી ન મળવાનું એ બન્ને દુઃખ તમારા ઉપર સવાર થવાનાં, તેથી એ પ્રકારના વિચારોને ભૂલથી પણ મનમાં આવવા દેશો નહીં, દરેક હાલતમાં સમભાવ રાખો. એજ આ શ્લોકનો મર્મ છે અને ભગવાને અર્જુનને બહાને બધા સંસારને માટે એજ ઉપદેશ આપેલો છે અને તેનો અમલ કરવો એ મનુષ્ય માત્રનું આવશ્યક કર્તવ્ય છે.

મિત્રો, ઉત્તરોત્તર તરેહ તરેહની સુખ સામગ્રીઓ સાથે અનેકાનેક પ્રકારની ઉન્નતિ થવા છતાં પણ આજ સર્વસંસાર, સમગ્ર ભૂમંડળ આટલું દુઃખી કેમ છે ? ચારે તરફ એટલી અશાંતિની જ્વાળા ભભૂકી રહી છે કે જેની પાસે નોકર ચાકર, મોટર, બંગલા અને સર્વ ઐશ્વર્ય મોજૂદ હોવા છતાં પણ તેઓ દુઃખી છે; આ બધું કેમ થાય છે? એનું કેવળ એક જ કારણ છે. ધર્મ ઉપર કોઈ ધ્યાન આપતું નથી. તેને અમલમાં મૂકતું નથી. તેથી ધ્યાનમાં રાખજો કે જ્યાં સૂધી આ વાતને તમારા નિત્ય વ્યવહારમાં નહીં મૂકો સર્વત્ર સમભાવ નહીં રાખો, ત્યાં સૂધી હૃદયમાં શાંતિ આવી શકવાની નથી, અને જ્યાં સૂધી હૃદયમાં અશાંતિ છે, વિકાર ભરેલા છે ત્યાં સુધી વાસ્તવિક સુખની આશા મિથ્યા છે. તેથી ઉપરના પૉલીશ, રંગરોગાન તથા ચમક-ધમક ઉપર ધ્યાન આપશો નહીં, તેમના માનસિક વિચારોને જૂઓ કેકેટલા અનુચિત માર્ગ ઉપર દોડે છે, અને નાના પ્રકારની ચિંતાઓના શિકાર થતા રહે છે ! તમે પણ તેમના જેવા ન થશો. તમારા મનમાં સંતોષ અને ધૈર્ય રાખો તેના બદલામાં ઈશ્વર તમને સુખ અને શાંતિ આપશે.

આ સંસાર એક નદીના જેવો છે, અને મનુષ્ય જીવન તેની અંદરના પાણી જેવું છે. જેમ નદીમાં કદી કદી પાણી ઉપર ચઢે છે અને કદી ઉતરી જાય છે, તે જ પ્રમાણેસુખદુઃખ પણ કદી ઉંચે ચઢે છે અને કદીનીચે ઉતરી જાય છે. તેથી આ જીવન અગર આ શરીરનું અભિમાન કદાપિ ન કરશો, આ શરીરને સારૂ તો કદી મૂર્ખ થવું, કદી વિદ્વાન થવું, કદી ગરીબ થવું. કદીઅમીર થવું આદિનો પ્રવાહ તો ચાલતો જ રહે છે. તે જ પ્રમાણે જ્યાં સૂધી શરીર છે ત્યાં સૂધી કદી સુખ તો કદી દુઃખ ભોગવવાનું જ રહે છે, શરીરની એ અનિવાર્ય દશા છે. તેથી તેની ચિંતા છોડી દો અને સર્વમાં સમાન ભાવ રાખો. એ ઈશ્વરને કદી ન ભૂલશો, આ શરીરથી અગર તેની દ્વારા થનારાં સારાં કર્મોનું કદી પણ અભિમાન ન કરશો. પોતાને દઢ અને ધીર બનાવી રાખો, કમજોર ન થાઓ. તેવી જ રીતે એ પણ નિશ્ચય સમજો કે જીવનની વારાફેરી - ઉન્નતિ અવનતિ-માં જ્યારે જ્યારે ટેવ - અભ્યાસ બદલવો પડશે ત્યારે ત્યારે દુઃખ અવશ્ય થવાનું, પરંતુ તે સમયે પણ દઢતા અને ધીરજ રાખજો, મનને નબળું પડવા

દેશો નહીં, સારાંશ એ જ છે કે - સુખ દુઃખ, હાનિ લાભ, જય પરાજય તથા જીવન મરણ આદિસર્વ સ્થિતિમાં સમભાવ રાખી યુદ્ધ - કર્તવ્ય કર્મ - કરતા રહો, તેને પોતાની ફરજ સમજો અને ફળને ઈશ્વરના ઉપર છોડી દો. પરંતુ એ ધ્યાનમાં રાખજો કે, એવો ભાવ ત્યારે જ ઉત્પન્ન થશે કે જયારે આપણે પોતાને પરમાત્મા ચરણોમાં સોંપી દઈશું. પરમાત્માને અર્પણ થઈ જઈશું, અને તેનો એજ ઉપાય છે કે કામ બગડે કે સુધરે તેનો શોક કે હર્ષ ન કરશો, હમેશાં તમારા મનમાં એજ ભાવના બનેલી રાખો કે - 'હે પ્રભો, હું તો તે જ કરીશ જે તમે કરાવશો' એવો ભાવ રાખી અહંકારનો ત્યાગ કરી કર્મ કરવાથી કાંઈ પાપ પૂણ્ય થઈ શકતું નથી.

પુરાણમાં એ વિષયનું એક ઘણું સુંદર દૃષ્ટાંત છે કે - ભગવાન શ્રીકૃષ્ણ જયારે વૃન્દાવનમાં રહેતા હતા અને ગોપીઓની સાથે બાલક્રીડા કર્યા કરતા હતા તે સમયે પણ કેટલાક લોકો એવા હતા કે જે ભગવાન ઉપર અનેક પ્રકારના આક્ષેપો કરતા હતા. સંજોગવશાત્ એક વખતે શ્રાવણ મહીનામાં દુર્વાસા ઋષિએ યમુનાને સામે કાંઠે આવીને મુકામ કરેલો હતો. આણી તરફ વૃન્દાવનમાં જયારે ગોપીઓને તેમના આવવાની ખબર પડી ત્યારે એ સર્વેએ વિચાર કર્યો કે એક દિવસ ત્યાં જઈને તેમને ભોજન કરાવવું જોઈએ. પરંતુ વરસાદના દિવસો હોવાથી યમુનાને સામે કાંઠે જવું એ સાધારણ વાત નહોતી. યમુનાના ઉન્મત્ત તરંગો ઉછળતા, ઘુંઘવાટ કરતા એટલા તો પ્રબળ વેગથી વહેતા હતા કે મોટા મોટા વીરોના પણ છક્કા છૂટી જાય. પછી બિચારી ગોપીઓની તો વાત જ શી ? તેમણે વિચાર કર્યો કે, યમુના પાર કરવાનો ઉપાય શ્રીકૃષ્ણને પૂછીએ, એવો વિચાર કરીને બધી ગોપીઓ મળી ભગવાનની પાસે જઈ પહોંચી અને તેમને સર્વ હકીકત કહી, નદી પાર કરવાનો ઉપાય પૂછ્યો. ભગવાને કહ્યું કે તમે બધાંએ જઈને યમુનાને કહો કે - જો શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી હોય તો તું અમને રસ્તો આપ. ભગવાનની વાત સાંભળીને ગોપીઓએ હસવા માડ્યું. અને બોલી કે હમારી સાથે તો રોજ ક્રીડા કરો છો; પછી ભલા એમ કહેવાથી તે અમને કેવી રીતે માર્ગ આપી શકશે ? એના ઉત્તરમાં ભગવાન કાંઈ કહેવા જતા હતા, એટલામાંજ કેટલીક શ્રદ્ધા અને જ્ઞાનવાળી ગોપીઓએ કહ્યું કે - અહીં હસવાનું કામ નથી, ચાલો યમુના પાસે જઈએ અને એ વાતનીપરીક્ષા કરીએ. તે બાબતમાં સર્વેએ, એક મત થઈ યમુનાને કિનારે જઈને કહ્યું કે - હે યમુને, જો શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી હોય તો તું હમને માર્ગ આપ. હમારે સામે કાંઠે જવું છે. એટલું કહેતામાં જ સર્વ ગોપીઓના આશ્ચર્ય વચ્ચે, યમુના વચ્ચેથી આછી થઈ ગઈ અને ગોપીઓને સામે કાંઠે જવાનો સુંદર માર્ગ કરી આપ્યો. પેલીપાર જઈને ગોપીઓએ દુર્વાસા ઋષિનું યથાવિધિ પૂજન કરી સારાસારા સ્વાદિષ્ટ પદાર્થોનું ભોજન કરાવ્યું. પછી જયારે પાછા વળવાનો સમય થયો, તો સર્વેએ જોયું કે યમુના પાછી ભરપૂર થઈ

ગઈ છે. હવે શું થાય ? થોડીવાર વિચાર કરીને નિશ્ચય કર્યો આમથીતો જવાનો કોઈ ઉપાય નથી, ચાલો આ ઋષિ મહારાજને જઈને પૂછીએ એ કાંઈ રસ્તો બતાવશે. દુર્વાસા ઋષિની પાસે જઈને તેમણે કહ્યું કે - ભગવન્, હમારે હવે વૃન્દાવનમાં પાછું જવું છે, યમુરન્તુના તો ભરપૂર છે. હમને સામી પાર જવાનો ઉપાય બતાવવાની કૃપા કરો. તે ઉપરથી દુર્વાસાજીએ કહ્યું કે ! કેમ હમણાં તો તમે પેલી પારથી આવ્યા છો ? તો જે માર્ગે આવ્યાં છો તે માર્ગે કેમ ચાલ્યાં જતાં નથી ? તેના ઉત્તરમાં ગોપીઓએ કહ્યું કે - પેલી પારથી આવતી વખતે તો હમે શ્રીકૃષ્ણના બાળ બ્રહ્મચર્યની આણ મૂકીને રસ્તો માગી લીધો હતો. હવે તો પાછો તે ભરાઈ ગયો છે. એ સાંભળીને ઋષિએ કહ્યું કે - ઠીક, જાઓ અને યમુનાને કહો કે - 'જો દુર્વાસા ઋષિ સદાના નિરાહારી - ઉપવાસી ! હોય તો તું હમને માર્ગ આપ.' ઋષિની આ વાત ઉપર ગોપીઓ એટલું હસી કે જેનું ઠેકાણું જ નહીં. સર્વે અંદર અંદર વાતો કરવા લાગી કે આતો તેનાથી પણ હડહડતું જુઠું. અરે વાહરે ! હમણાં તો આપણા દેખતાંજ આટલા બધા લાડુ અને પેંડા ઉડાવી ગયા અને કહે છે કે, 'સદાના નિરાહારી' છે. આ તો ઉઘાડું જુઠ. પરંતુ અહીં પણ તે જ શાણી ગોપીઓએ કહ્યું કે - ચાલો, જઈને તેમની વાતની પરીક્ષા કરીએ જો માર્ગ નહીં મળે તો આવીને તેમને શરમાવીશું. એ ઠરાવ સર્વેએ પસંદ કરી યમુનાને કિનારે ગયાં અને કહ્યું કે - 'હે યમુને, જો દુર્વાસા ઋષિ સદાએ ઉપવાસી હોય તો તું હમને માર્ગ આપ' એટલું કહેતામાં, યમુનાએ ફરી પૂર્વવત્ વચમાંથી આછી થઈ માર્ગ કરી આપ્યો અને ગોપીઓ તે રસ્તેથી સુખપૂર્વક વૃન્દાવન પહોંચી ગઈ.

આ સર્વ વાતો તો થઈ. આણી પાસ ભગવાન શ્રીકૃષ્ણની આણના બળથી અને પેલી પાર ઋષિ દુર્વાસાની આણના બળથી ગોપીઓ પેલી પાર ગઈ અને આ પાર પાછી પણ ચાલી આવી. પરંતુ આ બનાવને જોઈને એ ગોપીઓની સાથે સર્વ સંસારને પણ મહાન આશ્ચર્ય થયું આ બનાવની વાતો સાંભળીને સર્વ લોકો વિસ્મય વિમુગ્ધ થઈ ગયા. અંતે બધી ગોપીઓએ વિચાર કરીને નિશ્ચય કર્યો કે શ્રી કૃષ્ણને જ આનું રહસ્ય પૂછીએ. તેઓ સર્વ ભગવાનની પાસે પહોંચી અને આ બનાવનું રહસ્ય પૂછ્યું ભગવાને કહ્યું કે એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. મારૂં તથા ઋષિ દુર્વાસાનું બન્નેનું કહેવું સત્ય છે, કારણકે દુર્વાસાએ જે કાંઈ પણ ખાધું છે તે પોતાને માટે ખાધું નથી પણ તે મારે સારૂ ખાધું છે. હું જ વૈશ્વાનર રૂપી જઠરાગ્નિ થઈને સર્વ પ્રાણીઓની અંદર રહું છું. તેથી જે કૃષ્ણાર્પણ કરીને ભોજન કરે છે તે ખુદ ન ખાતાં મને જ ખવડાવે છે, હું જ તે સર્વ ખાઉ છું. મને જ તે સર્વ પ્રાપ્ત થાય છે. તમે લોકો પણ જે કાંઈ કર્મ કરો - ખાઓ, પીઓ, સુવો, જાગો તે સર્વ ઈશ્વરાર્પણ કરી દો અહંભાવથી કાંઈ પણ કરશો નહીં, તેમજ કોઈપણ વાતનું તમારામાં અભિમાન

રાખશો નહીં. જાણો છો ? દુર્વાસા ઋષિએ જે કાંઈ પણ ખાધું પીધું તે સર્વની હું – પરમાત્માની વૈશ્વાનર રૂપી શક્તિને આહુતિ આપી દીધી છે. તે જ પ્રમાણે તમે લોક પણ જે ખાઓ છો પીઓ છો તે સર્વ મને જ પ્રાપ્ત થાય છે. મારી જ શક્તિરૂપી અગ્નિમાં હજમ થાય છે. પરંતુ આ રહસ્યને તમે જાણતા નથી. તેથી તેનું ફળ તમને મળતું નથી. અને સંસારમાં નિત્ય પ્રતિ લોકોને જે તરેહ તરેહના ઉદર વિકાર થાય છે – કોઈથી ખવાતું નથી, કોઈનું પેટ ફુલી જાય છે, કોઈને દુઃખવા માંડે છે, કોઈને ખાધેલું પચતું નથી. ઈત્યાદિ. એનું કારણ પણ એજ છે કે, લોકો પોતાને સારૂજ સમજીને સર્વ કાંઈ ખાય છે પીએ છે, અને એ ધ્યાનમાં રાખતા નથી કે પોતાની અંદર જે પરમાત્માની વૈશ્વાનર રૂપી શક્તિ છે કે તે કેટલી શક્તિશાળી છે. હું જે કાંઈ ખાઉ છું. પીઉં છું તે સર્વ હજમ થવા લાયક છે કે, નહીં ? આખરે પરિણામ એ થાય છે કે, એ નિત્ય પ્રમાણેના નિત્યના અનાચારથી મારી ચેતનરૂપી શક્તિ (વૈશ્વાનર અગ્નિ) ધીરે ધીરે ન્યુન થાય છે અને માણસ વિકારોમાં ફસી જાય છે. તેથી જેવી રીતે દુર્વાસાએ અહંભાવથી ન ખાતાં મારેજ સારૂં ખાધું પીધું તેવી રીતે તમે બધાં પણ પોતાને સારૂં ન ખાશો. સર્વ કાંઈ હું – ઈશ્વર – ને અર્પણ કર્યા કરો. એ નિશ્ચય સમજજો કે જે આદમી આત્મા અને પરમાત્માને જુએ છે, તેનું ધ્યાન ધરે છે, તે કદી પણ કામ, ઈચ્છા અને વાસનાઓના વિકારમાં ફસાતા નથી.

તે જ પ્રમાણે મારા હાલ, મારી વાતનો અર્થ પણ સમજો. જો કે તમારાં બધાની સાથે વિહાર કરૂં છું, રાસક્રીડા રચું છું અને અંદરઅંદર સ્ત્રી પુરુષના વ્યવહાર કરૂં છું; પણ વાસ્તવમાં એવી વાત નથી. આત્મા સ્ત્રી તથા પુરુષ બન્નેમાં એક જ તરેહનો છે, એક જ છે. સ્ત્રીનો આત્મા સ્ત્રીલીંગ નથી, તેમજ પુરુષનો આત્મા પુલ્લિગ નથી. સંસારના જોવામાં જે સ્ત્રીલિંગ અને પુલ્લિગના ભેદ દેખાય છે તે કેવળ શરીરગત છે. – એ ભેદ શરીરમાં છે, આત્મામાં નથી. એ વાતને વધારે સ્પષ્ટતાથી જાણવી હોય તો એવી રીતે સમજી શકાય છે કે, પ્રથમ સ્ત્રીનું શરીર અને આત્મા બન્નેને જુદાં જુદાં કરો અને જુઓ અને વિચાર કરો કે, સ્ત્રીનો ભેદ શરીરમાં છે કે, આત્મામાં ? તમને અવશ્ય એ ભેદ શરીરમાં જ જણાશે અને એ શરીરને જોઈને એક બાળક પણ કહી શકશે કે તે સ્ત્રીનું શરીર છે, ઠીક, હવે આત્મા તરફ ધ્યાન કરો અને તેને જોઈને બતાવો કે તે સ્ત્રીનો છે કે, પુરુષનો ? તમને સાફ જણાઈ આવશે કે તે ન તો સ્ત્રી છે કે, ન તો પુરુષ છે. બસ, એવી રીતે પુરુષના શરીર અને આત્માના સંબંધમાં સમજી લ્યો. પુરુષનું પણ શરીર જ તેના પુરુષપણાનું પરિચાયક છે, આત્મા નહીં. સ્ત્રી અને પુરુષ, એ બન્ને ચિન્હ અગર ભેદ શરીરના છે. તેથી જ્યારે શરીરનું ધ્યાન થાય ત્યારે જ વિકાર ઉત્પન્ન થાય છે. પરંતુ જો આત્માનું ધ્યાન રાખશો તો કોઈ વિકાર ઉત્પન્ન થઈ શકશે જ નહીં. એ બન્ને ભેદ શરીરની સાથે જ ઉત્પન્ન

થાય છે અને શરીરની સાથે જ નષ્ટ પણ થઈ જાય છે આત્મા જ અમર છે તે જ રહી જાય છે અને તેમાં એ બન્ને ભેદોનો અભાવ છે. તેથી આત્મદર્શી તત્ત્વજ્ઞાનીઓને કદી પણ કોઈ વિકાર થતો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે – હું સર્વ દુનિયાને આત્મા રૂપે દેખું છું અને આ સર્વ સંસાર માળાના મણકાની પેઠે મારામાં પરોવાએલો છે, એ સિદ્ધાંતનું કદી વિસ્મરણ થવા દેતો નથી.

તેથી મારા આ કથનમાં કે – કે 'હું બાળ બ્રહ્મચારી છું' તે પણ મિથ્યા નથી, એક અક્ષર પણ અસત્ય નથી. તેથી તમે લોકો જો એક નર્દોષબુદ્ધિના બાળકની પેઠે સ્ત્રી અને પુરૂષનો ભેદ ભૂલી જાઓ, તો એ આત્મજ્ઞાન થવામાં અને આ સિદ્ધાંત સમજવામાં કાંઈ પણ વાર લાગશે નહીં તે ઉપરથી ગોપીઓએ પૂછયુંકે, નિર્દોષ બુદ્ધિ બાળકમાં કેવી રીતે સ્ત્રી પુરુષનો ભેદ નથી હોતો ? તેના ઉત્તરમાં ભગવાને આછું સ્મીત કરતાં કહ્યું કે -શું, તમોએ એ નથી જોયું કે નાનું બાળક નાગું ધડંગ જયાં મરજીમાં આવે ત્યાં દોડતું ફરે છે અને કોઈ પણ તરેહના સંકોચનો અનુભવ કરતું નથી ? તેમજ તે બાળકથી કોઈ સ્ત્રી અગર પુરુષ પણ સંકોચ પામતાં નથી? તેની ઈચ્છામાં આવે તો -તેની માની સોડમાં ઈચ્છામાં આવે તો -પિતા , ભાઈ અગર બહેન સર્વના ખોળામાં બેસી જાય છે અને લોકો નિઃસંકોચ તેને ઉચકીને ચુમ્બન કરે છે,લાડ લડાવે છે ; પરંતુ વિકાર કોઈના હૃદયમાં થતો નથી – નથી એ બાળક વિકાર યુક્ત થતું કે નથી એ માતા,પિતા, ભાઈ અગર બહેન પણ વિકારી થતાં. એનું કારણ શું ? એજ કે તે બાળકના મનમાં આ 'આ સ્ત્રી છે, આ પુરુષ છે' એવો ભેદ હોતો નથી. તે સમસ્ત સંસારને પોતાના જેવું બાળક જ સમજે છે અને દેખે છે. તેથી આજથી તમે પણ જીવનનાં સર્વ કર્મોને કૃષ્ણાર્પણ કરવાનો અભ્યાસ કરો અને અહંકારને ભૂલી જાઓ, આ શરીરનું ભાન પણ ન થવા દેશો. પછી કોઈ પણ વિકાર તમને વિકૃત કરી શકશે નહી અને દુર્વાસાની તથા મારી વાતોમાં સંદેહ પણ આવશે નહીં

પ્રભુના પ્રેમિયો, ભગવાને અર્જુનને કહ્યું કે જીવનને સારૂ સંસારમાં બે માર્ગ છે – (૧) જ્ઞાનમાર્ગ, અને (૨) કર્મમાર્ગ જેમને આત્માનું જ્ઞાન થયું છે,જે આત્મજ્ઞાની અને તત્વદર્શી છે તેમને સારૂ જ્ઞાનમાર્ગ છે. અને જે લોકો એવા નથી, દુનિયાનાં સર્વ કર્મો કરતા રહેવાની ઈચ્છા રાખે છે તેમને માટે કર્મમાર્ગ છે.

અર્જુને પૂછયું -કર્મમાર્ગનો અર્થ શો ?

ભગવાને કહ્યું -કર્મમાર્ગ તેને કહે છે કે, સંસારમાં રહીને બધાં કામ તો કરે છે, પરંતુ પોતે કરેલાં એ કર્મોનાં ફળની ઈચ્છા રાખતો નથી, અને જે કાંઈ કર્મ કરે તે બધાં મને -પરમાત્માને -અર્પણ કરી દે છે. આજ કર્મમાર્ગને કર્મયોગ પણ કહે છે, તેથી તું પણ એ કર અને યુદ્ધ કરવાને સારૂ ખડો થઈ જાને કાંઈ પાપ અગર પુણ્ય લાગશે નહીં

અર્જુને પૂછયું-ઠીક મહારાજ, હમણાં જે આપે સુખ, દુઃખ, હાનિ લાભ, અને જય પરરાજયમાં સમભાવ રાખવાનું કહ્યું તે જ્ઞાનમાર્ગની વાત છે કે કર્મમાર્ગ અગર કર્મયોગની ?

ભગવાને કહ્યું -

હે પાર્થ, આ બુદ્ધિ તારે માટે (મ્હેં)સાંખ્યમત (જ્ઞાનમાર્ગ) અનુસાર કહી. હવે તેનેજ યોગ (કર્મમાર્ગ) અનુસાર સાંભળ, જે બુદ્ધિથી યુક્ત થતાં (તું)કર્મબંધનથી મુક્ત થઈશ.

હે અર્જુન, અત્યાર સુધી મ્હેં જે કાંઈ કહ્યું તે સર્વ સાંખ્ય અર્થાત્ સંન્યાસને અનુસરતા જ્ઞાનમાર્ગના વિષયમાં કહ્યું. પરંતુ હવે તને હું એજ વાતને યોગ્ય અર્થાત નિષ્કામ કર્મયોગ અનુસાર કહીશ તે ધ્યાનથી સાંભળ. તે તો કર્મયોગને અનુસારીને જો તું ચાલીશ તો નક્કી જાણજે કે કર્મના બંધનમાં ફસાઈ જવું પડશે નહીં. એ બુદ્ધિને પ્રાપ્ત થતાં જ તારા કર્મબંધનો છૂટી જશે.

ભગવાન કહે છે કે, અત્યાર સુધી તો મેં જ્ઞાનમાર્ગ - જ્ઞાનયોગનો ઉપદેશ કર્યો, પરંતુ હવે આગળ જે કાંઈ કહીશ તે કર્મયોગની વાત થશે અર્થાત્ હવે હું કર્મયોગનો ઉપદેશ આપું છું. અને જેવી રીતે જ્ઞાનમાર્ગે ચાલનારા જ્ઞાની પુરુષ પુણ્ય પાપથી પર અલગ રહે છે, કર્મોના બંધનમાં બંધાઈ જતા નથી, તે જ પ્રમાણે કર્મ માર્ગને રસ્તે ચાલનારા સંસારી મનુષ્યો પણ કર્મોનાં બંધનથી બંધાતા નથી, ઉલટાં તે બંધનોથી અનાયાસે છૂટી જાય છે.

હે સજ્જનો, ઘણાએ માણસોને કહેતાં સાંભળ્યા હશે અને ઘણાંએ પુસ્તકોમાં વાંચ્યું હશે કે વાતો તો બધી તેની તે જ છે. પણ જ્ઞાન માર્ગ અગર કર્મમાર્ગ શબ્દની ચર્ચા નહીં કરી હોય, ત્યારે એ છે શું ? તેને નિવૃત્તિમાર્ગ અને પ્રવૃતિમાર્ગ અગર નિવૃત્તિયોગ અને પ્રવૃત્તિયોગ પણ કહે છે. પરંતુ આ શબ્દોથી ભડકશો નહીં આ કર્મયોગ અને જ્ઞાનયોગ અથવા કર્મમાર્ગ, અને જ્ઞાનમાર્ગ જ પ્રવૃત્તિ નિવૃત્તિ સાથે યોગ શબ્દને જોડીને દર્શાવેલા છે. જ્ઞાનયોગ-જ્ઞાનમાર્ગ, નિવૃત્તિયોગ- નિવૃત્તિમાર્ગ, સાંખ્યયોગ અને સંન્યાસયોગ એ બધા એક જ અર્થને દર્શાવનારા પર્યાય શબ્દો છે તેમાં કાંઈ અંતર નથી. તે જ પ્રમાણે કર્મયોગ, કર્મયોગ, કર્મમાર્ગ, પ્રવૃત્તિયોગ, પ્રવૃત્તિમાર્ગ, પણ એક જ અર્થને બતાવનાર શબ્દો છે. નિવૃત્તિયોગ અગર જ્ઞાનયોગનો એ આશય અને ભાવ છે કે - સર્વ કર્મોથી નિવૃત્ત થઈ અર્થાત્ મનુષ્યે સર્વ સંસારના વ્યવહારોથી અલગ રહેવું. અને પ્રવૃત્તિયોગ અગર નિષ્કામ કર્મયોગનો એ અભિપ્રાય છે કે, મનુષ્યે સર્વ કામો કરતા તો રહેવું, પરંતુ તેના ફળની આશા રાખવી નહીં. આ પ્રમાણે બન્ને મતના અનુયાયીને માર્ગ પોતપોતાની રીતનો જૂદો જૂદો છે પણ પરિણામ બન્નેનું એક જ આવે છે.

નિવૃત્તિમાર્ગના અનુયાયી એમ માને છે કે, આત્મા નિર્લેપ છે. તે સુખદુઃખ ભોગવતો નથી. અને શરીર અચૈતન્ય છે તેથી તે પણસુખદુઃખ ભોગવતું નથી. એ સુખદુઃખ તો કેવળ જીવાત્મા ઉપર પોતાનો પ્રભાવ પાડે છે અને તે જ તેને ભોગવે છે. આ વાતના પ્રમાણમાં તેઓ એમ કહે છે કે - જ્યારે જીવાત્મા શરીરનો સંબંધ છોડી દે છે ત્યારે એ શરીરને ગમે તેટલું મારો, કાપો તો પણ તેને કાંઈ કષ્ટ થતું નથી. તેથી સુખદુઃખને ભોગવનાર ન તો શરીર છે કે, ન તો આત્મા છે. ત્યારે ભોગવે છે કોણ ? કેવળ જીવાત્મા જે પ્રમાણે શુદ્ધ અને નિર્મળ પાણી આકાશમાંથી પૃથ્વી ઉપર પડતાં પડતાં જ ગંદુ અને મેલું થઈ જાય છે, અને તે શુદ્ધ જળ ન કહેવાતાં મેલું પાણી કહેવાવા માંડે છે તે જ પ્રમાણે આ આત્મા પણ પહેલાં તો સ્વચ્છ અને નિર્મળ જ હોય છે. પરંતુ અહીં આવીને માયામાં ફસાઈ 'શુદ્ધાત્મા' ન કહેવાતાં 'જીવાત્મા' કહેવાવા માંડે છે. અને જીવાત્મામાં અહંભાવ પેદા થઈને તે સુખદુઃખનો અનુભવ કરવા માંડે છે. આ જ ભાવને, જરા ઉલટી રીતે ઘણાજ થોડા શબ્દોમાં સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે -

અહીં કદી કોઈ એમ કહે કે આ અહંભાવ જીવાત્માનો કેમ થાય છે ? તો તેનો ઉત્તર એ છે કે, જેમ કદી કદી સારી રીતે ન જોઈ શકવાના કારણે અંધારામાં ભ્રમવશ થઈ દોરડીને સાપ સમજી લે છે અને ભય પામે છે તેવી રીતે આત્માના સ્વરૂપને સારી રીતે ન ઓળખવાને કારણે તેનામાં અહંભાવ ઉત્પન્ન થઈ જાય છે અને સુખદુઃખની લાગણી થવા માંડે છે, અને જેવી રીતે દોરડી જાણી લીધા પછી સાપનો ભ્રમ દૂર થઈ જાય છે અને કોઈ ભય રહેતો નથી, તેવી રીતે આત્માને જાણી લીધા પછી અંહભાવ જતો રહે છે અને સુખદુઃખની લાગણી થતી નથી. અહંભાવજ સુખદુઃખનું મૂળ કારણ છે. જુઓ, કોઈ યુવકના મનમાં જ્યારે એવી ભાવના નિશ્ચિત થઈ જાય છે કે, અમુક યુવતીની સાથે મારો વિવાહ થશે ત્યારે તેના મનમાં એક પ્રકારની પ્રેમની લાગણી ઉત્પન્ન થાય છે, તેના ચિંતવનમાં સુખ માને છે અને જો તે યુવતી માંદી પડે અથવા કોઈ પ્રકારના કષ્ટમાં હોય તો તે દુઃખી થાય છે. પરંતુ કોઈ કારણથી તે વિવાહ સંબંધ છૂટી જાય અને તે યુવતીનો કોઈ બીજી જગ્યાએ વિવાહ થાય અને વખતે તે યુવતી ત્યાં મરી પણ જાય, તો પણ તે યુવકને નથી તો તે વિવાહનું સુખ થતું કે નથી તો તેના મરણથી દુઃખ થતું. તેવીજ રીતે જ્યારે આપણે દુનિયા સાથે આપણાપણાનો સંબંધ જોડી લઈએ છીએ ત્યારેજ આપણને સુખદુઃખનો અનુભવ થાય છે. અને જો તેથી સાથેનો નાતો-સંબંધ તથા આપણાપણાનો ભાવ - અહંભાવ - તોડી નાખીએ છીએ, ત્યારે સુખદુઃખની લાગણી થતી નથી. આ જ વાત જીવાત્મા અને શરીરના સંબંધમાં પણ સમજવી જોઈએ. જીવાત્માએ શરીર સાથેનો સંબંધ જોડી રાખ્યો છે, તેથી જરાપણ કાંઈ આઘાત થાય, ખાવાપીવામાં વાર થાય, કોઈ

પ્રતિકૂળ બનાવ બની જાય કે તરત જ તેને દુઃખનું ભાન થાય છે. પણ જો તે જીવાત્મા માયાથી છૂટીને શરીરના સંબંધનો ખ્યાલ ન કરે, શરીરની સાથે પોતાપણાનું ભાન ન થવા દે તો જીવાત્મા મટીને તે કેવળ આત્માજ થઈ જાય છે, અને તે જ નિર્લેપ, નિર્વિકાર, નિત્ય અને અવ્યય આદિ બની જાય છે, જે ન તો મારવાથી મરે છે કે ન તો જીવાડવાથી જીવે છે ; અને હવે એજ પ્રમાણે સમજી લ્યોકે : જેમ ગંદા પાણીનો કચરો નીચે ઠરે છે ત્યારે પાણી નિર્મળથઈ જાય અને તેમાં મ્હોં પણ દેખી શકાય છે તેવી જ રીતે જયારે જીવાત્મા માયાને છોડી દે છે ત્યારે આત્મા બની જાય છે અને તેના દ્વારા ઈચ્છા હોય તો પરમાત્માને દેખી શકાય છે.

ભગવાને જયારે આ પ્રકારના જ્ઞાનમાર્ગનો અર્જુનને ઉપદેશ કર્યો, ત્યારે તેણે કહ્યું કે -ભગવાન્, આ જ્ઞાનમાર્ગ તો ઘણો કઠણ દેખાય છે. મને તો એમ લાગે છે કે દુનિયામાં પૂર્ણ રીતે એને ભાગ્યેજ કોઈ સમજતું હશે અથવા તેનું પાલન કરી શકતું હશે. આપે બતાવેલા આ જ્ઞાનમાર્ગ અનુસાર શરીરના સંબંધને માનવો એ અમો સંસારી જીવોને સારૂ ઘણું કઠણ છે. શરીર સૌને વ્હાલું છે. તેથી તેને આત્માથી ન્યારૂં અને જૂદું માનવુંએ સાધારણ વાત નથી. તેથી કૃપા કરીને કોઈ એવો સરળ માર્ગ બતાવો કે જે પ્રમાણે વર્તવાથી, ફળ તો જ્ઞાનમાર્ગના અનુયાયીને મળે છે તે જ મળે, પણ સાધન એવું સરળ હોય કે જેને લોકો સુગમતાથી કરી શકે.

ભગવાને કહ્યું - એમ સમજીનેજ મેં તને નિષ્કામ કર્મયોગ ઉપદેશ કરવાનું શરૂ કર્યું છે તે એવો સરળ માર્ગ છે કે તેનું અનુસરણ કરનારનો શરીર સાથેનો સંબંધ પણ જોડાએલો રહે છે, સ્વેચ્છાનુસાર ખૂબ ખાતો પીતો પણ રહી શકે છે, સંસારનાં સર્વ કામ પણ કરી શકે છે, અને જ્ઞાનમાર્ગીને મળનારાંને ફળ પણ મેળવી શકે છે. હા, તેમાં જો કાંઈ વિશેષ કરવાનું હોય, તો તે એટલું જ છે કે -પોતાનું ખાવું, પીવું અગર સંસારમાં જે કંઈ કરવું તે સર્વ પરમાત્માને સારું સમજીને કરવું સદા એ ભાવ બન્યો રાખવાનો છે કે જે કંઈ કરે -કરાવે છે તે સર્વ પરમાત્માજ કરે -કરાવે છે, અને આ સંસારમાં જે કાંઈ છે તે હે પ્રભો, સર્વ તું જ છે.

અર્જુને કહ્યું - હા, કંઈક ઠીક છે, સરળ જણાય છે.

ભગવાને કહ્યું - અર્જુન, તોપણ તું જેટલું સરળ ધારે છે. તેટલું સરળ નથી, એ પણ કઠણ જ છે.

અર્જુને કહ્યું - કેવી રીતે ? આ તો સરળ જણાય છે, એમાં કાંઈ કઠણ જણાતું નથી.

ભગવાને કહ્યું - ના, અર્જુન, એવી વાત નથી. જીવતેજીવત આપણા અસ્તિત્વને મટાડી દેવું અને સર્વત્ર પરમાત્માને જ વ્યાપી રહેલો સમજતા રહેવું એ સાધારણ વાત નથી. ઘણી કઠણ છે. આ માર્ગમાં પણ તારે અહંભાવ છોડવો પડશે.

તું કોણ છે ? કેવળ શરીર જ તું છે તે ઈન્દ્રિય, મન કે આત્મામાંથી કોઈ એક છે ? કેમ, કાંઈ સમજ પડતી નથી ને ? ખેર; એટલું જ સમજી લે કે તારામાં કોઈ ભાગીદાર છે. તેથી આ માર્ગે ચાલવામાં પણ તારે જીવનકાળમાં જ તારી સ્થિતિને એકદમ નહીંવત્ કરી નાખવી પડશે. પણ એ વાત અવશ્ય છે કે જો પ્રયત્ન અને પુરુષાર્થ કરીશ તો આ માર્ગે ચાલવું અસંભવિત અગર અશક્ય નથી.

મિત્રો, આ શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે, તે તત્ત્વો - પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ છે, તેને ગુજરાતીમાં માટી, પાણી, આગ, પવન અને આકાશ તથા ફારસીમાં ખાક, આબ, આતિશ, બાદ તથા આસમાં કહે છે. આ જ તત્ત્વોનું રાત દિવસ સેવન કરીને આપણે આપણી રક્ષા કરી શકીએ છીએ, અર્થાત્ આ જ તત્ત્વોથી આ શરીરનું પાલન પણ થાય છે. ઈશ્વરે આ તત્ત્વો આપણને મફત જ આપેલાં છે, પરંતુ આજકાલ તો મ્યુનિસિપાલિટી (શહેર) માં રહેનારાઓને તેમનો પણ કર આપવો પડે છે, કિંમત આપીને વેચાતાં લેવાં પડે છે; પરંતુ આપણે જે જમાનાની ચર્ચા કરીએ છીએ, તે જમાનામાં ચાહે કોઈ શહેરમાં રહે કે ગામડામાં, કોઈપણ જગાએ તેનો 'કર' આપવો પડતો નહોતો, સર્વત્ર એ મફતજ - વિના કિંમતે - મળતાં હતાં, હાં, તો પછી જયારે એ પાંચ તત્ત્વો એકઠાં થાય છે ત્યારે આ શરીર તૈયાર થાય છે. જે રીતે મકાન બનાવવામાં ઈંટ, પત્થર, ચુનો, સીમેન્ટ, માટી અને લોખંડ - લાકડું વિગેરે સર્વે મશાલાની જરૂર પડે છે, તે જ પ્રમાણે આ શરીર પણ પાંચે તત્ત્વોના મશાલાથી બન્યું છે. અને જે પ્રમાણે મકાનના મશાલાની સાથે તે મકાનના માલિકને ભળી જવું પડતું નથી પરંતુ તે તો અલગ જ રહે છે, તે જ પ્રમાણે આ શરીરના માલિક - જીવાત્માને પણ પાંચ તત્ત્વોની સાથે ભળી જવું પડતું નથી પરંતુ તે તો અલગ જ રહે છે. મકાનનો માલિક મકાનની રક્ષા કરે છે અને જીવાત્મા શરીરની રક્ષા કરે છે. એ પ્રમાણે મકાન અને શરીરની તુલના થઈ શકે છે. અહીં એ વાત પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે મકાનનો અધિકારી તેનો માલિક થાય છે અને શરીરનો અધિકારી જીવાત્મા થાય છે, પરંતુ તેની સાથેજ મકાનમાં ઈંટ, ચુનો, સીમેન્ટ પત્થર, લાકડું આદિ તેમ જ શરીરમાં પૃથ્વિ, જળ, તેજ, વાયુ અને આકાશ આદિનો પણ હિસ્સો - ભાગ - રહેલો હોય છે, એ સર્વ પણ તેમાં ખાસ ભાગીદારો છે.

અહીં શરીરના સંબંધમાં એક બીજી વાત પણ જાણી લેવી જોઈએ. શરીરમાંથી શ્વાસ નિકળે છે તેમાં પણ ઉપર્યુક્ત પાંચ તત્વો હોય છે, અને તે તત્વોના ભેદ પ્રમાણે શ્વાસમાં પણ ભેદ પડી જાય છે. આ શ્વાસોને 'સ્વર' પણ કહે છે અને પંચતત્વના સંબંધથી તેમને જૂદાજૂદા ઓળખવામાં પણ આવે છે. આ ઓળખવું તેને સ્વરજ્ઞાન કહેછે. સ્વરજ્ઞાનવાળો પુરુષ કોઈ કામના ફળાફળના સંબંધમાં પહેલેથી જ જાણી લે છે.અને બતાવી દે છે કે; અમુક સમયમાં કોઈ કાર્ય કરવાથી શો લાભ થશે અને અમુક

સમયમાં કરવાથી હાનિ થશે. સાથે સાથે સ્વરજ્ઞાનવાળાને બીજા પણ ઘણા ફાયદા થાય છે. તેથી સ્વરજ્ઞાન સંપાદન કરવું એ સર્વને સારૂ લાભદાયક અને આવશ્યક છે. જે લોકોને સ્વરોનું જ્ઞાન મેળવવું હોય તેમણે પ્રતિદિન પ્રાતઃકાળમાં ચારથી પાંચ વાગતાની વચ્ચે ઉઠી પ્રથમ પરમાત્માની પ્રાર્થના કરવી જોઈએ કે -હે પ્રભો, મારો દિવસ આનંદમંગળમાં વ્યતીત થાવ, તે પછી શૌચ આદિ નિત્યકર્મ કરી સ્નાન પણ કરી લેવું,

જે લોકો સૂર્યોદય થયા પછી પણ સાત આઠ વાગતા સુધી સુઈ રહે છે તેમને તથા જેઓને સારૂં અને ખુલાસાથી શૌચ થતું નથી તેમને સ્વરજ્ઞાન થતું નથી -જેઓ પોતાની મરજી માફક સ્વયં સવારમાં ઉઠી શકે છે તેમને સારૂ તો કાંઈ કહેવાનું નથી. પરંતુ જેમને શુદ્ધ શૌચ થતું નથી તેમને સારૂ અહીં બે ઉપાય બતાવું છું કે જેની સહાયતાથી શોચનો દોષ મટી જશે. પહેલો ઉપાય એ છે કે ' ઉત્તાનપાદ ' આસન કરવું. આ આસનનો વિધિ એવો છે કે - પ્રથમ બે પગને જોડાજોડ કરી સીધા લાંબા કરવા. પછી હાથવડે બે પગના અંગુઠા પકડવા, અને માથાને ઢીચણ ઉપર મૂકવું - અડકાવું એમ કરવાથી પેઢા ઉપર વજન આવે છે અને મળની જગા તે જ છે. તેથી ત્યાં કાંઈ વિકાર હશે તે દૂર થઈ જશે અને શૌચ સાફ થશે. તેજ પ્રમાણે બીજો ઉપાય એ છે કે: પહેલું ઉંધા સુઈ જવું. પછી હાથવડે પગના અંગુઠા એવી રીતે પકડવા કે જેથી માથું, પગ અને છાતી ત્રણે ઉંચા થાય, આમ કરવાથી પણ પેઢા ઉપર વજન આવશે અને શૌચ સારો થશે.

આ પ્રમાણે પ્રાતઃકાળમાં ઉઠીને નિત્યક્રિયાથી નિવૃત થઈ આસન બાંધીને બેસી જવું અને જોરથી નાકને રસ્તેથી શ્વાસ બહાર કહાડવો. પછી જેટલે દૂર શ્વાસ - સ્વર - જાય તે છેડા ઉપર ધ્યાન આપવાથી એક પ્રકારનું ધુમાડા જેવું દેખાશે અને તેમાં પાંચ રંગ જણાશે. આ પાંચે રંગો એજ પાંચ તત્વોના હોય છે, જેનું જ્ઞાન નીચે લખેલા પ્રકારથી થાય છે -

૧ આકાશતત્વના સ્વરકાળા રંગનો હોય છે અને તે નાકની અણી પાસે દેખાશે.

૨ અગ્નિતત્વનો સ્વર લાલ રંગનો હોય છે અને તે નાકથી ચાર આંગળને છેટે દેખાશે.

૩ વાયુતત્વનો સ્વર લીલા રંગનો હોય છે અને તે નાકથી આઠ આંગળને છેટે દેખાશે.

૪ પૃથ્વિતત્વનો પીળા રંગનો હોય છે અને તે નાકથી બાર આંગળને છેટે દેખાશે.

૫ જળતત્વનો સ્વર સફેદ રંગનો હોય છે અને તે નાકથી સોળ આંગળને છેટે દેખાશે.

અહીં એ પણ જાણી લેવું જોઈએ કે નાકનાં બન્ને છિદ્રોમાંથી ઘણે ભાગે એકી સાથે સ્વર નિકળતા નથી. તેમાં લગભગ અઢી અઢી ઘડીને અંતરે ફેર બદલી થતી રહે છે. હા, કદી કદી બન્ને એકી સાથે નિકળે છે પણ તે કવચિત જ થાય છે.

આ પ્રમાણે આ સ્વરોના ત્રણ ભેદ પડી જાય છે. -

૧ જ્યારે જમણા નાકથી સ્વર ચાલે છે ત્યારે તેને સૂર્ય નાડી કહે છે તે પુરુષરૂપ છે.

૨ જ્યારે ડાબા નાકથી સ્વર ચાલે છે ત્યારે તેને ચંદ્ર નાડી કહે છે, તે સ્ત્રીરૂપ છે.

૩ જ્યારે બન્ને નાકથી એકી સાથે સ્વર ચાલે છે ત્યારે તેને સુષુમ્ણા નાડી કહે છે. તે સ્ત્રીરૂપ પણ નથી તેમજ પુરુષરૂપ પણ નથી.

આ સ્વરોનો અભ્યાસ કરવાને સારૂ પ્રાતઃકાળ બ્રહ્મમુહૂર્ત જ ઉચિત કાળ છે. સ્વરને ઘણા ઉતાવળથી કે ઘણા ધીમેથી ચલાવવા ન જોઈએ.સ્વાભાવિક ચાલથી ચલાવવા એ જ ઉચિત છે. જો શરૂઆતમાં શ્વાસમાં સ્વરોના રંગનું જ્ઞાન ન થયું. હોય, રંગની પ્રતીતિ ન થઈ હોય, તો કોઈ સ્વચ્છ કાચનો કકડો લઈ તેના ઉપર શ્વાસ કહાડવો. કાચના ટુકડા ઉપર શ્વાસ પડવાથી તેના ઉપર પાણીના ઝીણા કણ દેખાશે અને તેમાં રંગો પણ જોવામાં આવશે. પરંતુ એ પ્રતીતિ પણ એકજ દિવસમાં થતી નથી, કેટલાક દિવસોના અભ્યાસ પછીથી થાય છે. આ કામમાં બહુ ઉતાવળ કરવી જોઈએ નહીં. ઘણો સૂક્ષ્મ વિચાર કરવાની આવશ્યકતા છે.

જે પ્રમાણે આરસી અગર કાચના ટુકડા ઉપર મ્હોંનો શ્વાસ કહાડવાથી તેના ઉપર પાણીના કણ બાઝે છે તે પ્રમાણે નાકનો શ્વાસ કહાડવાથી પણ જયારે કાચ ઉપર પાણીના કણ દેખાય ત્યારે તેના ઉપર સ્થિર દૃષ્ટિ નાંખવાથી રંગની પ્રતીતિ થવા માંડશે. તેમાં સમય તો જશે પણ લાભ પણ ઘણો થશે. આ કામ એકાંતમાં તથા ઘણું અજવાળુ ન હોય અગર અંધારું ન હોય તેવી જગામાં કરવું જોઈએ. જો અજવાળું રાખો તો પોતની પાછળના ભાગમાં રાખવું જોઈએ કે જેથી મોંઢા ઉપર અજવાળું ન આવે. ઉપર કહેલું જ છે કે સ્વર અઢી ઘડીએ બદલાય છે. પણ જરૂર પડતાં તે બદલી પણ શકાય છે. તેનો ઉપાય એ છે કે સુઈ જઈને કલાંઠે સુવો પછી ચતા સુઈ જાઓ અને પછી કલાંઠ બદલો તો પછી સ્વરની ગતી બદલાશે.

ભગવાન અર્જુનને કહે છે કે પરમાત્માની પ્રાપ્તિ અર્થે જ્ઞાનયોગ અને કર્મયોગ એ બન્ને માર્ગ છે, આ વાત ઘણી મહત્ત્વની છે, જુઓ, કુમાર્ગે પડવામાં તો હજારો રસ્તા છે. પણ ભગવાનને, પરમાત્માને મેળવવાના અર્થાત્ ઉપર જવાને સારૂ તો બે જ માર્ગ છે. એ વાત બિલકુલ સાચી છે. જેમ - પાણીનો સ્વભાવ નીચે વહેવાનો છે, તેથી તેને ઉપર ચઢાવવા માગો તો તેમાં વિશેષ પ્રયત્નની જરૂર છે. નદિયોને જુઓ કે નીચે વહેવાને સારૂ તે મોટી મોટી શીલાઓ અને પહાડોને તોડી નીચે વહે છે. પણ

ઉપર જવાને સારૂ આજ સુધી કોઈ નદીએ પ્રયત્ન કર્યો નથી કે રસ્તો બનાવ્યો નથી. બરાબર તે જ હાલત જીવાત્માની છે. જીવાત્માનો માયાના પ્રભાવમાં પડી રહેવાથી તેનો એ સ્વભાવજ પડી ગયો છે. તે અનેક અડચણો અને સંકટોને વેઠીને પણ નીચે પડવાના - પતિત થવાના રસ્તા ઉત્પન્ન કરી લે છે, તેમાં તેને જરાએ અઘરૂં લાગતું નથી, પરંતુ ઉપર જવામાં ઉન્નતિને માર્ગે ચઢવામાં તે આળસ કરે છે, તે તેને ઘણું અઘરૂં લાગે છે. હાથમાં જ્યાં માળા લઈને બેઠા કે મન આખી દુનિયાની સેલ કરવા દોડે છે. હવે વિચાર કરો કે, આ નીચે પડવાનો માર્ગ છે તે પ્રમાણે તું ચાલ, તો પણ તે કયા કારણે તે પ્રમાણે ચાલવા માંડે છે ? તો તેનું કારણ તે સ્વભાવજ છે. મન પોતાની મેળે જ નીચે પડવાનો માર્ગ શોધી કહાડે છે, અને તે પણ જરાએ પ્રયત્ન કર્યા વગર. પોતાના સ્વભાવથી જ મન તે તરફ દોડે છે. પોતાના મિત્ર, કુટુંબી કે ભાઈ, ભાઈબંધ કશાનો પણ વિચાર કરતો નથી, સર્વને બાજુએ મૂકી નીચે ઢળી પડે છે અને જીવન વ્યર્થ ગુમાવે છે. કદાપિ એમ કહો કે એ નીચે પડીને પણ આનન્દથી છાનોમાનો બેસી રહે છે, તો તેમ પણ નથી. ત્યાં જઈને પણ તે પોતાના સ્વરૂપમાં કાયમ રહેતો નથી, પશ્ચાતાપ કરવા માંડે છે. પસ્તાય છે.

આ વાત તો થઈ નીમ્નગામી માર્ગોની; હવે જરા ભગવાન શ્રીકૃષ્ણે બતાવેલા એ સાંખ્યમાર્ગ અથવા જ્ઞાનમાર્ગ તથા કર્મમાર્ગની વાત જુઓ. ભગવાને, ઈશ્વરના મેળાપને સારૂ - પરમાત્માની ઝાંખીને સારૂં બે જ રસ્તા બતાવેલા છે, અને તે બન્નેમાં એવી શક્તિ છે કે તેમાંના કોઈપણ માર્ગે ચાલનારો પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરી લે છે. તે તાત્પર્ય એ છે કે આ બન્ને માર્ગથી પરમાત્માની ઝાંખી થઈ શકે છે, અલૌકિક શાંતિ પ્રાપ્ત કરી શકાય છે અને અંતમાં જગતની સર્વ જંજાળોથી મુક્તિ મળી શકે છે. તેથી જ ભગવાને અર્જુનને માર્ગનો ઉપદેશ કરેલો છે.

પરંતુ અર્જુનને જ્ઞાનમાર્ગ ઘણો કઠણ અને અસાધ્ય લાગવાથી જ્યારે તેણે કહ્યું કે - ભગવન્, આ માર્ગમાં તો આ શરીરને જુદુ સમજવાનો આપ ઉપદેશ કરો છો, અને મારાથી તો આ મારૂં ગાન્ડીવ ધનુષ્ય પણ જુદું સમજી શકાતું નથી, તેથી એ માર્ગ તો મારે સારૂ ઘણો કઠણ છે. ત્યારે ભગવાને બીજા - નિષ્કામ કર્મયોગ - માર્ગનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું, અને કહ્યું કે - સારી વાત છે, તે માર્ગને છોડી દે કર્મ માર્ગને જ પકડ, તેનાથી પણ જ્ઞાનમાર્ગે જવાથી જે ફળ મળે છે, તે જ ફળ તને મળશે. ભગવાને બતાવેલો કર્મમાર્ગનો એજ સાર છે કે - આ જગતમાં જે કાંઈ પણ થાય છે, તે સર્વનો કર્તાહર્તા એ ઈશ્વર છે, હું પ્રાણી - જીવાત્મા - કાંઈ કરવાવાળો નથી. આ માર્ગે ચાલવામાં કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવો પડતો નથી, સર્વ કાંઈ કરતા રહો, પણ ફળની આશા રાખશો નહી બસ, એ એક જ શરત આ માર્ગમાં છે. તેનો બીજી રીતે ખુલાસો એવી રીતે સમજી શકાય છે કે - કોઈ બેંકમાં તમે લાખ

રૂપિયા જમે મૂકેલા છે, તો તમારામાં એવો ભાવ ન લાવશો કે – તે રૂપિયા લેનારો હું છું. પરંતુ શું એવો ભાવ કોઈ રાખી શકે ? પોતાની કમાઈનો અધિકાર કોઈ છોડી શકે છે ? બધી પ્રભુની કમાઈ છે, મારૂં કાંઈ નથી એવો ભાવ કોઈ રાખી શકે છે છે ? હા, રાખી શકે છે. પણ તેને સારૂ ઘણા કઠણ અભ્યાસની જરૂરત છે.તેથી આ માર્ગને અર્જુને સહેલો સમજતાં, ઉપર ભગવાને કહ્યું છે કે - આ માર્ગને પણ સહેલો ન સમજીશ. એ પણ ઘણો કઠણ છે. તેથી તમે પણ ઉલ્લાસના ઉભરામાં આવીને 'હા' ન કહી બેસશો, નહીં તો સોડાવોટરની પેઠે પ્રથમ ઉભરો ચઢી પાછળથીશમી જવાશે, અને પસ્તાવાનું રહેશે.

અર્જુને ભગવાનને પૂછ્યું કે – ભગવન્, આ નિષ્કામ કર્મયોગનું મહત્ત્વ શું છે ? એના ઉત્તરમાં ભગવાન કહે છે કે –

અહીં (નિષ્કામ કર્મયોગમાં) આરંભનો નાશ નથી, તેમજ કાંઈ વિઘ્ન પણ નથી. આ ધર્મનું થોડું પણ આચરણ ભારે ભયમાંથી રક્ષણ કરે છે.

અર્જુન આ નિષ્કામ કર્મયોગના માર્ગમાં, કરેલા આરંભ કર્મનો નાશ થતો નથી તેમજ ઉલટા ફળરૂપ દોષ પણ નથી. તેથી આ નિષ્કામ કર્મયોગરૂપ ધર્મનું થોડું આચરણ પણ જો કોઈ કરે તો તે તેની ભારે ભયમાંથી રક્ષા કરે છે અર્થાત્ આ ધર્મનું આચરણ કરનારા જન્મ અને મૃત્યુ રૂપ મહાન ભયમાંથી મુક્ત થઈ જાય છે.

મિત્રો, મનુષ્ય જો પોતાનામાં અહંભાવ ન આવવા દે, અને જે કાંઈ કરે તે સર્વ પરમાત્મા જ કરે છે, એવો ભાવ સતત કાયમ રાખે, તો તેનું આરંભિક કર્મ નષ્ટ થતું નથી, તેના કર્મમાં કોઈપણ પ્રકારનું વિઘ્ન ઉપસ્થિત થતું નથી; એટલું જ નહીં પણ ભગવાને તો ત્યાં સૂધી કહી નાખ્યું છે કે : જો થોડો ઘણો પણ એવો ભાવ કોઈ રાખે તો તે ભાવ – ધર્મ – તેની મોટામાં મોટા ભયથી રક્ષા કરે છે. તેથી મિત્રો, તમે જે કાંઈ પણ કરો તે બ્રહ્માર્પણ બુદ્ધિથી કરો, અને એમજ સમજો કે જે કાંઈ થાય છે તે ઈશ્વર જ કરે છે. હું કાંઈ પણ કરતો નથી. જુઓ, ગોસ્વામીજીએ પણ કહ્યું છે કે

નટ મરકટ ઈવ સબહિ નચાવટ, રામ ખગેસ બેદ અબ ગાવત ॥
ઉમા દારૂ યોષિત કી નાંઈ, સબહિ નચાવત રામ ગુંસાઈ ॥

આ જ પ્રમાણે ગીતામાં પણ અઢારમાં અધ્યાયમાં ભગવાને સ્વયં કહ્યું છે કે –

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन सर्वभूतानि यन्त्रारुढानि मायया ॥

જુઓ, અફીણ અને દારૂના વ્યાપારી જો કે રાત દિવસ અફીણ અને દારૂની વચ્ચે પડ્યા રહે છે તો પણ તેનો નશો તેમને ચઢતો નથી. કારણ કે તે વ્યાપારી તે વસ્તુઓને પોતાની દુકાનમાં પોતાને માટે રાખતો નથી પણ પીનારાઓને સારૂ રાખે છે. તેથી નશો પણ કેવળ તેમને જ ચઢે છે કે જેઓ એ માદક પદાર્થોનો ઉપયોગ કરે છે –

અફીણ અગર દારૂ પીએ છે. તે જ પ્રમાણે સારાં ખોટાં કર્મોના ફળ પણ તેમને જ ભોગવવાં પડે છે : કે જેઓ પોતાને સારૂ સમજીને, અહંત્વ બુદ્ધિથી કર્મો કરે છે. પરંતુ જેઓ બ્રહ્માર્પણ બુદ્ધિથી કર્મ કરે છે તેમને તે કર્મના ફળ ભોગવવા પડતાં નથી, તેમજ તે કર્મ ફોગટ પણ જતાં નથી. ભગવાનને અર્પણ કરેલાં કર્મોનો નાશ થતો નથી. અગર માનો કે જીવાત્માનું કર્મ કરતે કરતે શરીર છૂટી ગયું તો પણ તેણે શરૂ કરેલાં કર્મોનો નાશ થતો નથી. તે નિષ્કામ કર્મ તેને ખાતે જમે રહે છે, અને બીજા જન્મમાં તે જીવાત્મા તેનાથી આગળ કર્મ કરવા માંડે છે, આ પ્રમાણે નિષ્કામ કર્મયોગનો કદી નાશ થતો નથી. નિષ્કામ કર્મ સદૈવ પવિત્ર જ હોય છે. તેથી નિષ્કામ કર્મયોગીને સદૈવ બીજા જન્મમાં સારી બુદ્ધિ અને સારી ગતિ પ્રાપ્ત થાય છે. સંસારમાં કેટલીક વખતે એમ જોવામાં આવે છે કે માતા-પિતા તો અત્યંત દરિદ્ર અને મૂર્ખ હોય છે, છતાં તેમના છોકરા વિલક્ષણ વિદ્વાન અને અત્યંત સમૃદ્ધિવાન થઈ જાય છે. તે જ પ્રમાણે એમ પણ જોવામાં આવે છે કે માતા-પિતા ઘણા વિદ્વાન અને પૈસાવાળા હોય છતાં છોકરા મહાન મૂર્ખ અને ઘણા દરિદ્ર ઉત્પન્ન થાય છે. આ વાતનો ખુલાસો પણ અહીં થઈ જાય છે કે - દરિદ્ર અને મૂર્ખ માતા-પિતાના દિકરા જે વિદ્વાન અને પૈસાદાર થાય છે, તે પોતાના પૂર્વ જન્મમાં કરેલાં નિષ્કામ કર્મના પ્રભાવથી થાય છે. તથા ધનવાન અને વિદ્વાન મા-બાપના છોકરાં જે દરિદ્ર અને મૂર્ખ થાય છે તેમણે પોતાના પૂર્વ જન્મમાં અહંભાવ રાખીને શરીરનો ત્યાગ કરેલો હોય છે, તેથી આ જન્મમાં તેઓ અભાગી થઈને ઉત્પન્ન થાય છે.

આ શ્લોકમાં 'પ્રત્યવાય' શબ્દ વિશેષ ધ્યાન આપવા જેવો છે એનો અર્થ છે દોષ- અફસોસ. ભગવાને કહ્યું છે કે, 'ઈહ પ્રત્યવાયો ન વિદ્યતે' નિષ્કામ કર્મયોગમાં પ્રત્યવાય નથી. તાત્પર્ય એ છે કે નિષ્કામ કર્મયોગનું આચરણ કરનારાને કોઈ દોષ લાગતો નથી. તેને પસ્તાવું પડતું નથી. કારણ કે તે કર્મ કરવાના અભિમાન અને સત્તાથી છૂટી ગએલો હોય છે. દાખલા તરીકે એક સોનાનો ટુકડો સોનીના હાથમાં છે. તે પોતાની મરજી પ્રમાણે, જે પ્રમાણે તેને ગાળી ટીપીને તેનો દાગીનો બનાવે છે, અને તેના સારા ખોટાનો, જિમ્મેદાર થાય છે, તેથી દાગીનો સારો થયાનો કે ખોટો થયાનો, જોનાર સોનીને જ યશ અગર અપયશ આપે છે. સોનાનેતો યશ પણ નથી અને અપયશ પણ નથી. લોકોના આ પ્રમાણેના વ્યવહારનું કારણ શું છે ? જાણો છો ? માત્ર એજ કે સોનાએ પોતાની સત્તા સોનીને સોંપી દીધી છે. સોની, પોતાને સારૂં બનાવે કે ખોટું બનાવે તેની તેને કાંઈ પણ ચિંતા હોતી નથી. તેથી પોતાના સારા ખોટાને માટે તેને પ્રસંશિત અગર નિર્દિત થવાની પરવા રહેતી નથી. તે જ પ્રમાણે જો આપણે પણ આપણું સર્વસ્વ પ્રભુને અર્પણ કરીદઈએ તો પછી, સર્વ કાંઈ કરતાં છતાં પણ જિમ્મેદારી પ્રભુની જ રહેશે અને આપણને કદી પણ આપણા કર્મના ભાગીદાર

થવું પડશે નહીં.

ભાઈઓ, જો આપણે થોડું પણ એ ધર્મનું પાલન કરીશું તો તે મહાન ભયમાંથી આપણો છૂટકારો કરશે. 'ભય' ડરને કહે છે. ડર બે તરેહના હોય છે - (૧) પરલોકનો તથા (૨) આલોકનો. દુનિયામાં એવું કોઈ નથી કે જેને ડર ન હોય. કોઈ પહેલવાન, શૂરવીર કે આબાદ બધુંક મારનાર એમ ન સમજે કે હમે નિડર છીએ, હમને ડર નથી. પણ ડરવું તો બધાને પડે છે. હા, જો કોઈ ન ડરનાર હોય તો તે માત્ર દૈવીસંપત્તિવાળી જ વ્યક્તિ છે, જેના સંબંધમાં ભગવાને સોળમા અધ્યાયમાં કહ્યું પણ છે -

श्रमयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।

નહીં તો તેના સિવાય એવો કોઈપણ નથી કે જેને ડર લાગતો ન હોય, ડર સર્વને લાગે છે. છોકરો પોતાના બાપથી ડરે છે, નોકર પોતાના શેઠથી ડરે છે, સ્ત્રી પોતાના પતિથી ડરે છે, પૈસાવાળો ચોરથી ડરે છે, ચોર પોલીસથી ડરે છે. એજ પ્રમાણે ડરથી કોઈ બચી શકતું નથી. પરંતુ આ બધા ડર આલોકના છે અને તેથી તે સાધારણ ડર છે, ભયંકર નથી. પરંતુ પરલોકનો ડર આ સર્વ પ્રકારના ભયથી મહાન અને ભયાનક હોય છે, આ પરલોકના ડરમાં જન્મમરણનો ડર પણ આવી શકે છે. તેથી દુનિયામાં એવો કોઈ સાહસિક વીર કે પહેલવાન નથી કે જે મરણથી ન ડરતો હોય. મરણનો ડર સર્વને છે. જેમ કે - સાપ કરડવાથી આદમી તે જ વખતે મરી જાય છે એમ બધા લોકો જાણે છે. તેથી સાપથી બધા લોકો ડરતા રહે છે. અગર આ ભરી સભામાં હમણા કોઈ 'સાપ-સાપ કહીને બૂમ પાડી ઉઠે, તો જોઈ લ્યો કે, એક ક્ષણમાત્રમાં જ લોકો પોતાનો જીવ લઈને કેવા ન્હાસવા માંડે છે. કોઈ એક મિનિટ પણ ઉભો રહેશે નહીં. સાપથી લોકોને એટલા બધા ડરતા જોયા છે કે, કંઈ સાપ જોવામાં આવ્યો અને તે ન પકડાયો હોય કંઈ ભરાઈ ગયો હોય તો તે રસ્તે થઈને જવાનું બંધ કરી દે છે અને બીજે રસ્તેથી ફેરમાં જાય છે, પછી ભલે તે રસ્તાથી જવામાં માઈલોનો ચક્કર પડતો હોય, પણ કોઈ સાપવાળે રસ્તેથી જતું નથી. આ પ્રમાણે લોક શા માટે કરે છે? માત્ર મરણના ડરથી. એ ખરી વાત છે કે, શરીર બધાથી વ્હાલું છે અને બની શકે ત્યાં સૂધી તેને આરામ આપવાનો પ્રયત્ન બધા કરે છે. પણ જીવન શરીરથી પણ વધારે વહાલું છે. કોઈ એવો નથી કે મરવાનું પસંદ કરતો હોય. સર્વ જીવતા રહેવાની ઈચ્છા રાખે છે. પણ આશ્ચર્યની વાત એ છે કે, લાખ પ્રયત્ન કરીને પણ આજ સૂધી કોઈ એમ બતાવી શક્યું નથી કે તે જીવતો રહ્યો છે - મર્યો નથી. જીવવાના પ્રયત્નમાં કોઈ હાથ કપાવી નાખે છે. કોઈ પગ કપાવી નાખે છે, કોઈ આંખ જતી કરે છે, અને એવી ઈચ્છા રાખે છે કે, લૂલો, લંગડો કે આંધળો થઈને પણ જીવતો રહી શકું તો હરકત નથી, પણ મરવું ન પડે. મરણથી બધા ડરે છે. મરણના ભયથી લોકો સ્ત્રી,

પુત્ર, ભાઈ, સગાં સંબંધી ભાઈબંધ તથા મોટર, હાથી ઘોડા, બંગલા, મકાન, મીલ-ફેક્ટરી અને માલ ખજાના સર્વ છોડી દે છે પણ મરવાનું ઈચ્છતા નથી.

એક ઘણો ધનવાન માણસ હતો. તેની પાસે મકાન, બંગલા, મોટર અને બાગબગીચા સર્વ કાંઈ હતું તેને એક દિકરો હતો, તે તેને તથા તેની સ્ત્રીને ઘણો વ્હાલો હતો. અને રાત દિવસ તેને રમાડતાં કહેતાં હતાં કે આ દિકરો હમારી આંખનો તારો છે. તેના ઉપર હમારા પ્રાણ પણ ન્યોછાવર કરી દઈએ,

દૈવયોગે એક દિવસ જે બંગલામાં તેઓ રહેતાં હતાં તેમાં આગ લાગી અને થોડીજ વારમાં તેણે ભયંકર સ્વરૂપ લીધું, તેમાંથી એટલા તો પ્રચંડ ભડકાઓ નિકળતા હતા કે દૂરથી જોનારાં લોક પણ ત્રાસી જાય. તે સમયે મકાનનો માલિક ઘરમાં ન હતો, બહાર કાંઈ કામે ગએલો હતો ઘરમાં માત્ર તેની સ્ત્રી તથા દિકરો હતાં. જ્યારે આગ લાગી અને તેની ગરમીથી બિચારી તે સ્ત્રીની આંખ ઉઘડી કે તરત જ ગભરાઈને તે બહાર દોડી ગઈ, બહાર આવ્યા પછી તેને સાંભર્યું કે દિકરો તો અંદર સૂતો રહી ગયો છે. હવે શું થાય ? લાગી હાયહાય કરવાને, અને દોડીને તરત જ પોતાના પતિને ટેલિફોનથી ખબર આપી કે મકાનમાં આગ લાગી છે અને દિકરો અંદર રહી ગયો છે. આ ખબર સાંભળતાં જ મકાન માલિક મારતી મોટરમાં ઝપાટાબંધ ઘેર આવ્યો. અહીં આવીને જુએ છે તો બહાર પોતાની સ્ત્રી આક્રન્દ કરી રડી રહી છે અને મકાન ભડભડ સળગી રહ્યું છે. તેને જોઈને સ્ત્રી વધારે રોવા લાગી અને કહ્યું કે કોઈપણ ઉપાયે દિકરાને બહાર કહાડવાની ઉતાવળ કરે નહીં તો હવે તે બચી શકશે નહીં. પરંતુ પતિ મહાશયની અંદર જવાની હિંમત ચાલી નહીં અને પતિપત્નિ બન્ને પ્રાણને ન્યોછાવર કરવાની વાત ભૂલી ગયાં, સાહસ જતું કર્યું.

આ જ પ્રાણને રાખવાનો અને જીવતા રહેવાનો મોહ છે. મરણના ડરથી તેમને જાતે તો અંદર જવાની હિંમત રહી નહોતી, તેથી હવે બીજાને તે પતિપત્નિહાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા કે જે કોઈ હમારા દિકરાને ઘરમાંથી બહાર કહાડી લાવશે તેને હમે પાંચ હજાર ઈનામ આપીશું, દશ હજાર ઈનામ આપીશું અને જો તેની ઈચ્છા હશે તો હમારી બધી સંપત્તિ તેને આપી દઈશું.

સજ્જનો, આ જ મરવાનો ડર છે કે જેને લીધે, જે પુત્રને સારૂં આખો જન્મારો તે હમને પ્રાણથી પણ અધિક વ્હાલો છે એમ કહેવા છતાં ખરે અણીને વખતે તેને બચાવવાની તેમની હિંમત ચાલી નહીં. પોતાની સર્વ સંપત્તિ આપી દેવાને તૈયાર થયાં, પણ સ્વયં જવાનું સાહસ કરી શક્યાં નહીં. આને મહાભય કહે છે. આ 'મહતો ભયાત' મહાભય માંથી બચવાનો કેવળ એકજ માર્ગ છે. અને તે નિષ્કામ કર્મયોગના આચરણનો છે. એજ માર્ગનો ઉપદેશ ભગવાન અર્જુનને આપી રહ્યા છે, અને કહે છે કે – હે અર્જુન, જો થોડું ઘણું પણ તું આ માર્ગનું આચરણ કરીશ તો જન્મમરણનાં

મહાભયમાંથી તું મુક્ત થઈ જઈશ. અને તેનાથી મુક્ત થતાં તું સ્વયં તારૂં નિયત કર્મ કરવા માંડીશ.

અર્જુને કહ્યું - ભગવાન, આ તો આપે સુંદર માર્ગ બતાવ્યો. આ બ્રહ્માર્પણ કર્મમાં તો કાંઈ પણ કઠીનાઈ જણાતી નથી; પણ જો બધા લોકો ચોરી, બદમાશી, અને નશાબાજી કરવા માંડે અને તે આપને જ અર્પણ કર્યા કરે તો પરિણામ શું થાય?

ભગવાને કહ્યું - અર્જુન, માત્ર મોઢેથી કહી દેવાથી જ બ્રહ્માર્પણ થઈ શકતું નથી. તેનું અહંત્વ પણ છોડવું પડે છે, અને એવો કોણ છે કે જે ચોરીના માલની આમદાનીનું ભાન પોતાને ન થવા દે; બદમાશી કર્યાના આનંદનો અનુભવ ન કરે; અને દારૂ પીને તેનો નશો બ્રહ્માર્પણ કરી દે તથા પોતાની બુદ્ધિને ઠેકાણે રાખે? મિત્રો, એવો કોઈ નથી. તેથી હે અર્જુન, તું નિશ્ચય સમજ કે જો આ સર્વ કર્મો તેં કર્યાં અને તેના ફળ - આમદાની, આનંદ અને નશો - એનો પોતાને અનુભવ થવા દીધો, તો તે સર્વનો ભાગી તું જ થવાનો ભગવાન થશે નહીં. હા, જો અભિમાન છૂટી જાય, સ્વયં કર્મનાં ફળનો અનુભવ ન કરે, તો અવશ્ય સર્વનું ફળ બ્રહ્મને અર્પણ થાય. પરંતુ જ્યારે અભિમાન છૂટી જાય ત્યારે તો ચોરી, બદમાશી કે નશાખોરી તારાથી થઈ શકે જ નહીં. પછી તો તેનો પ્રશ્ન જ ઉઠે નહીં, એ સમયમાં તો તું કેવળ પવિત્ર કર્મજ કરવાનો અને જો કોઈ રીતે અપવિત્ર કર્મ થઈ પણ જાય, તો તેનું પાપ તને લાગવાનું નહીં. જો, દેવતાનું કાલ બળવાનું છે, તે સર્વને અન્ન પકવીને ખવડાવે છે પણ તેના ફળની સ્વયં દેવતાને ઈચ્છા થતી નથી. તેથી તે અન્ન પકાવ્યાનું દેવતાને કાંઈ પુણ્ય થતું નથી. તેવી જ રીતે એ અગ્નિમાં કદી કદી જીવ પણ બળીને મરી જાય છે પરંતુ તેમાં પણ તે (અગ્નિ) પોતાનું કાંઈ અહંત્વ રાખતો નથી. તેથી જીવોને બળવાની હત્યા પણ તેને લાગતી નથી. તે જ પ્રમાણે પાણીનું પણ સમજી લેવું. પાણીમાં ઘણા લોકો ડુબીને મરી પણ જાય છે અને પાણીથીસર્વ સંસારનું પાલન પણ થાય છે. સર્વની તરસ અને તાપ મટાડે છે, પરંતુ પાણીને ન તો કોઈને ડુબાડ્યાનું પાપ લાગે છે કે ન તો કોઈની રક્ષા કર્યાનું પુણ્ય થાય છે. આ પ્રમાણે તું પણ જો તારૂં અહંપણું છોડી દઈશ તો તને તારા કરેલાં કર્મોનું પાપ પુણ્ય લાગવાનું નથી.

અર્જુને કહ્યું - પ્રભો, જો એમજ છે તો પછી બધા લોક આ નિષ્કામ કર્મયોગીનું પાલન કેમ નહીં કરતા હોય?

ભગવાને કહ્યું -

હે કુરૂનન્દન, આ માર્ગમાં નિશ્ચયાત્મક બુદ્ધિ એક જ હોય છે, અને અજ્ઞાની (સંસારી) લોકોની બુદ્ધિ બહુ શાખા (ભેદ) વાળી અને અનન્ત હોય છે.

હે અર્જુન, આ નિષ્કામ કર્મ માર્ગનું એજ વ્યક્તિ આચરણ કરી શકે છે જેની એકજ નિશ્ચયાત્મક બુદ્ધિ હોય, જેની ઈચ્છા-વાસના એક જ હોય, જેની બુદ્ધિ સાચા

જૂઠાનો નિર્ણય કરવાવાળી હોય. બધા લોકો તેનું પાલન કરી શકતા નથી, કારણ કે સકામી પુરુષોની બુદ્ધિઓ નિશ્ચયાત્મક હોતી નથી, તે અનેક શાખાઓવાળી અને અનંત હોય છે. અર્થાત્ જે મનુષ્યોની વાસનાઓ કેવળ એક પરમાત્મામાં નથી લાગેલી હોતી. તેમની બુદ્ધિમાંથી ઘણી શાખાઓ ફૂટે છે, તર્ક વિતર્ક થાય છે. તેથી એવા મનુષ્ય નિષ્કામ કર્મમાર્ગ ઉપર ચાલી શકતા નથી.

મિત્રો, ભગવાનનું કહેવું એ છે કે – જેમની બુદ્ધિ એક જે પરમાત્મામાં લાગેલી રહેતી નથી, તેઓ આ કર્મયોગનું આચરણ કરી શકતા નથી. ઉદાહરણ સાથે એ વાતને એવી રીતે સમજાવી શકાય છે કે – જેમ કોઈ સંસારી માયામાં ફસેલા મનુષ્યનો પુત્ર માંદો પડ્યો. તેણે પ્રથમ સત્યનારાયણની માનતા રાખી અને નિશ્ચય કર્યો કે, જો તે પુત્ર સારો – નિરોગ થઈ જશે તો હું સત્યનારાયણની પૂજા કરીશ અને કથા સાંભળીશ. પરંતુ તે માનતાથી તેના પુત્રને આરામ થયો નહીં, એટલે તરતજ તેણે હનુમાનજીની બાધા રાખી, તો પણ ઠીક ન થયું, એટલે દેવીની કે બીજા કોઈ દેવની બાધા રાખી, અને તેનાથી પણ તેના પુત્રને સારૂ થયું નહીં, ત્યારે પીર, પેગંબર અગર પ્રાર્થના આરાધના આદિ કરવા માંડ્યું. આ પ્રમાણે તે દોડાદોડી કરીને હેરાન થઈ ગયો, પરંતુ ફળ કાંઈ ન થયું. આનેજ 'અવ્યવસાયાત્મિકા-વિવેક' નિશ્ચય ન કરી શકે એવી બુદ્ધિ કહે છે. એવી બુદ્ધિવાળાનું કોઈ કામ સિદ્ધ થતું નથી. અને થઈ શકે પણ કેવી રીતે ? જેણે એક ઈષ્ટદેવને એટલે કે પ્રભુને છોડીને પીર પેગંબર અને તાબુત સુધીની પૂજા કરી નાખી તેની બુદ્ધિ ભલા કેવી રીતે દઢ અને નિશ્ચયવાળી હોઈ શકે ? અને જ્યાં સૂધી એક દઢતા ન થાય ત્યાં સૂધી એક પરમાત્મામાં ભલા વિશ્વાસ પણ કેવી રીતે ચોંટી શકે ? અને કામ તો ત્યારેજ સિદ્ધ થાય છે કે, જ્યારે પરમાત્મામાં દઢ શ્રદ્ધા અને નિશ્ચિત વિશ્વાસ હોય અન્યતા ગમે તો સંસાર ભરના દેવતાઓને કોઈ પૂજતો રહે તો પણ ન તો કોઈ કામની સિદ્ધિ થાય, કે ન તો મનની ચંચલતા દૂર થાય. તેથી જો કામ સિદ્ધ કરવાની ઈચ્છા જ હોય તો એકજ પરમાત્મામાં દઢ વિશ્વાસ રાખો. એજ નિષ્કામ કર્મયોગ છે. અને જો એમ ન થાય તો એક કામ પૂરૂં થતા પહેલાં બીજાં હજાર જાતનાં કામોનો સંકલ્પ મનમાં ઉભરાય છે, અને નિશ્ચય જાણજો કે તે જ વખતે જીવાત્મા નીચે પડવા માંડે છે. તેથી મનના ભાવોને એકાગ્ર કરો અને હમેશાં ધ્યાનમાં રાખો કે મનમાં જેટલા તરંગો ઉઠે છે તેટલી જ ઈચ્છાઓ પણ વધે છે, અને સર્વ ઈચ્છાઓ તો કોની પૂરી થાય છે? તેથી જ તરેહ તરેહનાં દુઃખ થવા માંડે છે. જેમ કે – કોઈને પ્રથમ પચીસ રૂપિયા માસિક વેતન મળતું હતું અને તેટલામાં જ તે પોતાનું ગુજરાન ચલાવતો હતો. અને કોઈ તરેહની ચિંતા ફીકર હતી નહીં. પછી તેનું વેતન સો રૂપિયા થયું. તેનાથી તે ઘણો ખુશ થયો. હવે પહેલાંની સ્થિતિ રહી નહીં. એશ આરામનાં અનેક સાધન તેણે ભેગાં કર્યાં અને આનંદથી

રહેવા લાગ્યો. પરંતુ પચીસ રૂપિયા માસિક વેતન મળતું હતું તે વખતે તેનાં મનમાં જે શાંતિ રહેતી હતી તે હવે રહેતી નથી. હવે તો તેની અભિલાષાઓ પણ વધતી ચાલી. તે રાત દિવસ એજ વિચાર કરવા લાગ્યો કે જો મને બસો રૂપિયા માસિક પગાર મળે તો અમૂક પ્રકારનો બંગલો બંધાવું, અમુક પ્રકારનાં કપડાં પહેરૂં ઈત્યાદિ. દૈવયોગે થોડા દિવસોમાં બસો અને પછી ચારસો રૂપિયા પગાર મલવા માંડ્યો; પરંતુ, જે પ્રમાણેના સુખની કલ્પનાનાં ચિત્રો તેણે દોરેલાં હતાં કે - અમુક પ્રકારનો આનંદ કરીશ, અમુક અમુક સુખનાં સાધનો ભેગાં કરીશ, તે તો બધું બાજુએ રહ્યું, અને તેનાં દુઃખ તો પહેલાંના કરતાં પણ વધી ગયાં. પહેલાં માત્ર મકાન અને બંગલાની જ ઈચ્છા હતી, પછી ગાડી અને મોટરની ઈચ્છા થઈ ભગવાનની કૃપાથી એ બધી ઈચ્છાઓ ક્રમશઃ પૂરી થતી ગઈ. પણ હવે મોટરનો રંગ (કલર) પસંદ પડતો નથી, ઝડપ પણ કમી છે માટે બીજી મોટર જોઈએ. એ પ્રમાણે દિનપ્રતિદિન તેની ઈચ્છાઓ વધતી ગઈ અને કાંઈ પણ શાંતિ મળી નહીં.

તાત્પર્ય એ છે કે રૂપિયા પૈસાથી દુઃખનો અંત આવતો નથી, તેમ શાંતિ પણ મળતી નથી. રૂપિયા પૈસાથી તો આ દુનિયાના રંગોમાં ફસ્યા રહેવાય છે, અને તેમાં ફસાયાથી મન પણ અશાન્ત જ થતું જાય. તેથી જો સાચી શાંતિની ઈચ્છા હોય તો એક વિચાર અને એક બુદ્ધિ રાખો. જુઓને જે ઝાડને ઘણી ડાળીઓ હોય તેમાં પવનનું જોર ઘણું લાગે છે. તે જ પ્રમાણે મનુષ્ય પણ જેટલી વધારે ઈચ્છાઓ રાખે છે તેટલું તેને વધારે દુઃખ થાય છે. બસ, એજ ઉપદેશ ભગવાને પણ અર્જુનને આપ્યો છે કે - નિષ્કામ કર્મયોગમાં સાધકે સદૈવ એકજ બુદ્ધિ રાખવી જોઈએ, કારણ કે જેમની બુદ્ધિ અનેક તર્ક વિતર્કમાં ગુંથાએલી છે તેઓ નથી સિદ્ધિ પામતા કે નથી તેમને શાંતિ મળતી.

અર્જુને પૂછ્યું - પ્રભો, કેટલાકની બુદ્ધિમાં અનેક તર્કવિતર્ક ઉઠે છે અને કેટલાકની બુદ્ધિમાં બિલકુલ નથી ઉઠતા - શાંત રહે છે તેનું કારણ શું છે ? એક મનુષ્યની બુદ્ધિ સ્થિર અને નિશ્ચયાત્મક હોય છે અને બીજાની કયા કારણથી નથી હોતી ? એ શાખાઓ કયે કારણે ફુટે છે ? સંકલ્પ વિકલ્પ કેમ થાય છે ?

ભગવાન તેનો ઉત્તર આપે છે -

હે અર્જુન, જે સંસારી (સકામી) પુરૂષો કેવળ ફળની શ્રુતિ માંજ પ્રીતિ રાખનારા, સ્વર્ગને જ પરમ શ્રેષ્ઠ માનનારા તથા તેથી વધારે બીજું કાંઈ નથી, એવું કહેનારા અવિદ્વાન (અવિવેકી પુરૂષો), જન્મ અને કર્મફળ આપનારી તથા ભોગ અને ઐશ્વર્યનો વિસ્તાર કરનારી આ પ્રકારની જે રોચક વાણી બોલે છે, તેનાથી (લોભાઈ) હરાઈ ગએલા ચિત્તવાળા, ભોગ અને ઐશ્વર્યમાં આસક્તિ રાખનારા (એ) પુરૂષોની નિશ્ચયાત્મક બુદ્ધિ સમાધિમાં સ્થિર રહેતી નથી.

હે અર્જુન, એવા પુરૂષોની બુદ્ધિ કદી હોતી નથી, કે જેઓ વિના વિચાર કર્યે જ વેદના કર્મકાંડમાં પ્રીતિ રહે છે, અને સ્વર્ગને જ સર્વ કાંઈ સમજે છે, તથા કહે છે કે તેનાથી વધીને દુનિયામાં બીજી કોઈ વસ્તુ નથી. એનું કારણ એ છે કે : આ પ્રકારની પુષ્પિત (શોભાયુક્ત - રોચકપ્રેય) વાણી દ્વારા જે લોકો ભોગ અને ઐશ્વર્યમાં આસક્ત હોય છે તેમનાં ચિત્ત ચળી જાય છે અને તેમાં એવો ગરકાવ થઈ જાય છે કે તેના વગર બીજું કાંઈ તેમને સુઝતું જ નથી. એ લોકો વિષયાસક્તિ, સ્વર્ગ, જન્મ અને કર્મફળને જ સર્વથી પ્રધાન માને છે. તેમના વિચારમાં, કર્મકાન્ડમાં જ સર્વનો સમાવેશ થઈ જાય છે અને તેને જ સર્વ પ્રકારે શ્રેષ્ઠ માને છે. તેથી એવા 'અપહૃત ચેતા' લોકોની બુદ્ધિ સમાધિમાં સ્થિર થતી નથી અર્થાત્ એકાગ્ર થતી નથી, સદા એ ચંચળ જ રહે છે.

હે વત્સ, અહીં ભગવાનનો કટાક્ષ સકામ કર્મયોગ ઉપર છે. સકામ કર્મ કરનારાઓનો એજ સિદ્ધાંત છે કે - ખાઓ, પીઓ, મજા કરો; એના સિવાય કાંઈ નથી. તેથી એ લોકો જે કાંઈ પણ યજ્ઞ દાન તથા તપ વિગેરે કરે છે તે સર્વ કેવળ સુખની પ્રાપ્તિનેજ નિમિત્ત કરે છે, એ બરાબર નથી. એવું કરનારા જીવનભર પ્રલોભનમાં જ પડ્યા રહેછે. અને તેમની બુદ્ધિ કદી નિશ્ચયાત્મક થતી નથી. જુઓ, એક માંદા છોકરાને તેનાં માબાપ કડવી દવા પીવાને આપે છે અને છોકરાને તે દવા પીવી ગમતી નથી. ત્યારે તે જ દવાને તેઓ દૂધની શીશીમાં ભરી છોકરાને પાય અને દૂધ સમજીને તે પી જાય છે, પણ તેનાથી છોકરાના સમજવાથી તે દવા દૂધ પણ નથી થઈ શકતી તેમજ મીઠી પણ નથી થઈ શકતી. દવા તો જ્યાં સૂધી રહેશે ત્યાં સૂધી કડવી જ રહેવાની. છોકરાને તો માત્ર (દૂધની શીશીમાં ભરીને) લાલચ આપેલી હતી કે તે મીઠી છે. બરાબર તેવી જ રીતે એ 'વેદવાદ રત' અને 'કામાત્મા' લોકોની પણ વાત છે.

પરમાત્માનું જ્ઞાન થવું એ સર્વને માટે પરમ આવશ્યક છે, પરંતુ તે ઘણું કઠણ છે. તેથી અબોધ બાળક જેમ એ નથી જાણતું કે કડવી દવા પોતાનું હિત કરશે અને તે મારે પીવી જોઈએ, તે જ પ્રમાણે અજ્ઞાની લોક પણ તે જ્ઞાનને સમજી શકતા નથી અને તેનાથી દૂર નાસે છે. અબોધ બાળક દૂધના પ્રલોભનથી જે પ્રમાણે દવા પી જાય છે તે પ્રમાણે અજ્ઞાની લોક પણ કર્મકાંડના ફળ, સ્વર્ગ આદિના પ્રલોભનથી તેને ગ્રહણ કરે છે. તાત્પર્ય એ છે કે : જો કોઈ પોતાનું કર્તવ્ય સમજીને ધર્મમાર્ગ ઉપર નથી ચાલતું, તો સ્વર્ગ આદિની લાલચ મળતાં તે જરૂર ધર્મમાર્ગે ચાલવા માંડે છે. એવી સમજથી જ વેદના કર્મકાન્ડ ભાગનો પ્રચાર થયો છે. પરંતુ જેઓ સમજદાર હોય છે તે સમજી જાય છે કે જો હમે સ્વર્ગની લાલચથી, ભોગ ઐશ્વર્યના પ્રલોભનથી યજ્ઞ આદિ કરીશું તો પુણ્ય નષ્ટ થયા પછી ફરી મૃત્યુલોકમાં આવવું પડશે. તેથી કર્મકાંડના

ચક્કરમાં ન પડતાં તેઓ નિષ્કામ કર્મને જ પ્રધાન માને છે. જે લોકો સ્વર્ગની લાલચમાં પડી જાય છે તેઓ પુણ્ય ક્ષીણ થતાં સ્વર્ગમાંથી નીચે પડે છે – 'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકે વિશન્તિ', પરંતુ મોહમાં પડીને એ વાતને કોઈ સમજતું નથી અને જન્મ, મરણ તથા સ્વર્ગની પ્રાપ્તિ જ તેમની સમજમાં સર્વ પ્રધાન કર્મ છે. તેથી લોકો પરમાત્માને જાણી શકતા નથી અને વેદમાં લખેલી કામનાવાળી વાણીમાંજ પડ્યા રહે છે. જો કે વેદાદિ અનેક શાસ્ત્રોમાં કામનાયુક્ત કર્મ કરવાનાં સાધન બતાવવામાં આવ્યા છે, પણ તે કર્મોનાં ફળ મર્યાદિત છે, માત્ર સ્વર્ગ સૂધીજ તે સીમાબદ્ધ છે. તેથી એવાં કર્મ કરનારા સ્વર્ગથી આગળ વધી શકતા નથી. સ્વર્ગથી પણ ઉંચા પદની પ્રાપ્તિ તો કેવળ નિષ્કામ કર્મયોગ અથવા જ્ઞાન યોગથી જ થઈ શકે છે, અને નિષ્કામ કર્મયોગને માટે નિશ્ચયાત્મક બુદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી.

જો કે યજ્ઞનું વિધાન નિષ્કામ તથા સકામ બન્ને પ્રકારનાં કર્મ કરનારને સારૂ ઉચિત છે, તથાપિ એ બન્નેમાં બહુ ફેર છે – મહાન અંતર છે. તે જ યજ્ઞ કરવાથી એકની બુદ્ધિ સ્થિતર – નિશ્ચયાત્મક – થાય છે, અને બીજાની બુદ્ધિ ચંચળ થાય છે, સ્થિર રહેતી નથી. એનું કારણ એજ છે કે એક (નિષ્કામ કર્મમાર્ગી) તો જે કાંઈ કરે છે તે સર્વ બ્રહ્માર્પણ કરતો જાય છે, અને બીજો જે કાંઈ કરે છે તે સર્વના તાત્કાલિક ફળની ઈચ્છા રાખે છે, પોતે કરેલા કામની મજુરી પરામાત્મા પાસેથી તરત જ માંગી લે છે. તે એમ સમજે છે કે જો હમણાંજ નહીં માગી લઉં તો પાછળથી પરમાત્મા વખતે મજુરી આપવાની ના પાડશે. તેથી તરત જ મજુરી વસુલ કરી લેવી જોઈએ. અને બની શકે તો કામ કરતા પહેલાંજ ફળમળી જાય તો વળી ઘણું જ ઉત્તમ. પરંતુ નિષ્કામ કર્મ કરનારો તો પોતાની સર્વ જિમ્મેદારી પ્રભુને સોંપી દે છે. તેથી તે નિશ્ચિંત રહે છે, અને તેની બુદ્ધિ પણ નિશ્ચયાત્મક રહે છે. જુઓ કોઈ છોકરો જ્યારે પોતાની બધી કમાઈ પોતાના બાપને સોંપી દે છે ત્યારે તે છોકરાના લાલનપાલન તથા બીજી આવશ્યક વાતોની સર્વ જિમ્મેદારી તેના પિતા ઉપર રહે છે. અને જો છોકરો પોતાની કમાઈનો પોતે માલિક બની બેસે છે, બહારને બહાર જ ઉડાવવા માંડે છે તો પિતાને એક તો છોકરાની કાંઈ ચિંતા રહેતી નથી અને બીજું તેના ઉપર તેનો પ્રેમ પણ રહેતો નથી. અને અહીં તહીં લોકોને કહેતો ફરે છે કે – 'આ છોકરો ઘણો નાલાયક નિકળ્યો. મારૂં કાંઈ સાંભળતો નથી, પોતાના મનમાં આવે છે તેમ કરે છે, ઈત્યાદિ'. બસ, એજ પ્રમાણે નિષ્કામ અને સકામ કર્મ કરનારા પ્રતિ પણ પરમાત્માનો, તથા પરમાત્મા પ્રતિ તેમનો વ્યવહાર રહે છે. તેથી આપ લોક પણ હમેશાં નિષ્કામ કર્મયોગી બનવાનો પ્રયત્ન કરતા રહો, અને એ નિશ્ચય સમજો કેઃ જે આદમી પોતાનો સર્વ ભાર પ્રભુ ઉપર છોડી દે છે તેની પ્રભુ પણ હમેશાં ખબર રાખે છે,

હે વત્સ, ભગવાન એજ સમજાવે છે અને કહે છે કે – હે અર્જુન, વેદોના

કર્મકાન્ડમાં ફસાએલા અને સંસારની વાસનાઓ, ભોગ ઐશ્વર્ય અને સ્વર્ગને જ સર્વ કાંઈ સમજનારાઓની બુદ્ધિ સમાધિમાં સ્થિર થતી નથી, કારણ કે તે પ્રલોભનયુક્ત અને પુષ્પિતવાણી દ્વારા તેનું ચિત્ત ચળી જાય છે. તે ઉપરથી અર્જુને પૂછ્યું કે - હે પ્રભો, વેદ આદિજ સર્વને માર્ગ દેખાડનારા કહેવામાં આવે છે અને આપ તેમને માનનારાઓને ચંચળ બુદ્ધિવાળા તથા 'અપહૃત ચેતા' કહો છો, ત્યારે આપ જ કહો કે મારે મારૂં કયું કાર્ય કર્મ છે ?

ભગવાને કહ્યું -

હે અર્જુન વેદ ત્રણ (સત્, રજ, તમ) ગુણોથી યુક્ત (સંસારી વિષયોથી ભરેલા) છે. (તેથી) તું નિસ્ત્રૈગુણ્ય સુખદુઃખ આદિ દ્વંદ્વોથી રહિત, નિત્ય વસ્તુમાં સ્થિત, યોગક્ષેમને ન ચાહનારો તથા આત્મપરાયણ થા.

હે અર્જુન, વેદ જે છે તે સત્, રજ અને તમ એ ત્રણ ગુણોથી યુક્ત અર્થાત્ સંસારી વિષયોથી ભરેલા, સંસારી વિષયોનો પ્રકાશ કરનારા છે. તેથી તું એ ત્રણે ગુણોથી અલગ, સુખદુઃખ આદિ દ્વંદ્વો એટલે કે સુખદુઃખના રગડાથી રહિત, નિત્ય અર્થાત્ હમેશાં રહેનારી વસ્તુમાં સ્થિતિ રાખનારો, યોગ અર્થાત્ અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ અને ક્ષેમ અર્થાત તે પ્રાપ્ત વસ્તુની રક્ષા, એ બન્ને ઈચ્છાઓથી રહિત આત્મામાં નિષ્ટા રાખનારો થા.

ભગવાન કહે છે કે : વેદનો કર્મકાન્ડ ભાગ સત્ રજ અને તમ એ ત્રણે ગુણોથી ભરેલો છે. તેથી જીવાત્મા જો સત્વગુણી કર્મ કરે તો ઉપર જાય, રજોગુણી કર્મ કરે તો જયાંનો ત્યાં રહે અને તમોગુણી કર્મ કરે તો નીચે પડે. એ જ વાત ભગવાને આગળ જતા ચૌદમાં અધ્યાયમાં બતાવી છે જેમ કે :

આ જ વાતને ઉદાહરણ સાથે એવી રીતે સમજી શકાય છે કે - જેમ એક તજવીજ દાર છે, તે જો પોતાના કામ ઉપરાંત બીજા સાર્વજનીક કામ કરે તેમજ અધિકારીઓની ખુશામદ આદિ કરી તેમને ખુશ રાખે તો થોડા વખતમાં જ તેને ઉંચા પદ ઉપર ચઢાવવામાં આવે છે, અને જો તે માત્ર પોતાનું - ફરજનું જ કામ કરે છે, અને બીજું સાર્વજનિક કામ અગર અધિકારીઓની ખુશામત કરતો નથી અને મનમાં એવી એંટ રાખે છે કે મારે તો માત્ર મારી ફરજનું જ કામ કરવાનું છે, તો તે જયાંનો ત્યાં જ પડી રહે છે, અને બઢતી મળતી નથી. અને જો તે જ તજવીજદાર લોકોને નાહક હેરાન કરે છે, પૈસા ખાય છે, પોતાના કામમાં બેઈમાની કરે છે તો કાં તો તેને બરતરફ કરવામાં આવે છે અગર તો બીજી નીચા દરજ્જાની જગા ઉપર ઉતારી મૂકવામાં આવે છે. બસ, તે જ પ્રમાણે ભગવાનની વાતને પણ સમજો. ભગવાન પણ એમજ કહે છે કે - આ ત્રણે ગુણોના ફેરમાં પડશો નહીં - 'નિસ્ત્રૈગુણ્ય- આ ત્રણ ગુણો તો પ્રકૃતિનો નિયમ છે, તેથી તેમનાથી પર કેવી રીતે અલગ થઈ શકાય ? તો

તેનો ઉત્તર એ જ કે - નિષ્કામ કર્મયોગ દ્વારા તેમનાથી અલગ થઈ શકાય છે. નિષ્કામ કર્મ કરનારો એવી જ ધારણા રાખે છે કે - આ શરીરરૂપી પુતળાને તે પરમાત્મા જ ચલાવે છે અને સારૂં અગર ખોટું થાય છે તે સર્વ એ પરમાત્મા જ કરાવે છે. તેથી તેને આ ત્રણે ગુણોના પ્રભાવથી પ્રભાવિત થવું પડતું નથી. યજ્ઞ કરવા (તેના ઘણા પ્રકાર છે જે ચોથા અધ્યાયમાં બતાવવામાં આવેલા છે) એ તો સર્વદા સર્વને સારૂં ઉચિત છે. તે કરવામાં કાંઈ ખોટું નથી; ખોટું મનની ભાવનામાં છે કારણ કે ભાવનાના ભેદથી જ ફળમાં ભેદ પડે છે. ભાવના જ યજ્ઞાદિ કર્મોને સત્વગુણી, રજોગુણી તથા તમોગુણી બનાવે છે. જેમ કે-

૧ કર્તવ્ય સમજી જો કોઈ યજ્ઞ કરે, તો ત્યાં સત્વગુણી ભાવના રહેલી હોય છે.

૨ સ્વર્ગ અગર સંસારી ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિની ઈચ્છાથી જો કોઈ યજ્ઞ કરે તો, ત્યાં રજોગુણી ભાવના રહે છે, તથા

૩ લોકોને દેખાડવા જો કોઈ યજ્ઞ કરે તો ત્યાં તમોગુણી ભાવના રહે છે.

હવે વિચાર કરી જુઓ કે કામ તો એક યજ્ઞરૂપ - જ સર્વ કરે છે, પણ ભાવનાને અનુસરીને તેની જૂદી જૂદી ત્રણ સંજ્ઞાઓ થઈ જાય છે અને તેનાં ફળ પણ જૂદાં જૂદાં ત્રણ પ્રકારના મળે છે. તેથી ભગવાન કહે છે કે, આ ત્રણે ગુણોના ચક્કરમાં પડશો નહીં. નિસ્ત્રૈગુણ્ય બનો અને જો કોઈ એમ શંકા કરે કે - સંસારમાં રહીને પોતાના છૈયાં છોકરાનું પાલન તો કરવું જ પડે અને તેને સારૂં કાંઈ કામ પણ કરવું જ પડે, તો તે પ્રકારનું જે કોઈ પણ કામ થાય તે આ ત્રણેમાંથી કોઈને કોઈ પણ ભાવનાથી ભાવિત થઈને જ થાય, તેનું કેમ ? તો તેનો પણ એ જ ઉપાય છે કે - તમે તમારાં બાળબચ્ચાંની ફીકર જાતે કરશો નહીં. તેનો ભાર પણ તે જ પરમાત્મા ઉપર છોડી દો; કારણ કે તેઓ પણ તેણે જ આપેલાં છે. તેથી, જે સર્વ બ્રહ્માંડને પોતાની અન્નપૂર્ણારૂપી શક્તિથી ખાવાનું આપે છે તથા પાલન કરે છે. તે શું છોકરાંની ફિકર નહીં રાખે. પરંતુ એ બધું ક્યારે થાય ? જ્યારે તમે પરમાત્મા ઉપર એટલી શ્રદ્ધા, એટલો વિશ્વાસ રાખો ત્યારે; અને એવી શ્રદ્ધા રાખવાનો એ જ ઉપાય છે કે - મનમાં એવી ધારણા રાખો કે છોકરાં તેનાં જ છે, અથવા તેના જ સંસારરૂપી બાગનાં ફુલ છે, હું માત્ર તેના બાગનો નોકર છું, મારૂં કાંઈ નથી; જે કાંઈ છે તે સર્વ તેનું જ છે, નિસ્ત્રૈગુણ્ય બનવાને સારૂ ભગવાને કહ્યું છે કે - નિર્દ્વંદ્વ બનો, કોઈ વાતની સુખ દુઃખની ચિંતા કરશો નહીં. કારણ કે નિર્દ્વંદ્વ થયા વિના, પોતાની જિમ્મેદારી - અહંત્વ પ્રભુને અર્પણ કર્યા વિના કોઈ નિસ્ત્રૈગુણ્ય થઈ શકતું નથી. ઉદાહરણ તરીકે માની લ્યો કે જયારે છોકરો નિશાળમાં અભ્યાસ કરતો હોય છે ત્યારે તેને પોતાને ખાવા પીવાની કે બીજી કોઈ જાતની ચિંતા રહેતી નથી. તેને કદી એવી ચિંતા થતી નથી કે મારી ફી ક્યાંથી આવશે અગર ચોપડીઓ શી રીતે વેચાતી લવાશે. કારણ કે તે જાણે

છે કે, આવી બાબતોને સારૂં તો પિતાજી છે જ. પણ જયારે તે પોતાનો અભ્યાસ પૂરો કરે છે અને લગ્ન થાય છે ત્યારે તે પોતે જ જિમ્મેદારી વહોરી લે છે અને માબાપ ઉપર આધાર રાખવાનું છોડી દે છે; અને તેમ થતાં જ જો કે, તે મોટા રગડામાં પડી જાય છે – તેના શરીરની સુસ્તી રહેતી નથી, ફુલેલા ગાલ બેસી જાય છે, દિવસમાં ચાર વખત વાળની કાળજી રખાતી નથી – પરંતુ, તો પણ તેને પોતાની જિમ્મેદારીનો મોહ જતો નથી, અને તે પ્રમાણે દિન પર દિન તે વિપત્તિઓની જંજાળમાં આપોઆપ ગુંચવાતો જાય છે. હવે જરા ધ્યાન આપીને જુઓ કે જયાં સૂધી તેની સર્વ જિમ્મેદારી તેના પિતા ઉપર હતી ત્યાં સૂધી તે કેવી મોજ કરતો હતો, કેવો રમતો કૂદતો હતો તથા કેવું તેને આખો દિવસ મિત્રમંડળમાં સેલસપાટા તથા ક્લબોમાં નાચ રંગની ગોઠવણ કરવાનું સૂજતું હતું ? પરંતુ હવે ? હવે તો બસ, હમેશાં નીચે મોઢે ઉદાસ થઈને બેસી રહેવા સિવાય બીજું કાંઈ દેખાતું જ નથી. એમ શા માટે ? માત્ર જિમ્મેદારી લેવાથી જ.

તેથી જ ભગવાન કહે છે કે – તમારી જિમ્મેદારી મને સોંપી તમે નિર્દ્વંદ્વ થાઓ અને આનંદથી તમારી જીન્દગી પ્રારબ્ધાનુસાર નભાવી લ્યો. હમેશાં રહેનારી નિત્ય વસ્તુમાં ચિત જોડો અને જે ચીજ – વસ્તુ ન હોય તેને પેદા કરવાના તથા પેદા થએલી વસ્તુનું રક્ષણ કરવાના ફેરમાં ન પડો. વેદોમાં બતાવેલી લાલચોના મોહમાં ન પડતાં કેવળ પરમાત્મા ઉપર વિશ્વાસ રાખો અને આત્મવાન બનો.

પ્રભુના પ્રેમિયો ! ભગવાનની આ વાણી ઉપર પૂરો વિશ્વાસ રાખવો જોઈએ. એમ ન ધારી લેશો કે વેદના સકામ કર્મકાન્ડ ભાગને ગૌણ માનનારા નાસ્તિક કેહવાય છે તેથી વેદોને કેમ ન માનવા ? જુઓ, કુપળોમાં ફુલ ત્યાં સૂધી જ રહે છે કે, જયાં સૂધી ફળ લાગતું નથી. પરંતુ ફળ લાગતાં જ ફુલ સુકાઈને ખરી પડે છે. તે જ પ્રમાણે વેદોના કર્મકાન્ડનું પણ અસ્તિત્વ ત્યાં સૂધીજ છે કે, જયાં સૂધી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી, અને પરમાત્માની પ્રાપ્તિ

થતાં જ આત્માનું જ્ઞાન થતાં જ તેની કાંઈ જરૂર રહેતી નથી. અર્થાત્ વેદોમાં બતાવેલાં સકામ કર્મ નિસ્ત્રૈગુણ્ય થતાં નિષ્કામ કર્મમાર્ગના પ્રવાસી થતાં જ કુંપળો ઉપરના ફુલની પેઠે આપોઆપ જ નષ્ટ થઈ જાય છે. જે પ્રમાણે ભૂખ્યા આદમીની સામે જો તમે સુકી રોટલી અને શાક મૂકો તો પણ તે સંતોષની સાથે ભોજન કરી તૃપ્ત થાય છે. તે જ પ્રમાણે આ સર્વસંસારી જીવોની હાલત થાય છે. જયાં સૂધી કાંઈ નથી મળતું ત્યા સૂધી જે મળી જાય તેટલાથી જ સંતોષ થાય છે, અને આનંદ માને છે, પરંતુ જયાં જુદા જુદા પ્રકારના ભોગના સામાન એકઠા થાય છે, કે હજારો પ્રકારના ભોગો ઉપર મન દોડવા માંડે છે. પછી નથી તો એક જગાએ દિલ લાગતું કે નથી તો શાંતિ મળતી વરસાદના પાણીની પેઠે આપોઆપ આવશ્યકતાઓની તથા વાસનાઓની વૃદ્ધિ થયે જાય છે, અને જેમ જેમ સુખોની પ્રાપ્તિ થતી જાય છે તેમ તેમ બીજી વધારે

અને વધારે લાલચોમાં ફસાવા માંડે છે.

જ્યારે આદમી પાસે માત્ર એક જ પહેરણ અને ધોતીયું હોય છે, ત્યાં સુધી તેના ઉપર જ તે પોતાનો નિભાવ કરી લે છે, અને તે એકને જ ધોઈ સાફ રાખી સંતોષ માને છે, તથા પોતાની આબરૂ સંભાળી રાખે છે, પરંતુ જરા પણ ઈચ્છા અને અભિલાષા વધારતાં શાંન્તિ અને સુખ બંને અલોપ થઈ જાય છે – સવારમાં એક સૂટ (પોશાક) જોઈએ તો સાંજે બીજો અને ફરી રાત્ ત્રીજો અને એ સર્વ હોવા છતાં પણ પૂરો સંતોષ નથી; મન હજી પણ ચોથા અને પાંચમા પોશાક તરફ દોડે છે. તેથી ભગવાનના ઉપદેશને અમલમાં મૂકો અને નિસ્ત્રૈગુણ્ય બનો. નહીં તો એ નિશ્ચય જાણજો કે જેમ પોતાના સ્થાન ઉપર રહેવાને ટેવાએલી ગાય તેને નીરવામાં આવેલો ઘાસ દાણો ખાઈ સંતોષથી પેટ ભરી લે છે, અને પ્રસન્ન રહે છે, પરંતુ હરાઈ ગાય જંગલમાં ભટકી ભટકીને ગમે તેટલું ખાધા છતાં પણ જ્યાં ત્યાં મ્હોં માર્યા કરે છે; તો પણ તેનું પેટ ભરાતું નથી અને સંતોષ થતો નથી. તે પ્રમાણે જો તમે પણ એક વસ્તુ ઉપર અવલંબિત થઈને નહીં રહો અને હરાઈ ગાયની માફક એકને છોડી બીજા પાછળ દોડ્યા કરશો તો ન તો મરતા સૂધી મનભર (યથોચિત્ત) ભોજન કરી શકશો કે ન તો તનભર કપડાં પહેરી શકશો. તેથી ભોગ અને ઐશ્વર્યમાં કોઈ પ્રકારની આસક્તિ રાખવાની જરૂર નથી, તેમજ સ્વર્ગાદિની કામનાથી કર્મકાન્ડ કરવાની પણ કાંઈ જરૂર નથી. જરૂર છે માત્ર નિસ્ત્રૈગુણ્ય, નિર્દ્વંદ્વ, નિતિય સત્વસ્થ, નિર્યોગ ક્ષેમ તથા આત્માવન્ થવાની નિશ્ચયાત્મક બુદ્ધિ રાખીને તેનેસમાધિમાં સ્થિર કરવાની અર્થાત્ નિષ્કામ કર્મયોગી બનવાની.

હે વત્સ કોઈ કહે કે – મનુષ્યને સારૂં સ્વર્ગથી વધીને કોઈ સુખ નથી; કારણ કે સાધારણ લોક પણ જો કોઈને સુખી જુએ છે તો એમજ કહે છે કે અમુક વ્યક્તિ સ્વર્ગનું સુખ ભોગવે છે – સ્વર્ગીય આનંદ કરે છે; તેથી એમ જણાય છે કે સ્વર્ગનું સુખ જ સર્વથી ચઢીઆતું સુખ છે. પણ એ ધારણા બરાબર નથી. નિષ્કામ કર્મયોગીને સ્વર્ગના સુખની કાંઈ કિંમત નથી. તેને સારૂં તેનો કાંઈ હિસાબ જ નથી. પરંતુ એ વાતને સમજવાને સારૂ પ્રથમ તમારે સ્વર્ગના સંબંધમાં જાણી લેવું જોઈએ કે સ્વર્ગ શી ચીજ છે. સ્વર્ગ એક દેશ છે અને જે પ્રમાણે આકાશમાં તમે સૂર્ય મંડળ તથા નક્ષત્ર મંડળ અગર તારાગણને જુઓ છો તે પ્રમાણે એ પણ એજ આકાશમાં છે, પણ તે દેખી શકાતું નથી, તે દેશ (સ્વર્ગ) માં રહેનારાઓને કોઈ પણ શારીરિક રોગ કે વ્યાધી થતાં નથી. પરંતુ માનસિક દુઃખ તો ત્યાં પણ હોય છે. તેનું કારણ એ છે કે આ મૃત્યુલોકમાં રહેનારોજ જીવાત્મા ત્યાં પણ રહે છે, અને અહીં જે જીવાત્મા જેટલું કમી અગર અધિક પુણ્ય કરે છે તેને અનુસરીને તે ત્યાં સુખ ભોગવે છે, અને એ તો નિશ્ચય જ છે કે સર્વે જીવાત્મા કદી સરખા પુણ્યશાળી ન હોઈ શકે. તેથી તેને અનુસરીને ત્યાંના

આનંદ ભોગમાં કમીજાસ્તીપણું પણ હોય છે. તેથી તેમને જોઈને કમી પુણ્યવાળા વધારે પુણ્યવાળાની ઈર્ષા કરે છે અને માનસિક દુઃખ ભોગવે છે. ટૂંકમાં એમ સમજી લ્યો કે જેમ અહીં ઓફીસરોમાં આપસમાં પ્રતિસ્પર્ધા – ઈર્ષા અને દ્વેષ – દાહ જવલન હોય છે, તે પ્રમાણે ત્યાં પણ થાય છે. અને જે પ્રમાણે અહીં ઈર્ષા અને દ્વેષ કરનારાને તેનું અનિષ્ટ ફળ ભોગવવું પડે છે, તે પ્રમાણે ત્યાંની પણ હાલત થાય છે. પુણ્ય ક્ષીણ થતાં નીચે પડવું પડે છે – પતન થાય છે.

હે વત્સ, હવે બતાવો કે એવા માનસિક નષ્ટ પૂર્ણ સ્વર્ગને સારૂ કર્મકાન્ડ આદિના રગડામાં પડવાથી છેવટે શ્રેય શું ? એવું સ્વર્ગ તો અહીં મૃત્યુલોકમાં પણ મળી શકે છે. સ્ત્રી, પુત્ર, ભાઈ, બંધુ, કુટુંબ, પરિવાર સર્વ આજ્ઞાધારિ અને આદર સત્કાર કરનારાં હોય. શરીર નિરોગ રહે, લોકોમાં માનપ્રતિષ્ઠા હોય અને કોઈ તરેહનું કષ્ટ ન હોય તો હવે સ્વર્ગ સુખમાં બાકીપણું શું રહ્યું ? જેની પાસે આ સર્વ વાતોની અનુકૂળતા હોય છે તેને તો અહીં પણ સ્વર્ગ જ છે. તેથી જ સદ્‌ગુરુ દેવે કહ્યું છે કે સ્વર્ગ અહીં જ છે તેને આકાશમાં શોધવાની જરૂર નથી. એટલું જ નહીં પણ બલ્કે અહીંનું સ્વર્ગ ત્યાનાં સ્વર્ગ કરતાં પણ એક રીતે ચઢીયાતું છે. કારણ કે ત્યાંના સ્વર્ગમાં માનસિક કષ્ટ થાય છે, અને અહીં જો મનુષ્ય ધારે તો એ સર્વ માનસિક કષ્ટોથી દૂર – અલિપ્ત રહીને પૂર્ણ સ્વર્ગ સુખ ભોગવી શકે છે. તેથી વેદોના કર્મકાન્ડ ભાગમાં પડવાની કાંઈ જરૂર નથી. ઉલટું તેને છોડી દો અને જે કરો તે પરમાત્માના નામ ઉપર કરો. એમ કદી ન ધારશો કે વેદોને ન માનવાથી લોકો નિંદા કરશે અને નાસ્તિક કહેશે. દાખલા તરીકે બુદ્ધદેવને, લોકો કહે છે તેમ 'ના' એવું કોઈથી કહી શકાય નહીં. કેમ ન કહી શકાય ? એનો ઉત્તર ભગવાનને જ મોઢેથી સાંભળી લ્યો. ભગવાન કહે છે –

ચારે બાજુએ પાણી ભરાઈ જતાં કુવા (ખાબોચીયાં) ની જેટલી આવશ્યકતા રહે છે, તેટલી જ સારી રીતે (બ્રહ્મને) જાણનારા બ્રહ્મવેત્તા સર્વ વેદોની આવશ્યકતા રહે છે.

હે અર્જુન, વરસાદના દિવસોમાં ચારે બાજુએ જયારે જળ બંબાકાર થઈ જાય છે તે વખતે કોઈ મનુષ્યને ઉદપાન અર્થાત્ કોઈ નાના ખાબોચીયા, કુવા અગર વાવની જેટલી જરૂર રહે છે (અર્થાત્ તેની જરૂર રહેતી નથી.) તેટલી જ. બ્રહ્મને સારી રીતે જાણનારા જ્ઞાની બ્રહ્મવેત્તાને સર્વ વેદોની આવશ્યકતા રહે છે. અર્થાત્ ચારે બાજુએ – જળ જળાકાર થઈ જતાં નાના ઝરા અગર કુવાના પાણીની જે પ્રમાણે કોઈને જરૂર પડતી નથી તે પ્રમાણે બ્રહ્મનું જ્ઞાન થયા પછી બ્રહ્મવેત્તાને વદોના કર્મકાન્ડની કાંઈ જરૂરત રહેતી નથી.

હે વત્સ, આજકાલના જમાનામાં કોઈપણ શહેરમાં તમે કામ પ્રસંગે જાઓ ત્યારે તમને તમારી પાસે લોટો રાખવાની કાંઈ જરૂર પડતી નથી, કારણ કે તમે જાણો

છો કે ત્યાં પાણીના નળ છે, જ્યારે નજરે પડે ત્યારે પાણી તૈયાર મળી જશે. તેમ જ શહેરમાં રહેનારાને આજકાલના જમાનામાં કુવા ખોદાવવાની જરૂર જણાતી નથી. બલ્કે આજકાલ તો શહેરોમાં બની શકે ત્યાં સુધી લોકો, કુવા પુરી દેવામાં અગર ઢાંકી દેવામાં આગળ પડતો ભાગ લે છે. કારણકે તેઓ જાણે છે કે, હવે એ કુવા નિરૂપયોગી છે. હવે તો વૉટરવર્કસ દ્વારા ગળાએલું સ્વચ્છ પાણી એમજ - સાધારણ પરિશ્રમ અગર થોડા ખર્ચમાંજ મળી જાય છે, તો પછી આ કુવાની મરામત કરવાની અગર નવા ખોદાવવાની શી જરૂર છે ? પરંતુ જુના જમાનામાં તેમ નહોતું. તે સમયમાં ન તો વૉટરવર્કસ હતાં કે ન તો રેલ્વે અગર મોટરકાર હતાં. તે સમયમાં તો પ્રત્યેક યાત્રી અગર મુસાફરને પોતાની પાસે દોરી લોટો રાખવાની ખાસ જરૂર પડતી હતી, અને સર્વ શહેરોવાળાને પણ કુવા અગર તળાવ ખોદાવવાં પડતાં હતાં. પરંતુ તેની જરૂર મટી ગઈ ક્યારે ? જ્યારે તેમની ગેરહાજરીમાં પણ કામ ચાલી શકશે એવો વિશ્વાસ બેસી ગયો ત્યારે, બસ, તે જ પ્રમાણે વેદોના સંબંધમાં પણ સમજી લ્યો. વેદોના કર્મકાન્ડ આદિ પણ એવા સમયમાં જ આવશ્યક હતાં, કે જ્યારે લોકો પોતાનો પરલોક સુધારવાનો બીજો માર્ગ જાણતા નહોતા અગર જાણતા નથી. પરંતુ જ્યારે મનુષ્યને વેદોના કર્મકાન્ડ સિવાય તેનાથી પણ સુગમ બીજો ઉપાય પરલોક સુધારવાનો - પરમાત્માને જાણવાનો, પરમાત્માની પાસે જવાનો - મળી ગયો, તેનો અનુભવ થઈ ગયો અને થાય છે. તેને વેદોના કર્મકાન્ડની કાંઈ જરૂર રહેતી નથી. પરમાત્માનું જ્ઞાન-આત્મજ્ઞાન- થઈ ગયા પછી જેટલાં સકામ કર્મ છે તે સર્વ અનાવશ્યક થઈ જાય છે, તે વખતે તો એવું જ્ઞાન થઈ જાય છે કે પરમાત્મા જ સર્વ જગાએ વ્યાપક છે અને તે જ હમારાં સર્વ કામોને પૂરાં કરી દે છે. સારાંશ એ છે કે નિષ્કામ કર્મયોગ ગ્રહણ કર્યા પછી સકામ કર્મ કરવાની કાંઈ જરૂર રહેતી નથી. પણ આ સર્વરહસ્ય ત્યારે જ સમજણમાં ઉતરે છે કે જ્યારે બુદ્ધિ એકાગ્ર-નિશ્ચયાત્મક થાય. તેથી ભગવાને અર્જુનને કહ્યું કે - તું વ્યવસાયાત્મિકા બુદ્ધિ કર; નિશ્ચયાત્મક બુદ્ધિવાળો યા -'વેદવાદરત' ન થઈશ, કારણ કે તેથી બુદ્ધિ સમાધિમાં સ્થિત નથી, અને વેદ સર્વ ત્રિગુણના વિષયોમાં ફસાવનારા છે. તેથી તું નિસ્ત્રગુણ્ય થા. વેદોને ન માનવાથી કાંઈ પાપ લાગે છે એમ સમજવાનું નથી, બ્રહ્મજ્ઞાની સારૂ વેદોની કાંઈ આવશ્યકતા નથી. તે ઉપરથી અર્જુને કહ્યું - ભગવન્ ! જો એવી જ વાત છે તો તેમાં પણ બહુજ ભાંજગડ જણાય છે. તેથી હું તો એજ સારૂં સમજું છું - કે કોઈ પણ પ્રકારનું કામ જ ન કરવું. પછી નિષ્કામ અને સકામ કર્મનો ઝગડો જ મટી જાય. તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કે - ના અર્જુન કર્મ છોડવાથી પણ કામ નભી શકતું નથી. કર્મ તો તારે કરવાં જ પડશે. હા, એ વાત અવશ્ય છે કે -

તારો અધિકાર કર્મ જ છે; (કર્મનાં) ફળમાં કદી નથી. (તેથી તું કર્મ ન

કરવામાં પણ) તારી પ્રીતિ ન થવા દઈશ.

તારો કેવળ કર્મ કરવાનો જ અધિકાર છે. કર્મના ફળમાં તારો કાંઈ પણ અધિકાર નથી, તેથી, હે અર્જુન, તું કર્મફળની કામના અગર વાસનાથી કોઈ પણ કામ કરીશ નહીં અને ન થાય કે તારી અકર્મ અર્થાત્ કર્મ ન કરવામાં સંગ અર્થાત્ આસક્તિ રહે. કર્મ તો તારે કરવાં જ પડશે.

ભગવાન કહે છે કે તમારૂં કામ તો માત્ર કર્મ કરવાનું છે, કર્મ કર્યાનું કયું ફળ મળશે અથવા કયું નહીં મળે ઈત્યાદિ વાતોમાં તમારો કાંઈ અધિકાર નથી જેમ કે ખેતરમાં બી વાવવા નાખવું એ તમારૂં કામ છે. તે બી સડી જાય કે બીજા કોઈ કારણથી ન ઉગે અથવા ઉગીને પણ ફાલ્યા ફળ્યા વગર જ સુકાઈ જાય, પાણીથી દબાઈ જાય કે કહોવાઈ જાય, તો તેમાં તમારો શો અધિકાર છે ? તેમાં તમારા વશમાં કઈ વાત છે? કાંઈ નથી. તેથી ભગવાન કહે છે કે - કર્મના ફળના ભોગમાં તમારો કાંઈ અધિકાર નથી. જુઓ, આંબાવાડીયાં કેટલા ઉલ્લાસ અને શોખથી તૈયાર કરવામાં આવે છે ? તેને વખતો વખત પાણી પાતા રહેવું પડે છે, ખાતર નાખવું પડે છે તેમ જ બીજા પણ ઉપાય કરવા પડે છે કે જેનાથી વાવેલાં ઝાડ જીવતાં રહે. પરંતુ શું બધાએ આંબા જીવતા રહે છે ? ના. કેટલાક તો શરૂઆતમાંજ ચોંટતા નથી, કેટલાક ચોંટી જાય છે, તો તેમાંથી કેટલા થોડા દિવસ જીવી થોડા મોટા થઈ સુકાઈ જાય છે, અને છેવટ સૂધી જે બચી જાય છે તેમાંથી પણ કેટલાક ફળાઉ થાય છે અને કેટલાક વાંઝીયા રહે છે. હવે બતાવો કે તેથી શું સિદ્ધ થાય છે ? એજ કે કેવળ કર્મ કરવામાં તમારો અધિકાર છે, ફળમાં નથી. વિચાર કરીને જોશો તો ઉચિત પણ તે જ જણાશે, તે એ પ્રમાણે કે દાખલા તરીકે બે માણસોએ જૂદી જૂદી વાડીઓ કરી. તેમાંથી એકે પહેલેથી જ ફળની ઈચ્છાથી ઝાડ વાવવાનો આરંભ કર્યો અને બરાબર મનમાં મલકાતો રહ્યો કે આટલા ઝાડ મેં વાવ્યા છે. તે આટલા દિવસોમાં વધીને તૈયાર થશે. પછી આટલી કિંમતમાં કોઈ ફળાઉ ઝાડને ઉદ્ધડ રાખનારને વેચીશું અને અમુક અમુક કામ કરાવીશું ઈત્યાદિ અને બીજાએ પ્રથમથી એવો વિચાર કર્યો કે વાડીમાં ઝાડ વાવવાં એ મારૂં કર્તવ્ય - મારા હાથની વાત - છે. તેમાં જો ફળ થશે તો તે ઠીક જ છે. ભગવાનને નૈવેદ્ય ધરાવાશે, અને વખતે ફળ ન પણ લાગે, તો છેવટે છાંયો તો થશે, આવતા જતાં મુસાફરોને આરામ તો મળશે જ. હવે જુઓ કે, જો ફળ નથી લાગતાં અને એમને એમજ ઝાડ સુકાઈ જાય કે વાંઝીયાં રહે તો પહેલા વિચારવાળાને કેટલું દુઃખ થાય ? એ જ્યાં ત્યાં કહેતો ફરે છે કે, મારી તો સર્વ આશાઓ ઉપર પાણી ફરી વળ્યું કોણ જાણે ભગવાનની શી મરજી હશે કે તેમણે મારી આટલા દિવસની કઠણ મહેનતનું કાંઈ પણ ફળ આપ્યું નહીં, બધું ધૂળધાણી કરી દીધું. મને આટલું ખર્ચ થયું હતું તે ફોગટ ગયું. અરે, ફળ ન લાગત અને ઝાડ મોટાં થાત તો પણ હું તેમને વેચીને કાંઈ

પૈસા વસુલ કરી લેત, પરંતુ કોણ જાણે મારૂં કેવું દુર્ભાગ્ય છે કે બધું નષ્ટ થઈ ગયું અને કાંઈ પણ મળ્યું નહીં, ઈત્યાદિ. અને બીજો પેલો જેને કાંઈ પણ ચિંતા નહોતી, તે વાડીમાં ઝાડ રોપી ચેનથી ઘેર બેઠો છે, વખતો વખત પાણી પાય છે, ખાતર વિગેરે નાખે છે અને ચુપચાપ ભગવાનનું ભજન કરે છે. તેને ન તો ફળોની હાયવરાળ છે કે ન તો ઝાડોના વિષે ઉચો જીવ છે. એ તો બસ, એટલું જ જાણે છે કે ઝાડ વાવવાનું જ મારૂં કર્તવ્ય હતું તે મેં કર્યું. હવે આગળની વાત ભગવાન જાણે. હવે મઝા એ જુઓ કે ભગવાનની કૃપાથી તે વાડીમાં ફળ પણ ખૂબ થાય છે અને ઝાડ પણ ઘણાં મોટા થાય છે, તો પણ તેમ થવાથી તે હર્ષ પ્રગટ કરતો નથી. તે હજી પણ એમજ કહે છે કે – મારે શું ? આ મોટાં ઝાડ છે તે ભગવાનનાં ફળ છે તે પણ ભગવાનનાં છે, તેમાં મારૂં શું છે ? એ પ્રમાણે તે સદા આનંદમાં મગ્ન અને સંતુષ્ટ રહે છે.

તેથી ભગવાન કહે છે કે કર્મ ફળનો હેતુ ન રાખો, કારણ કે ફળની ઈચ્છા રાખવાથી, ઈચ્છાઓ સદા વધતી જ રહેશે. અને જેમ જેમ નવી ઈચ્છાઓ થશે તેમ તેમ તેને પૂરી કરવાની ચિંતામાં પડવું પડશે. એ પ્રમાણે નિત્ય નવી નવી સામગ્રી ભેગી કરવાના ફેરમાં પડી જશો, અને તેની પૂર્તિ થશે નહિં. એટલું જ નહીં, પરંતુ ઉપરથી એ ભાર આપોઆપ આવી પડશે કે પ્રથમ તો તે નવી સામગ્રીના સારા ખોટાની તથા સોંઘા-મોંઘાની ચિંતા કરવી પડશે પછી જ્યારે કોઈ તરેહથી તેને ઘરમાં લાવી મૂકશો ત્યારે તેની સંભાળ રાખવાની, બગડ્યા સુધર્યાની ચિંતા પણ કરવી પડશે. કર્મ તો કરો પણ તેના ફળનું કારણ ન થશો. આ ફળ જ જન્મ-મૃત્યુના બંધનમાં નાખનારાં છે, તેથી જો ફળેચ્છાનો ત્યાગ કરી દેશો, તો આ બંધનમાંથી પણ મુક્ત થઈ જશો. હા પણ કર્મ કરવાનું કદી છોડશો નહીં અકર્મણ્ય ન થશો. આ કર્મમાં પ્રીતિ ન રાખશો, કારણ કે કર્મ કરતા રહેશો, તો તેનાથી એ ફાયદો થશે કે, જો તમને નહીં તો બીજાને પણ તેનાથી લાભ થશે. જેમ કે – તમારા વાવેલાં ઝાડનાં ફળ તમારે ખાવાનો વખત ન આવે તો પણ તે નષ્ટ તો થવાનાં નથી. કોઈને કોઈ પણ તેને ખાશે જ તેથી કર્મ તો અવશ્ય કરતા રહો, માત્ર ફળની આશા છોડી દયો કે જેનાથી જન્મમરણના ચક્કરથી છૂટી જવાય છે અને પરમાત્માની પ્રાપ્તિ થાય છે. જુઓ, જેવી રીતે માટીમાં સૂર્યનું પ્રતિબિંબ પડતું નથી પણ તેને ઠેલવીને તેમાંથી બનાવેલા કાચમાં સૂર્યનું પ્રતિબિંબ પડે છે. તે પ્રમાણે ફળની ઈચ્છા રાખનારા પરમાત્માનું ભાન થતું નથી. પરંતુ ઈચ્છા ન રહેતાં અંતઃકરણ શુદ્ધ થાય છે અને તેથીતેમાં અવશ્ય પરમાત્માનું ભાન થવા માંડે છે. તેથી નિશ્ચય માનજો કે અંતઃકરણને શુદ્ધ કરવાનું સાધન નિષ્કામ કર્મયોગ જ છે.

ભગવાને જ્યારે અર્જુનને કહ્યું કે – કર્મમાંજ તારો અધિકાર છે, કર્મ ફળમાં નથી. તેથી તું કર્મફળ હેતુ થા મા, અને અકર્મણ્ય પણ ન થા, ત્યારે અર્જુને કહ્યું કે –

આ તો વિચિત્ર વાત છે કે – કર્મ છોડાય પણ નહીં અને તેનાં ફળની આશા રખાય પણ નહીં – એમ શી રીતે બની શકે ? તેના ઉતરમાં ભગવાન કહે છે –

હે ધનંજય, કર્મ ફળની આસક્તિને છોડીને, સિદ્ધિ અસિદ્ધિમાં સમાન ભાવ રાખીને અને યોગમાં સ્થિત થઈને કર્મો કર. (સિદ્ધિ અસિદ્ધિમાં થનારા) સત્વને જ યોગ કહે છે.

હે અર્જુન, કર્મનાં ફળોમાં સંગ અર્થાત્ આસક્તિ ના રાખીશ આસક્તિનો ત્યાગ કરી દે, કોઈ કર્મના સિદ્ધ થવામાં અથવા સિદ્ધ ન થવામાં કાંઈ તફાવત ન સમજીશ – બન્ને એકજ સમજ – બન્ને હાલતમાં સમાન ભાવ રાખ અને યોગમાં સ્થિતિ રાખનારો થઈ જા. એ પ્રમાણે જયારે બધું બરાબર થઈ જાય ત્યારે કર્મ કર. પછી તને કાંઈ કઠણ જણાશે નહીં, કારણ કે સિદ્ધિ અસિદ્ધિમાં જે સમતા હોય છે તે જ યોગ કહેવાય છે, અને યોગમાં રહેનારો જ યોગસ્થ કહેવાય છે. તેથી જો તું યોગસ્થ થઈને કર્મ કરીશ તો તને કોઈપણ જાતની બાધા નડશે નહીં.

હે વત્સ, સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન થવું, કર્મનાં ફળોમાં આસક્ત ન થવું – એ વાતોનો અર્થ શો છે તે જાણે છે ? એનું તાત્પર્ય એ છે કે પોતાનાં મનમાં ઉત્પન્ન થનારી વાસનાઓના અંત આણો, મન તથા તેમાં ઉત્પન્ન થતી રહેનારી વાસનાઓ જ અંતઃકરણને પવિત્ર થવા દેતી નથી. તેથી નિષ્કામ કર્મ કરીને પ્રથમ આ વાસનાઓનો અંત આણ્યા પછી જ અંતઃકરણ શુદ્ધ થઈ શકે છે, અને ત્યારે જ પરમાત્માની પ્રાપ્તિ પણ થઈ શકે છે, અને પરમાત્માની પ્રાપ્તિ થતાં જન્મમરણના સંબંધમાંથીછૂટી શકાય છે; અને જો તે પ્રમાણે નથી થતું તો, તે તો આ શરીર ભલે હજારો વાર મરે અને જન્મ લેતું રહે, પરંતુ મન કદી મરતું નથી અને વાસનાઓનો કદી પણ અંત આવતો નથી. જુઓ, એ જ વાતને કબીરદાસજીએ કેવી રીતે વર્ણવી છે –

મન મરા ન માયા મરી, મર મર ગયા શરીર ।
આશા તૃષ્ણા ન મરી, કહ ગયા દાસ કબીર ॥

તેથી મનને મારવું અર્થાત્ મનની વાસનાઓને નષ્ટ કરવી એ સર્વથી અગત્યનું છે ઝયાં સુધી મન સ્થિર નહીં થાય ત્યાં સૂધી વાસનાઓ થતી રહેશે અને વાસનાઓ નષ્ટ નહીં થાય ત્યાં સૂધી શરીર વારંવાર જનમ્ લીધાં જ કરશે. તેથી મનને વાસનારહિત – નિર્મળ કરો. મનને નિર્મળ કરવાનો એજ ઉપાય છે કે – ફળની ઈચ્છાઓને બંધ કરો. ફળની ઈચ્છા નષ્ટ થતાં મન આપોઆપ જ નિર્મળ થઈ જશે. અંતઃકરણ શુદ્ધ થઈ જશે. સારંશ એ છે કે – અંતઃકરણને શુદ્ધ કરવાનું, નિષ્કામ થઈને કર્મ કરવું એજ એક સર્વોતમ સાધન છે, અને અંતઃકરણ નિર્મળ થતાં પરમાત્માના દર્શન થવામાં કોઈ બાધા પડતી નથી. જેનું અંતઃકરણ નિર્મળ થઈ જાય છે તેને પરમાત્માનું જ્ઞાન થવામાં વાર લાગતી નથી. આ વિષય ઉપર બે કારીગરોનું ઘણું

સુંદર દૃષ્ટાંત છે -

એક રાજાનો દરબાર ભરાયો હતો. દરબારીઓ પોતપોતાના સ્થાન ઉપર બેઠા હતા અને કોઈ કાર્ય ઉપર વિચાર કરી રહ્યા હતા. તે વખતે કામની શોધમાં ફરતા બે કારીગરો આવી ચઢ્યા. તેમણે દ્વારપાલ દ્વારા રાજાને ખબર કહેવડાવી. આજ્ઞા થતાં બન્ને રાજા પાસે આવી ઉભા.. રાજાએ પૂછ્યું - તમે શું કામ કરો છો ? તેમણે કહ્યું હમે ચિત્રકાર છીએ. દીવાલો ઉપર ચિત્રનું કામ હમે ઉત્તમ પરકારનું કરીએ છીએ. આજ્ઞા હોય અને કોઈ બેઠકનો ઓરડો બતાવવવામાં આવે તો હમે હમારી કળા બતાવીએ.

રાજાએ તેમને રાખી લીધા. અને કામ કરવાને એક ઓરડો બતાવી કહ્યું કે તેમાંની એક દીવાલ ઉપર એક જણ ચિત્ર કહાડી પોતાની કારીગરી બતાવે, પસંદ પડ્યેથી સારૂં ઈનામ આપવામાં આવશે. તેજ પ્રમાણે તેનાથી સામી બાજુની દીવાલ ઉપર બીજા કારીગરને ચિત્ર કહાડવાનું કહ્યું. તેણે કહ્યું મહારાજ હું તો વિચિત્રકાર છું. રાજાએ કહ્યું તમારા કામ પ્રમાણે તમને પણ ઈનામ આપવામાં આવશે.

'જેવી આજ્ઞા' કહી સલામ કહીને બન્ને કારીગરો બતાવેલા ઓરડામાં ગયા અને ત્યાં ભીંતો ઉપર બન્નેએ કામ કરવાનો આરંભ કર્યો. ચિત્રકાર પોતાની ચિત્રકારીનું કામ કરવા લાગ્યો અને ભીંત ઉપર એવાં તો સુંદર સુંદર ચિત્રો આલેખ્યાં કે એ તો અધુરાં હોવા છતાં પણ જોનારો દીંગ થઈ જાય. પણ પેલો બીજો કારીગર કે જે પોતાને વિચિત્રકાર કહેવડાવતો હતો તે બેઠો બેઠો માત્ર ભીંતને સાફ કરવાનું જ કામ કરતો હતો, ભીંતને ઘસીઘસીને તેના ઉપર ચળકાટ લાવવાનું કામ જ કરતો હતો.

થોડા દિવસ વહી ગયા. ઘણા લોકો તે ઓરડામાં જોવાને આવતા અને પેલા ચિત્રકારની કારીગરી ઉપર મુગ્ધ થઈ જતા, પરંતુ વિચિત્રકારનું કામ જોઈને લોકોને ઘણો અચંબો થતો હતો કે - આ તો હજી દીવાલ ઉપર પાલીશ જ કર્યા કરે છે? ત્યારે હવે ચિત્ર કયારે કહાડશે ? બધા એવો જ વિચાર કરી ચુપ રહેતા હતા કે, પહેલા ચિત્રકારનાં ચિત્રો જોયા પછી એ પોતાની દીવાલ ઉપર ચિત્રો કહાડશે કે જેથી પહેલાનાથી પણ સુંદર ચિત્રો કહાડી અધિક ઈનામ મેળવવાનું બની શકે. એક દિવસ રાજા સાહેબ તે ઓરડામાં ગયા અને ચિત્રકારની કારીગરી જોઈ ઘણા પ્રસન્ન થયા. પછી વિચિત્રકારની બાજુ ઉપર ગયા. તેને તો હજી સૂધી કેવળ દીવાલ પોલીશ કરતો જોઈને રાજાને ઘણો ક્રોધ ચઢ્યો, અને તેને પૂછ્યું કે - કેમ, તમારૂં કામ હજી સૂધી શરૂ જ થયું નથી ? ક્યારે શરૂ કરશો ?

વિચિત્રકારે કહ્યું - પ્રભુ, મારૂં કામ તો તે જ દિવસથી શરૂ છે કે, જે દિવસથી હું સરકારના આશ્રમમાં આવ્યો છું. અને જે દિવસે આ ચિત્રકારનું કામ પુરૂં થશે તે જ દિવસે આ સેવકનું કામ પણ પુરૂં થશે. આ ઉત્તર સાંભળીને રાજા સાહેબ

મનમાં ઘણાં જ ચકિત થયા, પરતુ કાંઈ પણ કહ્યા સાંભળ્યા વગર ત્યાંથી ચાલ્યા ગયાં.

એક ચિત્રકારે પોતાનું કામ પુરૂં કર્યું ત્યાં સૂધી વિચિત્રકારે તો માત્ર પૉલીશ જ કર્યા કર્યું તે જોઈને લોકોને આયનાનો ભ્રમ થતો હતો. ચિત્રકારે જેટલા ચિત્ર કહાડ્યાં હતાં તે જ ચિત્રો સામેની ભીંતમાં ચળકી રહ્યા હતાં. બન્ને કારીગરો પોતપોતાનું કામ પુરૂં કરી રાજા સાહેબ પાસે ગયા અને હાથ જોડીને કહ્યું મહારાજ હમારૂં કામ સમાપ્ત થયું છે. હજૂર પણ આવીને જોઈ લેવાની તસ્દી લે તો હમને સંતોષ થાય અને જો કાંઈ ત્રુટી રહી ગઈ હોય તો તે પુરી કરવામાં આવે. આ સાંભળીને મહારાજ ખુશ થયા અને તે બન્નેની સાથે જઈને તે ઓરડામાં જોયું. પ્રથમ ચિત્રકારની દીવાલ તરફ ગયા અને તેનાં ચિત્રો જોઈને તેની કારીગરીની વારંવાર પ્રશંસા કરી. પછી સામેની દીવાલ તરફ ફર્યા. પરંતુ તે તરફ ફરતાં જ તેઓ સમજી ગયા કે આ જ વિચિત્રકારી છે. આ બેઠો બેઠો આ ઈંટ ચુનાની છોએલી દીવાલને ઘસી ઘસીને કાચ જેવી બનાવી રહ્યો હતો. વાહ ? શું પૂછવું ? ખરેખર આ વિચિત્રકાર જ છે. તે બન્નેને ખૂબ ઈનામ આપીને વિદાય કર્યા.

કહેવાનો તાત્પર્ય એ છે કે, તે દીવાલની પેઠે ઘસાઈ ઘસાઈ, વાસનાઓથી જ્યારે તમારૂં હૃદય નિર્મળ થઈ જશે - અંતઃકરણ શુદ્ધ થઈને ચમકવા માંડશે ત્યારે તેમાં પરમાત્માનું સ્વરૂપ આપોઆપ દેખાવા માંડશે. તેથી જે કોઈ પણ રીતે બની શકે તે રીતે હૃદયમાં જે મેલ, કચરો જામી ગયો છે - તેને દૂર કરો - અજ્ઞાનના પડદાને હટાવો અને એ નિશ્ચય જાણજો કે પડદો હઠતાં જ પરમાત્માના દર્શન થવા માંડશે. આ અજ્ઞાન અર્થાત્ માયાનો પડદો જ પરમાત્મા અને જીવાત્મા - બ્રહ્મ અને જીવની વચમાં રોકાવટ નાખનારો છે. માયા જ સર્વે દુર્ભાવનાઓ - મમતાઓનું મૂળ છે. ગોસ્વામી તુલસીદાસજીએ રામને બ્રહ્મ અને લક્ષ્મણને જીવ માનીને તેમની વચમાં રહેનારાં સીતાજીને જ માયાની ઉપમાઆપેલી છે, અને તે બરાબર બંધ બેસતી છે -

ઉભય મધ્ય સ્ત્રિય સોહતિ કૈસી । બ્રહ્મ જીવ બિચ માયા જૈસી ॥

રામ અને લક્ષ્મણની વચમાં સીતાજી કેવાં શોભી રહ્યાં છે, કે જેમ બ્રહ્મ અને જીવની વચમાં રહીને માયા શોભી રહી છે. અહીં 'શોભિત થવું' કહીને ગોસ્વામીજીએ ઘણો જ સુંદર ભાવ વ્યક્ત કરેલો છે. આ માયા જ પરમાત્માના માર્ગે જનારા જીવને તેના લક્ષ્યથી આડે રસ્તે ભટકાવનારી છે. તેથી તમે જ્યારે આ માયામાંથી પોતાને મુક્ત કરશો ત્યારે જ તે પરમાત્મા તમારા હૃદયમાં પ્રકાશિત થશે - તમને દર્શન આપશે. પરમાત્માને શોધવાને દૂર જવાની જરૂર નથી. પરમાત્મા તો આપણા હૃદયમાં જ છે, જરૂર છે માત્ર શુદ્ધ અને નિર્મળ અંતઃકરણ કરવાની. ભગવાને જે યોગસ્થ થઈને કર્મ કરવાનું કહ્યું છે તેનો એજ અર્થ છે કે, સંગ અર્થાત્ મોહ છોડીને કર્મ કરો,

ફળની આશાનો ત્યાગ કરીને કર્મ કરો, સિદ્ધિ અને અસિદ્ધિ બન્નેમાં સમાન ભાવ રાખો. બસ, એજ યોગ છે, એજ વાતનો બીજી રીતે ખુલાસો કરીને એમ કહી શકાય કે - કોઈ કામના બગડવાની કે બનાવની ચિંતા કરશો નહિં. બની જાય તો હર્ષ અને બગડી જાય તો શોક ન કરશો. તમારી પાસે 'તમારા' નામથી જે કોઈ પણ વસ્તુ હોય તેને પરમાત્માની તમારી પાસે અનામત સમજો, તમારા પુત્ર સુદ્ધાંતને તે પરમાત્માએ તમારી પાસે મૂકેલી અનામત સમજી અને તે જ ભાવથી તેને ભણાવો કેળવણી આપો, તેને આશ્રય આપો, લાલન પાલન કરો અને તેને તમારો ન સમજશો. તેના રાજી ખુશી રહેવામાં, સ્વસ્થ, બળવાન અગર વિદ્વાન હોવામાં હર્ષથી ફુલાઈ જઈ આંધળા ન બનશો અને તે ચાલ્યો જાય તો તેથી દુઃખી ન થશો. જો તે ચાલ્યો જાય તો, તમારામાં એજ ભાવ રાખો કે - 'વખતે તેનો ભાર મારાથી સહન ન થઈ શકયો હોત, તેથી જ પરમાત્માએ પોતાની થાપણ ઉપાડી લીધી'. પરંતુ હા, એ પણ ધ્યાનમાં રાખો કે તેને બીજાની વસ્તુ સમજીને તેના લાલનપાલન તથા શિક્ષણમાં બેદરકારી પણ ન કરશો. નહીં તો તેનાથી પણ પાપ લાગશે - નીમકહરામી થશો અને તેના ફલરૂપ નરક ભોગવવું પડશે. જેમ કોઈએ અનામત મૂકેલી ચીજને તમે સંભાળથી ન રાખો, તેને બગડવા અગર નષ્ટ થવા દો તો તમારે તેનો દંડ આપવો પડે છે તે જ પ્રમાણે આ વાતને સમજો. જો તમે પુત્રમાં અહંભાવ રાખશો, 'એ મારો છે' એમ માનશો તો તેના મરણનું દુઃખ વેઠવું પડશે. તેથી બીજાની અનામતો ઉપર ભૂલથી પણ વિશ્વાસઘાત ન કરશો; નહીં તો વસ્તુ તો જશે તો જશે જ, અને ઉપરથી જેલમાં પણ જવું પડશે. નરકયંત્રણા ભોગવવી પડશે.

હે વત્સ, આ વાતને પ્રથમ પણ કહી ચુકયો છું અને ફરી પણ કહું છું કે આ સંસારને, સમસ્ત જગતને એ પરમપિતા પરમાત્માનો બગીચો સમજો અને પોતાને એ બગીચાનામાળી સમજો, પોતાનામાં સદા એ ભાવ જાગૃત રાખો કે, સ્ત્રી, પુત્ર, ભાઈ, બહેન, કુટુંબ, પરિવાર, માલ, ખજાનો આદિ સર્વ ઈશ્વરના બાગનાં વિચિત્ર વૃક્ષ અને ફૂલ ફળ આદિ છે. હું તો કેવળ તેની રખવાળી અને સેવા સુશ્રુષા કરનારો માળી મુકરર થયો છું. બસ, એજ ભાવથી જગતમાં જે કાંઈ કર્મ કરો તે કરો. માળીની જગાએ માલિક બની જવાની ચેષ્ટા ભૂલથી પણ કરશો નહીં, નહીં તો નોકરો પાસે ધક્કા મરાવી કહાડી મૂકવામાં આવશે અને સાથે સાથે તમારે વિશ્વાસઘાત અને અનામત પચાવી પાડ્યાની સજા પણ ભોગવવી પડશે તમને બાગનાં ફૂલ, ફળ અને વૃક્ષ અને પાંદડાને નષ્ટ કરવાનો કાંઈ અધિકાર નથી. તમને તો કેવળ તેની રક્ષા કરવાને રાખેલા છે. તેથી તમે તમારા કર્તવ્યનું જેટલું મન લાંગડીને પાલન કરશો અને તે ચીજોની જેટલી રક્ષા કરશો તેટલો તે માલિક તમારા ઉપર પ્રસન્ન થશે. બસ, એજ આ સંસારનો સર્વોત્તમ પ્રકારનો અને વાસ્તવિક ઉપયોગ છે. પરંતુ જે લોકો મારી

મચેડીને પોતાની મતલબ પ્રમાણે અર્થ કહાડવાની ચેષ્ટા કરે છે તે સ્વયં પોતાની જાતે જ પોતાના પગ ઉપર કુહાડી મારે છે અને ખાડામાં પડે છે.

એકાદશી વ્રતનું વિધાન જે શ્લોકો દ્વારા બતાવવામાં આવેલું છે, અને તે વ્રતના ઉપવાસમાં જે રહસ્ય છે તેને બરાબર સમજ્યા વગર તથા ઉપવાસનું કષ્ટ ન સહન થઈ શકવાને કારણે લોકો તે દિવસે રોજના કરતાં વધારે ફળાહારના રૂપમાં ભોજન કરે છે, અને કહે છે કે એ તો અન્નનો આહાર ન કરવાની એકાદશી છે. એવું કહેનારો અવશ્ય અનાચારના દોષમાં પડે છે. જુઓ, એકાદશીના વ્રતના સંબંધમાં શું કહ્યું છે –

एकादश्यां प्रयत्नेन कर्तव्यं भोजनं द्वयम् ।
रात्रौ जागरणं कुर्यात् दिवा च हरिकीर्तनम् ॥

અર્થાત્ અગિગાર ઈન્દ્રિયો – પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા અગિયારમું મન – ને પ્રયત્ન પૂર્વક વશમાં કરો (એજ એકાદશીનો ઉપવાસ છે) અને તે દિવસે બે કામ કરો – એક તો આખો દિવસ હરિકીર્તન અર્થાત્ ભગવાનનું ભજન કરો અને બીજું રાતે જાગરણ કરો. જ્યારે તમે એમ કરશો ત્યારે જ વાસ્તવિક એકાદશી થશે. ઉપવાસ કરવાથી ઈન્દ્રિયોમાં શિથિલતા અને શુદ્ધતા આવે છે, તેથી એજ આશય નિકળે છે કે તે દિવસે ઈન્દ્રિયોનું સંયમ કરવું એ જ સર્વથી પ્રધાન કર્તવ્ય છે. 'કર્તવ્યં ભોજનં દ્વયમ્' એનો એ પણ અર્થ થઈ શકે છે કે તે દિવસે ભોજન કરો, તમોગુણી પદાર્થોનું ભોજન કરશો નહીં. તમોગુણી ભોજનથી ક્રોધ અને મોહની ઉત્પત્તિ થાય છે. પરંતુ અજ્ઞાની લોકો તેનો એવો અર્થ ન કરીને એવો અર્થ કરે છે કે એકાદશીના દિવસે વિધિપૂર્વક બે તરેહની ચીજો ખાઓ અર્થાત્ પેટ ભરીને માલપુડા અને દૂધપાક ઉડાવો, અને કેવળ એવો અર્થ જ નથી કરતા, પરંતુ તેને અનુસરીને આચરણ પણ કરે છે અને કહે છે આજનો આવો જ યોગ છે. એકાદશી પુણ્ય તિથિ છે તેથી આજને દિવસે તો અવશ્ય બે પ્રકારની ચીજોનો યોગ (મેળવી) કરીને ભોજન કરવું જોઈએ. આ વાતના સંબંધમાં લોકો જરા પણ ધ્યાન આપતા નથી કે જે યોગના સંબંધમાં મોટા મોટા ઋષિયો અને મુનિયોએ મોટા મોટા ગ્રંથો રચ્યા છે, તેમને પણ એકવાર જોઈએ કે તેઓ શું કહે છે.

એ વાત બરાબર છે કે – જોડવું – બેને એકમાં મેળવવું – એનું જ નામ યોગ છે, પરંતુ કઈ બે વસ્તુના જોડાણને યોગ કહે છે તેને વાસ્તવિક રીતે શાસ્ત્રોજ બતાવી શકે છે. યોગદર્શનમાં યોગનું લક્ષણ 'યોગશ્ચિત્ત વૃત્તિ નિરોધઃ' 'ચિત્તની વૃત્તિયો આમ તેમ ફરતી રોકવી' એમ બતાવેલું છે. અને એમ પણ બતાવેલું છે કે યોગ આઠ પ્રકારના છે – (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધ્યાન, (૭) ધારણા, (૮) સમાધિ. આ આઠેને મેળવીને યોગની 'અષ્ટાંગ

યોગ' સંજ્ઞા થએલી છે. આ અષ્ટાંગ યોગમાં એમજ કહેલું છે કે સર્વ પ્રકારે ઈન્દ્રિયોનું સંયમ કરવું એજ યોગનો મુખ્ય ઉદ્દેશ છે. આ પ્રમાણે 'યોગ' એટલે જોડવું એ સાધારણ અર્થથી પણ એજ ભાવ નિકળે છે - જે પ્રકારે બની શકે તે પ્રકારે આ જીવાત્માને પરમાત્માની સાથે મેળવી દેવો - જોડી દેવો એજ યોગ કહેવાય છે.

ભગવાન પણ અર્જુનને એજ કહે છે કે તું યોગસ્થ થઈને કર્મ કર, આસક્તિ છોડી દે, સુધરવામાં અને બગડવામાં સમાન ભાવ રાખ એનું નામ જ યોગ છે. અને -

હે ધનંજય; બુદ્ધિયોગથી (સકામ) કર્મ ઘણા નીચા દરજ્જાનાં છે (તેથી તું) બુદ્ધિની શરણમાં જા, કારણકે ફળની કામનાથી કર્મ કરનારા (અત્યંત) દીન છે.

હે અર્જુન, આ સમત્વ રૂપ બુદ્ધિ યોગ અર્થાત્ નિષ્કામ કર્મયોગની સરખામણીમાં સકામ કર્મ ઘણાં નીચાં છે, અત્યન્ત તુચ્છ છે. તેથી તું સમત્વ રૂપ બુદ્ધિયોગનો આશ્રય ગ્રહણ કર, નિષ્કામ કર્મયોગનું શરણ લે, કારણ કે કોઈ પણ ફલની પ્રાપ્તિની કામનાથી જે લોકો કર્મ કરે છે તે અત્યન્ત કૃષણ અર્થાત્ દીન છે.

ભગવાન કહે છે કે ફળની ઈચ્છા રાખીને જે કર્મ કરવામાં અવે છે તેની કાંઈ કિંમત નથી તે બિલકુલ તુચ્છ છે, ફળની ઈચ્છા છોડીને જ કર્મ કરવા ઉચિત છે. એ પ્રમાણે એ કરેલાં કર્મ સકામ કર્મથી ઘણા ઉંચા દરજ્જાનાં છે. તેથી સંસારમાં જે કાંઈ પણ કરો તે બુદ્ધિ યોગ અર્થાત્ નિષ્કામ કમયોગનું અવલંબન લઈને કરો. જે લોકો તેમ નથી કરતા અને કામનાઓની પાછળ મરી ફીટે છે તેઓ અધવચ લટકે છે આખું જીવન ફળના ફેરામાં જ પડ્યું રહે છે. પરંતુ જેઓ ફળની કામના છોડી દે છે અને સર્વ કાંઈ ભગવાનને અર્પણ કરે છે, તેમને સર્વ કાંઈ સ્વતઃ પ્રાપ્ત થાય છે. તેનું કારણ એ છે કે - જો કોઈ મનુષ્ય પોતાને ત્યાં કોઈ રાજાને આમંત્રણ આપે તો, તેના બોલાવ્યા વગર જ રાજાની સાથે તેનો વજીર, મંત્રી, ચીફ સેક્રેટરી કર્મ કરનારા પણ કેવળ પરમાત્માની જ ચાહના રાખતા હોવાથી તેની સર્વ વિભૂતિઓ પોતાના વશમાં કરી લે છે. તેથી પરમાત્માની સાથે તેની વિભૂતિઓને પણ તે જ્યાં જાય છે ત્યાં જવું પડે છે. અને જે પ્રમાણે માત્ર વજીર અગર મંત્રીને જો પોતાને ત્યાં બોલાવે છે તો કેવળ તેમને જ પોતાને ત્યાં આવેલા જુએ છે, રાજા તેમની સાથે આવતા નથી, તે પ્રમાણે કેવળ વિભૂતિઓની જ ઈચ્છા કરનાર માત્ર તેની જ પ્રાપ્તિ કરીને રહી જાય છે, પરમાત્માને પ્રાપ્ત કરતો નથી.

તેથી ભગવાન કહે છે કે - હે અર્જુન ! બુદ્ધિયોગથી કર્મ ઘણાં નીચાં છે. તેથી તું બુદ્ધિનું શરણ ગ્રહણ કર, ફળની કામના કરનારા તો દીન હોય છે, તે ઉપરથી અર્જુને પૂછ્યું કે - ઠીક મહારાજ, એ પણ બતાવો કે બુદ્ધિયોગનું શરણ લેવાથી બીજું શું શું થાય છે ?

તેના ઉત્તરમાં ભગવાન કહે છે કે -

બુદ્ધિયુક્ત (પુરુષ) પુણ્ય અને પાપ બન્નેનો આલોકમાં જ ત્યાગ કરી દે છે. તેથી (તું) યોગ માટે (જ) તત્પર થા. યોગ જ કર્મ (કરવા) માં કુશળતા છે.

હે અર્જુન ! આ સામ્યબુદ્ધિથી યુકત પુરૂષ પોતાનાં પુણ્ય પાપ બન્નેને આ સંસારમાં છોડી જાય છે. અર્થાત્ તેથી લિપ્ત થતા નથી. તેથી તું સમત્વરૂપ બુદ્ધિયોગ અર્થાત્ કામના રહિત કર્મ માર્ગને સારૂ પ્રયત્ન કર. આ સમત્વરૂપ બુદ્ધિયોગ જ કર્મોમાં કુશળતા અર્થાત્ નિપુણતા છે, કર્મ બંધનથી છુટવાનો એજ ઉપાય છે.

હે વત્સ, નિષ્કામ કર્મ કરવાની બુદ્ધિવાળો મનુષ્ય આ સંસારમાં રહેતા છતાં જે કાંઈ પણ પાપ અગર પુણ્ય કરે છે તે સર્વ અહીં જ છોડી જાય છે. તે પાપ અગર પુણ્યથી લોપાયમાન થતો નથી તેથી તે તેની સાથે જતાં નથી અહીં જ રહી જાય છે. નિષ્કામ થઈને કર્મ કરવાથી મનુષ્યની બુદ્ધિ અને વિચાર પવિત્ર થાય છે, અને પરમાત્માની કૃપા પણ જેની બુદ્ધિ નિર્મળ હોય, વિચાર પવિત્ર હોય તેના ઉપર જ થાય છે. વખતે કાંઈ ભૂલથી નિષ્કામ કર્મયોગીથી કોઈ પાપ થઈ જાય તો પણ તે તેનો ભાગી થતો નથી. કારણ કે તે પોતાનું તો કાંઈ સમજતો જ નથી, સારૂં થયું તો પણ તે તો પરમાત્માનું કરેલું જ સમજે છે. તો પછી વખતે કાંઈ ખોટું થાય તો તેનો ભાગીદાર શી રીતે થઈ શકે ? પરંતુ આજકાલ એવું સમજવાવાળા કોણ છે ? આજકાલ તો એજ હાલત છે કે - કોઈને ખોટું કામ કરતો દેખીને, જો કોઈ તેને શિખામણ દેવા જાય તો તે ઝટ કહી ઉઠે છે કે- હું તે જ પરમાત્માનો પુત્ર છું તેથી જો તેને જરૂરનું લાગશે તો મારી બુદ્ધિ સુધારી દેશે. હું શા માટે એ ચિંતામાં પડવા જાઉં, પરંતુ આવા વિચાર તેવા લોકોજ કરે છે કે, જેમની બુદ્ધિ પાપ કર્મ કરતાં કરતાં તેમાં રીઢી થઈ ગએલ હોય છે. એનું પ્રમાણ એ છે કે, એજ આદમી જયારે કોઈ સારૂં કામ કરે છે અને તેના ફળ સ્વરૂપ આનંદ ભોગવે છે ત્યારે તે એમ નથી કહેતો કે હું પરમાત્માનો પુત્ર છું અને તેણે કૃપા કરીને એવી બુદ્ધિ આપી કે જેથી હું આનંદ ભોગવું છું. તે વખતે તો તે એમજ કહે છે કે, મેં બુદ્ધિ વાપરી અને એવું કુશળતાથી કામ કર્યું કે આજ આનંદ અને મોજ કરૂં છું.

સજ્જનો ! આવા વિચારોને ભૂલથી પણ તમારા મનમાં આવવા દેશો નહીં. આવા વિચાર તમારી કદી પણ ઉન્નતિ નહીં થવા દે પણ નીચે અને નીચે જ ઘસડી જશે અને પછી તો હજારો પ્રયત્ન કરતાં છતાં પણ જલદી ઉપર નહીં આવી શકો. જુઓ, ગંદા કપડાંનો મેલ સાફ કરવામાં કેટલી બધી વાર લાગે છે, કેટલી બધી મહેનત કરવી પડે છે ? પરંતુ જયારે તે સાફ થઈ જાય છે, ત્યારે તેના ઉપર રંગ ચઢાવવામાં જરાએ વાર લાગતી નથી. પછી તો જયાં એક લોટા પાણીમાં જરા જેટલો રંગ નાખી કપડાને બે ઝબકોળા ખવડાવતાં જ રંગાઈને તૈયાર થઈ જાય છે. બસ, એજ પ્રમાણે હૃદય જયારે કલુષિત વિચારો અને ખોટાં કામો કરતાં ગંદુ થઈ

જાય છે, ત્યારે તેને સાફ કરતાં ઘણી વાર લાગે છે પણ જ્યારે તે સાફ થઈ જાય છે, ત્યારે તેના ઉપર રામ રંગ ચઢવામાં જરાએ વાર લાગતી નથી. તાત્પર્ય એ છે કે, મન ઉપર જે અનેક જન્મજન્માંતરના ખરાબ સંસ્કાર પડી ગએલા હોય છે, ખોટી ટેવોએ જડ ઘાલેલી હોય છે તેમને કહાડવામાં ઘણી વાર લાગે છે. તેથી આજથીજ - અત્યારથીજ તેમને હઠાવવાને સારૂં ઉદ્યોગ અને સાધના કરવી જોઈએ. નહીં તો વખતે ફરી અવસર ન મળે અને મેલના ઉપર મેલ જામતો જશે તો તેને સાફ કરવાનું અસંભવિત થવાનો પ્રસંગ કદાચ આવશે અને માની લ્યો કે સાફ થવાનું અસંભવિત ન પણ હોય, તો પણ મહેનત તો અવશ્ય વધી જ પડવાની અને પછી તો ધોબી જે પ્રમાણે વધારે ગંદા કપડાંને પત્થર ઉપર પછાડીને પટકે છે અને સાફ કરે છે તેમ તમારે પણ પછાડો ખાવી ન પડે, માટે અત્યારથી ઉદ્યોગમાં લાગી જાઓ અને હૃદયને શુદ્ધ કરો. પછી પરમાત્માની પ્રાપ્તિમાં વાર લાગશે નહીં,

આ સર્વ વાતો સમજાવતાં જ્યારે ભગવાને અર્જુનને કહ્યું કે - બુદ્ધિયુક્ત પુરૂષ પોતામાં સુકૃત અને દુષ્કૃત અહીં છોડી જાય છે તેથી તું પણ બુદ્ધિયોગને સારૂ ઉદ્યુત થા તે સાંભળીને અર્જુને પૂછ્યું કે - શું કોઈ એવો થયો કે જેણે ફળનો ત્યાગ કર્યો હોય અને પાપ પુણ્યથી મુક્ત થઈ જન્મમરણના બંધનમાંથી છુટકારો પામ્યો હોય ?

ભગવાને કહ્યું - હા,

બુધ્ધિથી યુક્ત જ્ઞાનીજન કર્મોથી ઉત્પન્ન થનારાં ફળને છોડીને, જન્મના બંધનથી મુક્ત થઈ, દુઃખ રહિત આનંદમય પરમ પદને પ્રાપ્ત થાય છે.

હે અર્જુન ! જ્ઞાની પુરૂષોનું એ કામ છે કે - તે લોકો કોઈ પણ કર્મના કરવાથી જે ફળ પેદા થાય છે તે ફળની કાંઈ પણ પરવા કરતા નથી, તેનો બિલકુલ ત્યાગ કરી દે છે, અને આ સંસારનાં જન્મ અને મરણ રૂપ બંધનથી છૂટીને અનામય અર્થાત્ જ્યાં કોઈ પણ પ્રકારનો વિકાર, દુઃખ શોક સન્તાપ અને રોગ હોતાં નથી એવા સ્થાનને પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ છે કે જે પદને યોગીજનો હજારો વર્ષના સત યોગ દ્વારા પ્રાપ્ત કરે છે તે પદને નિષ્કામ કર્મયોગી કેવળ ફળોની આશા માત્ર છોડી દેવાથી પ્રાપ્ત કરી લે છે. અને આવાગમનથી મુક્ત થઈ જાય છે, પાપ પુણ્યથી પર થઈ જાય છે.

પ્રભુના પ્રેમિયો, અગર જો મરણ પછી ફરી જન્મ ન લેવો પડે, તો ભછી ભલા કોઈ પણ સંસારી બંધન કેવી રીતે હોઈ શકે ? સંસારનાં બંધનોમાં તો જીવ ત્યારે જ પડે છે કે જ્યારે તે અહીં આવીને જન્મમરણ ધારણ કરી લે છે. એટલે જો જન્મ જ ન હોય તો પછી બંધન ક્યાંથી અને કેવી રીતે થાય ? તેથી એજ સિદ્ધ થાય છે કે એજ જન્મનું જ સર્વથી મોટું બંધન છે. માતાનું ઋણ, પિતાનું ઋણ, ગુરુનું ઋણ, ભાઈનો મોહ, મિત્રનો વિયોગ, પાડોસીનો સંગ અને જાતિવાળાનો બંધ આદિ જે કાંઈ પણ

મનુષ્યને બાંધવાવાળા દશ્ય છે તે સર્વ જન્મ લીધા પછી જ જોવામાં આવે છે – ભોગવવાં પડે છે. આ સર્વ સંબંધોનું મૂળ જન્મ જ છે! દૃષ્ટાંત તરીકે કહેવું હોય તો – જ્યાં સુધી કોઈને પુત્ર ન થયો હોય ત્યાં સુધી તેને કોઈ પણ ફીકર ચિંતામાં પડવું નથી. ચેનથી ખાય છે, પીએ છે. અને મઝા કરે છે. બહુ થાય અને કોઈ મિત્ર પાડોસી અગર પોતાની સ્ત્રી કહે, તો એકવાર મનમાં વિચાર થઈ જાય છે કે – હા, ભાઈ પુત્ર હોય તે જરૂરનું તો ખરૂં પુત્ર વિના ઘડપણમાં અનેક કષ્ટ ભોગવવા પડે છે, પરંતુ તેને સારૂં શું થાય ? જ્યારે પરમાત્માની ઈચ્છા થશે ત્યારે તે જાતે જ પુત્ર આપશે, ઈત્યાદિ. તે પછી પાછો તે પોતાના વ્યવસાયમાં લાગેલો રહે છે. પરંતુ પુત્ર થતાં જ તેની બધી મોજ અલોપ થઈ જાય છે. પછી તો હજાર પ્રકારની ચિંતાઓ વગર બોલાવ્યે જ માથા ઉપર સવાર થાય છે. ઘેર, એ તો પુત્રને જન્મ આપનારની વાત થઈ, પરંતુ હવે જરા એ જન્મ લેનારને જુઓ.જ્યાં સૂધી તેનો જન્મ થએલો નથી હોતો ત્યાં સૂધી તેને કાંઈ પણ બંધન હોતું નથી, પણ જન્મ થતાં જ તે બિચારો બંધનોના બંધમાં પડી જાય છે. તેને સારૂ માતા પિતાની સેવા કરવી, ભણવું, લખવું, કમાવું, ધમાવું, બળવાન થવું, સુયશ પ્રાપ્ત કરવો આદિ બંધનો પહેલેથી જ મોં ફાડીને વાઘની પેઠે ઉભાં રહે છે. અને જ્યાં જરા હોંશિયાર થયો કે એ બધાં જ ચારે પાસથી તેના ઉપર તુટી પડે છે. અને એટલેથી જ અટકી જાય છે એમ પણ નથી હોતું તે પછી તો બીજું પણ વધારે અને વધારે બંધનનાં કારણો ઉપસ્થિત થતાં જ રહે છે. હવે મોટો થયો તો લગ્ન કરવાનું જરૂરનું થાય છે, વિવાહ કર્યો તો સ્ત્રીની કાળજી રાખવી પડવાની; સ્ત્રી છે તો સંતાન પણ થવાનાં જ; અને પછી તો ત્યાં સૂધી બંધનોની વૃદ્ધિ થાય છે કે જે ગણાવતાં પણ થાક લાગે સંતાનોની તન્દુરસ્તીની ચિંતા, તેમના લાલનપાલન અને શિક્ષણની ફિકર. પછી તેમનાં પણ લગ્નની ભાંજઘડ અને તે પછી એજ ક્રમ ચાલુ રહે છે. એ પ્રમાણે પેદા થયો તો એકલો એક જ પુત્ર, પરંતુ તે એક જ સેંકડે મનુષ્યોના બંધનનું કારણ થઈ પડે છે. તેથી એજ સિદ્ધ થાય છે કે જન્મ જ સંસારમાં સર્વથી મોટું બંધન છે, શરીર ધારણ કરતાં જ સર્વ બંધનો પેદા થાય છે. જન્મ થાય છે તો જ મનુષ્ય સમસ્ત સંસારની જિમ્મેદારી પોતાના ઉપર વોહરી લે છે, અને ક્રમશઃ બંધનમાં ફસાતો જાય છે. તેથી જો જન્મ જ ન થાય તો કયાંથી જિમ્મેદારી આવે ? અને કેવી રીતે બંધનમાં પડે ? તેથી જ ભગવાને વારંવાર જન્મના બંધનોને તોડનારાં કર્મ કરવાનો ઉપદેશ કરેલો છે. જન્મનું જ બંધન એક એવું બંધન છે કે જેથી મુક્તિ મળતાં જ સંસારનાં બીજાં સર્વ બંધન આપોઆપ છૂટી જાય. અને જન્મબંધનને તોડવાનો સર્વથી સરળ, એક માત્ર ઉપાય છે નિષ્કામ કર્મયોગ. તેથી જ બુદ્ધિમાન લોક નિષ્કામ કર્મ કરીને ફળને છોડી દે છે અને જન્મમરણના બંધનથી મુક્ત થઈ જાય છે.

સજ્જનો ! ઘણા એ વિતંબણાવાદી લોકો 'ફળોને છોડી દેવા' એનો એ

ભાવ કહાડે છે કે, ઝાડનાં ફળ કેરી, જાંબુ, જામફળ, કેળાં, દ્રાક્ષ, ચીકુ, દાડમ આદિ ફળોને છોડી દેવાં જોઈએ, પરંતુ એ જલ્પવાદ છે, હસવા જેવું છે, શાસ્ત્રોની મશ્કરી કરવા જેવું છે. ફળોને છોડવાનું તાત્પર્ય એજ છે કે, જે ઉપર કહેવામાં આવ્યું છે, અર્થાત્ પોતે કરેલાં સારાં તેમજ ખોટાં કામોથી ઉત્પન્ન થનારાં ફળોનો ત્યાગ જ સાચો અને વાસ્તવિક ત્યાગ છે, ઝાડનાં ફળોનો ત્યાગ નહીં સમસ્ત ગીતામાં એવા ત્યાગને જ ત્યાગ કહેલો છે. અને હા, ઘણે ભાગે લોકો એમ સમજે છે કે, નિષ્કામ કર્મ કરવાથીજે અનામય પદ અર્થાત્ સ્વર્ગ મળશે ત્યાં કલ્પવૃક્ષ હશે, બેસવાને સારૂ સોનાનું સિંહાસન હશે, પગ દબાવવાને અપ્સરાઓ હશે અને ત્યાં કોઈ રોગ અગર દુઃખ નહીં હોય, ઈત્યાદિ; પણ એ, તે લોકોનો ભ્રમ છે, ગીતા ભરમાં સ્વર્ગની એવી કોઈ ચર્ચા પણ નથી, ગીતાના 'અનામય પદ' અગર 'સ્વર્ગ'નો તો એ સ્થાન સાથે સંબંધ છે કેઃ જ્યાં દેવી દેવતા આદિ રહે છે અને જે ઈશ્વરનું ધામ છે. ગીતાનાં સંબંધમાં કેટલાક લોકોનો એવો પણ ખ્યાલ છે કે, તેમાં ભગવાને ઘરબાર છોડીને લંગોટી લગાવી ભૂખ્યા તરસ્યા રહીને જંગલોમાં પડ્યા રહેવું અથવા શહેરોમાં અને ગામડામાં ભીખ માગતા રહેવાનો ઉપદેશ કર્યો છે. આ મોટો ભ્રમ છે, ભગવાને એવું કાંઈ કહ્યું નથી. ભગવાનનું તો એ જ કથન છે કે, આનંદથી પોતાના ઘરમાં કુટુંબ પરિવારમાં રહીને સર્વ કામ કરતા રહો. જંગલમાં ભટકવાની અગર ભીખ માગવાની કાંઈ આવશ્યકતા નથી. આવશ્યકતા છે, તો માત્ર તેનીજ કે જે કાંઈ પણ કરો તે સર્વ બ્રહ્માર્પણ કરતા જાઓ. આંબો વાવો પણ તેનાં ફળ ખાવાની ઈચ્છાઓ કરશો નહીં. સંસારના લોકોને ખાવાને સારૂ તેને વાવો.

બસ, એ જ શિક્ષા અને એજ ઉપદેશ ભગવાને અર્જુનને આપ્યો અને કહ્યું કે - કર્મોથી ઉત્પન્ન થનારાં ફળોને છોડીને જ્ઞાની લોક જન્મના બંધનથી મુક્ત થઈ જાય છે અને અંતમાં 'અનામય' પદને પ્રાપ્ત કરે છે.

અર્જુને કહ્યું - ભગવન્ આ રસ્તો પણ સાંભળવામાં તો ઘણો જ સહજ જણાય છે. અવશ્ય એ ઘણું જ પવિત્ર જ્ઞાન છે. પરંતુ એવું કયું કારણ છે જેથી, આપ વારંવાર ઉપદેશ આપો છો અને જૂદી જૂદી રીતે સમજાવો છો, તો પણ મારી બુદ્ધિ પૂર્ણ પણે સારી રીતે તેને ગ્રહણ કરી શકતો નથી ?

ભગવાને કહ્યું કે -

જ્યારે તારી બુદ્ધિ મોહના સંકટને સારી રીતે તરી જશે ત્યારે જે સાંભળ્યું છે અને હવે પછી જે સાંભળીશ, એ બન્નેના વૈરાગ્યને (તું) પ્રાપ્ત થઈશ.

હે અર્જુન, તારી બુદ્ધિ જ્યારે અજ્ઞાનના સંકટને સારી રીતે તરી જશે અર્થાત્ મોહરૂપી કાદવ જ્યારે દૂર થશે ત્યારે હજી આગળ તું સાંભળીશ અર્થાત્ હજી હું તને જે કાંઈ કહીશ તેનો, તેમજ અત્યાર સૂધી હું તને જે કાંઈ સંભળાવી ચૂક્યો છું તેનો

પણ તને વૈરાગ્ય થશે. તાત્પર્ય એ છે કે જ્યાં સૂધી તું મોહને નહીં છોડે ત્યાં સૂધી આ સર્વ વાતો તારી સમજણમાં ઉતરશે નહીં, પણ મોહનું આવરણ દૂર થતાં જ તું સર્વથી વિરક્ત થઈ જઈશ; અર્થાત્ ફરી તારે સાંભળવાની અને મારે સંભળાવવાની કાંઈ પણ આવશ્યકતા રહેશે નહીં.

ભગવાને કહ્યું કે જ્યાં સૂધી તારી બુદ્ધિ મોહમાં પડેલી રહેશે ત્યાં સુધી તે કોઈ પણ જ્ઞાનની વાત ગ્રહણ કરી શકશે નહીં. મોહનાં સંકટ (કેટલાક લોક 'કલિલ' નો અર્થ 'કિચડ' અગર 'કાંપ' પણ કરે છે તે ભાવને લઈને અહીં વ્યાખ્યાન થએલું છે) તેથી પાર થતાં જ પોતાની મેળે સર્વ વાતોને ગ્રહણ કરવા માંડશે અને ત્યારે જ સાચો વૈરાગ્ય પણ થશે. જુઓ, કોઈ માણસને તમેજોર જુલ્મથી ગળા સુધી પાણીમાં ડુબાડી રાખો તો તે કેટલા ધમ પછાડા કરે છે ? તે સમયે તે કોઈપણ પ્રકારે પાણીની બહાર નીકળવાની કોશિષ કરે છે, અને બહાર નીકળે છે ત્યારે જ તે શાંતિથી શ્વાસ લે છે. તેવી જ હાલત જ્યારે જીવની પણ થાય છે, અર્થાત્ જીવ પણ મોહના કાદવમાં ગળા સૂધી ફસાતાં તેમાંથી નિકળવાને સારૂ અને ઈશ્વરની પ્રાપ્તિને સારૂ તલસાટ ભર્યો પ્રયત્ન કરે છે. ત્યારે તેને મોહથી મુક્ત થવામાં વાર નથી લાગતી. અને જ્યારે મોહથી મુક્ત થઈ જાય છે ત્યારે તરતજ સાચો વૈરાગ્ય અને સ્થાયી શાંતિ પ્રાપ્ત થઈ છે. તેથી જ ભગવાને કહ્યું કે – હે અર્જુન હજી તારી બુદ્ધિમાં, નાના પ્રકારની ગાંઠો મોહક વાણી સાંભળીને, પડી ગએલી છે, સકામ કર્મ ભાવ ભરાઈ ગએલો છે. આ સકામ કર્મના ભાવોએ જ તારી બુદ્ધિને મોહ કિચડમાં ફસાવી રાખી છે. તેથી જ્યાં સૂધી એ કીચડ સાફ નહી થાય ત્યાં સૂધી તું વાતોને સમજી શકીશ નહીં. પરંતુ બુદ્ધિ નિર્મળ થયા પછી આ વાતોથી વિરાગ થતાં કાંઈ વાર નહીં લાગે. તેથી મોહ કલીલથી પાર થવાનો સતત્ પ્રયત્ન કર.

હે વત્સ અહીં એ વાત પ્રતીત થાય છે કે વિદ્યાધ્યયન કરવાથી અથવા વેદશાસ્ત્ર આદિનું મનન કરવાથી કાંઈ અર્થ સરતો નથી, પણ મન ઉપર જામી ગએલો મોહરૂપી કાદવ સાફ કરવાની આવશ્યકતા છે તેથી જે ગરીબ ભાઈઓને ભણતાં લખતાં આવડતું નથી તેમણે કદી પણ એવો ખ્યાલ ન કરવો કે – હમે તો કાંઈ ભણેલા નથી તેથી ભગવાન હમને શી રીતે મળે, અથવા કોઈ જ્ઞાનની વાત હમારાથી શી રીતે સમજાય ? ના, એમ કદી ધારવું ન જોઈએ. હું તો કહું છું કે ગામડાંના રહેનારા ભણ્યા લખ્યા વગરના ગરીબ ભાઈઓ, શહેરમાં રહેનારા સાક્ષર – વિદ્વાન અને સમૃધ્ધિવાન ગ્રહસ્થો કરતાં હજાર ઘણા સારા હોય છે. જુઓ એક ગામડાનો રહેનારો, ભણ્યાલખ્યા વગરનો બિચારો સાધારણ મનુષ્ય પણ જૂઠી સાક્ષી આપતો અચકાય છે, ભયભીત થાય છે અને જ્યાં સૂધી તેનાથી બની શકે છે ત્યાં સૂધી તે કદી પણ એવી જૂઠી સાક્ષી આપનો નથી. પરંતુ શહેરમાં રહેનાર બી.એ., એમ.એ., પાસ થએલા,

ધની, માની, વકીલ, બેરીસ્ટર લોક, સાધારણ તો શું પણ હડહડતી જુઠી અને મહા અનર્થકારી સાક્ષી આપવાને પણ ડરતા નથી. તેમના મનમાં જરાએ એવો અખતરો પેદા થતો નથી કે - મારી આ સાક્ષીથી કોઈ ગરીબ માણસ નકામો માર્યો જશે. અને તેઓ એકદમ સાક્ષી આપવાને તૈયાર થઈ જાય છે. તેથી આપ લોકો, કોઈની બહારની સફાઈ ઠાઠમાઠ ડહાપણની વાતો અને ચમકદમકથી અંજાઈ ન જશો, એ નિશ્ચય જાણજો કે બહારથી જે જેટલા સાફસુફ દેખાય છે તેઓ ઘણે ભાગે અંદરથી તેટલાજ ગંદા અને મેલા હોય છે, અને તેથી જ તેમની બૃદ્ધિ આ સિદ્ધાંતની વાતોને ગ્રહણ કરી શકતી નથી. કારણ કે આ સર્વ વાતો એજ બુદ્ધિ ગ્રહણ કરી શકે છે કે, જેના ઉપરથી મોહરૂપી મેલ દૂર થઈ ગએલો છે; એટલે જેમી બુદ્ધિ ઉપર હજી મેલ જામેલો રહ્યો છે તેઓ ભલા પરમાત્માના જ્ઞાન જેવા સત્ય પદાર્થને શી રીતે ગ્રહણ કરી શકે ? પરંતુ આ મેલ ક્યારે સાફ થાય ? જ્યારે કર્મનાં ફળોનો ત્યાગ કરશો ત્યારે, એ નિશ્ચય જાણજો કે કર્મફળનો ત્યાગ કરનારાને જ પરમ પદની પ્રાપ્તિ થાય છે. તેથી કર્મફળ તરફ તમારી પ્રવૃત્તિ કદાપિ થવા દેશો નહીં. નહીં તો જન્મજન્માંતરો સૂધી પસ્તાતા રહેશો, અને જો કર્મફળનો ત્યાગ કરશો તો આનંદની સાથે અહીં (મૃત્યુલોકમાં)રહી સર્વ કાંઈ કરવા છતાં તેના પાપ પુણ્યના બંધનમાં પડાશે નહીં અને અનાયાસે જ મુક્ત થઈ જશો. જુઓ કે જેમ એક આદમીએ રોટલો બનાવ્યો પરંતુ તેને ખાનારો કોઈ બીજો જ છે તેથી જો તે રોટલામાં વિષ ભળેલું હોય અગર તે કાચો રહી ગએલો હોય તો તેનું ફળ ખાનારને જ મળવાનું , બનાવનાર ઉપર તેની કાંઈ પણ અસર થતી નથી. એજ વાત નિષ્કામ કર્મયોગીના સંબંધમાં પણ છે. એ કરે છે તો સર્વ કાંઈ, પરંતુ તેનું ફળ બીજાને - પરમાત્માને આપી દે છે. તેથી કર્મના સારા ખોટાપણા સાથે તેનો સંબંધ રહેતો નથી. પરંતુ જે સકામ કર્મ કરનારા છે તે અવશ્ય પોતાના કર્મફળથી લિપ્ત થાય છે, અને તેમની બૃદ્ધિ કદી પણ મોહરૂપી કાદવની બહાર નીકળવા પામતી નથી, ઉલટું થાય છે એમ કે, કોઈ ખોટું - પ્રતિકુળ ફળ - જોઈને જેટલો તે કાદવની બહાર નિકળવાને પ્રયત્ન કરે છે તેટલો જ તે વધારે ખરડાતો જાય છે. કારણ કે નિરંતરનો સકામી હોવાથી તેની શક્તિ દબાઈ ગએલી હોય છે. અને એટલી તાકાત રહેલી હોતી નથી કે જેથી તે પોતાની મેળે જ બહાર નીકળી શકે. જેમ - ગમે તેટલો બળવાન સિંહ પણ કેમ ન હોય પરંતુ જો તે કીચડમાં ફસાઈ ગયો તો તેનું બળ શું કરી શકે ? બળ કરવાથી તો કાદવમાં ઉલટું વધારે ને વધારે ગરી જવાય, કાદવનો સ્વભાવ જ એવો છે. તે જ પ્રમાણે કોઈ ગમે તેટલો મોટો શિઘ્ર કવિ કે ભાટ કેમ ન હોય પણ જે વખતે તે પાણીમાં ડૂબતો હોય તે વખતે હજાર બે હજાર તો શું પણ લાખ બે લાખની તેમ જ પાણીમાંથી બહાર કહાડવાની લાલચ આપવા છતાં પણ તે કેવી રીતે કવિતા કરી શકે ? બસ, એ જ હાલત મોહ કલિલમાં પડેલી બુદ્ધિવાળાની પણ

સમજો. એવી બુદ્ધિવાળાનાં પુરૂષાર્થ, વિદ્યા, બુદ્ધિ, વિચાર આદિ સર્વ શિથિલ પડી જાય છે અને તેમને ઈશ્વરીય જ્ઞાન મળી શકતું નથી.

તેથી ભગવાને અર્જુનને કહ્યું કે જયારે તારી બુધ્ધિ મોહ કલિલથી તરી જશે ત્યારે શ્રોતવ્ય અને શ્રુત બંનેથી વિરક્ત થઈ જશે. તે ઉપરથી અર્જુને પૂછ્યું કે સારૂં પ્રભો હવે કૃપા કરીને એ પણ બતાવો કે આ મોહ કલિલમાં ફસાએલી બુદ્ધિ ક્યારે અને કેવી રીતે તેમાંથી બહાર નીકળી શકે ?

ભગવાને કહ્યું -

જયારે (નાના પ્રકારના) વેદ વિધાનોથી વિચલિત થએલી તારી બુદ્ધિ સ્થિર અને અચળ થઈ સમાધિમાં એકાગ્ર થશે ત્યારે તું યોગને પ્રાપ્ત થઈશ.

હે અર્જુન, જયારે તરેહ તરેહના વેદાંતના સિદ્ધાંતોને સાંભળીને તથા સતત્ કર્મકાન્ડમાં લાગી રહેવાને કારણે ગભરાઈ ગએલી તારી બુદ્ધિ ઉદ્યોગ દ્વારા તેનાથી છૂટી પડશે અને સમાધિ અર્થાત્, પરમાત્માના સ્વરૂપમાં નિશ્ચળ સ્થિર થઈને ટકી જશે ત્યારે તું એ સમતવરૂપ યોગને પ્રાપ્ત કરીશ. મતલબ એ છે કે - જયાં સૂધી તું વેદના કર્મકાંડમાં ફસાએલો રહીશ અને આ પાપ છે, આ પુણ્ય છે તથા અમુકથી સિદ્ધિ મળે છે અને અમુકથી અસિદ્ધિ, ઈત્યાદિ ભાંજગડોમાં પડ્યો રહીશ ત્યાં સૂધી કાંઈ બનવાનું નથી, પરંતુ એ સર્વ માથાકુટને જો તું છોડી દઈશ અને નિઃસંદિગ્ધ થઈને સમાધિમાં તારી બુદ્ધિને સ્થિર કરી દઈશ, તો તે જ વખતે તારી બુદ્ધિ, યોગને પ્રાપ્ત કરી લેશે.

હે વત્સ, એ તો સર્વ લોકો જાણે છે કે, જયારે કોઈના ઘરમાં ઝગડો ઉઠે છે - ત્યારે તે વખતે તેની બુદ્ધિ ઠેકાણે રહેતી નથી. કારણ કે તે વખતે તે અનેક તરેહના વિચાર કરવામાં ગુંથાએલો રહે છે. - કોણ ખરો અપરાધી છે, કયા કારણથી આ ઝગડો ઉત્પન્ન થયો, કોને સમજાવવાથી આ મામલો જલદીથી શાન્ત થશે, ઈત્યાદી એવે સમયે જો કોઈ તેને મહાન જ્ઞાની જાણીને કોઈ સિદ્ધાંતની વાત પૂછવાને આવે તો ભલા તે તેને બરાબર ઉત્તર આપી શકે ? ના. બરાબર ઉત્તર આપવાનું તો બાજુએ રહ્યું પણ ઘણો સંભવ છે કે, તે વખતે તે તેના પ્રશ્ન ને જ સમજશે નહીં. પરંતુ જયારે કલહ સમાપ્ત થઈ જશે, ઘરમાં શાંતિ થશે ત્યારે વિના પ્રયત્ને જ બુદ્ધિ પણ ઠેકાણે આવશે. બસ, એ જ રીતે ભગવાનની વાત પણ સમજો. ભગવાનનું એ જ કહેવું છે કે - જેવી રીતે રાખ અગ્નિને ઢાંકી દે છે તેવી રીતે અનેક કર્મકાન્ડો અને વેદાદિ શાસ્ત્રોમાં કહેલાં વચનો અનુસાર સકામ કર્મ કરનારાઓની બુધ્ધિ પણ મોહરૂપી સંકટમાંપડીને દબાઈ જાય છે. ભ્રમમાં પડી જાય છે. તેથી ઘરમાં થએલાં ઝઘડાનીપેઠે જયારે એ સર્વ શાસ્ત્ર વચનોને ભૂલી જશો, તેનાથી અલગ થઈ જશો અને સ્થિર ચિત્તથી સમાધિમાં લાગી જશો ત્યારે જ યોગ અર્થાત્ યથાર્થ જ્ઞાનને પ્રાપ્ત કરી શકશો,

અન્યથા નહીં. યથાર્થ જ્ઞાન બુદ્ધિ એજ પરમાત્માનું જ્ઞાન છે. અને એ જ્ઞાન ત્યારે જ પ્રાપ્ત થશે કે જયારે નિશ્ચળ અને સ્થિર બુદ્ધિ કરશો. કારણ કે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં કેવળ બુદ્ધિ જ કામ આપે છે. જો બુદ્ધિ ચળ, વિચળ ને વિકારયુક્ત હોય તો તે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાના માર્ગમાં કાંઈ કામમાં આવતી નથી.

સજ્જનો, અહીં ભગવાને 'જયારે તારી બુદ્ધિ સ્થિર અને નિશ્ચળ થઈને સમાધિમાં ટકી જશે ત્યારે તું યોગને પ્રાપ્ત થઈશ' એ ઘણી જ રહસ્ય પૂર્ણ અને સુંદર વાત કહી છે. આ વાતને તમે દુનિયાની પ્રત્યેક વાતમાં ઘટાવીને જોઈ શકો છો. જેમ કે નદીના કિનારા ઉપર છેક પાસેથી ભેખડની કોર ઉપર કોઈ ઝાડ છે. તેની નીચે સંધ્યા પૂજા કરવા લાયક સ્થાન પણ છે. પરંતુ બે ચાર વાર જયાં સૂધી પૂર તથા આધી આદિથી તે વૃક્ષના સુદઢપણાની ખાત્રી પરીક્ષા ન થાય ત્યાં સુધી તેના ઉપર ભરોસો રાખવામાં આવતો નથી. અને ભૂલથી જો કોઈ તેની નીચે જાય તો લોકો તેને ચેતવણી આપે છે કે, તે વૃક્ષની નીચેથી ખસી જાઓ, એ ક્યારે પડશે એનો કાંઈ ભરોસો નથી. પણ જયારે લોકોની બરાબર ખાત્રી થાય છે કે, તે વૃક્ષ અનેક પૂર અને આંધીઓમાં પણ ટકી રહેલું છે ત્યારે નિશ્ચિંતપણે તેની નીચે આનંદથી બેસે ઉઠે છે અને રમત-ગમત કરે છે. તેવી જ રીતે શરીર પણ માની લ્યો કે એક વૃક્ષ છે. આ સંસાર નદીરૂપ જ છે કે, જેના તટ ઉપર એ (શરીર) ઉભું છે. જે ઈન્દ્રિયોના વિષ્યોના ઝપાટાથી જ બહુ કરીને આ શરીરરૂપી વૃક્ષ તૂટી પડે છે. પરંતુ જો પ્રયત્ન કરીને તેના ઝપાટામાં ન પડે, દઢ થઈને ટકી રહે, પોતાને સંભાળી લે તો કાંઈ હરકત નહી જીવન સાર્થક થઈ શકે છે, પરંતુ સમય આવતાં ટકી શકવાનું જરા મુશ્કેલ થાય છે. જયારે સમય આવી જાય છે અને કસોટી ઉપર ચડવું પડે છે તે જ સમયે સર્વ પ્રયત્ન, સાહસ, બુદ્ધિ બળની પરીક્ષા થઈ જાય છે. કારણ કે આદમી હર વખત કાંઈ કામ ક્રોધ, મદ, લોભ, મોહ આદિના પંજામાં સપડાએલો રહેતો નથી. આ સર્વ બાધાઓ તો ખરે અણીને પ્રસંગે કદી કદી આવ્યા કરે છે, અને તે જ વખતે જો તમે સાહસથી કામ લ્યો અને તેમના વેગને સંભાળી શકો તો તો બચી જાઓ; નહીં તો જો વહી ગયા તો પછી વહી જ ગયા. ભાઈઓ, એમ તો આઠ મહિના - શિયાળા અને ઉનાળાના દિવસોમાં કોઈ પણ તૂટી ફુટી ઝુંપડી અગર જૂના પુરાણા ઘરમાં રહી શકાય છે. પરંતુ વરસાદના ચાર મહિનામાં જે ઝુંપડી અગર મહેલ મકાન, જેમાં ન પાણી પેસે કે ન ચુવે અને સુખ પૂર્વક રહી શકાય તે જ હમારે તમારે તથા સર્વને સારૂં ઠીક છે અર્થાત્ સમય ઉપર જે કામ આપે તે જ ઠીક છે. બસ, એ જ વાત બુદ્ધિના વિષયમાં પણ સમજવી જોઈએ. એ જ ભાવ છે ભગવાનના 'તદાયો ગમવાપ્સ્યાસિ' એ વચનનો. કહેવાનું તાત્પર્ય એ છે કે, જયારે બુદ્ધિ સ્થિર થઈ જાય છે ત્યારે નિષ્કામ કર્મયોગ, જ્ઞાનયોગ અને શક્તિયોગ ત્રણ સંભાળાઈ જાય છે. આ ત્રણ પેકી કોઈ પણ માર્ગે જનારો મનુષ્ય

ત્યારે જ પોતાને માર્ગે જઈ શકે છે કે, જ્યારે તે સ્થિર બુદ્ધિવાળો થાય છે. સ્થિર બુધ્ધિવાળાને પોતપોતાની શૈલી અનુસાર ત્રણે યોગ સુલભ થઈ જાય છે. તેથી સર્વથી પહેલાં બુદ્ધિ સ્થિર કરવી સ્થિતપ્રજ્ઞ થવું જ આવશ્યક છે. તેથી જ ભગવાને અર્જુનને કહ્યું કે - જ્યારે, વેદોના વિધાનોથી ગભરાએલી તારી બુદ્ધિ સ્થિર તથા અચળ થઈને સમાધિમાં લાગી જશે ત્યારે તું યોગને પ્રાપ્ત થઈશ અર્થાત્ સ્થિતપ્રજ્ઞ થઈશ.

ૐ ૐ ૐ

realpatidar.com

અમારા અન્ય પ્રકાશનો

૧ જીવનયાત્રા
૨ ઈશ્વર પ્રાર્થના
૩ ભક્તિનો સાચો માર્ગ
૪ મા તે પ્રેમની મૂર્તિ છે
૫ જ્યાં છે ત્યાં
૬ શોધ ?
૭ જીવાત્માના સત્કર્મો
૮ નામસ્મરણ
૯ ભક્તિનું જ્ઞાન સૌથી મહાન
૧૦ આત્મસ્વરૂપનું ચિંતન
૧૧ જીવનસાર
૧૨ સબરસ
૧૩ જ્ઞાનભંડાર
૧૪ ઈશ્વરપ્રાપ્તિ
૧૫ બ્રહ્મ નિર્ગુણ છે માટે જ નિરાકાર છે
૧૬ સદ્ગુરૂવાણી
૧૭ સદ્ગુરૂનો શિષ્યને ઉપદેશ
૧૮ સંત સમાગમ કરવો એ પરમકલ્યાણ છે
૧૯ સહજયોગ સાધના
૨૦ મનની શાંતિ
૨૧ સર્વરસ સાગર
૨૨ સદ્ગુરૂ - શિષ્ય સંવાદ

NANDNI - MAHEK

Design : Atul S. Rana - Khambhat. Mob. 98797 28339